॥ હરિઃૐ ॥

સર્વોપયોગી
જપસાધના

(જપની વ્યવહાર્ય ફિલસૂફી અને સાધના)



"ગુજરાતીમાં જપ પરત્વેનું મૌલિક એવું સાહિત્ય નહિવત્ છે. ભાઈ શાંતિલાલ દેસાઈએ ગુજરાતીમાં આવા સાહિત્યનો એક અનેરો અને અનોખો એવો મૌલિક ઉમેરો કર્યો છે. આવા સાહિત્યનું સર્જન એકાંત અને એકાગ્ર એવી પરિસ્થિતિમાંથી જન્મ્યું છે, એનો આ જીવ સાક્ષી છે.

આ લખાણને હું સર્જન શાથી કહું છું તેનું કારણ પણ છે. એમાં માત્ર પાંડિત્ય જ છે એમ નથી, પરંતુ તેમાં તો જપની શ્રદ્ધામાંથી ફલિત થતી મૌલિકતાનું પણ દર્શન થતું લાગે છે; એવા સર્જનનું મૂલ્ય અનેરું હોય છે અને એ ચિરંજીવી બની શકે ખરું.

ગુજરાતીમાં આવા પ્રકારના સર્જનની જે ઊણપ હતી, તે પણ આ પુસ્તકના પ્રકાશનથી પૂરી પડે છે તે ઘણા સંતોષની હકીકત પણ છે."

- સંત શ્રીમોટા
(નડિયાદ)

(આ પુસ્તકના આશીર્વચનમાંથી)

સર્વોપયોગી જપસાધના

(જપની વ્યવહાર્ય ફિલસૂફી અને સાધના)

લેખક : ડૉ. શાંતિભાઈ મ. દેસાઈ
એમ.એ., પીએચ.ડી.

"ભાઈ શાંતિલાલ દેસાઈએ આ સર્જન કરીને
સમાજની ઉત્તમ સેવા કરી છે."

- મોટા

❑ સર્વ હક્ક લેખકને સ્વાધીન છે.

❑ પ્રથમ આવૃત્તિ :તા. ૨૫-૯-૧૯૬૪

❑ પ્રકાશક : એન. એમ. ત્રિપાઠી ઍન્ડ સન્સ

❑ બીજી આવૃત્તિ :તા. ૭-૧૦-૨૦૦૦ (દશેરા)

❑ પ્રકાશક : હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, રાંદેર, સુરત-૫.
ફોન : (૦૨૬૧) ૭૬૫૫૬૪

❑ પૃષ્ઠ : ૪+૨૦+૨૪૭=૨૭૧

❑ પડતર કિંમત : રૂ. ૨૭/-

❑ રાહત દરે : રૂ. ૧૦/-

❑ પ્રત : ૧૦૦૦

❑ ટાઇપ સેટિંગ : દુર્ગા પ્રિન્ટરી, અવનિકાપાર્ક સોસાયટી,
ખાનપુર રોડ, અમદાવાદ-૧. ફોન : ૫૫૦૨૬૨૩

❑ મુદ્રણશુદ્ધિ : જયંતીભાઈ જાની

❑ આવરણ સજાવટ : મયૂરભાઈ જાની

❑ મુદ્રક : પ્રિન્ટ વિઝન પ્રા. લિ., સીટીમીલ કમ્પાઉન્ડ,
અમદાવાદ. ફોન : ૫૪૬૯૧૦૪

❑ ફક્ત આ બીજી આવૃત્તિના પ્રકાશનના હક્ક હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, રાંદેર, સુરતને સોંપવામાં આવ્યા છે.

સમર્પણ - અર્પણ

જીવન સાધનાના પ્રેરક પરમ સનાતન ગુરુ
ચૈતન્યસ્વરૂપ પુરુષોત્તમ પરમેશ્વરને સમર્પણ...
તથા
એની જ પ્રેરણાથી પ્રાપ્ત થયેલા સંત પૂ. શ્રીમોટા
આદિ અનેક ગુરુઓને અર્પણ

મૌનમંદિર સંત પૂ. શ્રીમોટાની માનવ સમાજની
ઉત્તમ ભેટરૂપ સેવા છે.
સંત શ્રીમોટા પોતાનું સ્મારક ન કરવાના આગ્રહી
હતા, પરંતુ મૌનમંદિર પોતે જ એમનું સર્વોત્તમ
સહજ સ્મારક છે.

— લેખક : ડૉ. શાંતિભાઈ મ. દેસાઈ

અનુક્રમણિકા

અ.	પ્રકાશકનું નિવેદન	1
આ.	ભૂમિકા	3
ઇ.	લેખકનું નિવેદન	7
ઈ.	પ્રસ્તાવના અને આશીર્વચન - પૂ. શ્રીમોટા	11
પ્રકરણ ૧	પ્રવેશક	૧
પ્રકરણ ૨	દુનિયાના ધર્મોમાં જપનું સ્થાન	૧૧
પ્રકરણ ૩	હિંદુ શાસ્ત્રોમાં જપનું માહાત્મ્ય	૩૫
પ્રકરણ ૪	સંતો, વિભૂતિઓ અને જપ	૬૮
પ્રકરણ ૫	જપનું રહસ્ય	૧૦૦
પ્રકરણ ૬	સમાજોપયોગી એક જપપદ્ધતિ	૧૫૬
પ્રકરણ ૭	જપના અનુભવો	૧૭૯
પ્રકરણ ૮	કસોટી અને કર્તવ્ય	૧૯૪
પ્રકરણ ૯	પુરવણી	૨૧૪
પ્રકરણ ૧૦	ઉપસંહાર	૨૪૧

પ્રકાશકનું નિવેદન

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ પૂજ્ય શ્રીમોટાની પ્રસ્તાવના અને આશીર્વચન સાથે આજથી છત્રીસ વર્ષ પહેલાં પ્રગટ થઈ હશે. ત્યારે ભાગ્યે જ કોઈને ખ્યાલ હશે કે એનું પુનર્પ્રકાશન થશે અને ત્યારે હરિ:ૐ આશ્રમ એનું ચાલક બળ બનશે. ઘણાં સારાં પુસ્તકો કાળક્રમે અજ્ઞાતવાસમાં ધકેલાઈ જતાં હોય છે તેવી ગતિ આ પુસ્તકની પણ થાત.

આ પુસ્તકની એક એક પ્રત મૌનમંદિરોમાં મૂકેલી છે. ઘણીવાર જિજ્ઞાસુ સાધકો મૌનમાંથી બહાર આવ્યા પછી આ પુસ્તક ક્યાંથી મળી શકે એ અંગે પૂછતાં અને તે અપ્રાપ્ય છે એ જાણી ખિન્ન થતાં એક સ્વજને તો રીતસર હઠ જ લીધી કે એને ફરીથી છપાવો જ છપાવો.

પુસ્તકના પ્રકાશન અંગેના હક્કો લેખક પાસે હોવાથી એમની સાથે પત્રવ્યવહાર થયો. રૂબરૂ મળવાનું પણ બન્યું.

મૂળ મરોલીના વતની શ્રી. શાંતિભાઈ મ. દેસાઈ ત્યાસી વર્ષની ઉંમરે પણ સાવ સ્વસ્થ અને સ્વાવલંબી જીવન મસ્તીથી મહાલે છે. પૂજ્ય શ્રીમોટાના ચાહક અને મૌનમંદિરનો અનેકવાર લાભ લઈ ચૂકેલા છે. સાધકને જપ અંગેનું પૂજ્ય શ્રીમોટા પ્રમાણિત પુસ્તક પરવડી શકે એવી કિંમતે મળી રહે એવો અમારો આશય જાણી આ બીજી આવૃત્તિના પ્રકાશન અંગેના તમામ હક્કો કોઈપણ પ્રકારના વળતરની અપેક્ષા વગર એમણે હરિ:ૐ આશ્રમ, જહાંગીરપુરા, રાંદેર, સુરતને ખૂબ ઉદારતાપૂર્વક આપ્યા. એટલું જ નહિ પુસ્તકની પ્રથમ આવૃત્તિમાં જરૂરી વધારા-ઘટાડા કરવાનું કામ પણ સ્વીકાર્યું

અને પ્રકાશન સાથે સંકળાયેલી અન્ય બાબતોમાં પણ મદદ કરવાની તત્પરતા એમણે દાખવી. આ પુસ્તકનું હિંદીમાં ભાષાંતર કરવાનું તથા અંગ્રેજીમાં રેન્ડરીંગ (ભાવનાત્મક અનુવાદ) કરવાની પણ તેમણે તૈયારી બતાવી છે એ એમનો પૂજ્ય શ્રીમોટા પ્રત્યેનો પ્રેમભાવ છતો કરે છે.

હરિઃૐ આશ્રમ, જહાંગીપુરા, રાંદેર, સુરત, આ પુસ્તકના લેખક શ્રી. શાંતિભાઈ મ. દેસાઈનો આ સદ્‌ભાવનાભરી પરવાનગી આપવા બદલ ખૂબ ખૂબ આભાર માને છે. આ પુસ્તકના પ્રકાશનમાં આર્થિક સહયોગ આપનાર સ્વજનો તથા એના પ્રકાશનનું કામ સુચારુ રીતે પાર ઊતરે એ માટે પોતાના સમય અને શ્રમનું દાન આપનાર સૌ સ્વજનોનો પણ આભાર માને છે. પૂજ્ય શ્રીમોટાની કૃપા એ સૌ સ્વજનો ઉપર વરસતી રહે અને આવાં સારાં પ્રકાશનો સાધકો સુધી પહોંચતાં રહે એ માટેનું એમનું યજ્ઞકર્મ સતત ચાલતું રહે એ પ્રાર્થના સહ હરિઃૐ.

કરસનભાઈ પટેલ
મૅનેજિંગ ટ્રસ્ટી

હરિઃૐ આશ્રમ,
જહાંગીરપુરા, રાંદેર, સુરત.
તા. ૧૭-૯-૨૦૦૦
ફોન : (૦૨૬૧) ૭૬૫૫૬૪

ભૂમિકા
(બીજી આવૃત્તિ)

થોડા દિવસ ઉપર પૂ. શ્રીમોટાના કૃપાપાત્ર અને તેમની અનેક વિધ સેવા કરનાર શ્રી. ઈંદુભાઈ શૅરદલાલનો મારા ઉપર ફોન આવ્યો કે ''સર્વોપયોગી જપસાધના'' નામના તમારા પુસ્તકની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવા એક સ્વજન તૈયાર થયા છે, કારણ તેમને આ પુસ્તક મૌનમંદિરમાં વાંચતાં જ ખૂબ ગમી ગયું અને તેમને લાગ્યું કે જપ અંગેનું આ પુસ્તક જપસાધના ઉપર સરસ વિરલ પ્રકાશ પાડે છે. એમને આ વાત પણ ખૂબ ગમી કે પૂ. શ્રીમોટાએ આ પુસ્તક કેવળ સાહિત્યિક કૃતિ જ નથી પણ સ્વાનુભવથી અને ઊંડા અભ્યાસ ઉપરથી લખાયું છે એમ કહ્યું છે. આ વાત થયા પછી હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, રાંદેર, સુરતના અધ્યક્ષ શ્રી. કરસનભાઈ પટેલ તથા ટ્રસ્ટી શ્રી. મનસુખભાઈ જોષી તે સ્વજન સાથે મારે ત્યાં આવ્યા અને એમના ટ્રસ્ટે આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવી એમ નક્કી થયું.

અહીં મારે પૂ. શ્રીમોટા સાથેની પ્રથમ મુલાકાતનો ઉલ્લેખ કરવો જોઈએ કારણ તેમાં પૂ. શ્રીમોટાની ઉદારતા અને ઊંડી સમજનો સાચો ખ્યાલ મળે તેમ છે. પૂ. શ્રીમોટા તે વેળા સમાજમાં પ્રકાશમાં આવવાનું ટાળતા હતા પણ સાબરમતી ''હરિજન આશ્રમ''માં શ્રી. નંદુભાઈની સહાયથી એક મૌનમંદિર ચલાવતા હતા. પૂ. શ્રીમોટાએ મને મૌનમંદિર બતાવ્યું અને તેનો ટૂંકમાં સરસ પરિચય આપ્યો. મને એમના આ મૌનમંદિરનું સ્વરૂપ તરત જ ગમી ગયું અને વહેલી તકે તેમાં બેસવા ઇચ્છા દર્શાવી. તેઓ તે વેળા એક ગુપ્ત સંત હતા તેનો મને તરત જ ખ્યાલ આવી ગયો. તેથી મેં તેમને નમ્રતાપૂર્વક જણાવ્યું કે હું તેમને દત્તાત્રેયની જેમ ચોવીસ ગુરુમાંના એક તરીકે સ્વીકારી શકીશ, કારણ

મારા પરમ ગુરુ તો પરમેશ્વર સ્વયં છે. પાતંજલ યોગ દર્શન પણ પરમેશ્વરને આદિ ગુરુ તરીકે દર્શાવે છે, કારણ તેને સ્થળકાળનું કોઈ જ બંધન નથી. પૂ. શ્રીમોટાએ આ વાત સહજ રીતે સ્વીકારી લીધી. એમાં મેં એમની ઉદારતા જોઈ. એઓ હંમેશાં કહેતા આવ્યા છે કે તેઓ કોઈના ગુરુ નથી પણ એક મિત્ર છે. આ છે પૂ. શ્રીમોટાનું સાચું ગુરુસ્વરૂપ.

પૂ. શ્રીમોટાએ આ પુસ્તકને પોતાની પ્રસ્તાવનામાં એક સાહિત્યિક કૃતિ ગણાવી છે. મને પોતાને કોઈ સાહિત્યકાર ગણાવાનો શોખ નથી કે ઇચ્છા પણ નથી. આ પુસ્તક લખવાનો મારો આશય જપનું માહાત્મ્ય ગાવાનો જ હતો અને છે. કબીર કહે છે તેમ મને તો ''કુછ લેના ન દેના, મગર રહના''ની વાત જ ગમે છે. પરંતુ પૂ. શ્રીમોટાની વાતમાં એક સરસ સત્ય પ્રગટ થાય છે કે ખરું સાહિત્ય કેવું હોય. આવું સાહિત્ય અનુભવપૂત હોય, વિચાર પ્રેરક હોય, અભ્યાસપૂર્ણ હોય. મેં એમની જ આ વાતનું સમર્થન ''સાહિત્ય'' શબ્દની ખરી અર્થપૂર્ણ વ્યાખ્યા કરીને કર્યું છે. ''સાહિત્ય'' શબ્દ ''સહિત'' ઉપરથી સર્જાયો છે. ''સહિત'' એટલે સ+હિત. હિત કરે તે જ ખરું સાહિત્ય. વાચકનું સર્વ રીતે હિત કરે તે સાહિત્ય. આ દૃષ્ટિએ જોતાં જપ અંગેનું પુસ્તક સમાજને હિતકારી જ નીવડે છે અને તેથી તેને સાહિત્ય કહેવું આ દૃષ્ટિએ યોગ્ય ગણાય. આ દૃષ્ટિએ જોતાં આજે જે સાહિત્ય તરીકે ગણાય છે તેમાં ખરું સાહિત્ય કેટલું ગણાય તે એક વિચારણીય પ્રશ્ન બની રહે છે. બીજી એક દૃષ્ટિએ પણ જપ અંગેના આ પુસ્તકનું મૂલ્યાંકન થઈ શકે એમ છે. જપને એક ઉત્તમ રસાયણ તરીકે પણ ગણવામાં આવ્યું છે, કારણ તેમાંથી ઉત્તમ ભક્તિરસ પ્રગટ થાય છે. આ દૃષ્ટિએ જોતાં પણ જપ અંગેનું લખાણ સાહિત્ય ગણી શકાય, કારણ સાહિત્યમાં રસને પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે. વળી સાહિત્યના પણ એકથી વધુ પ્રકાર જોઈ શકાય છે જેમ કે વિચારપ્રેરક, જ્ઞાનપ્રેરક, મનોરંજક,

રસદાયક, સત્સંગકારક, અધ્યાત્મપ્રેરક એમ વિવિધ સાહિત્ય પ્રકાર પણ ઉપરની સ-હિતની વ્યાખ્યા પ્રમાણે કરી શકાય.

આ દૃષ્ટિએ જોતાં વિચારતાં પૂ. શ્રીમોટા એક મોટા સાહિત્યકાર હતા, કારણ તેમનું સમગ્ર સાહિત્ય લોક હિતકારી છે. એટલું જ નહિ પણ તેઓ એક આધુનિક મોટા સંતકવિ પણ હતા અને એ અંગેનું એક નાનકડું પુસ્તક મેં તૈયાર પણ કર્યું છે. પણ સંજોગોવશાત્ હજી તે પ્રગટ થઈ શક્યું નથી. આવા મહત્ત્વના પુસ્તકને પ્રકાશિત થવાને માટે પણ સમય પાકવા દેવો પડે છે.

પૂ. શ્રીમોટાના સાહિત્યની ખરી ખૂબી તો એ છે કે તેમણે અનેક ગુરુ દ્વારા આકરી તપસ્યા કરીને આત્મસિદ્ધિ મેળવીને સહજપણે એમનાથી નિમિત્તરૂપે બધુંય લખાણ થયું. ધૂણીવાળા બાબાજી એમના મૂળ કે આદિગુરુ પણ એમને માર્ગદર્શન કરવામાં બાળયોગી, શિરડીવાળા સાંઈબાબા, ઉપાસનીબાબા વગેરેએ ભાગ ભજવ્યો છે. ધૂણીવાળા બાબાજી પાસેથી એમણે વિદાય માંગી ત્યારે ગુરુજીએ એમનો દંડો આપ્યો પણ પૂ. શ્રીમોટાની આંતરિક મોટાઈએ ''મૌનમંદિર''નું કામ હાથ ધરવાની રજા માંગી અને ગુરુની તરત જ મંજૂરી મળી ગઈ. પૂ. શ્રીમોટાએ પોતે તો ઘણી આકરી સાધના કરી પણ સમાજ માટે અને આમજન માટે તેમણે જપસાધના જ યોગ્ય માની અને તેમાંથી જ ''મૌનમંદિર''નું અપૂર્વ સર્જન થયું. માનવજાતના ઈતિહાસમાં અને ધર્મોના ઈતિહાસમાં પણ મૌનમંદિર એક અપૂર્વ નવીન સર્જન બની રહ્યું છે અને આગામી આધ્યાત્મિક સુવર્ણકાળમાં તે કેવળ ગુજરાતમાં, કેવળ ભારતમાં જ નહિ પણ સમગ્ર વિશ્વમાં વ્યાપક બને તેવી સર્જકતા તેમાં રહેલી છે. આ પુસ્તક આ આધ્યાત્મિક મહાન શોધના પ્રચારમાં ઉપયોગી થઈ શકે તેમ છે અને તેથી જ એની બીજી આવૃત્તિ કરવાની ભાવના જન્મ પામી છે અને તે પણ પૂ. શ્રીમોટાના હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, રાંદેર, સુરત થકી થાય છે તે ઉચિત છે.

આ પુસ્તકને પ્રથમ લખાયાને લગભગ છત્રીસ વર્ષ થવાં આવ્યાં. તે પછી મારી સાધના આગળ વધતી રહી અને અનેક સંતોના સંપર્કમાં આવવાનું થયું. આંતરિક અનુભૂતિઓ વધતી ગઈ, વાંચન-ચિંતન-મનન અને તે સાથે જ સાધના પણ વિકાસ પામતી ગઈ અને એક સુરેખ સરળ છતાં પણ ખૂબ વૈજ્ઞાનિક સાધના મારા પોતાને માટે પ્રગટ થઈ ગઈ. એની રૂપરેખા જણાવવી હોય તો એમ કહી શકાય કે હવે વિજ્ઞાન અને ધર્મની વાત નહિ પણ આધ્યાત્મિક વિજ્ઞાન પ્રગટ થવાનો સમય આવી લાગ્યો છે. આધ્યાત્મિક વિજ્ઞાનને એનું પોતાનું લૉજિક પણ હોય જ અને એવી વૈજ્ઞાનિક સાધના પણ હોય જ. આટલાં વર્ષોમાં આ અંગે સંતોષકારક કામ થયું છે અને એ અંગેનું કેટલુંક લખાણ અને વસ્તુ પણ તૈયાર થયાં છે. યોગ્ય સમયે તે પ્રગટ થશે કારણ તે ઈશ્વરની દેન છે, સંતોની પ્રેરણા તેની પાછળ છે અને એ સૌનાં મૂળમાં મૌનમંદિરનો અને તેમાં લખાયેલું આ પુસ્તક રહેલું છે. આ પુસ્તક પછી જે સામગ્રી પ્રાપ્ત થઈ, અનુભૂતિઓ થઈ, વિચારણા થઈ તે આ આવૃત્તિમાં "પુરવણી" રૂપે મૂકવામાં આવી છે. સંનિષ્ઠ મિત્રો તો ઇચ્છે છે કે આ બીજી આવૃત્તિ અંગ્રેજીમાં પણ પ્રકાશિત થાય, ઇચ્છવાજોગ છે. એમની આ ભાવના ઉત્તમ છે અને એમ થાય તો કેવળ આપણા પરદેશ વસતા મિત્રોને જ નહિ પણ સાધકમાત્રને તે ઉપયોગી થઈ શકે. આ તો એક રીતે ઈશ્વરી પ્રેરણા છે અને તેથી ઈશ્વર જ તેનું આ કામ યોગ્ય સમયે પાર પાડશે એવી અતૂટ શ્રદ્ધા છે.

આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કામ શ્રી. જયંતીભાઈ જાનીએ ખૂબ ઊંડો રસ લઈને ખંતથી અને ચોકસાઈપૂર્વક કરી આપ્યું છે તે બદલ તેમનો હૃદયથી ખૂબ ખૂબ આભારી છું.

- ડૉ. શાંતિભાઈ મ. દેસાઈ
૫, શિતલછાયા એપાર્ટમેન્ટસ્, સુકેતુ સોસાયટી, યુનિવર્સિટી વિસ્તાર, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ફોન : ૬૯૦૪૦૪૨

લેખકનું નિવેદન
(પ્રથમ આવૃત્તિ)

અત્રે હવે પ્રથમ આવૃત્તિ કઈ રીતે પ્રગટ થઈ વગેરે બાબત અંગે ટૂંકી નોંધ આપવી જરૂરી લાગે છે.

મારા મિત્ર શ્રી. રમાકાંત જોષીએ સંત શ્રીમોટાનો ભેટો કરાવ્યો. પરોક્ષ રીતે તો એમની અને મારી વચ્ચે પરિચય તો એમણે અમને બંનેને કરાવ્યો હતો. સમય પાક્યો એટલે પ્રત્યક્ષ મુલાકાત થઈ. મને એમને મળતાં ઘણો આનંદ થયો. તે પછી કોઈ કોઈવાર એમને મળવાનું થતું. એ વખતની વાતોમાંથી એમની જપ વડે મૌનમાં બેસવાની પદ્ધતિ અંગે વાતચીત થઈ અને એ ઉપરથી ૧૯૫૩માં પહેલીવાર ૧૧ દિવસ માટે જપમાં બેસવાનું થયું. એના સારા અનુભવો થયા. ત્યાર પછી બેએક વખત એ રીતે બેસવાનું થયું અને તેમાં પણ ઉત્તરોત્તર આંતરિક પ્રગતિ વધતી લાગી. આ ચાલુ પુસ્તક પણ ૨૧ દિવસના જપમૌનમાં તૈયાર થયું છે, એટલે તે પણ આંતરિક જપનું જ ફળ છે એમ કહેવું જોઈએ.

આ પુસ્તકમાં જપની વિશાળ વ્યાખ્યા લઈને તેનું આમૂલાગ્ર દર્શન કરાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એકાદો મંત્ર લઈને ફાવે તેમ ફાવે ત્યાં તેને જપ્યા કરવો એવો અનર્થ સામાન્ય બન્યો છે. જપ અંગેના ખોટા ખ્યાલો કાઢી, સંકુચિત વિચારો દૂર કરી તેને તેના સાચા સ્વરૂપમાં જોવાનો, સમજવાનો અહીં પ્રયત્ન કરવામાં આવ્યો છે. દરેક ધર્મમાં એને સ્થાન મળ્યું છે, હિંદુ ધર્મ તેનું માહાત્મ્ય ગાતાં થાક્યો નથી, સંતોએ તેને આત્મસાત્ કર્યો છે. બુદ્ધિમાન અર્વાચીનોએ તેને અપનાવ્યો છે અને વૈજ્ઞાનિક વલણ તેને સમર્થન આપે છે. સર્વબાજુથી આવકાર પામતો જપ ખરેખર શું છે, તેનું

રહસ્ય શું છે, તેને અંગે પણ વિગતે વિચારીને મધ્યના એક પ્રકરણમાં તેનું વિવેચન કર્યું છે. જપ અંગે તો સંતકવિ શ્રીમોટાએ એક અનોખી પદ્ધતિ ઊભી કરી છે અને તે સમાજોપયોગી થાય એમ અનુભવથી લાગતાં તેનું બયાન એક પ્રકરણમાં કર્યું છે.

એટલું સ્પષ્ટ કરી લેવું અહીં વધુ વાજબી લેખાશે કે જપ કેવળ ભાવનાનો વિષય નથી, કે કેવળ વિચારનો કે ચિંતનનો વિષય નથી. જપમાં અર્થભાવના મુખ્ય છે પણ ત્યાં "ભાવના" શબ્દ વિશેષ અર્થમાં વપરાયો છે. એ ભાવના શબ્દનો અર્થ આગળ જોઈશું. પણ સામાન્ય અર્થમાં સમજાતી ભાવના માણસને લાગણી-વશ કરે છે; કેવળ વિચાર માણસને તર્ક પ્રધાન બનાવે છે. બંને એકલાં અને એકાંગી છે. વિચાર અને ભાવનાનો યોગ જોઈએ અને તેને શ્રદ્ધાનો આધાર જોઈએ. જપ જેવા સનાતન સાધનનો વિચાર અને અભ્યાસ કરતાં અભ્યાસી વલણ હોવું જોઈએ અને તેમાં ઉપર કહ્યો તેવો શ્રદ્ધા, વિચાર અને ભાવનાનો ત્રિવેણી સંગમ હોવો જોઈએ. તેથી તેમાં તાદાત્મ્ય સાથે તાટસ્થ્ય એક સાથે હોય તો જ એ અભ્યાસ નક્કર પરિણામ નિપજાવી શકે. જપના અભ્યાસમાં અને તેના અનુભવમાં સાદું સમન્વયી વલણ અખત્યાર કરીને લાંબી વિચારણા ચલાવી અને તે ઉપર તટસ્થ અવલોકન કર્યા બાદ જે સત્ય લાગ્યું તેનું નિરૂપણ કર્યું છે. તેથી ઉપનિષદનું પ્રેરણાસૂત્ર સદૈવ નજર સામે રાખ્યું છે : **यदेव विद्यया करोति श्रद्धया उपनिषदा तदेव वीर्यवत्तरं भवति ।**

દરેક જપસાધકને આ સૂત્ર સદા પ્રેરણાદાયી થાય એવું છે. ખરેખર તો સાધકમાત્ર, અભ્યાસીમાત્રનો એ મુદ્રાલેખ છે. અત્યારે જપસાધનાની વાત ચાલે છે એટલે કહેવું જોઈએ કે જપસાધક પણ ચેતનાચૈતન્યનો સતત અભ્યાસી છે અને તેથી તેણે વિદ્યાના આ આદર્શ મંત્રને સદૈવ નજર સમક્ષ રાખવો જોઈએ. લેખકે એ સૂત્રને

નજર સામે રાખીને નમ્રપણે તે મુજબ જપનો અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. એમાં એને કેટલી સફળતા મળી છે તે વાચકે વિચારવાનું છે. અતિશયોક્તિ વિના એ હકીકતનો અત્રે નિર્દેશ કરવો જોઈએ કે જપ અંગેનું સમગ્ર ખ્યાલ આપતું આવું એકેય પુસ્તક હયાત નથી.

સંતકવિ શ્રીમોટાએ પ્રસ્તાવનામાં જપરસાયણનો અર્ક આપી દીધો છે. ગાગરમાં સાગર સમાવ્યા જેવું કર્યું છે. એમણે જ્યારથી જપ અંગેની મૌનમંદિર જેવી વ્યક્તિગત છતાં સમાજોપયોગી પદ્ધતિ સહજપણે શરૂ કરી છે અને તે વ્યાપક થવા લાગી છે ત્યારથી જ જપનું માહાત્મ્ય ગુજરતમાં તો વ્યાપક રીતે સમજાતું, સ્વીકારાતું જાય છે એ અતિ આનંદની હકીકત છે. જપનું હાર્દ સાક્ષાત્ કરનાર સંતને હાથે જપના આ પુસ્તકની પ્રસ્તાવના પ્રાપ્ત થઈ છે તેને પ્રભુની અને સંતની પ્રસાદીરૂપ સમજું છું. આ પુસ્તક ''જપમૌન''માં લખાયું છે અને તેમાં અંગત ફાળા કરતાં ઘણુંય વિશેષ છે અને તે પ્રભુકૃપા અને સંતપ્રેમને કારણે જ છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. આ પુસ્તક ''મૌનરૂમ''માં લખાયું હતું અને ''મૌનરૂમ''ની બહાર આ રીતે લખાયું ન હોત એમ મારું મન સાક્ષી પૂરે છે, કારણ એ છપાયું ત્યારે એનું પ્રૂફ વાંચન કરતાં મને પોતાને જ એમાં નવું નવું ઘણું દેખાયું!

આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ તૈયાર કરાવવામાં શ્રી. નંદલાલભાઈ શાહે એ અંગે જરૂરી પુસ્તકો વેળાસર ખંતથી પૂરાં પાડી તેમાં જરૂરી ટીપ વગેરે કરી આપવાની પ્રેમપૂર્વક મદદ કરી હતી તે માટે અત્રે તેમનો આભાર માનું છું. એ જ રીતે સ્વ. શ્રી. હેમંતકુમાર નીલકંઠે જપના અનુભવીઓના અનુભવોનું સળંગ લખાણ તૈયાર કરી મોકલ્યું તેમાં તેમની જે જપનિષ્ઠા અને લાગણી વ્યક્ત

થયાં છે તે માટે તેમનો આભારી છું. મારા મિત્ર શ્રી. રમાકાંતે પૂ. શ્રીમોટાનો આ જપપદ્ધતિનો સંપર્ક કરાવ્યો તેનો પણ અહીં આભાર માનું છું. પૂ. શ્રીમોટા જેવા મહાનુભાવ ગુરુની પ્રસ્તાવના મળી તે માટે તેમનો આભાર માનું તેટલો ઓછો છે. એ પ્રસ્તાવના એમણે જે ભાવ અને વિચારથી આપી છે તે તો વાચક તે વાંચતાં જ સમજશે.

ફરીથી જપમાં અને તે અંગેના લખાણમાં સહાયક સૌ કોઈનો અત્રે હાર્દિક આભાર માનવાની તક લઉં છું.

બીજી આવૃત્તિ પ્રકાશિત કરવામાં હરિઃૐ આશ્રમ, જહાંગીરપુરા, રાંદેર, સુરતના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી. કરસનભાઈ તથા તેમના ટ્રસ્ટીમંડળે બુદ્ધિભક્તિથી ઊંડો રસ લીધો તે માટે તેમને અભિનંદન સહ તેમનો આભાર માનું છું.

— ડૉ. શાંતિભાઈ મ. દેસાઈ

પ્રસ્તાવના અને આશીર્વચન

જેમ H_2Oની હકીકતને સર્વ કોઈ પ્રયોગસિદ્ધ હકીકત તરીકે સ્વીકારે છે, તેવી જ રીતે અનેક દેશના, અનેક સમાજના, અનેક ધર્મના, અનેક જુદી જુદી સંસ્કૃતિના જુદા જુદા માનવીઓએ પ્રયોગ કરી કરી યાહોમની ભાવનાથી ઝંપલાવી, સર્વ રીતે અને સર્વ ભાવે સંપૂર્ણ સમર્પણમાં તદાકાર થઈ જઈ જે સત્યને અનુભવ્યું અને જીવનમાં વણી લીધું અને તેના શક્તિબળ વડે જીવ્યા અને સમાજના ઇતર જનોને પણ તેવી તેમની અસરથી પ્રભાવિત કરી, જીવનનો નવો રાહ બતાવવામાં અને નવા રાહે ચલાવવામાં પ્રત્યક્ષ ક્રિયાશીલ, સર્જનશીલ બનેલા છે, તે પણ એક ઐતિહાસિક હકીકત છે. તે આવા મહાનુભાવોના જીવનનો તે તે કાળે તેમના જીવનના તેવા પ્રેમભક્તિજ્ઞાનકર્મ-ભાવપૂર્વકના સમર્પણના પ્રયોગો પણ સંપૂર્ણ વૈજ્ઞાનિક નથી શું? વિજ્ઞાને જે પ્રયોગો કરી કરી સિદ્ધ કરી જગતને પ્રત્યક્ષ તેનું તેવું સત્ય પુરવાર કરી આપ્યું છે તેવી જ રીતે જીવનનું નવનીત તારવી તારવી સમાજને એવા મહાનુભાવોએ પોતાના જીવનના તેવા પ્રત્યક્ષ સમર્પણના પ્રયોગો વડે કરીને જગતને અને સમાજને તેનાં પ્રત્યક્ષ દર્શન અનુભવ કરાવેલાં છે. એવાં પ્રત્યક્ષ જ્ઞાનભક્તિભાવે પ્રગટેલાં જીવન એ શું પ્રયોગો નથી?

એવા લોક પોતે તો જીવનમાં જીવનથી બદલાયા છે, એ તો પ્રત્યક્ષ હકીકત છે, એટલું જ નહિ પરંતુ તેવા લોકના જીવનની અસરથી બીજા લોકના જીવનને પણ બદલાવાપણાની અસર પણ તેમણે ઉપજાવી છે. અનેક નકારાત્મક વલણવાળા જીવનને પણ તેવા આત્માઓએ

નવો પલટો પ્રગટાવવામાં અનેરો વેગ પ્રગટાવ્યો છે તે પણ ઐતિહાસિક હકીકત છે.

શ્રીપ્રભુનું સ્મરણ એટલે ભાવનાત્મક જપ જીવનને પલટાવવાની એક પ્રકારની સૂક્ષ્મ પ્રક્રિયા છે. એમાં શ્રદ્ધાની જરૂર છે ખરી, પણ જેનામાં તે ન હોય તેનામાં પણ તે જન્માવી શકે છે.

કોઈકને તર્ક ઊઠે કે જપથી વળી કામક્રોધાદિક કેમ કરીને મોળા પડી શકે? એનો જવાબ તો એ જ કે જે કોઈ તેમાં યાહોમ કરીને ઝંપલાવે અને જપને પ્રેમભક્તિની નિષ્ઠામાં જો જીવંત પ્રગટાવી શકે તો તેવાને તેની ખબર પડી જ શકે. તેમ છતાં બુદ્ધિ પણ સ્વીકારી શકે તેવી હકીકત કેટલીય વાર પ્રવચનોમાં જણાવેલી છે. તે નીચે મુજબ છે.

પાંચ તત્ત્વ છે - આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી. પ્રત્યેક તત્ત્વની તન્માત્રા નીચે મુજબ છે :

આકાશ	—	શબ્દ
વાયુ	—	સ્પર્શ
તેજ	—	રૂપ
જળ	—	રસ
પૃથ્વી	—	સુવાસ

હવે આ પાંચ તત્ત્વોને ત્રણ ગુણની સાથે સંબંધ છે.

સત્ત્વને આકાશ સાથે,

રજસને વાયુ અને તેજ સાથે

તમસને જળ અને પૃથ્વી સાથે

શબ્દ અને આકાશ પરસ્પર સંપૂર્ણપણે સંકળાયેલાં છે. પરસ્પર જુદાં હોવા છતાં એક જ છે, જેમ પ્રકાશ અને સૂર્ય, ગરમી અને અગ્નિ.

શબ્દ આદિ અનાદિથી છે. એવા ચેતનના પ્રતીક શબ્દમાં જ્યારે જીવંત નિરંતરતા, અખંડતા, સળંગતા પ્રગટે છે, ત્યારે અંધારામાં આકાશ- તત્ત્વ ખીલે છે, મોખરે આવે છે. હવે આકાશતત્ત્વને અને સત્ત્વને પરસ્પર સંબંધ હોવાથી, જ્યારે આકાશતત્ત્વ ખીલે છે અને મોખરે પ્રગટે છે ત્યારે આકાશના ખીલવા સાથે સાથે સત્ત્વગુણ પણ ખીલવા માંડે છે; અને સત્ત્વગુણ ખીલવા માંડતાં અને સત્ત્વગુણ મોખરે જીવતો થતાં રજસ અને તમસ ગૌણ બનતા જતા હોય છે. કામક્રોધાદિક વિષયો તો રજસ અને તમસ ગુણને આધારે હોય છે; એટલે જ્યારે રજસ અને તમસ ગુણો મોળા પડે ત્યારે આપમેળે કામક્રોધાદિક મોળા પડે છે. આમ ચેતનવાચક ભાવવાચક શબ્દમાં જ્યારે જીવંત, સહજ નિરંતરતા, અખંડતા અને સળંગતા પ્રગટે છે ત્યારે કામક્રોધાદિક, રાગદ્વેષને મોળા પાડવાનું કે પડી જવાનું શ્રેયસાધકને કશું ઝાઝું મુશ્કેલ લાગતું નથી. એનું મૂળ કારણ તો એ છે કે એવા ચેતનવાચક શબ્દમાં જ્યારે જીવંત સહજ અખંડતા પ્રગટે છે ત્યારે સમગ્ર આધારમાં એક એવા પ્રકારની **A distinct kind of Awareness** એક વિશિષ્ટ જીવંત સહજ સભાનતા પ્રગટે છે, એના વડે કરી તેને પોતાના ધ્યેય પરત્વેનો વિવેક એટલો બધો સજીવ પ્રગટી જાય છે કે જેથી તે સત્ અને અસત્નો પાકો નિર્ણય કરી શકે છે; એટલું જ નહિ, પરંતુ ધ્યેયથી વિરોધનું જે જે કંઈ હોય તેનાથી નોખા થતાં તેને વાર લાગતી નથી. એવી વેળાનો તેનો વિવેક એ તો પૂરેપૂરો ધ્યેય પરત્વેનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણવાળો જીવંત, ગતિશીલ, ક્રિયાશીલ અને સર્જનશીલ અખંડપણે સમાનતાયુક્ત સદાય ચેતનવંતો પળેપળનો સહજ જાગ્રત રહ્યાં કરે છે. એવો જીવંત, સહજ, ક્રિયાશીલ, ગતિશીલ અને સર્જનશીલ

વિવેક પ્રગટતાં શ્રેયસાધકનાં દૃષ્ટિ, વૃત્તિ અને વલણ એકધારાં સહજપણે સદાય પળેપળ ધ્યેય પરત્વે જ વર્તેલાં પ્રગટેલાં થઈ જતાં હોય છે.

મંત્ર શબ્દમાં એવી જીવંત સહજ સભાનતા જાગ્રત થતાં, એમાંથી એક એવા પ્રકારની ભાવપ્રેરક સંનિષ્ઠા જન્મે છે કે એવી સહજ જીવંત સંનિષ્ઠામાંથી અનંતગણા ગુણ અને શક્તિ પ્રગટ્યાં કરે છે ત્યારે ગુણને કેળવવાની જરૂર હોતી નથી. એવી ઉપરોક્ત સંનિષ્ઠાનું તો ગુણ અને શક્તિ પરિણામ હોય છે.

શ્રેયસાધકના આધારમાં એવી સંનિષ્ઠા જ્યાં સુધી પ્રગટેલી નથી ત્યાં સુધી તેવા સાધકે ગુણ અને શક્તિ કેળવવાની પણ તેટલી જ જરૂર હોય છે.

પ્રભુનું સ્મરણ થાય, પરંતુ જો રાગદ્વેષાદિક મોળા ન પડી શક્યા હોય તો તેવા સ્મરણનો ઉઠાવ થઈ શકતો નથી તે પણ તેટલું જ સાચું છે. સામાન્ય જીવ અખંડ, જીવંત, સળંગપણે પ્રભુસ્મરણમાં લાગી જઈ શકે એવું તો બની શકે એવું હોતું નથી. એ તો જે જીવને **Volcanic Aspiration** જાગે છે, એવી કે જ્વાળામુખીના જેવી ઉત્કટ ધ્યેય પરત્વેની તમન્ના જાગે છે, તેવા જીવ જ શબ્દની નિરંતરતામાં પ્રગટી શકવાના છે અને આવા જીવો તો અત્યંત લઘુતમ સર્જક લઘુમતીમાં જ (**Microscopic creative Minority**) હોવાના. આમ સામાન્ય જીવ માટે તો નામસ્મરણ કે જપ તેના જીવનના વિકાસ માટે ઉત્તમમાં ઉત્તમ, સરળ, નિર્દોષ, નિર્મળ સાધન હોવા છતાં એવા જપની સાથે સાથે એણે એમાં ચેતનપ્રાણ પ્રગટી શકે તે માટે રાગદ્વેષાદિક મોળા પાડવા કાજે મથવાપણું રહેવાનું જ. તે તેમ કરી શકે તો જપમાં ઉઠાવ આવી શકે છે.

કોઈપણ વિષયનું હાર્દ પામવું હોય તો તેમાં તેણે યાહોમ કરીને સંપૂર્ણપણે ઝંપલાવવાનું રહે છે. સંપૂર્ણ રીતે સંપૂર્ણભાવે તેના સમર્પણ ભાવમાં લીન થયા વિના તેનું હાર્દ પામવું કદી શક્ય નથી.

જીવન શેને માટે, જીવનનો મૂળભૂત હેતુ શો - આવા અંતર્ગત પ્રશ્ન જેના દિલમાં જ્યાં સુધી પ્રત્યક્ષ જીવંતપણે પ્રગટેલા નથી, એવા જીવોને જપમાં ચેતનપ્રાણ પ્રગટી શકવાની શક્યતા બહુ ઓછી ગણાય.

શબ્દમાં જ્યારે ચેતનપ્રાણ ભાવપ્રેરક જીવંત સહજ સંનિષ્ઠા પ્રગટે છે ત્યારે તેનાં કરણો - મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહં - વિશેષ ને વિશેષ તેજસ્વી અને સૂક્ષ્મ બન્યાં જતાં હોય છે. તેમના તેમના વિહારનો પ્રદેશ ધ્યેય પ્રતિ લઈ જતો કોઈ નિરાલો જ હોય છે. એવી સંનિષ્ઠામાંથી જે ચેતનપ્રેરક શક્તિ પ્રગટે છે, તેવી શક્તિ વડે પછી તો શ્રેયસાધક દૈવાસુર સંગ્રામને ખાંડાની ધારે પૂરેપૂરી સભાનતાથી અને મર્દાનગીથી ખેલી શકતો હોય છે. આવા પ્રકારનો શ્રેયસાધક પછીથી તો સંગ્રામવીર બને છે. એની ભાવના તો પછી પ્રચંડ શક્તિ બનેલી હોય છે. એવી ભાવના જ્યારે આધારમાં પ્રગટે છે ત્યારે એવી જીવંત સહજ ભાવનામાંથી ગુણ શક્તિ તો પ્રગટ્યાં જ કરે, એટલું જ નહિ પરંતુ કળા, સૌંદર્ય, વ્યવસ્થિતિ વગેરે વગેરે જેવાં જીવનનાં પ્રધાન aspects સ્વરૂપો પરત્વે પણ તેની સભાનતા ખીલતી જતી હોય છે અને આમ તે સત્યમ્, શિવમ્, સુંદરમ્ પરત્વેની દિશામાં અનુભવની ભૂમિકામાં પ્રગટતી થઈ શકે છે.

પ્રભુસ્મરણમાં કે તેવા પ્રકારના જપમાં જ્યારે સહજ નિરંતરતા અને સળંગ સાતત્ય પ્રગટી ઊગે છે ત્યાર પછીથી જ આધારના પ્રત્યેક કરણમાં ઊર્ધ્વીકરણની એક સાહજિક, સર્જક અને ક્રિયાશીલ સતત જીવંત પ્રક્રિયાનો પ્રારંભ થાય છે.

(A spontaneous, creative dynamic and continuous Process of sublimation begins.)

ભાવના પ્રગટેલી હોય છે, તેનાં પણ પ્રત્યક્ષ લક્ષણો છે, એ પારખી પણ શકાય. ભાવના પ્રગટતાં હૈયાસૂઝ, પ્રત્યેક કર્મનું વિવેકજ્ઞાન વગેરે બધું એનામાં પ્રગટ્યા વિના રહી શકતું નથી. ભાવના એ તો સર્વ પરત્વે પ્રકાશ પાડનાર, તેના તેના સ્વરૂપને ઓળખાવનાર અને તેના મર્મનું દર્શન કરાવનાર પ્રચંડ શક્તિ હોય છે. એવી ભાવના જે જે સત્કારવાનું, સ્વીકારવાનું હોય છે, તેને તેને જ પ્રેમથી સત્કારે અને સ્વીકારે છે. એવી ભાવના તો શ્રેયસાધકનાં, જ્ઞાનનાં ચક્ષુ હોય છે. એવી જીવંત સહજ ભાવનામાં જ્ઞાન, કર્મ અને ભક્તિનો સમન્વય અને સુમેળ જન્મતો હોય છે. ભાવના જેમ ભક્તિપ્રેરક છે તેમ તે જ્ઞાનપ્રેરક પણ છે અને કર્મથી જ્ઞાન અને ભક્તિને તે સાકાર પમાડે છે.

ભાવનાયુક્ત શબ્દની સાધનાથી હૃદયની સંપૂર્ણ એકાગ્રતા ઊગે છે હૃદયની સંપૂર્ણ એકાગ્રતા પ્રાપ્ત થયા વિના ધ્યેયનું હાર્દ પકડી શકાતું નથી. એકાગ્રતા કેંદ્રિત થવાથી વસ્તુની સાથેનું હૃદયપૂર્વકનું તાદાત્મ્ય સાધી શકાય છે.

જપની **Technique** (પદ્ધતિ અને ગુણમાપ) :- જપ ટૂંકામાં ટૂંકો હોવો જોઈએ.

જપમાં અઘોષ (**Hard**) અક્ષરો ન હોવા જોઈએ. જે જપ બોલવામાં ઘણો ઘણો સરળ હોય તે ઉત્તમ.

શબ્દનાં ત્રણ સ્થળ :- નાભી, કંઠ અને બ્રહ્મરંધ્ર. એ ત્રણેને સ્પર્શે અને ભેદે એવા અક્ષરો જે જપના શબ્દમાં હોય તે શ્રેષ્ઠ.

શ્વાસોશ્વાસ સાથે અથવા નાડીના ધબકારા સાથે જપમંત્ર બોલાવો જોઈએ.

જપના મંત્રમાં ગંગાના પ્રવાહ જેવી સતત એકધારી જીવંત સહજ નિરંતરતા પ્રગટે, ત્યારે જ અંતઃકરણ અને આંતરિક કરણોને યોગ્ય ધ્યેય પરત્વેના માર્ગે વાળવામાં તે સાચો મદદગાર થઈ પડે છે.

જપમાં નિરંતરતા પ્રગટે તે અત્યંત જરૂરનું છે. તે પ્રગટે તો તો ચેતનદ્યોતક ભાવ ઊગવાનો જ. જપ જેટલો ઊર્મિથી, લાગણીથી અને ભાવનાથી લેવાય તેટલું ઉત્તમ.

માનસિક જપ ઉત્તમ એ વાત ખરી, પરંતુ શરૂઆતમાં સામાન્યતઃ કોઈ ણ મનમાં તો જપ ન કરી શકે, કારણ કે મન તો સંકલ્પ વિકલ્પ જ કરી શકે. દ્વંદ્વ અને ગુણની ભૂમિકાવાળું મનનું **(functioning)** કાર્ય તો સંકલ્પ વિકલ્પનું જ હોય. તે વિના તે બીજું ન કરી શકે. જ્યારે જપનો સતત દૃઢ અનુરાગભર્યો જીવતો ચેતનવંતો અભ્યાસ પ્રગટી જાય અને એમાં એકધારી સહજતા અને નિરંતરતા પ્રગટે ત્યારે જ મનમાં જપની ધારણા ઊગે છે.

અનેક પ્રકારના આઘાત પ્રત્યાઘાતને લીધે આપણા શરીરમાં જ્ઞાનતંતુઓમાં કંપ પેદા થાય છે. એવા કંપના પ્રકાર પણ જુદા જુદા હોય છે. જુદા જુદા પ્રકારના કંપથી શરીરમાં જુદું જુદું સંવેદન ઉદ્‌ભવતું હોય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહં વગેરેના ઉત્કટપણાથી અમુક પ્રકારના આવેશ અને આવેગ પ્રગટે છે અને તે આઘાત પ્રત્યાઘાતોથી જ્ઞાનતંતુમાં જુદા જુદા પ્રકારના કંપ પ્રગટે છે. આધારમાં એક પ્રકારની સમતા જ સમતોલપણું હોય છે, તેમાં આવા પ્રકારના કંપ ગેરવ્યવસ્થા પ્રગટાવે છે, અશાંતિ-અસમાનતા ઉપજાવે છે અને તેથી કરીને જ્ઞાનતંતુની સરળતાયુક્ત વ્યવસ્થિતિનો ભંગ થયા કરવાથી જ્ઞાનતંતુની કાર્યક્ષમતા ઘટતી જાય છે અને તેમની ધારણાશક્તિ

ઘટતી જાય છે, સમત્વ તૂટે છે, સમતોલપણું ઘટે છે અને તેથી કરી રોગાદિ થાય છે. જપ કે મંત્ર એકધારો નિરંતરતાપૂર્વકનો હૃદયથી લેવાયા કરાતો હોય તો તેવા મંત્રની ધારણાથી જ્ઞાનતંતુઓ (tonedup) પ્રાણવાન બને છે. તેનાથી જ્ઞાનતંતુઓમાં સમતા, શાંતિ, સમતોલપણું આદિ પ્રગટે છે, એવાં શાંતિ, સમતોલપણું અને સમતા જ્ઞાનતંતુમાં પ્રગટીને એની ટોચ ઉપર પહોંચે છે ત્યારે શરીરના રોગ પણ તે નિવારી શકવાની શક્યતામાં પ્રગટી શકે છે. જપમાં એટલા માટે ગંગાના પુનિત પ્રવાહના જેવી સતત એકધારી, સળંગ નિરંતરતા પ્રગટવી એ ઘણી જરૂરની હકીકત છે. જ્યારે જપમાં એવી ભાવાત્મક નિરંતરતા ઊગે છે ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંનાં પ્રાકૃતિક વલણો અને ધ્યેયને યોગ્ય મઠારવામાં પ્રેરણાત્મક અને કાર્યસાધક બને છે. મનના સંકલ્પ વિકલ્પો ઘટી જાય છે. ચિત્તનો સાત્ત્વિક પ્રકારનો સંસ્કાર જન્મે છે. પ્રાણની કામક્રોધાદિક વિષયોની સ્ફુરણામાં આપોઆપ ઘણી ઘણી મંદતા પ્રગટે એવી સ્વાભાવિક ભૂમિકા પ્રગટે છે. બુદ્ધિમાં સમત્વ પ્રગટીને તેની ધારણા તેને અખંડપણે રહે છે અને અહં જે પહેલાં જીવદશામાં દ્વંદ્વાદિક અને ગુણાદિક વિષયોમાં રોકાયેલું રહ્યાં કરતું હોય છે તે હવે તેમાંથી અટકીને ચેતન પરત્વેના જ્ઞાન પ્રેરક અભ્યાસમાં ગતિ કરવાને પ્રેરાયેલું રહ્યાં કરે છે.

જપમાં શ્રદ્ધા જરૂરી ખરી, પરંતુ એમ તો પ્રત્યેક કંઈક કશું સાકાર કરવાને તે વિષયના કર્મને પરિપૂર્ણપણે પાર ઉતારવાને માટે તે કર્મ પરત્વેની શ્રદ્ધા અનિવાર્ય છે. તેવી શ્રદ્ધા વિના તેવું થઈ શકતું હોતું નથી.

ભાઈશ્રી શાંતિલાલ દેસાઈએ જપ વિષયનું આ પુસ્તક લખ્યું છે, તેના વિષયમાં તેઓએ ઊંડું અવગાહન કરેલું છે, તેને બધાં પાસાંથી વિચારી જે રીતે એને ક્રમબદ્ધ કર્યું છે અને એની વિશિષ્ટતા દર્શાવી છે;

તે બધું તેમણે માત્ર બુદ્ધિના વિલાસથી કર્યું નથી. જપમાંથી જન્મેલી શ્રદ્ધાના પ્રાણથી એમને જે લાગ્યું તેને એમણે અક્ષરદેહમાં મૂક્યું છે. એ વાંચતાં વાંચતાં એમણે એ પરત્વે કેટલો વિસ્તૃત ઊંડો અભ્યાસ કર્યો છે તે સમજાય છે. આ તેમનું જપ ઉપરનું સાહિત્ય અભ્યાસપૂર્ણ અને જ્ઞાનયુક્ત પણ છે. જપને બધાં પાસાંથી તેમણે વિચારવાનું કર્યું છે. એવું બધું જો તેઓ જપની ભાવનામાં ન પ્રવર્તેલા હોત તો કદાચ ન બની શક્યું હોત.

ગુજરાતીમાં જપ પરત્વેનું મૌલિક એવું સાહિત્ય નહિવત્ છે. ભાઈ શાંતિલાલ દેસાઈએ ગુજરાતીમાં આવા સાહિત્યનો એક અનેરો અને અનોખો એવો મૌલિક ઉમેરો કર્યો છે. આવાં સાહિત્યનું સર્જન એકાંત અને એકાગ્ર એવી પરિસ્થિતિમાંથી જન્મ્યું છે, એનો આ જીવ સાક્ષી છે.

જપ વિષયનાં કેટલાંય ઉપનિષદ અને એવાં બીજાં શાસ્ત્રોનું તેમણે અધ્યયન કર્યું લાગે છે અને તેમાંથી તારવી તારવી શ્રેયસાધકની બુદ્ધિને જપની યોગ્યતા સિદ્ધ કરાવી આપવામાં તેમણે જે અમૂલ્ય ફાળો આપ્યો છે તેને માટે મારા હૃદયના તેમને ધન્યવાદ છે.

જપ એક અમોઘ દૈવીશક્તિ છે, એ તો એના પ્રયોગમાં જેમણે યાહોમ કરીને ઝંપલાવ્યું છે અને એમાં સર્વ રીતે સર્વ ભાવે સમર્પણ કરેલું છે એવા પ્રયોગવીરને સમજાયા વિના, અનુભવાયા વિના રહી શકતું નથી.

ભાઈ શાંતિલાલ દેસાઈએ આ સર્જન કરીને સમાજની ઉત્તમ સેવા કરી છે.

ગુજરાતીમાં આવા પ્રકારના સર્જનની જે ઊણપ હતી, તે પણ આ પુસ્તકના પ્રકાશનથી પૂરી પડે છે, તે ઘણા સંતોષની હકીકત પણ છે.

આ લખાણને હું સર્જન શાથી કહું છું તેનું કારણ પણ છે. એમાં માત્ર પાંડિત્ય જ છે એમ નથી, પરંતુ તેમાં તો જપની શ્રદ્ધામાંથી ફલિત થતી મૌલિકતાનું પણ દર્શન થતું લાગે છે; એવા સર્જનનું મૂલ્ય અનેરું હોય છે અને એ ચિરંજીવી બની શકે ખરું.

ભાઈ શાંતિલાલને આ સર્જન કરવાનું દિલ પ્રગટેલું, એને પણ હું તો પ્રભુની કૃપા જ તેમના ઉપર વર્ષી એમ માનું છું. જે એમને આ સર્જન કરવાનું દિલ જાગ્યું તે એમની એવી એકાગ્ર અને એકાંત એવી પરિસ્થિતિમાંથી, નીરવતામાંથી જે પ્રગટે છે તે દિલને સ્પર્શી શકતું હોય છે.

માનવીના દિલમાં જપની ભાવનાને સજીવન કરાવવામાં, કેળવવામાં અને દૃઢાવવામાં ભાઈ શાંતિલાલ દેસાઈએ તેમના આ સર્જનથી જે ફાળો આપ્યો છે તે તેમની ભગવત્ પ્રસાદી કંઈ નાનીસૂની નથી.

પ્રભુ એમના દિલના ભાવને નિરંતરતાની જ્ઞાનભક્તિકર્મની નિષ્ઠામાં પ્રગટાવો એવી પ્રાર્થના.

હરિઃૐ આશ્રમ, - મોટા
નડિયાદ.
તા. ૧૦-૯-૧૯૬૪

પ્રકરણ : ૧

પ્રવેશક

જપ એટલે સનાતન અને નિત્ય નવીન ચૈતન્ય સાથેનું સતત આત્માનુસંધાન. એમાં ઈશ્વરનામનું પુનરાવર્તન છે પરંતુ સાથે જ સતત ઊર્ધ્વપરિવર્તન પણ છે જ.

જપ વિશ્વનો મહાનિયમ છે અને અણુ પરમાણુથી માંડી પિંડબ્રહ્માંડ સુધી તે વ્યાપેલો છે. વિશ્વના અસંખ્ય તારા અને ગોલકોના એક સરખા તાલબદ્ધ દિવ્ય સંગીતમાં ભક્તજનને અને કવિને જપનું રટણ સંભળાય છે. સૂર્યમંડળની સતત ચાલતી પ્રદક્ષિણા જપના એક સરખા તાલની દ્યોતક બને છે. દુનિયા ઉપર પથરાતું તેજ અને એકમાંથી અનેક થતાં કિરણો જપમાં રહેલા એક સરખા રટણમાંથી જ પેદા થતી વિવિધ શક્તિની યાદ આપે છે. વાયુનો એક સરખો સુસવાટ, અગ્નિનો ધીમો કે જોરદાર સિસકાર જપના જ યાદગાર બને છે. પૃથ્વીની પરિક્રમ્મા તેનું જપગાન બની રહે છે. સાગરનો ઘુઘવાટ મહાનાદે કરેલા જપનાદ જેવો ગર્જતો લાગે છે. આમ પાંચે મૂળતત્ત્વો અને તેનાં સર્જનો જપ વડે જ સર્જન કરે છે, જપથી તેમનું જીવન ચાલે છે અને જપથી તેમની ક્રિયાસાધના વિકસતી તેમને જણાય છે.

જપનું સનાતન અસ્તિત્વ

જપ એટલે રટણ અને પુનરાવર્તન અને ઊર્ધ્વપરિવર્તન એટલો અર્થ લેતાં પણ જોઈ સમજી શકાય છે કે તેનું અસ્તિત્વ સનાતન છે. વિશ્વ ક્રિયામય છે, વસ્તુમાત્ર અને પ્રસંગમાત્ર ક્રિયામય છે અને ક્રિયા છે ત્યાં પુનરાવર્તન છે જ, રટણ છે જ. વિશ્વક્રિયા સનાતન

છે તેથી આ રટણક્રિયા પણ સનાતન છે. જ્યાં સુધી ક્રિયા છે, તેનું રટણ છે ત્યાં સુધી જપ પણ છે, બંને સનાતન છે.

જપનું મૂળ મહત્ત્વ સ્વીકારાય યા ન સ્વીકારાય, તેની સનાતનતા સમજાય યા ન સમજાય છતાં એક યા બીજા રૂપે તેને સ્વીકારવો પડે છે. રટણ અને પુનરાવર્તન જીવનનું અવિભાજ્ય અંગ છે તેથી તેને કદી છોડી શકાય એમ નથી. તે સનાતન છે અને નિત્ય નૂતનરૂપે તે ટકે છે, ટકાવે છે, નભે છે, નભાવે છે, પ્રગટે છે, પ્રગટાવે છે.

જપની નિત્ય નવીનતા

વિશ્વ ઋતથી ચાલે છે. ઋત એટલે કુદરતના નિયમોની સત્યશૃંખલા, સત્યશ્રેણી. તે એક છે છતાં અનેક નિયમ મહાનિયમરૂપે ભાસે છે. ઋતનો આ મહાનિયમ તે જપ. પણ આ જપ કેવળ રટણ કે પુનરાવર્તન જ નથી. વાયુનો સુસવાટ એક સરખો છતાં વિવિધતા-ભર્યો છે; સાગરનો ઘુઘવાટ એક તાલવાળો છતાં અનેક નાદ કરે છે; એ જ રીતે માનવજીવનમાં અને તેના વિકાસમાં એક સરખી જિજીવિષા દેખાય છે છતાં તેનાં પ્રગટીકરણ કેટકેટલાં વિવિધ છે? માનવ ઇતિહાસમાં પણ ઇતિહાસનું પુનરાવર્તન થતું અનેક વાર જોવામાં આવે છે છતાં ઇતિહાસના કોઈ બે પ્રસંગ એક સરખા નથી હોતા. વિશ્વના ઋતચક્રમાં રટણ છે પણ સાથે જ નિત્ય નવીનતા છે, પુનરાવર્તન છે પણ વિવિધતા છે. જપનો ખરો સ્વભાવ જ આ છેઃ રટણ સાથે નવીનતા, એકતા સાથે વિવિધતા અને પુનરાવર્તન સાથે ઊર્ધ્વપરિવર્તનનું નિત્ય નાવીન્ય. વ્યાપક એવો જપ ઋતનો પ્રાણ છે.

જપની થયેલી સ્થિતિ

ઋતની જેમ સર્વત્ર વ્યાપેલ જપની સ્થિતિ હાલ કેવી કફોડી

થયેલી દેખાય છે! જપ તો વેવલા માણસનું સાધન ગણાય છે, ભગતડાનો બબડાટ મનાય છે. ટીલાંટપકાં કરનાર કોઈ સાધુ કે મહારાજની જપી ખાવાની યુક્તિ ગણાય છે. જે નામનો જપ જપે તે નામના પંથની છાપ જપસાધકને લાગી જાય છે! અર્વાચીન કાળમાં જપનું સ્થાન જ ન રહ્યું હોય તેમ તે કંઈક કાળગ્રસ્ત (**out of date**) થઈ ગયેલ માલૂમ પડે છે.

આવી સ્થિતિ છતાં પૂર્વના સંસ્કારબળથી કે રૂઢિવશ થઈને કે ખરા ભાવથી પણ અત્યારે જે જપ કરે તો તેના પર કોઈ ને કોઈ બિલ્લો તો લાગી જાય છે. તેને ભક્તિનો ડોળ કરનારો માની લેવામાં આવે કે ધર્મનો ઢોંગ કરનારો લેખવામાં આવે કે ધર્મભાવનું પ્રદર્શન કરનાર ગણવામાં આવે છે.આમાંની કોઈ ગણના ના કરી શકાય એટલી સચ્ચાઈ દેખાય તો છેવટે ઓછામાં ઓછું અને હળવામાં હળવું એવું 'જુનવાણી'નું બિરદ તો મળી જ જાય!

જપના માહાત્મ્ય સાથે આજે થયેલી જપની અવગણનાની સરખામણી કરતાં કેટલો ભારે વિરોધાભાસ દેખાય છે! છતાં જપની સનાતનતાને લીધે જપ એક યા બીજા સ્વરૂપે આજના વૈજ્ઞાનિક, બુદ્ધિપ્રધાન અને શંકાશીલ જમાનામાં પણ ફેલાયેલો જોવા મળે છે. જપની વ્યાપકતા જ એવી છે કે તેના વિના કુદરતનું કામ ચાલે તેમ નથી; તો પછી માનવને તો તેના વિના ચાલે જ કેમ? આજે તેનું સ્વરૂપ બદલાયું છે, સ્થાન બદલાયું છે, ક્ષેત્ર બદલાયું છે, તેની રીત બદલાઈ છે પરંતુ જપ એટલે રટણ અને પુનરાવર્તન તો આજે જીવનનાં બધાંય ક્ષેત્રોમાં જોવા મળે છે, વધુ તીવ્રતાથી તેનો પ્રચાર થાય છે અને તેને ભાવથી સૌ અપનાવે છે. રાજકારણમાં તે સત્તાનાં, પક્ષનાં પ્રચારસૂત્રોરૂપે પ્રકાશ પામે છે, અર્થશાસ્ત્રમાં ઊંચાધોરણના લક્ષસૂત્ર તરીકે સતત ઝંખનાને પાત્ર બને છે, ભિન્ન ભિન્ન વાદોમાં

પોતપોતાના સિદ્ધાંત વચનોના રટણ વડે તે જીવંત રહે છે અને સિદ્ધાંત વાક્યો વડે વિસ્તારે છે. દેશની આઝાદીનો સવાલ હોય કે ગુલામોની સ્વતંત્રતાનો, સ્ત્રીઓની સમાનતાની ઝુંબેશ હોય કે મજૂર માલિકની અસમાનતા મિટાવવાની લડત હોય - બધેય એક યા બીજાં સૂત્રો બનાવીને નવાં નવાં સૂત્રોના પોકારો, પ્રચાર, ઉચ્ચાર, લખાણ, ચિતરામણ અને તેમનું રટણ ચાલ્યા જ કરતું હોય છે. રટણ વિના આજના માનવને પણ ચાલે તેમ નથી!

ઈતિહાસકાળમાં જપ

માનવ ઇતિહાસ જોતાં ત્યાંય જપ સારું સ્થાન પામેલ જોવા મળે છે. રટણ અને પુનરાવર્તન માનવના સ્વભાવમાં જ છે એટલે તે ઇતિહાસના વિકાસમાં વણાયેલો છે. તેથી તો કેટલાય ઐતિહાસિક પ્રસંગોનું પુનરાવર્તન થતું જોવામાં આવે છે અને છતાં કોઈપણ બે પ્રસંગ એકસરખા નથી હોતા. આ કારણને લીધે જપ દુનિયાના બધાય ધર્મોમાં વધતું ઓછું સ્થાન પામ્યો છે. મુસ્લિમ ધર્મ, ખ્રિસ્તી ધર્મ, પારસી અને શીખ ધર્મ, હિંદુ ધર્મ અને દુનિયાની પછાત ગણાતી જાતિઓના અવિકસિત ધર્મોમાં પણ એક યા બીજા સ્વરૂપે રટણ અને જપને સ્થાન મળ્યું છે. લગભગ દરેક ધર્મના સંતો, મહંતો અને મહાત્માઓએ જપને અપનાવ્યો છે, તેના વડે તેઓએ સાધના કરી છે અને તેના વડે તેઓ આધ્યાત્મિક પ્રગતિ સાધી શક્યા છે. આ દૃષ્ટિએ વિચારતાં માલૂમ પડે છે કે જપ બધાય ધર્મોના દૃઢભાજક જેવો સર્વસાધારણ અંશ છે. ખુશીની હકીકત તો એ છે કે આજના જમાનામાં પણ જપનું માહાત્મ્ય ગાનાર મહા-પુરુષોને લીધે સમાજના અમુક વર્ગમાં જપનું સ્થાન સચવાઈ રહ્યું છે. એટલું જ નહિ પણ જપનું વૈજ્ઞાનિક રહસ્ય સમજીને જપસાધનાને વિકસાવવાના પ્રયત્ન પણ થઈ રહ્યા છે. આમ થવું એ બિલકુલ

સ્વાભાવિક છે કારણ જપની સાર્વત્રિકતા જ એવી છે કે એના વિના માનવને ચાલે તેમ નથી.

આજનો જમાનો જેમ શંકાશીલ છે તેમ તે પ્રગતિશીલ પણ છે. સાચી અને પ્રામાણિક શંકા અને પ્રશ્નને પરિણામે જપના ઉપર બાઝેલાં સેંકડો વર્ષોનાં જાળાં ખંખેરવાની જરૂર પણ હતી જ. જપ કેવળ શ્રદ્ધાવિષય કે માન્યતાનો વિષય નથી પણ એક વૈજ્ઞાનિક પદ્ધતિ છે એવી જાતની વિચારણા વૈજ્ઞાનિક પૃથક્કરણ, અન્વેષણ અને સંશોધનને પરિણામે ઊભી થવા લાગી છે. જપ જીવનસાધનાનું સરળ, સુગમ અને ઉત્તમ સાધન છે, તે જીવનની ઉન્નતિ માટેની સાધના છે, એટલું જ નહિ પણ તે જીવનની એક ઉત્તમ પદ્ધતિ છે એવી વિચારણા પણ પ્રગટી છે. આમ ઇતિહાસ કાલીન સમયમાં આજને સમયે એક બાજુ જપ અંગે શંકા સેવાય છે તેમ બીજી બાજુ તેનું સંશોધન પણ થઈ રહ્યું છે.

અનુભૂતિ ઉપર મંડાણ

જપની આટલી સાર્વત્રિકતાનું, તેના સંશોધનનું અને તેના વિકાસ અને વિસ્તારનું મુખ્ય કારણ એ છે કે માનવની અનુભૂતિ ઉપર અને તેના ઊંડા અનુભવ ઉપર તેનું મંડાણ છે. જપના ફાયદાના અનુભવીઓ આજે પણ જોવા મળે છે. રામકૃષ્ણ પરમહંસ, ગાંધીજી, સ્વામી રામદાસ વગેરે અનેકોએ પોતાના જીવતા જાગતા અનુભવોને આધારે જણાવ્યું છે કે જપ એક સુલભ સાધના છે. તે શક્તિદાતા છે, શુદ્ધિકર્તા છે અને અંતરમાં રહેલ દિવ્ય ચેતનાની અનુભૂતિ કરાવનાર છે. જપનું સાધન અજમાવી જોનાર સામાન્ય માણસોને પણ જપના લાભ દેખાય છે, તેમને પણ ચેતનાનો વધુ ઓછો અનુભવ થાય છે. સામાન્ય જનને આ જપસાધન ગમી જાય એવું છે કારણ કે તે સરળ છે, નિર્દોષ છે, તેમાં વિધિનિષેધ ખાસ નથી.

એમાં કંઈક ભૂલ થઈ જાય તો નુકસાન થઈ બેસશે એવો ભય રહેતો નથી. તેથી તે સર્વ ધર્મમાં ફેલાયેલો, દરેકમાં વધુ ઓછો રૂઢ થયેલો જોવા મળે છે. માનવને તે સ્વાભાવિક છે તેથી જગતમાં સાર્વત્રિક બન્યો છે. ખરી ખૂબીની વાત તો એ છે કે તે માનસશાસ્ત્રની દૃષ્ટિએ પણ તે વૈજ્ઞાનિક સાબિત થાય છે. એનું રહસ્ય ઊંડું છે,અસર ગૂઢ છે અને છતાં સાધનરૂપે અત્યંત સરળ છે. એનું રહસ્ય સમજવા જેવું છે. આ બધાં કારણોને લીધે હિંદુ ધર્મમાં તેનું માહાત્મ્ય ખૂબ ગવાયું છે અને આજે પણ તે ફરીથી વિજ્ઞાન શુદ્ધ થઈને પુનર્જીવન પામી રહેલ છે.

જપ શું છે?

જપ શબ્દ સંસ્કૃતના એક મૂળ ક્રિયાપદ 'जप्' ઉપરથી આવ્યો છે. 'जप्' એટલે 'ધીમે સાદે રટણ કરવું' એવો તેનો અર્થ થાય છે. આવું રટણ ઈશ્વરના નામનું કરવામાં આવે છે. દરેક ધર્મમાં ઈશ્વરનાં અનેક નામ હોય છે. એમાંથી ગમે તે નામનું, પસંદ પડે, રુચિકારક લાગે તે નામનું રટણ સાધક કરે છે. જપનું વર્ણન કરતાં સ્વામી વિવેકાનંદ કહે છે, "પવિત્ર નામ ફરી ફરી બોલવું એનું નામ જપ છે. એ જપ દ્વારા જ ભક્ત ઊંચે અનંતને પહોંચે છે" (જપ અને નામસ્મરણ પા. ૨૫) જપસાધનાના મહા આચાર્ય જેવા ગૌરાંગ મહાપ્રભુએ કહ્યું છે, "પ્રભુનું સ્મરણ દુઃખના ડુંગર દૂર કરે છે, આનંદ આપે છે, શક્તિનો સંચાર કરે છે. (જ. અને ના. પા. ૨૫) એ જ રીતે કુરાનના ૭મા પ્રકરણમાં આદેશ છે, "ઈશ્વરનાં અતીવ સુંદર સુંદર નામો છે. માટે એ નામોથી એને પોકારો." (જ. અને ના. પા. ૨૫) ખ્રિસ્તી ધર્મમાં બટલરના ધર્મોપદેશમાં જણાવાયું છે, "જે લોકો હે પ્રભુ, તારા નામમાં રાચે છે, તે તો તારા ખુદાઈ તેજમાં પ્રવાસ કરી રહ્યા છે. એમનો આનંદ તો તારું નામ જ છે." (જ. અને ના. પા. ૨૫)

આ છે જુદા જુદા ધર્મોના જપ વિશેના સામાન્ય ખ્યાલો. ઈશ્વરના નામનો મહિમા એમાં ગવાયો છે. ખરું નામ ઈશ્વરનું જ તેથી તેના નામને મહત્ત્વ અપાયું છે. ઈશ્વર શું છે, તે છે કે નહિ તેની વિચારણા જપના રહસ્યમાં કરવાની રહેશે. પરંતુ અત્રે એટલું સમજી લેવું જરૂરી છે કે નામ તો તેને જ હોય છે જે સનાતન છે, જે સ્થિર છે, કૂટસ્થ છે. જગતમાં કંઈ જ સ્થિર નથી. સ્થિર છે, સ્થાયી છે ફક્ત તેની પાછળ વિલસી રહેલ ચૈતન્ય કે ઈશ્વર. જે ગતિમાન છે, ક્રિયામય છે તેનું વાચક તો ક્રિયાપદ હોય. માણસને કે વસ્તુને નામ અપાય છે; તે બધા સદૈવ ગતિમાન, વર્ધમાન, ક્રિયામય હોવા છતાં તેને નામ આપવામાં આવે છે. પણ તે વ્યવહારને માટે, સાપેક્ષ સ્થિરતા કે સ્થિતિ તેમાં રહેલાં છે તેથી તે બધાંને નામ આપવાની વ્યવહાર દૃષ્ટિએ જરૂર રહે છે. બાકી વાસ્તવમાં નામને લાયક તો ચૈતન્ય કે ઈશ્વરતત્ત્વ જ છે તેથી નામ તેનું જ સાચું, બાકી બધાં ક્રિયાપદ કે ક્રિયાવાચક શબ્દોને જ લાયક છે. ખરું નામ ઈશ્વરનું છે તો તેના નામનો મહિમા ગાવો જોઈએ; સતત પરિવર્તન પામવા ચાહતો દરેક માણસ ઈશ્વરના જેવી સ્થિતિ માગે છે, ચાહે છે તેથી તેના નામનું રટણ કરતાં તે સ્થિતિને તે પામી શકે છે. આથી ઈશ્વરના નામના જપનો મહિમા સાર્વત્રિક થયો.

બીજી એક દૃષ્ટિએ પણ જપનું મહત્ત્વ સમજી શકાય છે. માણસનો આદર્શ હંમેશ ઈશ્વર રહ્યો છે, એના જેવા થવાની કે તેમાં મળી એક થવાની એની ભાવના સદૈવ રહી છે. 'યાદેશી ભાવના તાદેશી સિદ્ધિઃ' એ અનુભવ ન્યાયે ઈશ્વરની ભાવના કરતાં તેવો થવા તે મથે છે. ભાવના અનેક શબ્દોમાં વર્ણવાય અને એક શબ્દમાં પણ તેને સમાવી લેવાય. અનેક શબ્દોની પ્રાર્થના કરતાં માણસનું મોઢું થાકે છે એટલે તે એક નામમંત્રને પકડે છે, તેનું રટણ કરે છે અને તેની પાછળની ભાવના દૃઢ કરે છે. આમ કરીને તે પોતાની સ્વોન્નતિ સાધવા મથી રહે છે.

ત્રીજી રીતે પણ જપનો મહિમા સમજી શકાય છે. આ દૃષ્ટિએ જોવામાં માણસનો રટણપ્રિય સ્વભાવ પહેલો જોવાનો રહે છે. જે વિષય માણસને ગમે છે તેનું તે રટણ કરવા માંડે છે. બાળકને મન તેની માતા સર્વસ્વ છે તેથી તે માતાના નામનું રટણ કરી તેને વારંવાર બોલાવીને જ જંપે છે; વિષયી માણસ તેના વિષયનું ચિંતન કરે છે, તેની જ વાતચીત કરે છે, તેનો જ જાપ જપે છે! જેવું ધ્યેય તેવું રટણ સહેજે ચાલુ થઈ જાય છે. ઈશ્વર પ્રાપ્તિનું ધ્યેય ઉત્તમોત્તમ ધ્યેય મનાયું તેથી ઈશ્વરના નામનો જપ કરવો માણસને માટે સ્વાભાવિક મનાયો; તે સરળ પણ છે કારણ રટણ તેના સ્વભાવમાં છે. જેમ સતત રટણ વડે તે પ્રાપ્ય લક્ષ્યને પામીને જંપે છે, તેમ જપ વડે જીવનધ્યેય ઈશ્વરને પામીને જ તેને સંતોષ મળે છે.

આમ, જપ કેવળ બોલવાની અને મોંએ રટ્યા કરવાની વાત નથી પણ તે કરવાની, સફળ રીતે પાર પાડવાની સાધના - ક્રિયા છે. જગતમાં આજે બોલવાની વાતો ઘણી થાય છે પણ ક્રિયા કરવાની ઘણી ઊણપ જોવા મળે છે. જપને કેવળ બોલવાનું સાધન માનવામાં આવે તો જપ કર્યા છતાં નિરાશા જ સાંપડે છે. જપને પદ્ધતિસર, લક્ષ ઉપર ચિત્ત રાખીને, અર્થભાવના કરીને અમલી કરવામાં આવે તો જપની શક્તિની પ્રતીતિ થયા વિના રહે નહિ.

જપની સમન્વય શક્તિ

જગતના વિવિધ અનુભવોમાં ચૈતન્ય સાથે એકતાની અનુભૂતિ કરાવવાની શક્તિ જપમાં છે. માણસનું ચિત્ત જપ વડે બાહ્ય વિવિધ અનુભવો ઉપરથી ચેતનાની એકત્વાનુભૂતિ તરફ ક્રમશઃ વહે છે અને અનુભૂતિ માત્રના સારરૂપ ચેતના તત્ત્વની તેને અનુભૂતિ થાય છે. જપ વડે થતી આ અનુભૂતિ સમન્વયકારક છે - અનુભૂતિ માત્રનો સમન્વય તેમાં સહેજે થઈ રહે છે. જપની આ સમન્વયશક્તિને કારણે જ તે દરેક ધર્મમાં જોવા મળે છે, દરેક ધર્મે

તેને એક યા બીજા રૂપે અપનાવ્યો છે. આથી એમ જરૂર કહી શકાય કે બધા ધર્મો વચ્ચે સમન્વય સાધવાના કામમાં જપ ભારે ફાળો આપી શકે છે. તેની સમન્વયશક્તિ માણસની અનુભૂતિઓનો જ નહિ પણ એ વિવિધ અનુભૂતિઓના આધારે દેશકાળાનુસાર પેદા થયેલા ભિન્ન ભિન્ન ધર્મોનો સમન્વય પણ સાધી શકે એવી પ્રખર અને છતાં સરળ સમન્વયશક્તિ તેમાં રહેલી છે. વ્યક્તિમાત્રને તેનો અલગ સ્વધર્મ છે અને એ દૃષ્ટિએ જેટલી વ્યક્તિ તેટલા સ્વધર્મ થાય પણ એ બધાયમાં એકતાકારક તત્ત્વ હોય તો તે જપમાં છે. જપ એ બધાયનો સમન્વય સાધી શકે એવી શક્તિ ધરાવે છે, કારણ તે સ્વધર્મ કે ધર્મમાત્રનો દૃઢભાજક બનીને સર્વમાં રહેલા ચેતના ચૈતન્ય તત્ત્વની અનુભૂતિ કરાવી શકે છે.

જપનું સહજ સંયોજન

જપમાં સમન્વયશક્તિ કઈ રીતે રહેલી છે તે 'જપનું રહસ્ય' નામના પ્રકરણમાં વિગતે જોવાનું રહે છે. તેમાં સમન્વયશક્તિ છે તેમ તેમાં સંયોજનશક્તિ પણ છે જ. જ્ઞાન, ભક્તિ અને કર્મનું તેમાં સહજ સુભગ સંયોજન થાય છે. જપના રટણથી થતા આત્મ-સ્થિતિના અનુભવમાં જ્ઞાનસ્થિતિનો સતત પ્રયાસ હોય છે. જ્ઞાન વગર જપ નકામો છે. શેનો અનુભવ કરવો છે તે ચૈતન્ય લક્ષનું સતત જ્ઞાનભાન જપમાં રહેવું જ જોઈએ. આમ જ્ઞાનનો જપમાં સમાવેશ કરતાં તે અર્થે સતત મંડી રહેવાની ભક્તિ પ્રગટવી જોઈએ. જપના રટણમાં અને પુનરાવર્તનમાંથી આવી ભક્તિ પેદા થાય છે. ભજવું અને રટવું એક બની રહે છે. આ જ્ઞાનભક્તિમાં શરીર-મનાદિની શુદ્ધિક્રિયા ભળતાં જપ સર્વાંગી બની રહે છે. જપની અસર શરીર અને મન ઉપર થાય જ. શરીરની અને મનની શુદ્ધિ કરનાર જપમાં કર્મ સમાય છે. તેથી તેમાં જ્ઞાન, ભક્તિ અને કર્મનું સુભગ સંયોજન થઈ રહે છે.

સર્વાંગી જપસાધના

જપની અસર શરીર, મન, પ્રાણ, વૃત્તિઓ, લાગણીઓ, અહંકાર અને ચિત્ત ઉપર થાય છે તેથી તે સર્વાંગી હોવાનો દાવો કરી શકે એમ છે. જપની આ સર્વાંગીણતા જીવનને ઊર્ધ્વ બનાવવામાં ભારે મદદરૂપ છે. યોગીજનને જે ઊર્ધ્વીકરણનો લાભ કઠિન યોગક્રિયાથી મળે તે સામાન્ય માણસને જપથી પ્રાપ્ય થાય છે.

આ બધી દૃષ્ટિથી જોતાં જણાય છે કે જપ કેવળ રટણ માત્ર નથી, નામસ્મરણ નથી, પણ એક જીવનપદ્ધતિ છે. એ જીવનપદ્ધતિ એકાંગી નથી કે અમુક કે તમુક વર્ગ માટે નથી પણ સર્વસાધારણ માનવસમાજ માટે છે, તે સર્વોપયોગી છે. જપની આ વ્યાખ્યા અને તેની આ શક્તિનું વર્ણન અને સમજ હવેનાં પ્રકરણોમાં ક્રમશઃ બતાવવાનાં રહેશે.

જપની સર્વોપયોગિતા

જપની ઉપયોગિતા તર્કસિદ્ધ છે, તેની સર્વોપયોગિતાને કારણે બધા ધર્મ, પંથ, વાદ, મંતવ્યો, મતો, જાતિઓ, દેશ અને કાળમાં તેની હયાતી જોવા મળે છે. આ બધાયમાં તે એકવાક્યતા ઊભી કરી શકે છે. એ વિદ્વાન કે અભણ, સ્ત્રી કે પુરુષ, વૃદ્ધ કે બાળક, જ્ઞાની કે સામાન્ય એમ સૌને ઉપયોગી થવાની શક્તિ ધરાવે છે. એ વિજ્ઞાનશુદ્ધ સાધના સાધન છે, સાધનાનો રાજમાર્ગ છે. માનસ-શાસ્ત્રની દૃષ્ટિએ તેની અગત્ય પુરવાર થઈ શકે છે. જપની આ સર્વોપયોગિતા તેની વ્યાપક અને ઊંડી શક્તિ, એનું રહસ્ય અને એનાથી થતા અનુભવો, એની કસોટી અને એમાંથી ફલિત થતું કર્તવ્ય ક્રમશઃ જોવાનાં રહેશે. એ જોતાં પહેલાં દુનિયાના બધા ધર્મોમાં એનું સ્થાન કેવું છે, શું છે, કેટલું છે તે હવે જોઈએ.

❑

પ્રકરણ : ૨

દુનિયાના ધર્મોમાં જપનું સ્થાન

કુદરતની અને જીવનની બલિહારી છે કે દુનિયાના જુદા જુદા દેશમાં, ભિન્ન ભિન્ન પ્રદેશમાં ચારે બાજુ સમયાનુસાર ધર્મોની ઉત્પત્તિ થઈ અને તેનો ફેલાવો થયો. ધર્મે માણસને સંસ્કારી બનાવ્યો, સાચો માણસ બનાવ્યો. દુનિયાના દરેક ધર્મનું એ કામ હતું અને છે કે તેણે માનવને સંસ્કારી બનાવી માણસ નામને લાયક બનાવ્યો. એકવાર કલ્પના કરી લો કે દુનિયાના પગથારે કોઈ એક ધર્મ પણ પેદા થયો ન હોત તો? તો માણસ આજનો માણસ ન હોત. માણસની બાહ્ય શક્તિ ભલે વિકસી હોત પણ અંતરમાં તો તે હજુ કેવળ પશુ હોત. માણસના અંતરને અજવાળનાર ધર્મ છે. માણસના હૃદયને, તેના મનને, તેના ચિત્તને, તેના લાગણી તંત્રને શુદ્ધ અને શક્તિમાન બનાવનાર ધર્મ છે. જગતના બધાય નાનામોટા ધર્મોને ફાળે આ મહાન યશ જાય છે. તેમણે માનવને ખરો માનવ બનતાં શીખવ્યું છે.

પણ બન્યું શું?

પણ આ તો ધર્મના ચિત્રની ઊજળી બાજુ થઈ. શંકાશીલ સૂચવે છે કે ધર્મને નામે તો મોટાં મોટાં અનેક યુદ્ધો થયાં અને માણસે તેના વડે સંસ્કારિતાનું નહિ પણ પશુતાનું જ પ્રદર્શન કર્યું છે. ધર્મ ધર્મના વાડા થયા અને માણસ માણસ વચ્ચે, જાતિ જાતિ વચ્ચે, દેશ દેશ વચ્ચે ધર્મની દીવાલ ઊભી થઈ ગઈ! ધર્મને નામે અનેક વહેમ, ધતિંગ અને કુરૂઢિઓ ચાલુ થઈ. ધાર્મિક અંધશ્રદ્ધાને કારણે માણસ જાગ્રત થવાને બદલે મૂઢ બનતો પણ જોવામાં આવે છે. ધર્મને નામે તેણે જેહાદો ચલાવી, યુદ્ધો ખેલ્યાં, હુલ્લડો કર્યાં, ભાઈભાઈના જાન લીધા અને પોતાના અંતરને અશુદ્ધ, મલિન અને

ક્રૂર બનાવી મૂક્યું. આથી વધુ અધાર્મિકતા બીજી કઈ હોઈ શકે? ધર્મને નામે જ આ બધું થયું અને હજીય ક્યાંક ક્યાંક એવું અમાનવ કર્મ થયા કરે છે.

ગુણદોષ માનવના છે

ધર્મને નામે જે દોષ થયા તે ધર્મના નથી પણ માનવના છે. ધર્મની ઉત્પત્તિ અને વિકાસ તથા વિસ્તાર માનવ દ્વારા જ થયાં. તેમાં માનવના દૈવી અંશનો મહાન ફાળો છે. તેમ ધર્મો વચ્ચે આડવાડ અને વઢવાડ થયાં તેનું કારણ માનવના દાનવી અંશ છે, તેની મર્યાદા છે, તેની સંકુચિતતા છે, અંધ શ્રદ્ધા છે. પણ એનો દોષ પણ એક મોટા લાભના કારણરૂપ બને એમ લાગે છે. અનેક અથડામણ, કુટામણ અને મથામણને અંતે તે હવે સમજતો થયો છે કે જગતના મહાન ધર્મોનો સાર લગભગ એક જ છે. બધાય ધર્મ માણસને સંસ્કારી, શુદ્ધ અને દૈવી બનવા પ્રેરે છે, સૂચવે છે અને તેની જ આજ્ઞા કરે છે. તેથી હવે તે બધા ધર્મ વચ્ચેની આડવાડ અને વઢવાડને ખોટી સમજતો થયો છે. સંકુચિતતાને હવે તે તિલાંજલિ આપી રહ્યો છે. આમ તેના દોષમાંથી પણ અંતે સારું પરિણામ નીપજે એવી આશા છે. કુદરતનો ક્રમ જ એવો છે કે અનિષ્ટમાંથી પણ તે ઈષ્ટ પેદા કરે છે. કુદરતની એ મહાન બલિહારી છે.

સર્વ ધર્મ સમભાવ અને માનવધર્મ

કુદરતની આ બલિહારીને લીધે માણસમાં અને ધર્મ ધર્મ વચ્ચે એકતાનો ભાવ પેદા થયો છે. બધા ધર્મો તરફ માણસ સમભાવ રાખતો થયો છે. પોતાનો ધર્મ ભલે સાચવે પણ સર્વ ધર્મ તરફ તે સમભાવ રાખે એમ હવે માનવસમાજ વાંચ્છે છે. ધર્મમાત્રનું મૂળ દૈવી છે અને સ્થળકાળ પ્રમાણે તેનો વિકાસ વિસ્તાર થયાં છે. તેથી

એક ધર્મના લોકોએ બીજા ધર્મોના લોકો તરફ સમભાવ રાખવો ઇષ્ટ છે. એમ કરતાં તે પોતાના ધર્મનું પાલન કરે છે, પડોશી ધર્મનું પાલન કરે છે અને અન્ય ધર્મ તરફ માણસને લાયક એવું સમભાવનું વલણ કેળવે છે. આવું સમભાવનું વલણ કેળવવામાં થિયૉસૉફીએ સારો ભાગ ભજવ્યો છે. વ્યક્તિ તરીકે રામકૃષ્ણ, ગાંધીજી, શ્રીઅરવિંદ વગેરેએ આ સર્વ ધર્મ સમભાવને વિકસિત અને વિસ્તૃત કર્યો છે.

પરંતુ હવે સમભાવની કેવળ વાતોથી ભૌતિક રીતે ઝડપભેર એક થતી જતી દુનિયાને પાલવે એમ નથી. વિજ્ઞાનનાં ઝડપી સાધનોએ દુનિયાને નાની બનાવી મૂકી છે, માનવ પ્રજાઓને ખૂબ પાસે લાવી મૂકી છે, સ્થળ સમયનું અંતર હવે બહુ ઓછું થઈ ગયું છે. એટલે ભિન્ન ભિન્ન ધર્મોના માણસોનો પરસ્પર વ્યવહાર વધી ગયો છે; તેમને કામ માટે, સંપર્ક માટે, એકબીજા સાથે વારંવાર ભેગા થવું પડે છે. આવા ગાઢ સંપર્કને લીધે માનવ માનવ વચ્ચેનું અંતર ઓછું થઈ રહ્યું છે, ધર્મના વાડા તેમને સંકુચિત લાગે છે અને બધાય ધર્મોને સમાવી લે એવા માનવધર્મની ઝંખના તેમનામાં જાગી છે.

માનવધર્મની ઝંખનાનું એક બીજું પણ મહત્ત્વનું કારણ છે. જેમ જેમ માનસશાસ્ત્રનો વિકાસ થાય છે, માણસની સાચી ધાર્મિકતાનો વિકાસ થાય છે તેમ તેમ તેને લાગે છે કે કહેવાતી ધાર્મિકતાનાં બંધન અને તેની મર્યાદાઓ હવે ખાસ ખપતાં નથી. ખરી ખપની વસ્તુ તો ધર્મમાત્રમાં રહેલી સર્વ સાધારણ ધાર્મિકતા છે. એ ધાર્મિકતા કોઈનો ઇજારો નથી. જંગલી ગણાતા મનાતા આદિવાસીઓમાં પણ એ રહેલી છે, કદાચ વિશેષ રહેલી છે! આમ માનવના બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસને લીધે તેને હવે એક માનવધર્મની લગની લાગી છે.

વૈજ્ઞાનિક માનવધર્મ અને જપ

માનવ જગતની મૂળભૂત એકતાનું ભાન થતાં સર્વ માનવજાત માટે માનવધર્મની આવશ્યકતા દેખાવા લાગી છે. આ માનવધર્મ બધા ધર્મોના સારરૂપ હોય પણ તે બધા ધર્મોની સામાન્ય તારવણી નથી અથવા તે બધાનો સરેરાશ માત્ર નથી. બધાય ધર્મોનાં સનાતન સત્યોને સમાવતો છતાં તે માનવની પ્રગતિને પોષક અને વર્ધક એવી ધર્મનીતિને તે અપનાવનારો હોય. માનવના મન, ચિત્ત અને અહંકારને શુદ્ધ કરી માણસનો સર્વાંગી વિકાસ સાધી આપે એવી શક્તિ તેનામાં હોય. તેમાં જ્ઞાનને વિકસાવવાની શક્તિ હોય, માનવના શુદ્ધ ભાવોને પ્રગટાવવાની પ્રેરણા હોય અને તેને કર્તવ્ય કર્મમાં પ્રેરવાની તાકાત હોય. આવો માનવધર્મ માણસનો સર્વાંગી વિકાસ કરી શકે એવા કૌવતવાળો હોય. તેથી તેમાં વિવિધતાભર્યા માનવસ્વભાવને પહોંચી વળવાની વિશાળતા હોય અને સાથે જ માણસના અગાધ મનનાં સ્તરોને જાગ્રત કરવાનું ઊંડાણ હોય. વિવિધતામાં એકતા અને એકતામાં વિવિધતા જોવાની દૃષ્ટિ આપવાની શક્તિ તેનામાં હોય. અનેક વિવિધતાથી ભર્યા જગતમાં ચેતનાની એકતાનું દર્શન કરાવવું તેનું મુખ્ય કામ છે.

આજનું ભૌતિક વિજ્ઞાન પણ આ વિવિધ જગતમાં એક જ શક્તિનાં (Energy) દર્શન કરી કરાવીને માનવ એકતાનો પંથ સરળ કરે છે. તેથી માનવધર્મે આ વિજ્ઞાનની કપરી કસોટીઓમાંથી પણ પસાર થવાનું રહેશે. તેણે વિજ્ઞાન શુદ્ધ બનવાનું રહે છે. વિજ્ઞાનની રીત માનવધર્મને પણ કામની છે. વિજ્ઞાનની રીતને મર્યાદા પણ છે કારણ તે દેખાય કે પ્રત્યક્ષ થાય તેને જ માને છે પરંતુ મનોમય દુનિયામાં પણ વિજ્ઞાનની સત્ય શોધનની રીત અને તમન્ના કામનાં છે તેથી માનવધર્મે વૈજ્ઞાનિક થવું રહેશે. એમાં વિજ્ઞાનનાં ધારાધોરણો

જુદાં હશે, એનું બંધારણ કંઈ ભિન્ન હોય પણ સંશોધનની તમન્ના અને કસોટીની કપરી કસોટી તો તેમાં ઊલટાં વધુ સૂક્ષ્મ રીતે વધુ કડક બને છે.

વળી, જેમ વિજ્ઞાનના લાભ માનવમાત્રને સુલભ બને છે તેમ માનવધર્મ વૈજ્ઞાનિક બને તેમ તેમ તેના લાભ માનવમાત્રને માટે સુલભ બનવા જોઈએ. તે સુગમ હોય, સરળ હોય અને છતાં માનવતાનો પૂરો પરિચય કરાવી તેની પાછળ રહેલી દિવ્યતાનો અનુભવ કરાવે એટલી સૂક્ષ્મતા તેનામાં હોય.

જપમાં આ બધા ગુણ છે તેથી તે વૈજ્ઞાનિક માનવધર્મનું મુખ્યાંગ બની શકે એમ છે. જપનું રહસ્ય અને રીત વૈજ્ઞાનિક કસોટીમાંથી પસાર થાય એટલાં સ્પષ્ટ અને સચોટ છે. તે બધાય ધર્મમાં છે, માનવના તે સ્વભાવમાં છે તેથી માનવધર્મની વ્યાપકતા તો તેમાં છે જ. તેથી જપ સર્વ ધર્મ સમભાવ પેદા કરવામાં, સર્વ ધર્મ ઐક્ય બનાવવામાં અને માનવમાત્રને અનુકૂળ થાય એવો એક વૈજ્ઞાનિક માનવધર્મ સર્જવામાં ખૂબ ઉપયોગી થાય એમ છે.

આંતરિક એકતાની સ્થાપના

માનવધર્મનું મુખ્ય કામ એ છે કે તે માનવમાત્રમાં રહેલી એકતાની સ્થાપના કરે. ધર્મમાત્રનું મૂળ માનવએકતા કરવાનું છે. ધર્મો પેદા થયા, વિકસ્યા, તેમને નામે લડાઈઓ થઈ, એનાં દુષ્પરિણામો જોયાં અને તેમાંથી પાઠ શીખીને ફરીથી માનવએકતા જોવાનું કામ શરૂ થયું. આ દૃષ્ટિએ જોતાં માનવતાને માટે તો ધર્મનું ખરું કામ હવે શરૂ થાય છે. ધર્મો પોતાનું વ્યક્તિત્વ રાખતાં ખીલવતાં છતાં માનવધર્મનાં અંગ બની રહેશે; તેઓ પોતાની વિશેષતાને પોતાની અલગતા અને પોતાનું વ્યક્તિત્વ પોષવાને નહિ રાખે પણ તેને માનવધર્મમાં પોતાના ફાળા તરીકે લેખાવીને માનવ-પરિપૂર્ણ

બનાવવા ચાહશે. બધાય ધર્મનું કામ માનવએકતા સ્થાપવાનું છે એટલે જરૂર પડે તો પોતાનું અલગ અસ્તિત્વ વિલીન કરવાની તૈયારી રાખીને માનવધર્મને વિકસાવવા તે બધા મથશે.

પરંતુ કોઈ ધર્મ એવો નથી જે સ્વતંત્ર રીતે આવો પ્રયત્ન કરી શકે. પણ એ ધર્મોને અપનાવનાર માનવ પોતે એવા માનવધર્મ અને તેની મૂળભૂત એકતા માટે મથી રહ્યો છે. માનવમાત્રની એકતા માનવને પ્રિય છે પરંતુ તેનો લડાયક સ્વભાવ કોઈ કોઈ વાર જોર કરી જાય છે અને માનવ માનવ ઘણીવાર બાઝી મરે છે. પરંતુ હવે તો તેના બાઝવા લડવા ઉપર પણ ભારે અંકુશ આવી લાગ્યો છે. નગણ્ય એવું ઍટમ આદમને એકતાનો પાઠ શીખવવા બેઠું છે! આદમની એડી તળે હંમેશ ચગદાતું ઍટમ મહાગર્જના કરીને માણસને ચેતવે છે કે ઍટમ બૉંબના ધડાકામાં માનવજાતનો નાશ છે. માટે માનવે અંદરોઅંદરની એકતા જ કરી લેવી જોઈએ. માનવ ઍટમની આ ચેતવણી સાંભળીને પણ એકતા સાધવા પ્રેરાય તો તેમાં તેની નાનમ નથી.

માણસ તેનાં સ્વભાવ, વૃત્તિ કે વલણોનો એટલો બધો પરવશ નથી કે તે માનવની મૂળભૂત એકતાનું મહત્ત્વ સમજી ન શકે. માનવતાની મૂળભૂત એકતાનું માનવમાત્રને ભાન છે તેથી તો માણસ ગમે તે અજાણ્યા દેશમાં જાય છે તો તેને જંગલના કરતાં તો વધુ ઘર જેવું લાગે છે; ત્યાંની ભાષા તે સમજતો નથી હોતો છતાં તે પોતાના જેવાં પ્રાણી વચ્ચે વસતો હોય એમ લાગે છે. માણસમાત્રમાં રહેલી એક સરખી લાગણી, એક સરખી આશા, મહેચ્છા, એકસરખાં શરીરનાં અવયવથી માંડી સમાન આંતરિક અનુભૂતિઓ તેને માનવની એકતાનું પૂરું ભાન કરાવે છે. સૌથી વધુ તો માનવમાત્ર એક જ ચેતનાની અનુભૂતિ કરે છે, આંતરિક પ્રેરણા પામે છે અને અંદર ડોકિયું કરતાં ચૈતન્યનો વિલાસ જુએ છે. આ અનુભવો વડે

માનવતાની એકતા પૂરેપૂરી સિદ્ધ થઈ રહી છે. જપ આવી આંતરિક એકતાનું ભાન કરાવવામાં અને તેને તેમાં સ્થિર કરવામાં ભારે મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. બહારથી નાનકડું ઍટમ અને અંદરથી નાનકડો ધીમો જપનાદ માણસને માનવએકતાનું ભાન કરાવે છે! ઍટમ જેવું ઍટમ આટલી શક્તિ ધરાવે છે તો જપ જે અંતરની વાણી છે તે કેટલી બધી શક્તિ ધરાવે છે તેનું ભાન તો જપનો થોડોય અનુભવ કરનારને તરત જ થાય છે. જપ આગળ ઍટમ શક્તિ કશી વિસાતમાં નથી. તે માનવએકતા સર્જી શકે છે તેમ ધર્મોની એકતા પણ તેના વડે જ થયેલી જોઈ શકાય છે. દુનિયાના ધર્મોમાં તેનું કેવું સ્થાન છે તે જોતાં ખબર પડે છે કે જપનું સ્થાન દરેકમાં અનોખું છે, જપનું આ સ્થાન તેની મૂળભૂત એકતાશક્તિને લીધે છે.

ધર્મોનો બુલંદ નાદ

દરેક ધર્મ જન્મ પામે છે ત્યારે તે એક મહાન વિચાર લઈને જન્મે છે અને તેનો નાદ ચારે કોર સંભળાતાં એક મહાન વિચાર વિકસતો જાય છે. એ મૂળ વિચારનો નાદ વારંવાર રટાય છે, અનેક રૂપે તે રજૂ થાય છે પણ તેની પાછળનો મૂળ વિચાર નવે નવે નાદે ગર્જતો જાય છે અને તે કાનોકાન ગુંજતો થાય છે તેમ તેમ તે તે ધર્મનો વિકાસ અને વિસ્તાર થતાં જાય છે. દરેક ધર્મનો આવો નાદ તે તે ધર્મના મહાવિચારનો જપ આરંભે છે, અને જપની રટણ રીત વડે તેને લોકહૃદયમાં ઉતારે છે. અનેક મુખે તે રટાય છે અને આવી રટણ વિદ્યાને પરિણામે એ ધર્મ વિચારમાંથી પ્રચંડ શક્તિ જન્મે છે અને દેશપરદેશમાં એ ધર્મનો ફેલાવો થાય છે. પ્રથમ એવો મહાન વિચાર એક મહાપુરુષમાં જન્મ પામે છે અને એ મહાપુરુષના વ્યક્તિત્વના પ્રભાવથી એ વિચાર સૂત્રરૂપ બનીને લોકોને મોંએ ચડે

છે; લોકરટણથી તેની શક્તિ વધતી જાય છે અને તે એક ધર્મશક્તિ બની રહે છે. દરેક ધર્મમાં આમ બનતું જોવામાં આવે છે. ઈસ્લામ એકેશ્વરનો મહાન વિચાર લઈને જન્મ્યો અને અરબસ્તાનના અનેક દેવદેવતાના પછાત ધર્મને તેણે ડગમગાવી નાખ્યો. 'અલ્લા હો અકબર'નો નાદ અરબસ્તાનની બહાર દૂર દૂર સુધી સંભળાયો અને ઈસ્લામ આ નાદની પાછળ પાછળ ફેલાતો ગયો. ઈશુની કરુણાની નમ્ર વાણી પણ પ્રચંડ શક્તિ બનીને દુનિયાભરમાં ફેલાઈ ગઈ અને દુનિયાના ઘણાય લોકોએ ખ્રિસ્તી ધર્મ અપનાવ્યો. હિંદુ ધર્મ પણ આ નાદનો અપવાદ નથી. એ સમન્વય ધર્મ છે તેથી તેમાં અનેક વિચારોનો સુભગ સુમેળ છે પરંતુ એ દરેક વિચાર પણ વિભૂતિઓને મુખે નીકળી નાદ બની, તે તે જમાનામાં ખૂબ ફેલાયો અને હિંદુ ધર્મના સાગરમાં ભરતી કરતો ગયો. અવતારોએ, સંતોએ કે વિભૂતિઓએ આવા વિચાર આપ્યા. તે બધા તે તે સમયના નાદ બનીને રટાયા અને હિંદુ ધર્મ-વિચારમાં ભળતા ગયા, ઉમેરાતા ગયા.

આ દૃષ્ટિએ દરેક ધર્મનો પ્રચાર નાદરૂપે જપને લીધે છે. અહીં જપની વ્યાખ્યા ઘણી વિશાળ કરી છે અને ખરેખર જપની વ્યાખ્યા ખૂબ વિશાળ છે પણ ખરી. જપ એટલે કેવળ નામસ્મરણ એવો સંકુચિત અર્થ તો ભૂલી જ જવાનો રહે છે. જપનો એવો સંકુચિત અર્થ કરી દેવાયો છે ખરો પણ જપ તેના મૂળસ્વરૂપે મહાન વિચાર ભાવ કે પ્રેરણાનો નાદ છે. અંતરની પ્રેરણા વિનાનો જપ શુષ્ક છે, પોપટિયા છે. કોઈ મહાન તત્ત્વવિચાર કે લક્ષની પ્રાપ્તિ માટે ભાવપૂર્વક રટણ થાય તે ખરો જપ. આવો જપ રટણ છે પણ એ રટણમાં રસ છે અને તેથી નિત્ય નૂતનતા છે. જપની આ નિત્ય નવીનતાને અને તેની રસમયતા તથા તેની નાદની શક્તિને કારણે તે બધા ધર્મમાં સ્થાન પામ્યો છે. તે કઈ રીતે અને કેટલે અંશે તે હવે ક્રમશઃ જોઈએ.

ઈસ્લામ

૧૩૦૦ વર્ષ પૂર્વે જ્યારે અરબસ્તાનમાં અનેક દેવદેવતાઓની મૂર્તિપૂજા થતી હતી અને જડતા અને વહેમનું સામ્રાજ્ય જામ્યું હતું ત્યારે ઈસ્લામે એકેશ્વરનો રણકાર ગુંજતો કર્યો. જડતાને લીધે પહેલાં તો આ રણકાર પડકાર જેવો લાગ્યો અને તેનો સામનો પણ થયો. પરંતુ મહંમદ પયગંબર સાહેબના શુદ્ધ હૃદયમાંથી નીકળેલો આ રણકો પાછો પડે એમ ન હતો; તે તો ઉત્તરોત્તર બુલંદ બનતો ગયો અને 'ઈશ્વર એક છે અને મહંમદ તેનો પયગંબર છે' એ નાદ મુખે મુખે ચડતો ગયો. જેમ જેમ તે ફેલાયો અને રટાયો તેમ તેમ તેનો વિસ્તાર વધતો ગયો અને શાંતિધર્મ આક્રમક પણ બન્યો. ઈરાન, તુર્કસ્તાન, મોરોક્કો સુધી ફેલાયો અને ભારતને બારણે પણ તેના ટકોરા પડ્યા. ખૂબ જાગીને અતિજાગૃતિ પછીના ઘેનમાં સૂતેલા ભારતને પણ તેણે ઢંઢોળ્યો!

ઈસ્લામે આ ઉપરાંત બીજું પણ મોટું કામ કર્યું છે. ધર્મ તરફની નિષ્ઠા અને અનેરો જુસ્સો તેણે પેદા કર્યો અને એ જુસ્સાને પરિણામે એના શાંતિસંદેશ છતાં એનામાં આક્રમણનું તત્ત્વ દાખલ થયું. આ જુસ્સાનું મૂળ છે એકનિષ્ઠા, એકેશ્વરનિષ્ઠા, એક પયગંબરનિષ્ઠા અને એ નિષ્ઠાના દૃઢીકરણથી, અલ્લાના નામના જપથી ઈસ્લામમાં અનેરી તાકાત પેદા થઈ. ઈસ્લામની આ તાકાત તેની જુવાનીને કારણે પણ છે પણ એની જુવાનીમાં એના સિદ્ધાંત રટણનો ફાળો ઓછો નથી.

ઈસ્લામે જપને મહત્ત્વનું સ્થાન આપ્યું છે. કુરાનમાં પણ તેની તારીફ કરવામાં આવી છે. દુનિયાના ૨૦ કરોડથી વધુ મુસ્લિમો અલ્લાના નામનો જપ કરે તેનાથી કેટલી પ્રચંડ ધાર્મિકશક્તિ પેદા થાય તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. ઈસ્લામે દરેક મુસ્લિમને અલ્લાના પ્રેમનો આધાર લેવા ફરમાન કર્યું છે. કુરાનમાં આવો

સ્પષ્ટ આદેશ છેઃ "અલ્લાની દોરવણી જ ખરી દોરવણી છે. (૬, ૭૧) એ જ એક ખરો ઈશ્વર છે, બીજો કોઈ એનો હરીફ નથી; એ જ સર્જનહાર છેઃ તેની જ પ્રાર્થના કરો; તે જ બધાની કાળજી રાખે છે. (૬,૧૦૨) અલ્લાને જે યાદ કરે છે અને એના સ્મરણમાં જ દિલ રાખે છે તેને તે પોતાના તરફ દોરે છે. શું અલ્લાના સ્મરણમાં દિલને સાચો આરામ મળતો નથી? (૧૩ઃ૨૭-૨૮)"★

કુરાનનો ભક્તિભાવ પયગંબરના આવા ભાવભર્યા શબ્દોમાં નીતરતો ઘણીવાર સંભળાય છે : "અલ્લા તરફથી આપણે આવ્યા છીએ અને અલ્લા તરફ પાછા જનારા છીએ."● તેથી મહંમદ સાહેબે કુરાનમાં અલ્લાના નામને વારંવાર યાદ કરવાનો આદેશ આપ્યો છે : "ઓ આસ્તિકો, અલ્લાને સતત યાદ કરો; સાંજ સવાર તેનાં ગુણગાન ગાઓ. એ અને એના દૂત તમારા ઉપર આશિષ વર્ષાવે છે. તેઓ તમને અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જશે. તે હંમેશાં દયાળુ છે.(૩૩, ૪૧-૪૩) ખરેખર, એને પ્રાર્થવાથી અશુદ્ધિઓ અને અનિષ્ટ દૂર રહે છે પરંતુ એની પ્રાર્થના કરતાં એનું સ્મરણ વધુ મહાન છે. (૨૯ઃ૪૫) તમારું ધન કે તમારાં બાળકોની મમતા તમને અલ્લાના સ્મરણમાં અંતરાયરૂપ ન થાઓ. જે

** Say God's guidance, that is the guidance indeed. (G..71) There is no God but He, the creater of everything. So worship Him, for He takes care of everything. (6,102) He guides unto Himself those who believe and whose hearts rest in the remembering of God. Do not hearts find rest in the remembering of God? (13, 27-28)*

- The Gospel of Islam P. 199. (By Duncan Greenless Adyar)

• As the glorious Quran So often cries in asctacy and almost we can see the noble Prophet uttering the words in a mood of thrilled devotion, -- "We have come from God and God we shall return."

- The Gospel of Islam P. 199

નામસ્મરણ નથી કરતા તે ગુમાવે છે. (૬૩:૯) ..... ઈશ્વરનાં નામ સૌથી વધુ સુંદર છે. તેને તે નામોથી પોકારો. (૭:૧૮૦) નમ્રતા રાખો અને ધીમેથી નામ જપો. (૭:૫૫) જેઓ તેના નામને અવગણે તેમને દૂર રાખો. (૭:૧૮૦) અલ્લાને નામે બોલો કે તેને રહીમ કહીને બોલાવો. જે નામ ગમે તે બોલો કારણ એનાં બધાંય નામ સરસ છે. (૧૭:૧૧૦) એ જ એક ઈશ્વર છે; એના સિવાય અન્ય ઈશ્વર નથી. એ દૃશ્ય અને અદૃશ્યને જાણે છે. એ કૃપાળુ છે, દયાળુ છે. એ રાજાનો રાજા છે, પવિત્રતમ છે; એ શાંતિ સ્વયં છે, શ્રદ્ધામય છે, રક્ષક છે, બળિયામાં બળિયો છે, રચયિતા છે, કર્તા છે, તે મહાન છે; ડહાપણનો ભંડાર છે. એનાં નામ ઉત્તમોત્તમ પૃથ્વી અને સ્વર્ગમાં છે તે સર્વ યશ તેને જાય છે. (૫૯:૨૪-૨૪)

આ વચનોમાં ઈશ્વર નામનો મહિમા સરસ રીતે બતાવાયો છે. અહીં પ્રાર્થના કરતાં નામસ્મરણને મહત્ત્વ વધુ અપાયું છે અને તે યથાર્થ છે. મહંમદ સાહેબની એ અનુભવવાણી છે.

ઈસ્લામમાં એક જ અલ્લાનાં ૯૯ નામ ગણાવ્યાં છે એમાં મુખ્ય મુખ્ય આ રહ્યાં, અલ્લા, અરેહમાન (કૃપાળુ), અર્રહિમ (દયાળુ), અલ્માલિક (સ્વામી), અસ્સલામ (શાંતિ), અલ્અઝીમ (અનંત), અલ્ખાલિક (સર્જક), અલ્ગફાર (ક્ષમા કરનાર), અલ્ફટાહ (વિજયી), અલ્બસાત (સર્વ વ્યાપક), અલ્ઝમીલ (સુંદર), અલ્હક (સત્ય), અલ્અવ્વલ (સર્વપ્રથમ), અલ્આખિર (અંતિમ), અલ્બાતીન (અંતરતમ). આ નામો ઉપરથી જોઈ શકાય છે કે અલ્લાનાં નામ ઉત્તમોત્તમ છે. તેના સત્ય, અનંત, સુંદર વગેરે નામ એમાં અનંત અને મહાન ગુણો અને શક્તિના દ્યોતક છે. આ નામ માણસની આશા અને મહેચ્છાનાં પ્રતીક છે અને એ આશા અલ્લાને પામતાં પૂરી થાય છે તેથી અલ્લાને તે તે નામે તેને તે તે ગુણો યાદ કરી સ્મરે છે; અને એનું સ્મરણ એને આનંદ આપે છે.

આ રીતે ઇસ્લામે જપને બહુ મહત્ત્વનું સ્થાન આપ્યું છે. મુસ્લિમ મહાત્માઓના અને ઓલિયાઓના જીવનમાં જપનું અગ્રસ્થાન જોવામાં આવે છે તે આ કારણે જ. એમના જીવનમાં જે ચમત્કારી શક્તિ, જીવનની શુદ્ધિ અને નિર્મળ અધ્યાત્મ શક્તિ જોવામાં આવે છે તે જપાદિ સાધનોના પ્રતાપે. ઇસ્લામે જપને આટલું અગ્રસ્થાન આપીને અનેક લોકોની મહાન સેવા કરી છે.

સૂફીવાદ ઇસ્લામનો જ ફણગો છે. એમાં નામસ્મરણનો મહિમા ઘણો વધ્યો છે. એમાં ધીક્ર (Dhikr) એટલે સ્મરણનું વર્ણન કરતાં તેનું ઉત્તમ ધ્યેય આ રીતે બતાવ્યું છે. : **"Of the religious practices Dhikr (Remembering or reciting) has for its object the production of spiritual ecstacy (wajd)** (comparative & critical study of Mantrashastra P. 130). જપસાધન આધ્યાત્મિક મસ્તી માટે છે એવું વર્ણન બતાવે છે કે જપસાધનનું ખેડાણ તેમણે કેટલું બધું કર્યું હતું. શ્વાસોશ્વાસમાં અલ્લાનું નામ બોલવું સહજ છે, તે રટવું જોઈએ, રટી શકાય છે તેનું બયાન આ રહ્યું. **"Every person in his breathing conciously or unconciously utters the name Allah, the syllable 'Al' being the natural sound produced by the incoming breath and 'lah' being the natural sound of the outgoing breath.** (c & c study of M. Shastra P. 130)

અલ્લાનાં સો નામ હિંદુઓનાં સહસ્રનામને મળતાં નામાવલિ જેવાં છે; શ્વાસોશ્વાસે અલ્લાનું નામ બોલવાની વાત સોઽહમના અજપાજપ જેવી લાગે છે. ધર્મોમાં કેટલું સામ્ય છે અને રીત અને પદ્ધતિમાં પણ કેટલી સમાનતા છે તેનાં આ ઉત્તમ ઉદાહરણો છે. જપ બધા ધર્મોનું જાણે સાધારણીકરણ હોય તેમ જપનું સ્વરૂપ બધાય

ધર્મોમાં લગભગ સરખું કે મળતું આવે છે. ઈસ્લામે જપનું ખેડાણ સારું કર્યું છે અને તેને મહત્ત્વ પણ ઘણું આપ્યું છે તથા સૂફીવાદમાં તો તે તેના વિકાસના લગભગ શિખરે પહોંચ્યું છે.

જરથૃષ્ટ્રનો પારસી ધર્મ

આ ધર્મ ઘણો પુરાણો છે. ઈરાનનો એક વખતનો ધર્મ આજે બહુ થોડી સંખ્યાવાળા ભારતના પારસી પાળે છે પરંતુ એની પુરાણકાલીનતા અને એનું રહસ્ય એને મહાન બનાવે છે.

આ ધર્મમાં પણ જપમંત્રને મહત્ત્વ આપવામાં આવ્યું છે. યાસ્નાના ૬૧મા પ્રકરણમાં ત્રણ પ્રાર્થનાઓની ચમત્કારિક અસર વિશે વર્ણન કરવામાં આવ્યું છે. એ ત્રણ મંત્રો નાનકડી જેવી પ્રાર્થનાનાં નામ આ રીતના છે : અહૂર વૈર્ય (**Ahura Vairya**) અશેમ વોહ (**Ashem Voha**) અને યેંઘે હાતામ (**Yenghe Hatam**). પારસીઓ આજે પણ તે બોલે છે, જપે છે. એમ કહેવાય છે કે આ નાનકડી પ્રાર્થનાઓ બોલવાથી જાદુની કે દુષ્ટ આત્માઓની અસરથી, ચોર, લુટારા કે નાસ્તિકોની કનડગતથી બચી શકાય. અહૂર વૈર્ય એમાં સૌથી જૂનો પ્રાર્થનામંત્ર છે. એને વિશે એમ કહેવાય છે કે જો તેને એકવાર પણ તેના સાચા સ્વરભારતાલથી શુદ્ધ ઉચ્ચારથી બોલવામાં આવે અને સાથે જ એના અર્થનું ચિંતન થાય તો બીજાં સો સ્તોત્રો બોલ્યા જેટલો લાભ થાય. જરથૃષ્ટ્રે પોતે આ પ્રાર્થનામંત્ર વડે અનિષ્ટ તત્ત્વનું નિવારણ કર્યું હતું. અવસ્તામાં પણ વારંવાર કહેવામાં આવ્યું છે કે અહૂર વૈર્યનો પ્રાર્થનામંત્ર માણસના આત્માને (**Tanu**) રક્ષણ આપે છે.

આ પ્રાર્થનામંત્રમાં ઝોરાઓસ્ટર ધર્મનાં મૂળ તત્ત્વો સમાઈ જાય છે અને તેથી શ્રી.તારાપોરવાળા સૂચવે છે કે આ પ્રાર્થનામંત્ર આટલો બધો અસરકારક બન્યો છે. એનો અર્થ એવો થાય છે : "**Just as**

a ruler (is) all powerful (among men), so (too, is) the spiritual Teacher, even by reason of his Asha, the gifts of Good Mind (are) for (those) working for the Lord of Life; and the Strength of Ahura (is granted) unto (him) who to (his) (brothers) giveth help." **(c & c study of M. Shastra P. 359)** જે ઈશ્વર માટે કામ કરે છે તેને ઈશ્વરની આશિષ મળે છે, જેઓ અંદરો અંદર મદદ કરે છે તેને અહૂર મઝદા મદદ કરે છે. આમાં ઈશ્વરાર્પણભાવ છે, પરસ્પર સહકારનો ભાવ છે. આ એક નાનકડી પ્રાર્થના છે છતાં ખરેખર તો તે પ્રાર્થનામંત્ર છે. **"It would be clear that although Ahura Vairya is a prayer, it is believed to be Mantra first as Hindus believe Gayatri or Jains beleive Panca Paramesti Mantra to be a Mantra." (c & c Study of M. Shashtra P. 359).**

ટૂંકમાં પારસીઓના ધર્મમાં પણ મંત્રના જપને સ્થાન છે. તેઓ એકની એક પ્રાર્થનાઓ વારંવાર રટે છે. તેઓ અહૂર મઝદાનાં ૧૦૧ નામોનો જપ કરે છે. તેમની માળાને ૧૦૧ મણકા હોય છે. હિંદુ, મુસ્લિમ કે પારસી ૧૦૦ની આસપાસ માળાના મણકા રાખે છે. દરેક ધર્મની માળાને સોની સંખ્યા સાથે અજબનો મેળ છે.

ખ્રિસ્તી ધર્મ

ખ્રિસ્તી ધર્મની કહાણી અનેરી છે. ઈસ્લામ નવા જુસ્સાનો પ્રેરાયો એકેશ્વરના સત્ય અને શાંતિના મંત્ર માટે આક્રમક બન્યો. ખ્રિસ્તી ધર્મ પ્રાયશ્ચિત્તના બળે માણસને અંતર્મુખ થતાં શીખવે છે. આખાય ધર્મ ઉપર ઈશુના મહાન બલિદાનની છાપ છે. ઈશુનો સંદેશ તેમના જીવતાં જેટલો ન સંભળાયો તે તેના ગયા બાદ સંભળાયો અને ફેલાયો. એણે પોકારેલું સૂત્ર એના જીવતાં ન સમજાયું તે તેના ગયા બાદ ઉપાડી લેવાયું અને ખ્રિસ્તી માત્રના હૃદયમાં કોતરાઈ જવા

લાયક થયું. ઈશુએ કહ્યું, "ઈશ્વર છે અને હું તેનો દીકરો છું." આ સૂત્રનો ધીમો અવાજ ખ્રિસ્તીઓના દિલમાં શ્રદ્ધાસહિત ગુંજી ઊઠ્યો અને પરિણામે આજે ખ્રિસ્તી ધર્મ દુનિયા ઉપર વધુમાં વધુ ફેલાયેલો જોવા મળે છે. એમાં ઈશુના બલિદાનનો મહિમા છે, એના કથનનું મહત્ત્વ છે. એના ઉપદેશમાં પ્રેમની નિર્મળ ગાથા છે, પ્રેમનો સંદેશ અને તેય બલિદાનથી અપાયેલો પવિત્ર સંદેશ અનેકોના દિલમાં પડઘો પાડે એ સહજ છે. ઈશુનું મૂકસૂત્ર વાચાળ બન્યું, એનો મૂકમંત્ર ઘોષ પ્રતિઘોષ પાડતો જગતભરમાં ફેલાયો.

એના સંદેશસૂત્રોને એપોસ્ટલોએ ઉપદેશો દ્વારા વારંવાર અનેક અડચણોનો સામનો કરીને ફેલાવ્યો. ઈશુના ઉપદેશનું કેટલું બધું રટણ! પણ એ રટણ સાર્થક થવા સર્જાયેલું હતું. રટણ માત્ર સાર્થક જ હોય છે. ખૂબીની વાત તો એ છે કે જેનું નામોનિશાન મિટાવવા શૂળીએ ચડાવ્યો તેનું જ ધ્યાન થવા લાગ્યું, તેના જ નામનું રટણ થવા લાગ્યું. ખ્રિસ્તીઓ ઈશુના નામની પ્રાર્થનાઓ કરે છે, તેના નામનું વારંવાર તેમાં રટણ કરે છે, તેને પ્રાર્થે છે, તેની પાસે દુઆ માગે છે. ઈશુના દ્વારા તેઓ ઈશ્વર પાસે દુઆ માગે છે; ઈશ્વર તરફનો તેમનો માર્ગ સરળ કરવા ઈશુ તેમને મદદગાર થાય છે.

ખ્રિસ્તી ધર્મમાં નામસ્મરણના અર્થમાં જપનું સ્થાન નથી પરંતુ જપ એટલે ઈશ્વરના અર્થનું, તેના ગુણોનું ચિંતન એવા વ્યાપક અર્થમાં તેનું મહત્ત્વનું અને આગળ પડતું સ્થાન છે. વળી જપ એટલે એક જ નામનું રટણ એવો ટૂંકો અર્થ ન લેતાં ઈશ્વરી ભાવનાનું રટણ, તેનું મનન અને ચિંતન એવો ઊંડો અર્થ લેતાં ખ્રિસ્તી ધર્મમાં તે સારી પેઠે દૃઢ થયેલો છે. એમ તો આ ધર્મમાં માળાનું સ્થાન પણ છે પરંતુ તે નામસ્મરણની ગણતરી કરવાને નહિ પણ રટેલી પ્રાર્થનાઓને ગણવા માટે છે. : **"The beads are there for the Sake of**

prayers." **(Splendour of the Rosery by Maisie ward P. 16)** પણ માળાનો અર્થ આથી પણ ઊંડો છે તેથી આ જ પુસ્તકમાં આગળ કહેવાયું છે : **"On the higher level this use of the beads is a part of the whole philosophy of the church about man's nature. We are not pure spirit but composite beings made of spirit and matter. And so we need, if our prayer is to be true to our nature, to use material things; images either set before the eyes or fashioned in the imagination, the cross at the end of the beads, the blessings that make them sacred, the prayers that we say on them."** **(P. P. 17)**

માણસ આત્મા અને શરીર બંને છે તેથી તેને સ્થૂળનો ટેકો લેવો રહ્યો. માળા મનને એકાગ્ર કરવામાં મદદરૂપ થાય છે અને મનના વિક્ષેપને દૂર કરવામાં મદદરૂપ થાય છે; એટલું જ નહિ પણ શુદ્ધ વાતાવરણ પેદા કરવામાં મદદરૂપ થાય છે. **"It casts out distractions, brings us heavenly atmosphere and stimulates our imaginations.** **(P. 23)** આ છેલ્લો શબ્દ ઘણો મહત્ત્વનો છે. માળા કલ્પનાને ઉત્તેજિત કરી ઈશ્વરના સ્મરણમાં અને ચિંતનમાં પ્રેરે છે. તેથી માળાનો જપ ખ્રિસ્તી ધર્મમાં સ્મરણ માટે જ નહિ પણ ઈશ્વરનું મનનચિંતન કરવા, ઈશુના જીવનના પ્રસંગોનું રહસ્ય સમજવા માટેના ધ્યાનવિચાર માટે કરવામાં આવે છે. **"for the Rosery properly said is a meditation upon or a contemplation of the mysteries of our Redemption."** **(P. 22)** રોઝરી એટલે ફૂલમાળા, ગુલાબના ફૂલની માળા, પ્રાર્થનામાળા એવો સૂચક અર્થ પણ એમાંથી નીકળે છે. એક એક મણકો ઈશુના જીવનના મહત્ત્વના જીવન પ્રસંગનાં ધ્યાનચિંતન માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

આ માળાનો ઉપયોગ લીટેની (**Litany**) એટલે કે અરજભરી પ્રાર્થના માટે પણ કરવામાં આવે છે. **(Catholic Encyclopedia (P. 286))** આ પ્રાર્થના એક જૂનું સ્વરૂપ છે અને હાલ પણ તે વપરાય છે. એનો અર્થ ઘૂંટાય તેટલા માટે તે વારંવાર રટવામાં આવે છે. હાલ તે દરેક ત્રણત્રણવાર બોલાય છે પરંતુ પહેલાં જપનારની ઈચ્છા મુજબ વારંવાર બોલાતી હતી. એમાં **"Lord, have mercy on us","Pray for us"** વગેરે શબ્દો વારંવાર રટાયા કરતા હોય છે. આમ આ પ્રાર્થનાઓમાં અમુક શબ્દોનું, ભાવનું કે વિચારનું રટણ થયા જ કરતું હોય છે.

આમ ખ્રિસ્તી ધર્મમાં ઈશ્વરના નામનું સીધું રટણ નથી પણ તેની પ્રાર્થનાઓનું, તેના નામના અર્થનું અને ઈશુના જીવનના પ્રસંગોના રહસ્યની ભાવના, મનન અને ચિંતન તો સારી પેઠે છે. જપ તેના ખરા અર્થમાં આ જ વસ્તુ છે. ઉચ્ચભાવ કે વિચારનું મનન, ચિંતન અને રટણ કરતાં માણસ તેવો બને છે. રટણની આ શક્તિ અદ્‌ભુત છે અને ખ્રિસ્તી ધર્મે પણ એ શક્તિને ઓળખી છે, અપનાવી છે.

બાઈબલના નવા કરારમાં ઈશ્વરના નામ લેવાના કેટલાક નિર્દેશો મળે છે. ખાસ કરી **Psalms** (સાલ્મ્સ)માં ઈશ્વરના નામ લેવાનો નિર્દેશ છે. પરંતુ તે આપણે ઉપર જોયું તે અર્થમાં છે, જપનું રટણ કરવાના અર્થમાં નથી. છતાં જપનો મુખ્ય ભાવ અને ઈશ્વરના નામની સતત યાદ એવો અર્થ તો તેમાં છે જ. આ રહ્યા તે નિર્દેશો :-

Let them also the love thy Name be Joyful in Thee (The Psalms 5-11). તારા નામમાં જે રાચે છે તેઓ તારામાં એકતાનો આનંદ ભલે માણે. **And let us exalt His Name together (343, 344).** ચાલો આપણે સૌ સાથે તેનાં નામના ગુણગાન

કરીએ. **Sing for the glory of his Name; make his praise glorious.** (66, 1,3). છેલ્લે એનાં નામની ગૌરવગાથા ગાઓ અને તેનાં ગુણગાન કરો.

I will lift up my hand in thy Name (63:5). એનાં નામની સ્તુતિમાં મારા હાથ જોડું છું.

બૌદ્ધ ધર્મ

ભગવાન બુદ્ધની ૨૫૦૦મી જયંતી થોડાં વર્ષો પહેલાં જ ભારતમાં અને એશિયાઈ દેશોમાં ભારે દબદબાથી ઉજવાઈ અને ઉજવણીમાં બુદ્ધના નામનો કેટલો બધો જપ થયો! રેડિયો ઉપર અને ભાષણોમાં, સંવાદોમાં અને વાર્તાલાપોમાં, વાતચીતમાં અને વ્યવહારમાં બુદ્ધનું નામ એટલું રટાયું કે બૌદ્ધ ધર્મ જાણે ફરીથી જીવતોજાગતો થઈ ગયો; જાણે કે બુદ્ધ ભગવાન અને તેમનાં શ્રમણો ફરીથી ભારતમાં અને એશિયામાં વિહાર કરતા થઈ ગયા હોય એવો ભારે પ્રચાર બૌદ્ધ ધર્મનો, તેના સારરૂપ અહિંસા, કરુણા અને મધ્યમ માર્ગનો થઈ ગયો. શબ્દના રટણમાં કેટલી બધી શક્તિ છે તેનો પરચો બૌદ્ધ જયંતીએ કરાવ્યો. ત્યારે હવે એ સમયની કલ્પના પણ બરાબર થઈ શકે જ્યારે ભગવાન બુદ્ધ જાતે વિહાર કરતા ધર્મોપદેશ કરતા હતા. એમની વાણીનો પ્રભાવ કેટલો પડ્યો હશે કે ફક્ત એક જ માણસ પોતાના જીવન દરમિયાન એક મહાન ધર્મનું અને સાથે એક વિશાળ સંઘનું સર્જન કરી જાય છે.

અલબત્ત, આ મહાન ધર્મની પાછળ મહાન વિચાર, ઉત્તમ અનુભવ અને સૂક્ષ્મ સત્યદર્શન રહેલાં હતાં તેથી તેનો પ્રભાવ પડ્યો. પરંતુ એના સત્વર અને વ્યાપક પ્રભાવનું એક બીજું કારણ પણ છે જ. ભગવાન બુદ્ધે ધર્મનો સાક્ષાત્કાર કર્યા પછી સારનાથ આગળ ભિક્ષુઓને દીક્ષા આપતાં શરણાગતિનું ત્રિવિધ સૂત્ર શરૂ કર્યું તેનો

પ્રભાવ પણ મહાન છે. એ સૂત્ર રોજરોજ એક મુખેથી અનેક મુખે અને અનેક મુખેથી વ્યાપક રીતે રટાતું ગયું અને ભારત અને અગ્નિ એશિયા, લંકા તથા ચીન અને જાપાન સુધીના અનેક લોકો બુદ્ધને, ધર્મને અને વિશાળ થતા સંઘને શરણે આવીને બેસી ગયા.

શરણાગતિનું આ ત્રિવિધ સૂત્ર આ રહ્યું :-

બુદ્ધં શરણં ગચ્છામિ
ધમ્મં શરણં ગચ્છામિ
સંઘં શરણં ગચ્છામિ

ત્રિવિધ છતાં એક જ અર્થના દ્યોતક જેવું આ સૂત્ર અનેક મુખે રટાતાં બળવાન બને અને તેથી વ્યાપક બને એ સહજ છે. એને બોલતાં બોલતાં તો શરણભાવ વગરનાને પણ શરણભાવ પેદા થાય છે, એકવાર, બેવાર, ત્રીજીવાર 'શરણં ગચ્છામિ' બોલતાં તો શરણાગતિનો ભાવ પેદા થઈ જાય છે. પેલી લોકવાર્તામાં ત્રણ શઠ લોકો બ્રાહ્મણના બકરાનું તે કૂતરું છે એમ તેને ઠસાવી શક્યા તો પછી શરણાગતિનું આ સૂત્ર ત્રણવાર બોલાતાં આંતરિક ભાવને બળે અત્યંત પ્રભાવવાન બને એમાં શંકાને સ્થાન નથી.

બૌદ્ધ ધર્મના વ્યાપક ફેલાવાની ચાવી અહીં મળે છે. ઈતિહાસમાં અજોડ એવા રાજર્ષિની અત્યંત કઠિન તપસ્યાના ફળસ્વરૂપ અનુભવપૂત વાણીમાંથી જે ધર્મ નીકળ્યો તે તે જમાનાની માગને બરાબર અનુરૂપ હતો. આ ધર્મચક્ર પ્રવર્તનકાર મહાન હતો, ધર્મ મહાન હતો, સમયની તક મહાન હતી; જોઈતું હતું ફક્ત સંઘબળ. એ વિચક્ષણ મહાપુરુષે જોયું કે જનસમાજ વ્યક્તને માનનારો છે, અવ્યક્તને તે એકદમ નહિ પૂજી શકે. તેથી બુદ્ધની શરણાગતિ પ્રથમ મૂકી. બુદ્ધ એટલે પોતે તથા પોતાના જેવી સ્થિતિવાળી કોઈપણ આદર્શ બુદ્ધ વ્યક્તિ. કરુણાભર્યો, મધ્યમ માર્ગ બતાવનારો ધર્મ તો

લોકોને ગમી જાય એવો હતો જ. સમય અનુકૂળ હતો. તેથી તેમણે ભિક્ષુઓના સંઘની રચના કરી. સંઘ કે સમાજ વગર માનવજાતને ચાલે એમ નથી. સંઘ રચના પણ તે જમાનાને અનુકૂળ હતી. પરંતુ ખરી વિચક્ષણતા તો તેમણે ભિક્ષુને તથા સંઘને આ ત્રિવિધ દીક્ષાસૂત્ર આપ્યું તેમાં છે. આ સૂત્રથી એકનિષ્ઠા ઊભી થઈ. પોતાના તરફની નિષ્ઠા કદાચ સમય જતાં ઓસરે એટલે બુદ્ધના આદર્શ તરફની નિષ્ઠા પેદા કરી. પરંતુ વ્યક્તિ કરતાં ધર્મ વિશેષ છે અથવા કહો કે બુદ્ધનો આદર્શ ધર્મ વડે પ્રતીત થાય છે તેથી તરત ધર્મના શરણની વાત બતાવી. આ બે નિષ્ઠા હોય પણ અંદરોઅંદર નિષ્ઠા ન ટકી તો આદર્શ અને ધર્મનો ભાવ પણ ઓસરે એવો સંભવ ખરો. તેથી તેમણે સંઘ તરફની નિષ્ઠા ઊભી કરી. વિચક્ષણ બુદ્ધિના સર્જન એવા આ ત્રિવિધ સૂત્રે જગતમાં અજોડ ચમત્કાર કર્યો. તલવારથી નહિ પણ અહિંસાથી, આચારથી, સમજાવટથી બૌદ્ધ ધર્મ એશિયામાં ફેલાયો. એના ફેલાવામાં આ ત્રિવિધ સૂત્રનો ફાળો નાનોસૂનો નથી એ યાદ રાખવું જોઈશે. વ્યાપક રટણ કે જપનો મહિમા કેટલો મહાન છે તેનો આથી મોટો દાખલો બીજો કયો મળે એમ છે?

બૌદ્ધ ધર્મનો જુસ્સો કેટલો બધો હશે કે તે આટલો બધો પ્રચાર પામી શક્યો! પણ જુસ્સો શબ્દ હિંસા અને આક્રમણનો સૂચક લાગે. બૌદ્ધ ધર્મે જે સંવેગ પેદા કર્યો તે અહિંસક હતો અને છતાં આક્રમક હતો. એ જુસ્સાની પાછળ કરુણાનું બળ હતું, અપાર સહિષ્ણુતાની શક્તિ હતી અને અદમ્ય ઉત્સાહ હતો. બુદ્ધ ભગવાનની જીવંત કરુણાએ એ શક્તિ પેદા કરી, ત્રિવિધ સૂત્રરૂપે તે પ્રગટ થઈ, કરોડોનાં મોંએ રટાઈને તે મહામંત્ર બની રહી અને પછી એનો પ્રચાર થવામાં વાર લાગે શેની? બુદ્ધ ભગવાનનું મહાન પ્રેરક બળ આ ત્રિવિધ સૂત્રના સળંગ, સતત અને સાર્વત્રિક જપથી સાર્થક થયું, વ્યાપક થયું.

આવા વ્યાપક જપ સિવાય ભગવાન બુદ્ધે જપને બહુ સ્થાન આપ્યું દેખાતું નથી. બૌદ્ધ ધર્મ ચિંતન, મનન અને ધ્યાનપ્રધાન છે. ભિક્ષુની દિનચર્યામાં અભ્યાસ, ચિંતન, ધ્યાનાદિ જોવામાં આવે છે, સામૂહિક પ્રાર્થના જોવામાં આવે છે પણ જપને સ્થાન ખાસ નથી મળ્યું. પરંતુ ભગવાન બુદ્ધના પરિનિર્વાણ પછી દેશેદેશમાં બૌદ્ધ ધર્મ ફેલાયો અને પાછળથી તેમાં પંથો પડ્યા. મહાયાન અને હિનયાન તેના બે મુખ્ય ફાંટા છે અને તે જાણીતા છે. ટિબેટમાં વજ્રયાન વિકસ્યો અને એમાં જપ મંત્રાદિની સારી પેઠે ખિલવણી થઈ એમાં જપને ખૂબ સ્થાન મળ્યું છે અને જેમ બધા ધર્મમાં મંત્રાદિ અને વિધિનો વધારો થાય છે તેમ વજ્રયાનમાં પણ થવા પામ્યો છે.

ખરી મહત્ત્વની બાબત તો ભગવાન બુદ્ધે સમ્યગ્ આચારાદિ ઉપર ભાર મૂક્યો, દશ પારમિતાનું રહસ્ય બતાવ્યું છે તેમાં છે. જપનું આ સૂક્ષ્મ સાચું સ્વરૂપ છે. ગુણચિંતન અને ગુણોનું દૃઢીકરણ તેના ચિંતન, નિદિધ્યાસન અને વ્યવહારમાં તેના અમલ વિના અશક્ય છે. ભગવાન બુદ્ધે જપને વ્યક્તિગત સાધનામાં ખાસ સ્થાન ભલે ન આપ્યું પરંતુ જપના સારતત્ત્વનો તેમણે સ્વીકાર કર્યો છે. એમણે જીવનની જે ઝાંખી કરાવી છે, જીવનનો આચાર રચી બતાવ્યો છે તે જાણે કે આધ્યાત્મિક જીવનનો એક ઉત્તમ નમૂનો છે. જપ વડે પણ એ જ સ્થિતિ પ્રાપ્ત કરવાની હોય છે. એમનું ચિત્ર જીવંત જપમય જીવનના ચિત્ર જેવું બની રહે છે.

જૈન ધર્મ

જૈન ધર્મ બૌદ્ધ ધર્મ જેટલો કે તેથી વધુ જૂનો છે. મહાવીર ભગવાન બુદ્ધના પુરોગામી હતા. જૈન ધર્મમાં વ્યક્તિગત સાધનાનો ખૂબ વિચાર થયો છે તેથી જપ જેવા મહત્ત્વના સાધનનો વિચાર

અને ઉપયોગ તેમાં થયો હોય એ સ્વાભાવિક છે. ધર્મની સામાજિક બાજુ ઉપર બહુ ભાર ન મુકાવાને કારણે તે બહુ વ્યાપક ન બનવા પામ્યો પણ તેના ચિંતનશીલ સ્વભાવને કારણે આ ધર્મે માનવચિત્ત અને ચેતનામાં ઘણું અવગાહન સાધ્યું છે.

જૈન ધર્મમાં મંત્રવાદ છેક પાર્શ્વનાથથી ચાલ્યો આવે છે. જપ અને મંત્રવાદ જૈન ધર્મનું એક અંગ બની ચૂક્યો હતો. જૈન ધર્મમાં તેનું યોગ્ય સ્થાન તેને મળ્યું છે અને મુક્તિ પામવાનું તે સાધન મનાય છે : **"Jain Mantravada has taken it's legitimate place in Jainism as a kind of yoga-padastha dhyana providing a practical and popular method of Self-realisation through natural and convenient Stages."** **(c & c study of M. Shastra P. 293-94).**

આમ જૈન ધર્મમાં જપ અને મંત્રવાદનો ખૂબ વિકાસ થયો છે અને ધ્યાનનું સાધન મનાયો છે. એમાં એટલી શક્તિ મનાઈ છે કે તેના વડે સાધક મુક્તિ પણ મેળવી શકે છે. જેવું ધ્યેય તેવી સિદ્ધિ એ ન્યાયે જપ મુક્તિના હેતુ માટે પણ કરવામાં આવે તો તેનાથી મુક્તિ પણ મળી શકે છે. **"Mantravada is believed thus ultimately to confer even Salvation on its practitioners if practised only with the object of realisation of the soul."** **(c & c study of M. Shastra P. 293-94).**

મુનિ હેમચંદ્રાચાર્યનાં સૂત્રોમાં પણ જપની અગત્ય અને મહત્ત્વ વિશે બયાન જોવા મળે છે.

શીખ ધર્મ

શીખ ધર્મ હિંદુમુસ્લિમના સુમેળના પ્રયત્નમાંથી ઊભો થયેલ એકતાકારી ધર્મ છે. એના ઉપર હિંદુ અને ઈસ્લામનાં સારાં તત્ત્વોની

અસર છે છતાં તેની પેદાશ સ્વતંત્ર છે. હિંદુ અને ઈસ્લામમાં જપનું માહાત્મ્ય ખૂબ ગવાયું છે એટલે શીખ ધર્મમાં પણ જપનો મહિમા ગવાયો હોય તે સ્વાભાવિક છે. પરંતુ શીખ ધર્મે જપને અગત્ય આપી છે તે તો અન્ય કારણને લીધે છે. શીખ ધર્મ એક સંતના જીવન અને કથનમાંથી નીપજેલો સંતધર્મ છે. સંત નાનકના જીવનમાં જપ વણાઈ ગયેલો હતો. જપથી એમના જીવનમાં જે અનુભૂતિઓ થઈ તે જપનાં ગુણગાન ગાતાં સંત નાનક કેમ થોભે?

'જપજી'ના પ્રથમ મંત્રમાં જ તેમણે જપનો અદ્‌ભુત મહિમા ગાયો છે; તે (૧ ઓઁ) છે. તેનું નામ સત્ય છે. તે જ જગતનો કર્તા છે; જેને પુરુષતત્ત્વ કેટલાક સમજે છે અને કહે છે તે પણ તે જ છે; તે નિર્ભય છે, નિર્વૈર છે; તેનું રૂપ કાલાતીત છે; તે અજન્મા છે. સ્વયંભૂ છે. તે જ ગુરુ છે. તેનો પ્રસાદ ધન્ય કરે છે. **તેનો જપ કરો**.'' (જપજી પા. ૬૮)

પોતાના ઉપદેશોમાં અને કવનોમાં સંત ગુરુ નાનકે નામ જપનનો મહિમા વિવિધ રીતે ગાયો છે. તેનાં થોડાં દૃષ્ટાંતો આ રહ્યાં : **"There is no purity without the name of God.... (P. 106) Repeating God's (Name) with delight, I bathe in the sixty eight holy waters (P. 107) God's Name in a moment takes (sins) away. The one Name saves (us from) the world.... without the Name no one has attained to liberation (P. 108) .... Great is the gain of repeating God's name.... So ponder always in heart and mind on God's Name that at the best moment it may bring you rescue (P. 109).... The one who obey the name obtains victory, no other action is of any account. (P. 110)**

When the heart is thrilled on hearing the Name, Then is the door of Liberation won (P. 111).... Let him who is called a Sikh of the true Guru arise early and ponder on God's Name (P. 112) ..... If the mind is defiled by contact with sins, they can be washed away by the love of the Name (P. 237). (The Gospel of the Guru-Granth Saheb by Duncan Green).

શીખ ધર્મમાં નામ જપનનો આટલો મહિમા છે તેથી તેમાં શક્તિસંચય થયો અને અનેક મુસીબતોનો સામનો કરીને આજે પણ તે ટકી રહ્યો એમ કહેવામાં અતિશયોક્તિ નથી.

પછાત ગણાતા ધર્મો

પછાત ગણાતી જાતિઓ જેવી કે આદિવાસીઓ દુનિયાભરમાં જોવા મળે છે. આફ્રિકામાં, અમેરિકામાં, ભારતમાં વગેરે જગાએ નિગ્રો, રેડ ઈન્ડિયનો, આદિવાસીઓ જોવા મળે છે. આ અને આવા લોકોના ધર્મ બહુ વિકસિત હોતા નથી છતાં તે બધાનાં આધ્યાત્મિક તત્ત્વ વિચાર અને માન્યતા તો હોય છે જ. એક યા બીજા પ્રકારના મંત્રજંત્રને એ માનતા હોય છે. કોઈ ને કોઈ પણ પ્રકારનું રટણ તેઓ કરતા હોય છે.

આ રીતે જપ અને રટણ સાર્વત્રિક છે. એ માનવના સ્વભાવમાં જ છે તેથી એક યા બીજી રીતે ધર્મકર્મમાં તે ઊતર્યા વિના રહે જ નહિ.

❑

પ્રકરણ : ૩

હિંદુ શાસ્ત્રોમાં જપનું માહાત્મ્ય

શરૂઆતથી જ આપણે જોયું કે જપ કેવળ નામસ્મરણ નથી પરંતુ તેના વિશાળ અને ખરા અર્થમાં ઈશ્વરતત્ત્વનું અને ધર્મતત્ત્વનું ચિંતન છે, રટણ છે, મનન છે. જુદા જુદા ધર્મોમાં પણ આ અર્થને જ અગત્ય અપાઈ છે. નામસ્મરણ એ વિશાળ અર્થને અર્થે જ રહેલું છે અને તે દૃષ્ટિએ તેની અગત્ય પણ ખૂબ જ છે. આ અનંત દેખાતા વિશ્વનો સાર ઈશ્વર કે ચૈતન્ય તત્ત્વ છે તેમ વિશાળ દેખાતા ધર્મવિચારનો સાર જપ છે. જેમ જેમ ધર્મવિચાર વિસ્તરતો જાય છે તેમ તેમ જપનું માહાત્મ્ય પણ વધતું જતું જોવામાં આવે છે. હિંદુ ધર્મ જેમ જેમ વિસ્તૃત થતો ગયો તેમ તેમ જપનું માહાત્મ્ય તેમાં વધતું જતું દેખાય છે.

જપથી ધર્મતત્ત્વદર્શન

જપનો મહિમા તો આથીય આગળ જાય છે. દરેક ધર્મનું મૂળ તેના પયગંબર કે દ્રષ્ટા, ઋષિઓનાં દર્શનમાં રહેલું હોય છે. દરેક ધર્મ ઈશ્વરની વાણી તરીકે અવતરે છે પરંતુ એ વાણીને ઝીલનાર પાત્ર તો કોઈ માનવ કે મહામાનવ જ હોય છે. એ મહામાનવની એટલી લાયકાત, યોગ્યતા અને ચિત્તશુદ્ધિ હોય છે કે તે ઈશ્વરની ઝાંખી કરી તેની વાણી સાંભળી શકે છે, સમજી શકે છે.

પરંતુ એ મહામાનવ એવી યોગ્યતા મેળવે છે કઈ રીતે? એની અગાઉ તો એને પોતાને દોરે એવું માર્ગદર્શન બહારથી એને મળે એમ હોતું નથી. એને ખરું માર્ગદર્શન પોતાની અંદરથી મળે છે. એને ઈશ્વરની એવી લગની લાગી હોય છે કે એનાં નામનું કે સ્વરૂપનું રટણ

ચાલ્યા જ કરે છે. એવા રટણને, લગનીને પરિણામે એને ઈશ્વરની ઝાંખી થાય છે, દર્શન થાય છે કે તેની વાણી સાંભળવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે. આ દર્શન કે વાણીનું શ્રવણ કઈ રીતનું હોય છે એ એક નોખો સવાલ છે પરંતુ એને લાગે છે કે તેણે ઈશ્વરદર્શન કર્યું કે ઈશ્વરી વાણી સાંભળી તે તેના લગનીભર્યા સતત રટણ, મનન, ચિંતન અને ધ્યાનને લીધે હોય છે.

આમ દરેક ધર્મના તત્ત્વનું દર્શન જપ વડે થાય છે. લગની વગર જપ શક્ય નથી. લગની અને ઈશ્વરી મસ્તીનું મૂર્તસ્વરૂપ તે જ જપ છે. ધર્મતત્ત્વની આ બક્ષિશ જપથી મળે છે, તેમ જપ વડે જ તેનું પ્રગટીકરણ થાય છે. જોયેલા અને સમજેલા ધર્મતત્ત્વને આ મહાપુરુષ વારંવાર લોકો આગળ રજૂ કરે છે; શબ્દો જુદા હોય છે પણ તેમાંનું ધર્મતત્ત્વ તો એનું એ જ હોય છે. એમાં પુનરાવર્તન દોષ નથી પણ ગુણ ગણાય છે.

જપ વડે જોયેલા, જપ વડે પ્રગટેલા આ ધર્મતત્ત્વનો પ્રચાર પણ જપ વડે જ થાય છે. આ મહાપુરુષની વાણીનો જાપ પહેલાં થોડા સાંભળે છે, સમજે છે અને તેમને તે બરાબર સમજાતાં તેનું તેઓ રટણ કરવા લાગે છે અને પોતાનું કર્તવ્ય સમજીને અંદરના અવાજના પ્રેરાયા તેઓ સમાજ આગળ તેનું વારંવાર રટણ કરવા લાગે છે; લોકોને ગમે કે ન ગમે તોય તેમને તેઓ એ ધર્મતત્ત્વ સમજાવે છે. એ ધર્મતત્ત્વને કેટલી બધી વખત ઘૂંટવું પડે ત્યારે સમાજના બહેરા કાન ઉપર તે થોડુંય પડે છે! જપની શક્તિ જ એવી છે કે તેના રટણથી બહેરા કાન પણ ખૂલે છે. સમાજ છેવટે એ ધર્મતત્ત્વને સ્વીકારીને એ ધર્મમાં દાખલ થાય છે. બધાય ધર્મો આ રીતે પ્રગટ્યા, વિકસ્યા, ફેલાયા અને સ્વીકારાયા. વિશાળ અર્થનો જપ તેમાં નિમિત્ત બને છે, કારણરૂપ બને છે. જપનો આવો વિશાળ

અને ઊંડો અર્થ છે. જપથી ધર્મતત્ત્વનું દર્શન થાય છે, જપથી તે પ્રગટે છે અને જપ વડે જ તેનો પ્રચાર થાય છે.

હિંદુ ધર્મમાં તત્ત્વદર્શન

હિંદુ ધર્મ આનો અપવાદ નથી પણ જપના મહાન સત્યનો એ ઉત્તમ નમૂનો છે. જપના વિશાળ અર્થનાં પ્રત્યક્ષ દૃષ્ટાંતો હિંદુ ધર્મના વિકાસમાં મળે છે તેટલાં બીજે ક્યાંય મળે તેમ નથી. વેદના ઋષિઓ પોતાની આત્મમસ્તીમાં પરમ તત્ત્વનો જ જપ જપતા, તેનું ચિંતન, મનન કરતાં અને તેમાંથી એમને જે સનાતન સત્યો મળ્યાં તેનો સાર વેદાંતમાં જોવા મળે છે. એ જ આર્યસત્યોને લઈને, તેને આધાર માનીને, ઈશ્વરવાણી માનીને પાછળથી મહાન આચાર્યોએ પોતાનાં સૂત્રો અને ભાષ્યો રચ્યાં; અને એમાંથી જ ભિન્ન ભિન્ન દર્શનો પેદાં થયાં. ચિંતન, રટણ અને મનન વગર દર્શન સંભવે જ નહિ. શ્રુતિઓની એ જ આર્ષવાણી ઉપર હજારો વર્ષો સુધી મહાન પુરુષોએ ચિંતનમનન કર્યાં, તેનું રટણ કર્યું અને એ રટણોમાંથી હિંદુ ધર્મનાં ભિન્ન ભિન્ન શાસ્ત્રો જન્મ્યાં. મીમાંસા, યોગ, દર્શનો, ભાષ્યો અને ગીતા જેવાં અમૂલ્ય રત્નો તેમાંથી પેદાં થયાં. એ જ વેદાંત-વાણીનો કેટલો બધો પ્રભાવ કે તેમાંથી આજે પણ શ્રીઅરવિંદ જેવા પ્રેરણા લઈને પોતાનું આખું નવદર્શન તેના આધારે રચી ગયા. ગાંધીજી જેવા ભક્ત કર્મયોગી એના જ સંસ્કારમાં ઘડાઈને, તેની સારરૂપ ગીતામાંથી સદૈવ પ્રેરણા લઈને જગતને સત્યાગ્રહનું નવું અમૃતતત્ત્વ આપે છે. શ્રીરમણ મહર્ષિ આજના કલિયુગમાં વેદાંતના ઋષિની અદાથી વેદાંતનો ધર્મ પ્રત્યક્ષ જીવી બતાવીને 'હું કોણની શોધ'ની અનોખી પદ્ધતિ આપી શક્યા. આ બધું વેદાંતના એ સનાતન ધર્મતત્ત્વના હજારો વર્ષોના સંસ્કારજપને લીધે બની શક્યું છે; તેને લીધે અનેક પ્રહારો, હુમલા, આક્રમણો અને અનિષ્ટોની સામે પણ

આ સનાતન ધર્મતત્ત્વ ટકી શક્યું છે. હિંદુઓમાં કમજોરી આવી છતાં સંતોની પરંપરાએ એ સનાતન તત્ત્વના રટણથી હિંદુ ધર્મ ટકી શક્યો છે. અત્યારે જગતમાં તે શાંતિની વાતો કરે છે તે થોડી વધુ સંભળાય છે કારણ તેણે વેદાંતની વાણીને સાચવી રાખી છે, કંઈક વધારી છે; તેના સંસ્કાર તેને મળ્યા છે. એ સંસ્કાર રટણને લીધે શાંતિનો સંદેશ કહેવાની લાયકાત એને મળી છે.

વેદાંત કાળથી ઊતરી આવેલી આ અમૂલ્ય મૂડીનો વેપાર તેના વ્યવહાર વિના આગળ ચાલે તેમ નથી. જેટલા પ્રમાણમાં એ મૂડી સાચવી તેટલા પ્રમાણમાં તેનો અમલ થયો હોય તો ભારત જગતની વધુ સેવા બજાવી શક્યું હોત. પણ હવે ભારતને પાછો ઉત્સાહ જાગ્યો છે, કંઈક કરવાની તમન્ના જાગી છે. એમાં એ પોતાના સનાતન ધર્મતત્ત્વના રટણને ભૂલ્યું તો એનું બધુંય જવા બેસે એવો સંભવ છે. પશ્ચિમનું અંધઅનુકરણ કરવાને બદલે શીખવા જેવું શીખી આજે તેણે પોતાનો નવો માર્ગ ખેડવો જોઈએ. તેની સૂઝ તેને પોતાના ધર્મતત્ત્વના વારસામાંથી મળી છે. એ વારસાને વધારતાં અમલી કરતાં જગતનું તે મોટું સેવક બને એવાં ચિહ્નો અત્યારે સ્પષ્ટ દેખાય છે. પરંતુ તેમાં સનાતન સત્યનું રટણ ભૂલવાનું નથી. પણ તેને આજની ભાષામાં, આજના લોકો સમજી શકે તે રીતે જુદી જુદી રીતે રજૂ કરવાનાં છે. એમાં એ તત્ત્વનું રટણ થશે તેનાથી પોતાને પણ અચૂક અનેરો લાભ થશે જ. એનાથી જગતની સેવા કરવાની લાયકાત ટકશે અને વધશે.

ઈતિહાસની લાલબત્તી

ગરીબ ગણાતું ભારત આજે સમૃદ્ધિ માટે મથી રહ્યું છે અને સાથે જગતમાં શાંતિના પ્રયાસ આદરી રહ્યું છે. ઈતિહાસનું પુનરાવર્તન થતું આ પ્રયાસમાં જોઈ શકાય છે. આર્યો ભારતમાં

આવ્યા ત્યારે ઉત્તરમાંથી ફરતાં ફરતાં તેઓ અહીં આવ્યા. મુસાફરો પાસે બાહ્યસમૃદ્ધિ હોય પણ શું? તેઓ એવા વિશાળ અને સમૃદ્ધ પ્રદેશમાં આવ્યા કે તેમને કુદરતની અપાર સમૃદ્ધિ મળી ગઈ. વિશાળ ફળદ્રુપ પ્રદેશ, ફળફૂલવાળી જમીન અને ધનધાન્ય અને ગાયોથી વિપુલ દેશ મળતાં તેમને જોઈતું બધું મળી ગયું. જો આર્યો સંસ્કારી ન હોત તો દુનિયાની મોજમજામાં જ લાગી રહેત. એક બાજુ સમાજની સમૃદ્ધિ વધારી પરંતુ બીજી બાજુ ઋષિઓ, મુનિઓ, તપસ્વીઓએ ધ્યાન, ચિંતન અને મનન વડે પરમતત્ત્વશોધન કર્યું. આટલી સુખસમૃદ્ધિ છતાં આર્યોના સમાજમાં ધનની નહિ પણ ધર્મતત્ત્વની સ્થાપના થઈ, તેનું રટણ વ્યાપક બન્યું. આજના ભારતને આ અમૂલ્ય વારસો મળ્યો છે. એણે આજના યુરોપ-અમેરિકાની સમૃદ્ધિથી અંજાવાનું નથી. આજે અમેરિકાની જે જમીન, ધનધાન્યની વિપુલતા છે તે આર્યોને એકવાર મળી હતી. પરંતુ આર્યો બાહ્ય સંપત્તિથી ન અંજાયા. તેમણે ધર્મતત્ત્વશોધન કર્યું અને તેને જ સર્વસ્વ માન્યું. આજનું ભારત એ જ આર્યોનું વારસ છે. એ તત્ત્વને થોડુંય ભૂલતાં તેને હજારો વર્ષોની ગુલામી મળી પરંતુ ગુલામીમાં પણ એ તત્ત્વનું રટણ ચાલુ રાખ્યું, તેને સંઘરી રાખ્યું તેથી આજે ફરી તે સમૃદ્ધિને આરે આવીને ઊભું છે. એ જ વખતે ઈતિહાસ તેને લાલબત્તી ધરે છે; તેણે આર્ય માર્ગ અપનાવવો છે કે યુરોપ-અમેરિકાની જેમ બાહ્ય વિપુલતાનો?

આનો જવાબ ભારતમાતાએ તો આપી દીધો છે. ગાંધીજીના માર્ગદર્શનથી ભારત આઝાદ થયું. એમણે સાદાઈ અને ધર્મતત્ત્વનો જ આદેશ કર્યો છે. એ બુદ્ધ અને ગાંધીજીનો અહિંસા મંત્ર આજે ભારત જગત આગળ ધરે છે. તેમણે જીવનની સમૃદ્ધિમાં અને વિપુલતાની વચ્ચે સાદાઈનો આદેશ આપ્યો છે. વિપુલતાની વચ્ચે સાચો વૈરાગ્ય અને સમૃદ્ધિની અંદર સાદાઈ વડે જ એ સનાતન

અમૂલ્ય ધર્મતત્ત્વ ભારત સાચવી શકશે? ઈતિહાસનો પદાર્થપાઠ ઈતહાસ પોતે જ લાલબત્તી ધરીને શાંતિની વાત કરનાર ભારતને શાંત સૂચન કરે છે કે ભારતના અમૂલ્ય ધાર્મિક વારસાને લાયક રહેવા તેણે એ તત્ત્વનું રટણ ચાલુ રાખવાની લાયકાત દર્શાવવી જોઈશે. એમ કરવાથી જ એ દર્શન નિત્ય નવીન બનતું રહેશે અને ઝડપથી બદલાતા સમયને પણ તેનો સંદેશો આપી શકાશે.

પણ એ રટણની લાયકાત શી?

રટણની લાયકાત

આવા રટણની લાયકાત જોવા સમજવા માટે આર્યોના એ ઉપનિષદ કાળને યાદ કરવો જોઈશે. આર્યોમાં એવું દૈવત હતું કે તેમણે વિપુલ વૈભવ છતાં અંતર્મુખ થયા, વિજય કરતા ભારત સુધી આવ્યા છતાં દુન્યવી સુખમાં જ મંડી ન રહ્યાં પરંતુ જીવન શું છે તેની અવિરત શોધ ચલાવી અને અમૂલ્ય અને અજોડ વેદાંતદર્શન પામ્યા. આખી જાતિના રટણનાં આ અદ્‌ભુત પ્રભાવ અને પરિણામ છે. એવા આર્યોના પ્રતિનિધિ સમા શૌનકનું વર્ણન ઉપનિષદમાં આવે છે. શૌનકને ધર્મજિજ્ઞાસા થઈ. એ શૌનક કેવો હતો? તે ભિખારી ન હતો. એની પાસે ધનધાન્ય, પુત્ર પરિવાર, યશ, સંપત્તિ અને એ બધાંનો ઉપભોગ કરી શકે એવું નીરોગી શરીર હતું. છતાં તે ધર્મતત્ત્વદર્શન માટે ઉદ્યત થયો હતો. આવો પુરુષ જ ધર્મને જાણવાને લાયક ગણાયો છે. આ શૌનક જિજ્ઞાસુમાત્ર માટેનો આદર્શ નમૂનો છે. તે જ રીતે તે વેળાના આર્યો કોઈપણ પ્રજાના આધ્યાત્મિક ઉન્નતિના આદર્શ દૃષ્ટાંતરૂપ છે.

ત્યારથી આજ સુધી

એ આર્યોએ એક શાંત પ્રચંડ નાદ જગાવ્યો : અહં બ્રહ્માસ્મિ, તત્ત્વમસિ, સર્વમિદં ખલુ બ્રહ્મ. વેદાંતનો આ નાદ આર્યનીતિનો

જપમંત્ર બની રહ્યો. સમગ્ર જાતિને માટે એ પરમ સત્ય બની રહ્યો. જ્ઞાની, અજ્ઞાની, ભક્ત, સંત, સ્ત્રી, પુરુષ, વિદ્વાન કે આચાર્ય એમ સર્વેએ એને એવો અપનાવ્યો કે એ મંત્ર વેદાંતનો સારમંત્ર બનીને લોકહૃદયમાં પ્રતિષ્ઠિત થયો. અક્ષરજ્ઞાન ન જાણનાર પણ આજે વેદાંતની આ વાત રસ્તે ચાલતાં સમજાવી શકે છે. આ શબ્દ એટલો રૂઢ બન્યો છે. એના ઉપર આગળ જતાં હિંદુ ધર્મનો મહાન વિસ્તાર થવા પામ્યો છે. આખી જાતિએ જપેલા કે રટેલા અદ્વૈતના આ મહામંત્રનું આવું મહામૂલું ફળ છે. આ રટણ જીવંત હતું તેથી એમાંથી જીવતી ફિલસૂફીઓનો વિકાસ થયો. આજે પણ એ રટણ અમુક રીતે ચાલુ છે તેથી આજના કસોટી કાળમાં પણ તેનાં ભાવિ ચિહ્નો શુભ દેખાય છે. એના પડતી કાળમાં પણ સંતો અને મહાત્માઓએ એનું રટણ ચાલુ રાખ્યું તેથી જ હિંદુસમાજ ટકી રહ્યો. એ પડતી કાળ એ પણ બતાવે છે કે કેવળ ધર્મતત્ત્વનું રટણ કામ આવતું નથી પણ એ રટણ જીવનના દરેક ક્ષેત્રમાં વ્યાપી જવું જોઈએ. આર્યોએ વેદાંતને જીવનમાં વણ્યો હતો તેથી તેઓ સદૈવ વિજયી નીવડ્યા અને અધ્યાત્મમાં આગળ વધી શક્યા. આજે પણ એ રીત વડે ભારત આગળ જઈ શકે છે.

સમન્વય ધર્મ

વેદાંતનો અદ્વૈત વિચાર ખૂબ ફૂલ્યોફાલ્યો, અનેક દર્શનોને એણે જન્મ આપ્યો, નાસ્તિક વિચારને પણ એણે ઉદારતાથી સહ્યો અને સમાવ્યો અને આજ દિન સુધી હજી પોતાનું ઉદાર વલણ તેમનું તેમ રાખીને જગતમાં સમન્વય વિચારને આગળ ધપાવે છે. આજના વાદાવાદના, મતમતાંતરના અને બુદ્ધિભેદના જમાનામાં હિંદુ ધર્મની આ સહિષ્ણુતા અને સમન્વયી વલણ ખૂબ મહત્ત્વનું બની રહે છે. આ વલણને લીધે જ તે સદા વિકાસશીલ રહ્યો. આ કારણને લીધે

જ આજે માનવસમાજને જરૂરી એવા માનવ ધર્મનાં મૂળભૂત તત્ત્વો હિંદુ ધર્મમાં મળે છે. થિયૉસૉફી દુનિયાના ધર્મનો અભ્યાસ કરી વૈજ્ઞાનિક ધર્મ માટે પ્રયાસ કરે છે; તેને પણ હિંદુ ધર્મનાં ધર્મતત્ત્વો અને ધર્મવિકાસ બહુ ઉપયોગી લાગ્યો છે તે આ કારણે જ.

હિંદુ ધર્મ અદ્વૈતના આધાર ઉપર રચાયો. તે એકેશ્વર છતાં અનેકેશ્વર છે. એમાં અનેક દેવદેવીઓને સ્થાન છે, અનેક પંથને અવકાશ છે, અનેક માન્યતાને તથા રીતિપદ્ધતિને મોકળું સ્થાન છે. એક માળાના મણકાની જેમ એ સર્વે વેદાંત-વિચારના સૂત્રમાં પરોવાયેલાં છે. તેથી એ ભિન્નતાની વચ્ચે પણ એમનો સમન્વય સહજ થઈ રહેલો છે. બધાયમાં રટણ એક જ મૂળ વિચારનું છે તેથી હિંદુ ધર્મ વિભાજિત થતાં અટક્યો છે. ઊલટું એ વિવિધતાથી તે વિકસિત બનતો રહ્યો છે. આ સમન્વય શક્તિને લીધે હિંદુ ધર્મ બહારથી આવેલા બધા ધર્મો તરફ સમભાવ બતાવી શક્યો છે. તેનાં સારાં તત્ત્વો જાણેઅજાણે અપનાવતો રહ્યો છે અને છતાં પોતાનું વ્યક્તિત્વ સાચવી વધારી શક્યો છે. એનું મુખ્ય કારણ એ છે કે એણે શરૂઆતથી આજ સુધી વેદાંતનો એકત્વના મંત્રનો અર્થ બરાબર ગોખી-રટી રાખ્યો છે.

વિવિધતામાં એકતા

હિંદુ ધર્મ એક મંત્ર કે સૂત્ર ઉપર રચાયેલો નથી. ઉપર કહ્યું તેમ વેદાંત વિચારના એકત્વનો અર્થ હિંદુ સમાજ પહેલેથી સમજતો આવ્યો છે. પરંતુ તેને માટે કોઈ એક સૂત્ર કે મંત્ર લઈને હિંદુ ધર્મે કદી ઝુંબેશ ઉઠાવી નથી. હિંદુ ધર્મ સૂત્રો પોકારનાર ધર્મ કદી નથી બન્યો પણ ધર્મનું રહસ્ય ટૂંકમાં સમજનારો તો તે છે જ. તેથી તો આજ સુધીમાં અનેક અવતાર, દ્રષ્ટા, આચાર્ય, ફિલસૂફ, ચિંતનકાર, સંતો અને મહંતો આવી ગયા છતાં હિંદુ ધર્મની એકતા અતૂટ રહી,

બલ્કે વધી. આ વિવિધતામાં એકતાનું કારણ એક જ છે કે હિંદુ ધર્મના હાડમાં વેદાંત તરફ જબ્બર નિષ્ઠા છે. વેદાંતના એકત્વના નાદનું રટણ કરતાં તો તે અનેક બીમારી વચ્ચે પણ જીવી શક્યો છે. તેણે એક જ સૂત્ર કે મંત્રને પકડીને કામ કર્યું નથી છતાં જપમંત્ર અને રટણનો મહિમા ખૂબ ગાયો છે. આખી હિંદુ જાતિએ વેદાંતના બ્રહ્મ તત્ત્વના એકત્વના રહસ્યનું રટણ કર્યું તો પછી તે ઈશ્વર નામના જપનો મહિમા ગાય એમાં નવાઈ શી?

ભારતમાં વિવિધ ધર્મવિચારનું કારણ દેશની વિશાળતા પણ છે. વિચારની ઉદારતા અને સહિષ્ણુતા બીજું કારણ છે અને વિચારનું સ્વાતંત્ર્ય તેનું ત્રીજું અને મુખ્ય કારણ છે. આ વિવિધતા છતાં એ બધામાં સુમેળ છે, પરસ્પર આપલેનું વલણ છે. પરિણામે એક કમળની અનેક પાંદડીઓ ખીલે તેમ હિંદુ ધર્મનું કમળ ખીલતું આવ્યું છે.

જુસ્સો નહિ, નિષ્ઠા છે

વેદાંતના વિશ્વએકતાના મૂળ વિચારનું આટઆટલું ચિંતન, રટણ અને મનન આગ્રહપૂર્વક કરતાં છતાં હિંદુ ધર્મ કદી ધર્માંધ બન્યો નથી. વેદાંતના બ્રહ્મએકતાના મૂળ વિચારે જ તેની આંખ ખોલી નાખી હતી તેથી તે ધર્માંધ બને એવો અવકાશ જ રહ્યો ન હતો. તે ધર્માંધ ન બન્યો, ન બની શક્યો તેથી તે કદી આક્રમક બની શક્યો નથી. તેને કદી સંખ્યાની ચિંતા થઈ નથી કે તેના માનનારની સંખ્યા તે વધારવા બેઠો હોય કે તેનો વિચાર સરખોય કર્યો હોય. આર્યસમાજે અનુકરણ ઢબે એવો પ્રયત્ન કરી જોયો પણ ધર્મપ્રચાર તેના હાડમાં જ નથી તેથી આર્યસમાજ હિંદુ ધર્મમાં નવી શક્તિનો સંચાર કરવા ઉપરાંત બાહ્ય પ્રચારની દિશામાં બહુ કંઈ કરી શક્યો નથી. હિંદુના લોહીમાં જ એ પ્રચારનો વિચાર નથી.

પરંતુ પ્રચાર કે જુસ્સો નથી પણ તીવ્ર નિષ્ઠા તેનામાં ભારોભાર છે. તેથી તો તેના ઉપર અનેક આરોપો થયા, આક્રમણ થયાં, તે પછાત છે એવા પ્રચાર થયા છતાં પોતાના ધર્મના મૂળતત્ત્વને તે રટી રહ્યો અને આજે પશ્ચિમના લોકો ઉપણ હિંદુ ધર્મનો અભ્યાસ કરીને તેના ઊંડાણ અને વિસ્તાર ઉપર આફરીન બને છે. પશ્ચિમના વિદ્વાનો હિંદુ ધર્મતત્ત્વના ખેડાણ ઉપર ખુશ છે. તેનો અભ્યાસ કરીને તેઓ કૃતકૃત્ય થાય છે. આ બધી બલિહારી હિંદુ ધર્મના આમ સમાજને અને ગુરુઓનું કામ કરનાર દર્શનકારો અને સંતોને આભારી છે.

જનસમાજ અને સંતોનું રટણ

હિંદુ ધર્મ જીવ્યો અને વધ્યો જનસમાજમાં અને જનસમાજને લીધે. જનસમાજ ધર્મનાં બધાં શાસ્ત્રો સમજતો હોતો નથી. તેથી જરૂર કહી શકાય કે એ જનસમાજ વિદ્વત્તાને બળે નહિ પણ સહજ સૂઝને લીધે તથા સંસ્કારબળે વેદાંતના ચૈતન્ય એકતાના વિચારને સંઘરતો અને રટતો આવ્યો છે. સંતોએ એ રટણ પ્રવાહને પોષ્યો છે, વાળ્યો અને વધાર્યો છે. એ રટણ પ્રવાહે જ્ઞાનના ગુમાનને છકી જતાં રોક્યું છે. એણે જનસમાજમાં અનેક નબળાઈ છતાં વિનાશના પંથે જતાં તેને અટકાવ્યો છે. એ રટણ પ્રવાહે ગુલામીનાં હજારો વર્ષના ગાળામાં હિંદુ ધર્મના હાડપિંજરમાં ચેતનનો દીપ જલાવ્યો છે. ખરી મહત્ત્વની વાત તો એ છે કે રટણ પ્રવાહે જ સંત પરંપરાને જન્મ આપ્યો અને એ સપૂતોએ એ રટણ ગંગામાં પાવન થઈને તેને ભગીરથની જેમ સ્વર્ગમાંથી જાણે પૃથ્વી ઉપર ઉતારી અને ગામેગામ અને દેશને ખૂણેખૂણે તેને રેલાવી. પરદેશીઓ પણ અહીં આવી એના પાનથી પાવન થયા છે.

વેદવેદાંતથી માંડી અર્વાચીન કાળ સુધી આવતાં હવે હિંદુ ધર્મનાં શાસ્ત્રોમાં જપનું સ્થાન કેવું બતાવ્યું છે તે હવે જોવાનું રહે છે. વેદ

અને વેદાંત એટલે ઉપનિષદથી માંડી રામાયણ સુધી જપનો મહિમા કેવો અને કેટલો ગવાયો છે તે હવે જોઈએ.

વેદ

હિંદુ શાસ્ત્રોમાં જૂનામાં જૂનો વેદ ગણાય અને તેમાં પણ ઋગ્વેદ સૌથી જૂનો અને પહેલો વેદ ગણાય છે. એમાં જુદા જુદા દેવતાનાં વર્ણન અને સ્તુતિ પણ હોય છે. અહીં વિષ્ણુની સ્તુતિમાં તેના નામના જપનો મહિમા છે.

आ अस्य जानन्तो नाम चित् विवत्कन ।
महस्ते विष्णो सुमतिं भजामहै ॥

(Rig. 1:156:3)

વેદ કહે છે કે જેને મુક્તિની ઇચ્છા હોય તેણે પરમાત્માનું નામ લેવું જોઈએ. વિષ્ણુ નામ અહીં પરમાત્માના અર્થમાં છે કારણ વૈદિક દેવતાઓનાં વર્ણન તેના વિશાળતમ અર્થમાં કરવામાં આવ્યાં હોય છે. જ્યારે જે દેવતાની સ્તુતિ થાય ત્યારે તેને મુખ્ય માનીને જ પ્રાર્થવામાં આવે છે. જુઓ સામવેદ પણ હંમેશ જપ કરવાનો આદેશ આપે છેઃ

सदा ते नाम स्वयशो विवक्मि ।
(સામવેદ ૨૦:૩;૪:૨)

આમાં યજુર્વેદ પાછો પડે એમ નથી. એ પણ નામનો મહાન યશ ગાય છે;

यस्य नाम महद् यशः । (યજુર્વેદ ૩૨:૩)

પરમાત્માનું નામ યશજનક છે એમ કહ્યું છે.

ચોથો અથર્વવેદ પાછો કેમ પડે?

अग्नेर्यं क्षत्रियो विद्वान् नाम गृह्णाति आयुषे ॥
(અથર્વવેદ ૬:૭૬:૪)

અહીં અગ્નિ મુખ્ય દેવતા છે પરંતુ વિષ્ણુની જેમ તે પણ

પરમાત્માના પ્રતીક રૂપ છે. આ રીતે વેદકાળથી જપ હિંદુ શાસ્ત્રોમાં સ્થાન પામતો આવ્યો છે. વેદઋષિઓની વાણી, અનુભવમાંથી, દર્શનમાંથી, સાક્ષાત્કારમાંથી નીકળેલી વાણી હતી. તેથી તેનું મૂલ્ય ખૂબ મનાયું, મનાવું જોઈએ. દેશકાળ બદલાયા છે એટલે વિચારવાની રીત બદલાઈ છે પરંતુ વિચારનાં સત્યો તો તેનાં તે જ છે. સત્ય સનાતન છે, તેનું પ્રગટીકરણ જમાને જમાને ભિન્ન ભલે હોય.

હવે આ જ સનાતન સત્ય વેદાંતમાં કેવી સચોટતાથી કહેવાયું, કેવી રીતે તે પ્રગટ થયું તેનું દર્શન થયું છે તે જોઈએ.

વેદાંત

વેદાંત એટલે વેદનો અંત અથવા ઉપનિષદો. વેદના ઋષિઓનું જ્ઞાન ઉપનિષદોમાં સારભૂત થઈને ઠલવાયું અને સંઘરાયું. સનાતન સત્યોનો સૂત્રસાર એમાં મળે છે. અંતઃપ્રેરણાથી અને અંતઃદર્શનથી એઓ જે સત્યોને પામ્યા તે સનાતન છે અને આજેય પ્રેરણા આપે એવાં છે. પશ્ચિમના વિદ્વાનો, તાર્કિકો અને ફિલસૂફો વેદાંતના સનાતન જ્ઞાનસત્યની મહાનતાનો સ્વીકાર કરે છે.

વેદાંત જપ વિશે અનુભવવાણી કેવી વિવિધ રીતે ઉચ્ચારે છે તે ટૂંકમાં જોઈએ.

सर्वे वेदा यत् पदमामनन्ति
तपांसि सर्वाणि च यद्वदन्ति ।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति
तत्ते पदं संग्रहेण ब्रवीम्योंत्येतत् ॥

કઠોપનિષદના આ મંત્રે જપનો સત્યસાર ખૂબ ટૂંકાણમાં ઉત્તમ રીતે કહી દીધો છે. એ સમજાય તો પછી કશું કહેવાનું રહેતું નથી.

વેદોએ જે પદનું મનન પ્રતિપાદન કર્યું, તપ પણ જેનું વર્ણન કરે છે અને (તેને અર્થે જ રહેલું છે), જેને મેળવવા માટે બ્રહ્મચર્ય પાળવાનું હોય છે તે પદ ૐનું છે. ૐ બ્રહ્મનો પ્રતીક મનાયો છે. ૐને પ્રાપ્ત કરતાં બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. કેવી રીતે?

અહીં તેનો જવાબ ઉપનિષદ જ આપે એમ છે :

नायमात्मा प्रवचनेन लभ्यः
न मेघया न बहुना श्रुतेन ।
यमेवैष बृणुते तेने लभ्य
स्तस्यैव आत्मा विवृणुत तेनूँ स्वाम् ॥

આત્મા એ જ પરમાત્મા છે, બ્રહ્મ છે. એ અભ્યાસથી, પ્રવચનથી, બુદ્ધિથી, શ્રવણથી મળતો નથી. પણ જે તેને વરે છે, તેને જ મેળવવા ચાહે છે તેને તે પોતાનું સ્વરૂપ બતાવે છે. પણ એને વરવાનો ઉપાય શો? એનો ઉપાય પ્રણવમંત્ર છે.

प्रणवो धनुः शरो ह्यात्मा ब्रह्म तल्लक्ष्यमुच्यते ।
अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत् ॥

આત્માને વરવાનું સાધન પ્રણવમંત્ર છે. બ્રહ્મલક્ષ્ય છે, પ્રણવ બાણ છે. આળસ વગર શરસંધાન કરવાથી તે લક્ષ્યને વીંધી શકાય છે. એટલે કે પ્રણવથી બ્રહ્મ પ્રાપ્તિ થાય છે. એમ થતાંની સાથે ઉપર કહ્યું તેમ તેનું દર્શન થાય અને પોતાની મર્યાદાઓ પણ ખરી પડે. બ્રહ્મલક્ષ્ય ભેદાય તેની સાથે જ હૃદયગ્રંથિઓ પણ ભેદાય.

भिद्यते हृदयग्रंथिरिछद्यन्ते सर्वसंशयाः ।
क्षीयन्ते चास्य कर्माणि तस्मिन्दृष्टे परावरे ॥

હૃદયની ગાંઠ છૂટે તેની સાથે કર્મનાં બંધનો, પૂર્વકર્મનાં વળગણો પણ છૂટે છે. સાધકને આથી બીજું જોઈએ પણ શું? એક જ સાધનથી

એને પરમાત્માની પ્રાપ્તિ થાય, તેનાં દર્શન થાય અને બંધન અને ગ્રંથિમાત્ર છૂટી જાય છે. નામજપનું, ૐ જપનું માહાત્મ્ય આથી વિશેષ સારી રીતે ટૂંકમાં કેવી રીતે ગાઈ શકાય? ઉપનિષદોએ જપમાહાત્મ્ય ઉત્તમ રીતે ખૂબ ટૂંકમાં કહી દીધું છે. પરંતુ માણસને દરેક બાબતમાં એક પ્રમાણ કરતાં વધુ પ્રમાણ જોઈએ છે. એને પોતાના ચિત્તના દરેક સંદેહ અને શંકાનું સમાધાન જોઈએ છે. તેથી હજી બીજાં ટાંચણો આગળ જોવાની જરૂર રહે છે.

आत्मानमरणिं कृत्वा प्रणवं चोत्तरारणिम् ।
ज्ञाननिर्मथनाभ्यासात्पाशं दहति पंडितः ॥

કૈવલ્યોપનિષદ આત્માને નીચેની અરણી (અગ્નિ સળગાવવાનું લાકડું) અને ૐકારને ઉપરની અરણી કરી બંનેને તેના અભ્યાસથી ઘસવાથી પાપ બળી જાય છે, એમ કહે છે.

અંધકારથી પર થવાને પણ આ પ્રણવમંત્ર કામનો છે એમ મુંડકોપનિષદ જણાવે છે :

ओमित्यैव ध्यायथ आत्मानं स्वस्ति वः पाराय तमशः परसास्त् । કલ્યાણનું સાધન પણ એ જ છે.

માંડુક્ય કહે છે કે પ્રણવ જ સર્વ કંઈ છે;

ओमित्येतदक्षरं सर्वम्

આ પ્રમાણે વેદાંત ૐકારના વર્ણન અને શક્તિનું સમર્થન કરતાં થાકે એમ નથી. ક્યારેક થાકે એમ હોય તો તે માણસની શ્રદ્ધા અને બુદ્ધિ. એને વધુ ટેકાની જરૂર રહે છે. વેદાંતના સાર અને દોહન જેવી ગીતાજી પણ જપનું માહાત્મ્ય ગાય છે.

ગીતા

ગીતામાં ભગવાન કહે છે 'યજ્ઞોમાં હું જપયજ્ઞ છું.' यज्ञानां जपयज्ञोऽस्मि (गी. अ. १० : २५) ગીતા ઉપનિષદોનો કાવ્યસાર છે તેથી જપનું માહાત્મ્ય ટૂંકમાં પણ કાવ્યમય રીતે ગાયું છે. જપને તેણે યજ્ઞ કહ્યો અને બધાય યજ્ઞમાં પોતે જપયજ્ઞ છે એમ કહીને જપને સર્વોપરી યજ્ઞ ઠરાવ્યો. યજ્ઞમાં સતત આહુતિ આપવાની હોય છે. પવિત્ર ભાવે અર્પણ કરવાનું હોય છે. ગીતાજી કહે છે ૐના જપ વડે ભગવાનને આત્મનિવેદન કરો એટલે ઉત્તમ યજ્ઞનું ફળ મળે તેનાં કરતાં વધુ ફળ મળશે. તેથી ભગવાન ગીતાજીમાં આગળ કહે છે કે હું વેદોમાં પ્રણવ છું. : प्रणवः सर्व वेदेषु । વેદના જ્ઞાનમાં પોતે પ્રણવ છે. આખાય જીવન દરમિયાન ભગવાનનું સ્મરણ કરવાનું છે અને તે વડે ભગવાનની પ્રાપ્તિ અવશ્ય છે જ. ભગવાન ગીતામાં તેની ખાતરી આપે છે.

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्य च ।
मच्यर्पित मनोबुद्धि मामेष्यस्यसंशयम् ॥ (गी. ८:७)

આવું જીવન જીવનારનું યોગક્ષેમ પણ ભગવાન વહે છે તેનું વચન આપતાં કહે છે :

अनन्याश्चिन्तयन्तो मां ये जना पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां योगोक्षेमं वहाम्यहम् ॥ (गी. ९:२२)

આવી રીતે જીવન જીવતાં જીવતાં જે પોતાનો દેહ છોડે છે તે પરમ ગતિને પામે છે. ગીતાજી આનો પણ પૂરો વિશ્વાસ આપે છે અને કહે છેઃ

ओमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनु स्मरन् ।
यः प्रयाति त्यजन्देहं स याति परमांगतिम् ॥ (गी. ८:१४)

ૐકારમંત્ર બ્રહ્મ છે એમ ગીતાજી એકથી વધુ વાર કહે છે. ગીતામાં પુનરાવર્તન સારી પેઠે છે, છતાં તે ખૂંચતું નથી પણ ગમે છે. જપના ગુણગાનમાં પણ પુનરાવર્તન છે. ગીતાના મુખ્ય હેતુનું વારંવાર રટણ છે. અર્જુનને ભગવાન લડવા (માણસને માટે જીવનયુદ્ધ લડવા એમ પણ કહી શકાય) પ્રોત્સાહિત કરે છે. તેમાં થોડી દલીલો કરી સમજાવટ કરી વિજયી થવાની વાત લાવી લાવીને મૂકે છે. આખીય ગીતાનો ધ્રુવ હોય તેમ તેનું રટણ થયા જ કરે છે. ઈશ્વરાર્પણ બુદ્ધિથી જીવન જીવવાની વાત ગીતાજી ઊલટાવી-સૂલટાવીને દૃષ્ટિ અને દલીલથી રજૂ કરે છે. એક જ વાતનું કેટલું બધું રટણ! છતાં એ રટણની કેવી અદ્‌ભુત અસર થાય છે! દુનિયા-ભરમાં એ ગવાઈ છે. આટલું રટણ છતાં ફક્ત ૭૦૦ શ્લોકમાં જ વેદાંતનો સાર આપી દીધો છે અને દૃષ્ટિનો સમન્વય કરી બતાવ્યો છે. ગીતા પોતે જ રટણનો આબાદ નમૂનો છે; પછી એણે ગાયેલા જપની મહત્તાનું તો પૂછવું જ શું?

ગીતાએ ગાયેલા જપના મહિમા પછી બીજો આધાર શોધવો જરૂરી ન હોય છતાં જપનો જપ કરવાને હજી આગળ બીજાં પ્રમાણો અને ટાંચણો જોઈએ. જપનો જપ કરવામાં પણ આનંદ જ આનંદ છેને!

તંત્ર

તંત્ર ઘણી પ્રકારનાં છે. તંત્રો વિશે ઘણી ગેરસમજ પણ ફેલાયેલી છે. પરંતુ ખરેખર તંત્રોનો સંબંધ વેદ સાથે રહેલો છે. એનો મૂળ આશય બહુ ઊંચો રહેલો છે. તંત્રોને મંત્રો સાથે બહુ ગાઢ સંબંધ રહેલો છે તેથી તંત્રવિદ્યા વિશે પણ અહીં મંત્રજપને સંબંધ છે ત્યાં સુધી થોડી સમજ લેવાની રહેશે. આ વિષય ઉપર જોન વુડ્રોફે ખૂબ વિદ્વત્તાભર્યું એક પુસ્તક **Shakti & Shakta**(શક્તિ

અને શાક્ત) લખ્યું છે તેમાંથી ટાંચણો લઈને આપણા વિષય સંબંધેની થોડી વિચારણા કરીએ.

તંત્રો વિશેની ગેરસમજોને દૂર કરતાં લેખક જણાવે છે : **"Whilst the Shakta Tantra recognizes, with the four Vedas, the Agamas & Nigamas it is now based, as are all other truly Indian Shastras on Veda."** (P.P. 81) બીજાં હિંદુ શાસ્ત્રોની જેમ તંત્રશાસ્ત્ર પણ વેદ ઉપર પ્રતિષ્ઠિત થયેલું છે. વેદની જેમ એનો હેતુ પણ બ્રહ્મ વિદ્યા જ છે.

તંત્રના ધ્યેયના બયાન પછી આપણે હવે જોવાનું રહે છે કે તે જપ અને મંત્રને કઈ રીતે જુએ છે અને તેને કેવું સ્થાન આપે છે. તંત્રવિદ્યા માણસના મૂલાધારચક્રમાં (બે ઈંદ્રિયોની વચ્ચેનો ભાગ) રહેલી કુંડલીની શક્તિને જાગ્રત કરવામાં માને છે. એ શક્તિ શું છે તેનું વર્ણન કરતાં વુડ્રોફ લખે છે : **Kundalini Shakti is a form of the Shabda-Brahman in the individual bodies. It is from this Shabda-Brahman that the whole universe proceeds in the form of Sound (Shabda) and the objects which the Sound or words denote.** (P. 484) કુંડલીની શક્તિને જાગ્રત કરવાનું કામ મંત્રનું છે. તેથી તંત્રમાં મંત્રોને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. એનું બીજું નામ જ મંત્રવિદ્યા છે; અને તેથી આપણી ભાષાઓમાં તંત્રમંત્ર સાથે જ બોલાય છે અને લોકભાષામાં તેને 'જંતર મંતર' કહેવામાં આવે છે. બે ભેગા બોલાય છે તેનું મૂળ કારણ આ છે : **"The subject is of such importance in the Tantras that their other name is Mantra Shastra** (P. 485).

મંત્રની વ્યાખ્યા કરતાં કહે છે : **"Any set of words or letters is not a Mantra. Only that Mantra in which the Devata has revealed His or Her particular aspects**

can reveal that aspect." (P. 486) તંત્રશાસ્ત્ર એકથી વધુ દેવદેવતાને સ્વીકારીને ચાલે છે કારણ તંત્ર શક્તિને પૂજે છે, સાધે છે અને શક્તિ તો ઘણી પ્રકારની છે. આમ છતાં તે ૐકારને સર્વસામાન્ય મંત્ર તરીકે સ્વીકારીને આગળ ચાલે છે : **'Om' then Stands for the most general aspect of That as the Source of all ..... when Rightly uttered this great Syllable has an awe-inspiring effect ..... It is called a seed of Bija Mantra because they are the very quintessance of Mantra ..... Om is Vaidic Bija but it is the Source of all other Tantric Bijas."** (P. 490-91) વેદની અસર તંત્રો ઉપર કેટલી છે તેનું આ ઉત્તમ ઉદાહરણ છે તથા તંત્રો ૐના મંત્રને કેટલું મહત્ત્વ આપે છે તે પણ અહીં જોવા મળે છે.

મંત્ર કેવળ વાણીનો ઉચ્ચારમાત્ર નથી પણ તે એક વિચારબળ છે, વિચારનું આંદોલન છેઃ **"Mantra is thus Thought-movement vehicled by and expressed in speech. Its svarup is like all else, consciousness (chit) which is Shabda-Brahman ..... The mere utterance of a Mantra without knowing its meaning, without realisation of the consciousness which Mantra manifests is a mere movement of the lips and nothing else."** (P. 494) મંત્રની પાછળનું રહસ્ય સમજ્યા વગરનો મંત્ર મિથ્યા છે, તેનો અર્થ સમજીને બોલતાં તે શબ્દ-બ્રહ્મ હોઈ એક પ્રચંડ શક્તિ પેદા કરી શકે છે. વિચારની શક્તિ વિશે આજનું માનસવિજ્ઞાન પણ સંશોધન કરીને સમજતું થયું છે કે તેમાં અકળ બળ ભર્યું છે. હિંદુશાસ્ત્રો તો જૂના જમાનાથી વિચારશક્તિનું મહત્ત્વ સમજીને કહેતાં આવ્યાં છે. **"thought now works in man's**

small magic just as it first worked in grand magical dispaly of the world-Creator. Each man is in various degrees a Creator." (P. 495) આ વિચારશક્તિના બળ વડે માણસ ઘણું ઘણું કરી શકે એમ છે. પરંતુ એને ખીલવતાં અને બળવાન કરતાં વિચારશક્તિના મૂળ એવા પરમ ચૈતન્યનો આશરો લેવો જોઈએ; **"There is theoratically nothing that man cannot accomplish for he is at the base the Accomplisher of all. But, in practice, he can only accomplish to the degree that he identifies himself with the supreme consciousness and its forces. (P. 495)**

મંત્રશક્તિ કેટલી શુદ્ધિકર્તા છે અને તેનું રક્ષણ સાધકને આપોઆપ મળે છે તેનું વર્ણન કરતાં જોન વુડ્રોફ જણાવે છે, **"Those who are sheltered by their own pure strength, automatically throw back all evil infulences." (P. 496)** આવી શક્તિ કઈ રીતે પેદા થાય? મન ઈષ્ટ દેવતાનું ધ્યાન ધરે, તેનો જ મંત્ર જપે તો મન એ ઈષ્ટ દેવતા-રૂપ બને અને તેના જેવું શુદ્ધ અને શક્તિમાન બને. મનનો સ્વભાવ છે કે જે વિષયને ગ્રહણ કરે તેવું તે બને. તંત્ર પણ આ અનુભવ સત્યને આધારે જ આ સત્યનું પ્રતિપાદન કરે છે. **"So the mind which thinks the divinity which it worships, is at length, through continued devotion, transformed into the likeness of the Devata. By allowing the Devata thus to occupy the mind for long, it becomes as pure as the Devata. This is the fundamental pricniple of Tantrik Sadhana. The object perceived is called the Artha, a term which comes from the root (Ri) which means to get to know, to enjoy. Artha is that which is known and**

which thereofre, is an object of enjoyment." (P. 506) તંત્ર અર્થ ઉપર ખૂબ ભાર મૂકે છે. અર્થ વગરનો મંત્ર નકામો છે, સાધના વિફળ છે. શબ્દ અને અર્થ બંને અવિભાજ્ય છે. શબ્દ સ્થૂળ વાણીનું સ્પંદન જગાવે છે, એથી વિચારનું સ્પંદન પેદા કરે છે. આ અંગેનું સ્પષ્ટીકરણ પણ તંત્રમાં સારી રીતે મળે છે.

"Nada is the first produced source of Mantra and the Sublest form of Shabda of which Mantra is a manifestation." (P. 501) પણ મંત્રમાં શબ્દ અને અર્થ બંને સમાયા છે અને તેથી તેમાંથી વાણી અને વિચારનાં એમ બંને સ્પંદનો પેદાં થાય છે : **All mental functioning again is a form of vibration (Spandan). Thought is a vibration of mental Substance just as the expression of thought in the form of the Spoken word is a vibration affecting the ear."** (P. 500) વિચાર અને અર્થ મંત્રમાં મુખ્ય છે તેથી ભાષાનું મહત્ત્વ તેમાં નથી. મહત્ત્વ છે મંત્ર અને તેની પાછળની ભાવનાના જોડાણનું. એમાંથી જ મંત્ર ચૈતન્ય ઊભું થાય છે : **"But for each particular man speaking any particular language, the uttered name of any object is the gross expression of his inner thought - movement. It evokes the idea and the idea is consciousness as mental operation. That operation can be so intensified as to itself creative. This is Mantra-chaitanya.**

મંત્રની ખરી શક્તિ તેના વિચાર અને અર્થમાં છે. અર્થને વેગ આપવાને તેની પાછળ પ્રબળ ઇચ્છા શક્તિ મૂકવી જોઈએ. દિવ્યતા તરફ જવાની પ્રબળ ઇચ્છા મંત્રને શક્તિમાન બનાવે છેઃ

"The will towards Divinity is a dynamic force

which pierces everything and finds there Divinity itself." (P. 514) એકાગ્રમને અને તીવ્ર ભાવનાથી ઈષ્ટ દેવતાના જપથી મન ઈષ્ટ દેવતામય બની જાય છે : **"This means that the mind itself is Devata when unified with Devata. This attained through receptition of the Mantra (Japa).** (P. 515) તંત્રે જપને આવો જબરો ટેકો આપ્યો છે, તેનું રહસ્ય સરસ રીતે સમજાવ્યું છે અને મંત્રજપ તરફ રુચિ ઊભી કરે એવું વિવેચન કર્યું છે, તેથી તેણે જપને ઊંઘતા માણસને જગાડનાર સાથે સરખાવ્યો છે : **"Japa is compared to the action of a man Saking a Sleeper to wake him up. The Sadhaka's own consciousness is awakened."** જપ સાધકની ચેતનાને જગાડે છે, પોતે પોતાને જગાડી શકે એવું વિરલ સાધન માણસને જપમાં મળે છે. મંત્રશક્તિ માણસની ચેતનાની સાથે તેના સંસ્કારોને પણ જગાડે છે. એ શુદ્ધ બનીને બહાર આવે છે કારણ જાગ્રત ચેતનાના પ્રકાશમાંથી તે પસાર થાય છે : **"All Mantras are forms of consciousness (Vijananarupa) and when the Mantra is fully practised it enlivens the Sansakara and the Artha appears to the mind. Mantras used in worship are thus a form of the Sanskaras of Jivas; the Artha of which manifests to the conciousness which is pure. The essence of all this is - concentrate and vitalize thought and will-power, that is Shakti."** મંત્ર અને જપનો સાર એ જ છે કે વિચાર શક્તિને અને ઇચ્છાશક્તિને પ્રબળ બનાવવાં જોઈએ, શુદ્ધ બનાવવાં જોઈએ. એ જ તંત્રના મતે ખરી શક્તિ છે.

યોગ

અત્યાર સુધીમાં જપનો મહિમા વેદથી તંત્ર સુધી ગવાયો તેમાં તેના મહિમા સાથે તેને અંગેની વિચારણા પણ વધતી જતી જોઈ શકાય છે. વેદે ઈશ્વરી પ્રેરણાથી દોરાઈને જપનું વિશાળ સ્વરૂપ બતાવ્યું; વેદાંતે એ સ્વરૂપને સૂત્રાત્મક બનાવ્યું અને એ સ્વરૂપનું આતંરબાહ્ય દર્શન કરાવ્યું; ગીતાએ એની કાવ્યમય રીતે રજૂઆત કરી એને વિશે આદેશવાણીમાં શ્રદ્ધા પેદા કરી; અને તંત્રે તેનું વૈજ્ઞાનિક સ્વરૂપ બતાવ્યું. યોગ એનાથી આગળ જાય છે. યોગમાં આ બધાયનો સહજ સુમેળ સધાયો છે. એની ભાષા સૂત્રાત્મક છે. રજૂઆત વૈજ્ઞાનિક છે, અર્થ કાવ્યમય છે, પ્રેરણા ઈશ્વરી છે, શ્રદ્ધા અચળ છે અને આદેશ યૌગિક છે.

શ્રી. પાતંજલ યોગદર્શનને રાજયોગ પણ કહેવામાં આવે છે. યોગોમાં આ યોગ રાજા ગણાય એટલો મહત્ત્વનો છે તેથી એ નામને તે લાયક છે. તંત્રની માફક તે જપના અર્થને ખૂબ જ મહત્ત્વ આપે છે. તંત્ર શક્તિની સાથે શુદ્ધિને પણ અગત્ય આપે છે. યોગ શુદ્ધિને શક્તિ જેટલી જ મહત્ત્વની ગણે છે. જપ શુદ્ધિનું ઉત્તમ સરળ અને મહાફલદાયી સાધન છે એમ તે ગણે છે. યોગને મતે શક્તિ વગરની શુદ્ધિ નિર્માલ્ય છે, શુદ્ધિ વગરની શક્તિ મલિન છે, શુદ્ધિ એ શક્તિ સાથે જ જોઈએ.

યોગ શુદ્ધિને કેટલું બધું મહત્ત્વ આપે છે તેનું ઉદાહરણ તો તેણે કરેલી કૈવલ્યની એક વ્યાખ્યામાં મળી આવે છે. તૃતીય પાદના અંતિમ સૂત્રમાં જણાવે છે કે સાધકનું સત્ત્વ (તત્ત્વ શરીર) પુરુષ (આત્મા) જેટલું નિર્મળ બને એટલે બંનેની શુદ્ધિની સમાનતા થાય એટલે કે માણસનું આંતરબાહ્ય શરીર આત્મા જેવું શુદ્ધ બને એટલે બંને વચ્ચેનું અશુદ્ધિનું પડળ દૂર થતાં કૈવલ્ય (કેવળતા, અદ્વૈત) પ્રાપ્ત થાય છે.

सत्त्व पुरुषयोः शुद्धिसाम्ये कैवल्यम् । (तृः पाद सू.૫૫)

આ શુદ્ધિકાર્યમાં જપ કઈ રીતે, કેટલો અને કયા પ્રકારે ઉપયોગી થાય, તેનો હેતુ શું, શુદ્ધિ પણ શેને માટે વગેરે સવાલ સંક્ષેપમાં સમજી લેવા જોઈએ. એમ કરવાથી જ યોગમાં જપનું સ્થાન બરાબર સમજી શકાય.

આ માટે પહેલાં યોગનું ધ્યેય સમજવું જોઈએ. યોગનું ધ્યેય ચિત્તવૃત્તિનો નિરોધ મનાયો છે. પરંતુ આ માન્યતા બરાબર નથી. નિરોધ તો નકારાત્મક વલણ બતાવે છે. પ્રથમ પાદનું બીજું સૂત્ર છેઃ योगश्चित्तवृत्तिनिरोधः । પરંતુ આ તો ધ્યેયનું પૂર્વપ્રકરણ થયું. એના પછીનું સૂત્ર જ તેની ખરી પૂર્તિ કરે છે. तदा स्वरुपेऽवस्थानम् (પ્ર. પા. સૂ. ૩) ઉતાવળથી આ સૂત્રની ઉપેક્ષા થવાને લીધે યોગને કેવળ ચિત્તનિરોધ માની લેવાયો છે, ખરી રીતે તો વૃત્તિનિરોધનું કામ તો સ્વરૂપસ્થિતિ, આત્મસ્થિતિ કે ચૈતન્યસ્થિતિ જ યોગનું ધ્યેય છે. વૃત્તિનિરોધ થાય એટલે ચૈતન્યસ્થિતિ છે જ, એમ તેનું કહેવું છે. પણ ખરો ભાર તો ચૈતન્યસ્થિતિ ઉપર છે; વૃત્તિનિરોધ ઉપર ભાર દેવાયો છે કારણ તે સાધના કાર્ય બને છે.

આ વૃત્તિનિરોધનું સાધના કાર્ય થાય કેવી રીતે? યોગ નાના મોટા ઘણા માર્ગો અને ઉપાયો બતાવે છે. અભ્યાસ વૈરાગ્યથી માંડી યથાઅભિમતધ્યાન (એટલે સુગમ પડે અને ગમે તે રીતે ધ્યાન કરવું) સુધીના ઉપાયો તે એક પછી એક પાદમાં બતાવે છે. આ ઉપાયોની મધ્યમાં તે ઈશ્વરપ્રણિધાનનો રાજમાર્ગ સૂચવે છે : ईश्वर प्रणिधानाद्धा । (પ્ર. પા. સૂ. ૨૩)

પણ યોગનો ઈશ્વર કેવો છે? જેને પ્રણિધાન કરવાનું, જેને બધું સમર્પણ કરવાનું છે તેનું સ્વરૂપ કેવું છે તે જાણવું જોઈએ. યોગ સાંખ્ય

વિચારની વિચારસરણીને લઈને આગળ ચાલે છે એટલે તો ઈશ્વરના સ્વરૂપનું વર્ણન ખૂબ જરૂરી થઈ પડે છે. સાંખ્ય ઈશ્વરને નથી સ્વીકારતું, યોગ સ્વીકારે છે. આ રહ્યું તેનું ઈશ્વરસ્વરૂપ દર્શન :

कलेशकर्म विपाकाशयैरपरामृष्टः पुरुषविशेष ईश्वर । (प्र. पा. सू. २३)

સાંખ્યપદ્ધતિ અનેક પુરુષોની કલ્પના કરે છે યોગ પુરુષોના કૈવલ્યને સ્વીકારે છે. તે માટે ઈશ્વરનેય તે સ્વીકારે છે. તેથી એ ઈશ્વરને પુરુષ વિશેષ ગણ્યો. બીજા પુરુષોની જેમ ક્લેશ કર્મો, તેનાં વિપાક વગેરેથી તે બંધાયેલો નથી પણ તેનાથી અસ્પષ્ટ છે, મુક્ત છે. સવાલ થાય કે તેનામાં કંઈ બીજી શક્તિ ખરી? આવો સવાલ થાય જ એમ માનીને ભગવાન પતંજલિ એ પછીના ૨૫મા સૂત્રમાં જણાવે છે : तय निरतिशय सर्वेज्ञबीजम् । (प्र. पा. सू. २५) ઈશ્વરમાં સર્વજ્ઞતા છે. પણ તેનામાં સર્વ શક્તિ છે એ પણ તૃતીય પાદના છેલ્લાં સૂત્રો ઉપરથી તારવી શકાય છે. તૃતીય પાદ વિભૂતિપાદ છે અને તેમાં યોગનો સાધક જુદા જુદા વિષય ઉપર ધ્યાન કરતાં કરતાં કેવી સિદ્ધિઓ પામે છે તેનું વર્ણન છે. એમાં એક ખૂબ જ સૂચક સૂત્ર છે કે સાધક પોતાના સત્ત્વ (શરીરાદિથી) પુરુષ અલગ છે એવી પ્રતીતિ કરે કે તરત જ તે સર્વજ્ઞતા અને સર્વભાવ ઉપરનો અંકુશ કે અધિકાર મેળવે છે.

सत्त्वपुरुषान्यताश्याति मात्रस्य सर्व भावाधिष्ठातृत्वं सर्वज्ञातृत्वंच । (तृ. पा. सू. ४९) આ બધા ઉપરથી કહી શકાય કે યોગનો ઈશ્વર સર્વજ્ઞ અને શક્તિવાળો પણ છે છતાં એનાથી અલિપ્ત છે. સાધના કરતો પુરુષ તે પામી શકે તો પુરુષ વિશેષ ઈશ્વરમાં તો એ શક્તિઓ હોય જ. એ જ રીતે તે સર્વ વ્યાપક છે એમ પણ સિદ્ધ થઈ શકે છે. તૃતીય પાદના ૪૩મા સૂત્રમાં સાધકના મહાવિદેહની

સિદ્ધિનું બયાન છે. સાધક પુરુષ મહાવિદેહ પામી શકે તો પુરુષ વિશેષ ઈશ્વરમાં સર્વ વ્યાપકતા હોય જ. આમ યોગનો ઈશ્વર સર્વજ્ઞ, સર્વ શક્તિમાન અને સર્વ વ્યાપક પણ છે, અનંત પણ છે. છતાં ઈશ્વરની વ્યાખ્યા તો ઉપર મુજબ નિર્ગુણ કરીને જ યોગ રાચે છે.

આવા ઈશ્વરનું પ્રતીક શું? અને સમર્પણ કેમ કરવું? પ્રણવને તેનો પ્રતીક ગણ્યો છે. तस्य वाचक प्रणवः (પ્ર. પા. સૂ. ૨૭) આ પ્રણવનો જપ કરવાથી ઈશ્વરપ્રણિધાન કરવું સરળ થઈ પડે છે. યોગમાં જપનું માહાત્મ્ય અહીં શરૂ થાય છે. પરંતુ ઈશ્વરનો અર્થ સ્પષ્ટ કરવો જરૂરી હતો કારણ યોગને માટે ઈશ્વર શબ્દ અર્થથી ભરપૂર છે. જપનું વર્ણન તે બહુ લાક્ષણિક રીતે કરે છે. જપ એટલે ઈશ્વરના અર્થની ભાવના. तज्जपस्दर्षभावनम् (પ્ર. પા. સૂ. ૨૮) ઈશ્વરનો જપ કોરો નથી, યાંત્રિક નથી. જપ એટલે ઈશ્વરના અનેક અર્થની ભાવના કરવી એવો થાય છે. તંત્ર શબ્દ કરતાં અર્થ ઉપર ભાર મૂકે છે તે જ ભાર અહીં પણ છે. યોગ તેથી આગળ જાય છે અને કહે છે કે ઈશ્વરના અર્થની ભાવના કરવી એટલે કે ઈશ્વરની વિશેષતા, એની સર્વજ્ઞા, પરમ શુદ્ધિ, તેનો પ્રકાશ વગેરે એના પરમ ગુણોના અર્થનું ચિંતન કરવું, મનન કરવું અને તેની ભાવના કરવી, પ્રેમ કરવો અને તન્મય થવું.

આ છેલ્લો શબ્દ ખૂબ જ મહત્ત્વનો છે. તંત્રે પણ જપમાં ઇચ્છાશક્તિનો ઉપયોગ કરવાનું કહ્યું છે. પણ યોગે બહુ ઉચિત શબ્દ વાપર્યો છે. એ કહે છે કે ઈશ્વરના અર્થની ભાવના કરવી માણસના ચિત્તની ખાસિયત છે. એ એક યા બીજી રીતે એક યા બીજા વિષયની ભાવના કર્યા જ કરતું હોય છે. જેની તેને ઇચ્છા થાય છે તેને વિશે તેની ભાવના રહ્યા જ કરે છે. યોગ માણસના ચિત્તના આ સ્વાભાવિક વલણને ચિત્તશુદ્ધિના ઉપાયમાં યોજી દે છે.

એ ભાવના કેવળ ઇચ્છા નથી પણ તેમાં ભાવ પણ છે, તે એ વિષય ઉપર ચોંટી રહે છે. યોગ કહે છે કે ભાવનાના વિષય બદલો અને બીજા બધા વિષયો છોડીને ઈશ્વરના અર્થ ઉપર ભાવના કરો, તેના ઉપર ચિત્ત ભાવપૂર્વક ચોંટાડો. ભાવના જાગી ત્યાં ચિત્તને તે ઉપર ચોંટવું સહજ છે. ભાવનામાં ભીનાશ છે, સરળતા છે, આનંદ છે. તેમ પાંચ જ શબ્દોમાં જપની ઉત્તમ વ્યાખ્યા કરીને યોગે કહ્યું કે જપ એટલે ઈશ્વરના અર્થની ભાવના. કોણ કહેશે કે યોગમાં કેવળ ધ્યાનનું કોરાપણું છે, ભીનાશ નથી! અર્થનું ચિંતન કરવાની વાત કરીને તેણે જપનું વૈજ્ઞાનિક સ્વરૂપ બતાવી દીધું અને તેની ભાવના કરવાનું કહીને તેમાં કલા દાખલ કરી દીધી, પ્રેમ દાખલ કર્યો, ભીનાશ આપી અને એ રીતે જપનું સંપૂર્ણ સ્વરૂપ બતાવી દીધું. યોગ કોરો નથી ભાવના ભીનો છે એની પ્રતીતિ આથી વિશેષ કઈ હોઈ શકે? એની ભીનાશ શુદ્ધ, ઈશ્વરી અર્થની છે એટલે કદાચ દુન્યવી પ્રેમને જ પ્રેમ જાણનારાને કદાચ તે પચાવવી ભારે પડે ખરી! પણ ખરો પ્રેમ અને ભાવના તો ઈશ્વરી ભાવના છે અને એમાં બધાં ભાવ અને ભાવના માત્ર સમાઈ જાય છે.

બીજી એક રીતે વિચારતાં એમ કહી શકાય કે જપની આ વ્યાખ્યામાં જ્ઞાનભક્તિનો સહજ સમાવેશ છે. અર્થના ચિંતનમાં જ્ઞાન સમાયું છે, ભાવનામાં ભક્તિ સમાઈ છે; કર્મ છે આત્મશુદ્ધિ કાર્યનું. તેથી જ્ઞાનભક્તિ કર્મનો વિશેષ અર્થ આ જપ વર્ણનમાં સહજ સમાયેલો છે. આવો જપ કયું પરિણામ ન લાવે? જપ આવું ઉત્તમ સાધન છે, વૈજ્ઞાનિક છે તો એનું પરિણામ પણ પ્રત્યક્ષ દેખાવું જોઈએ. યોગની વાત ખૂબ વ્યવહારુ છે, અનુભવ અને પ્રત્યક્ષ પ્રતીતિ કરાવવામાં તે માને છે. એના અનુભવ સૂક્ષ્મ છે, એટલે સૂક્ષ્મતાને જાણવા મથનારને જ તે સમજાય એવા છે. યોગ કહે છે કે આવો જપ સાધક આંતરઅવલોકન, આંતરપ્રતીતિ કે આંતરપ્રેરણા અને

અંતર્મુખતા પામવા લાગે છે અને એની વચ્ચે આવતા અંતરાયો એટલે અડચણો દૂર થાય છે.

ततः प्रत्येक्चेतनाधिगामोऽप्यन्तरायाभावश्च ।

(પ્ર. પા. સૂ. ૨૧)

જપને લીધે સાધકની અંતર્મુખતા વધે છે. જપનું સ્વાભાવિક અને સત્વર પરિણામ છે. ખરા જપની કસોટી જ એ છે કે જપથી માણસનું મન અંદર વળતું થવું જોઈએ. એમ ન થાય તો સમજવું કે જપમાં કંઈક ખામી છે. યોગે બતાવેલું આ સત્ય એટલું સચોટ છે, સ્પષ્ટ છે અને સત્વર અનુભવગમ્ય છે કે તેને આમ બરાબર અવળી રીતે પણ રજૂ કરી શકાય. જે જપથી અંતર્મુખતા ન જન્મે તે જપ ખોટો. જપનો પ્રથમ હેતુ જ એ છે કે સાધક બહિર્મુખ મટી અંતર્મુખ થાય અને એમ કરવાથી જ તે આંતરશુદ્ધિ અને આંતર-પ્રતીતિ પામી શકે અને અંતે પોતાના પરમ ધ્યેયને પામે.

જપના આ મુખ્ય લાભની સાથે બીજા પણ મહત્ત્વના લાભ સાધકને મળે છે. એને નડતા અંતરાયો કે અડચણો દૂર થાય છે. આ અંતરાયો દૂર થવાના લાભને પણ જપની સાચી પદ્ધતિની કસોટી તરીકે થોડે ઘણે અંશે લઈ શકાય. જ્યાં જપ છે ત્યાં અંતરાયો દૂર થવા જ જોઈએ. જો તે રહે તો સમજવું કે જપમાં કંઈક ખામી છે. આ અંતરાયો એકદમ દૂર ન થાય એમ બને પણ જપ વધે તેમ તેમ તે દૂર થવા જોઈએ એમ યોગનું કહેવું છે.

હવે જોઈએ કે એ અંતરાયો કેવા છે. યોગ મુખ્ય નવ અંતરાયો ગણાવે છે. એ પછીના ૩૦મા સૂત્રમાં જ તેનું બયાન છે :

व्याधिस्त्यानसंशयप्रमादालस्याविरितभान्तिदर्शनालब्धभूमिकत्वानव-स्थितत्वानिचितविक्षेपास्तेऽन्तरायाः (પ્ર. પા. સૂ. ૩૦)

સંસ્કૃતમાં લખાયેલી આ યાદી લાંબી અને વાંચવી કઠણ લાગે ખરી પરંતુ એમાં બતાવેલા અંતરાયો તો આપણે સૌને બહુ સારી

રીતે પરિચિત છે! તેમાંના ઘણાખરા તો આપણા ચિત્તમાં ઘર કરીને બેઠા છે. એટલે ભલે તે સંસ્કૃત અક્ષરમાં લખાયા છે તોય તેમને ઓળખી જવા સહેલા છે. વ્યાધિને કોણ નથી ઓળખતું? કરવાનું મન હોય છતાં મનની જડતાથી કામ ન થાય તે સ્ત્યાન(પ્રમાદ) ક્યાં અજાણ્યું છે? સંશય, પ્રમાદ અને આળસ તો સમાજમાં અડ્ડા નાખીને બેઠાં છે. અવિરતિ એટલે ચંચળતા તો આ જમાનામાં ખૂબ જોર કરે છે! ભ્રાંતિદર્શન એટલે ભ્રમણા એ તો આજના વિજ્ઞાનના જમાનામાં પણ અનેકરૂપ લઈને આવે છે. અલબ્ધભૂમિકત્વ એટલે કોઈ માનસિક સ્થિર સ્થિતિ પ્રાપ્ત ન થઈ હોય તેવી અવસ્થા પણ સામાન્ય છે. કદાચ કઈ સ્થિતિ પ્રાપ્ત થાય તો તેમાં સ્થિર થવાતું નથી એ અનવસ્થિતત્ત્વની દશા પણ સાધકોને માટે સામાન્ય અનુભવની બાબત છે. યોગ પયંમ્બરી અદાથી આદેશ આપે છે કે જપથી આ બધાય અંતરાયો અને એવી બીજી અડચણો દૂર થાય છે.

જપનું આટલું જ પરિણામ? અંતર્મુખતા અને અડચણોનો અભાવ માત્ર? મૂળ વાત યાદ કરતાં શંકાનું સમાધાન થાય છે. શંકા તો જપથી દૂર થાય છે એમ યોગ જણાવે છે એમ હમણાં જ જોયું! એટલે ફરી આપણે શરૂ કરેલા મૂળ વિચારનું રટણ કરીએ. અંતરાયના અભાવથી અંતર્મુખતા વધતી જાય, ઈશ્વરના અર્થની ભાવના દૃઢ થાય; તેના વડે ઈશ્વરપ્રણિધાન સહજ બનતું જાય; ઈશ્વરપ્રણિધાન સ્થિર બને એટલે ચિત્તવૃત્તિનો નિરોધ થાય; ચિત્તવૃત્તિ નિરોધથી સ્વરૂપ (આત્મ સ્વરૂપ)માં ચિત્તની સહજ સ્થિતિ થાય. આત્મસ્વરૂપ તો કૈવલ્યસ્વરૂપ છે એમ યોગ માને છે. આ કૈવલ્યસ્વરૂપ તે જ ચૈતન્ય સ્વરૂપ. એને ઈશ્વર કહો, કૈવલ્ય કહો કે વેદાંતની ભાષામાં બ્રહ્મ કહો. ટૂંકમાં જપ વડે, નક્કર નિષ્ઠાવાન જપ વડે, યોગે બતાવેલા જપ વડે માણસ પરમ ધ્યેયને પામી શકે છે.

આ છે યોગની જપ મીમાંસા. તે ટૂંકી છતાં ખૂબ અર્થભરી, સર્વાંગી, સરસ અને અસાધારણ છે.

ભાગવત

આદ્યંતપર્યંત હિંદુશાસ્ત્રોમાં જપનું માહાત્મ્ય કેવું વિવિધ રીતે અને કેટલા ઊંડાણથી કરવામાં આવ્યું છે તે વિગતે જોયું, તપાસ્યું. હવે ભગવાનના ગુણ ગાનાર અને તેની ભક્તિમાં તરબોળ કરનાર કાવ્યપ્રધાન મહાગ્રંથોમાં તેનું બયાન કેવું થયું છે તે જોઈએ. એમાં કાવ્ય જ મુખ્ય જોવા મળશે. પણ કાવ્યમાં જે રહસ્ય હોય છે તે અપૂર્વ હોય છે. કાવ્યમાં જે વ્યંજનાર્થ હોય છે તે કદીક શાસ્ત્રોમાં પણ ન જોવા મળે. ભાગવત વગેરેમાં જપ વિશે આવું જ રસદાયક વર્ણન જોવા મળે છે. આ રહ્યા કેટલાક સુંદર નમૂનાઓ :

सांकेत्यं परिहास्यं च स्तोभं हेलनमेववा ।
वैकुण्ठनामग्रहणमशेषाधहरं विदुः ॥

અર્થ મઝાનો છે. સંક્ષેપમાં, હસવામાં, તિરસ્કારમાં, કે ઠઠ્ઠા મશ્કરીમાં પણ વૈકુંઠાધિપતિ હરિનું નામ લેવામાં આવે તો તે બધાં દુઃખોને હરી લેનારું છે.

ઈશ્વરના નામમાં આવું અદ્‌ભુત આરોપણ કેમ? એવો સવાલ કાવ્યના રસમાં તણાઈ ન જનારને તથા શંકાશીલને સહેજે થાય. શંકાશીલ વાજબી રીતે થવું ખોટું નથી જ. આ શ્લોકનો વ્યંજનાર્થ માત્ર એટલો જ નીકળે છે કે માણસ હાસ્ય, ગમ્મત, તિરસ્કાર વગેરે બધા હળવા ભાવો સમાજમાં અને વ્યવહારમાં થતા ભલે જુએ કરે કે અનુભવે છતાં એ બધાયમાં એક શાશ્વત ભાવનો આધાર રાખે તો બધાની સુંદરતા અને આનંદ અસાધારણ રીતે અનુભવાય. એ ભાવોનું તથા વ્યવહારનું ઊર્ધ્વીકરણ જરૂર થવાનું.

પરંતુ આપણે ભાગવતના જપવર્ણનના શ્લોકોનું ભાષ્ય નથી કરવું! બારમા સ્કંધમાં જપનું માહાત્મ્ય કળિયુગને માટે ખાસ છે

એમ કહેવાયું છે. આ રહ્યો તે શ્લોક.

कृते यद् ध्यायतो विष्णुं त्रेतायां यजतो मखैः ।
द्वापरे परिचर्यायां कलौ तद्धरिकीर्तनात् ॥

સત્યયુગમાં જે ફળ ધ્યાનથી મળે, ત્રેતાયુગમાં જે ફળ યજ્ઞોથી મળે, દ્વાપરમાં પૂજાપાઠથી મળે તે જ ફળ કળિયુગમાં ભગવાનના જપ અને કીર્તનથી મળે છે. જપને માટે કળિયુગ કેમ પસંદ થઈ ગયો? સત્યયુગમાં લોકોને ફુરસદ વધુ હોય કારણ લોકો ઓછા અને સમૃદ્ધિ ખૂબ હોય તેથી તે વેળાએ જપ નિરાંતે થઈ શકેને! પણ ભાગવતે તો જપ કળિયુગને માથે બેસાડ્યો છે. કળિયુગ ધાંધલ, ઉતાવળ અને ચંચળતાનો યુગ ગણાયો છે. નિરાંતે ખાવાના સમયનો અભાવ હોય ત્યાં લોકો ધ્યાન કરવા ક્યાં બેસે? યજ્ઞમાં તો શ્રદ્ધા જ ન રહી હોય અને રહી હોય તો ડાલ્ડા સિવાય બીજું ઘી મળે ક્યાંથી કે યજ્ઞફળ મળે? પાઠપૂજન અને સેવા માટેનાં ભક્તિભાવ, ફુરસદ, ફૂલફલાદિના અભાવે તેય શક્ય ન રહ્યું. એટલે ભાગવતકારે કહ્યું કે કળિયુગનાં ચંચળતાદિનો ઉપાય કરે અને સાથે ઈશ્વરમાં મન જોડે એવું ઉત્તમ સાધન જપ છે. કળિયુગમાં બધાને સાર જોઈએ, ટૂંકું જોઈએ. તૈયાર માલ જોઈએ, વિદ્યાર્થીને પણ ગાઈડ જોઈએ, સંક્ષેપ જોઈએ. આ બધા ગુણવાળું સાધન જપ જ છે, માટે જપ જપો એવું ભાગવતનું તાત્પર્ય છે. ભાગવતમાં નામમહિમાનો પાર નથી કારણ આખોય ગ્રંથ એક રીતે જોતાં પ્રભુના ગુણગાનથી જ ભર્યો છે. એટલે વધુ શ્લોક ન રજૂ કરતાં તેનો છેલ્લો શ્લોક રજૂ કરી હવે સંતોષ માનવાનો રહેશે :

नामसंकीर्तनं यस्य सर्वपापप्रणाशनम् ।
प्रणामो दुःखशमनस्तं नमामि हरिं परम् ॥
(૧૧, ૧૨, ૧૩)

ભાગવતનો અંત ભગવાનના જપનું સ્મરણ કરીને થાય છે, કારણ તેનું નામ પાપ અને દુઃખનો નાશ કરનારું છે. ઈશ્વરના નામને ભક્તો રસાયણ માને છે. એ રસાયણ પીવા જેટલી ધીરજ, હિંમત અને શક્તિ જોઈએ.

પુરાણ

ભાગવતની સાથે પુરાણોને કેમ ભૂલી શકાય? પુરાણોમાં કાવ્ય ઉપરાંત અતિશયોક્તિ પણ કેટલાકને લાગવા સંભવ છે છતાં તેમાં જે મૂળતત્ત્વ છે તે ભુલાઈ ન જાય તેની સાવચેતી પણ પૂરેપૂરી રાખવાની છે. જે વાત ભાગવત માટે સાચી છે તે જ પુરાણો માટે છે કે તેમાં ધ્વનિ એટલે સૂચિત અર્થ જ મુખ્ય છે. ભક્તને ભગવાનનું વર્ણન સાંભળતાં થાક ન લાગે જ્યારે અશ્રદ્ધાળુને તેનો કંટાળો આવે. તેથી પુરાણવર્ણન ભક્તિભર્યું છે, કાવ્યમય છે અને કાવ્યની સાથે અતિશયોક્તિ પણ હોય જ. છતાં એના સૂચક અર્થ મળે એવો નમૂનારૂપ શ્લોક અહીં જોવો જરૂરી છે. આગ્નેય પુરાણમાં જપનો મહિમા બહુ ટૂંકો છતાં સચોટ અને મર્માળ રીતે ગવાયો છેઃ-

जाकारो जन्मविच्छेदः पकारः पापनाशक : ।
तस्माज्जप इति प्रोक्तो जन्मपापविनाशक : ॥

જપ શબ્દ બે અક્ષરનો બનેલો છે - જ અને પ. જ અક્ષર જન્મ-પુનર્જન્મના બંધનને તોડનારો છે, જાકારો આપનારો છે અને પાપનો નાશ કરનારો છે, પાપનું પતન કરનારો છે, તેને ખેરવી નાખનાર છે. તેથી જન્મ અને પાપની બેડીને તોડનાર જપ જપે જાઓ એમ આ પુરાણ કહે છે. અહીં જપ શબ્દમાં અને તેના અક્ષરોમાં ચોખ્ખું અર્થારોપણ દેખાય છે. પણ અર્થારોપણ માણસનો સ્વભાવ છે. ધ્વજના નાનકડા કાપડના ટુકડામાં કેવડું મોટું અર્થારોપણ

કરીએ છીએ? અને તેને માટે પ્રજા જાન આપવા પણ તૈયાર થાય છે. અર્થારોપણ ખોટું નથી, બલ્કે તે સ્વાભાવિક છે. પરંતુ જરૂરી વસ્તુ તો છે કે જેમ ધ્વજમાં અર્થારોપણ કરી પ્રજા નિષ્ઠાપૂર્વક તેને માટે જરૂર પડે તો પ્રાણ આપવા તૈયાર થાય છે તેમ જ જપસાધકોએ પણ જપ મંત્રમાં કે જપમાં એવી પાકી નિષ્ઠા મૂકવી જોઈએ. પુરાણની મતલબ પણ આવી જ છે એમ સમજવું જોઈએ. જપમાં એવી દૃઢ નિષ્ઠા મૂકતાં ખરેખર તે જન્મ અને પાપના બંધનમાંથી મુક્તિ અપાવે એમાં શંકા જ નથી. ધ્વજના ટુકડામાં એવી નિષ્ઠા મૂકવાથી દેશનું સ્વાતંત્ર્ય જળવાઈ રહે તો જપ જેવા અર્થવાળા સાધનમાં નિષ્ઠા મૂકવાથી શું જન્મપાપમાંથી મુક્તિ ન મળે? મહત્ત્વની બાબત નિષ્ઠા છે એમ કહેતો હોય એમ પેલો નાનકડો ફરફર કરતો ધ્વજ આપણી જપનિષ્ઠાને પણ જગાડે જાય છે.

રામાયણ - મહાભારત

આ બે મહાગ્રંથોમાં જપનું માહાત્મ્ય ન હોય એમ બને નહિ; પણ એમાંથી શ્લોકોનાં ટાંચણ લેવાને બદલે એણે ઊભાં કરેલાં ચિરંજીવ ભક્તપાત્રોને અહીં યાદ કરી લેવાં વધુ ઉપયોગી છે. રામાયણનાં હનુમાન, શબરી, ભરત, નિષાદરાજ ગુહ, લક્ષ્મણ, વિભીષણ વગેરે પાત્રો હિંદુઓને મન તેમનાં સગાંસંબંધીઓ કરતાંય વિશેષ છે. જેણે રામાયણ એકવાર પણ બરાબર વાંચ્યું કે સાંભળ્યું છે તેમના મનમાં આ પાત્રો હંમેશને માટે વસી જાય છે. એ એમને મન અતિ નિકટનાં લાગે છે. રામાયણે એમને એટલાં જીવંત બનાવ્યાં છે, આપણા સંસ્કારોએ એમને આપણા માનસમાં એટલાં મઢી લીધાં છે કે આપણને તે આપણાં આધ્યાત્મિક વડીલ સ્વજન જેવા લાગે છે. તેમની પાત્રરેખા આપણા ચિત્તમાં બરાબર અંકિત થઈ ગઈ હોય છે. હનુમાનનું નામ બોલતાં જ સદૈવ રામનામ જાપ જપનાર

એ પરાક્રમી ભક્તરાજ પોતાની છાતી ફાડીને રામનાં દર્શન અત્યારે જ કરાવતા હોય એવી તસવીર આપણી આગળ ખડી થઈ જાય છે, અથવા પર્વતને હથેલીમાં લઈ જોશબંધ ઊડતા હનુમાન આપણી સામે ખડા થાય છે. શબરીનું પણ તેવું જ છે. જંગલની નાનકડી કુટીરમાં ચાખી ચાખીને બોર ભેગાં કરતી નમ્ર સ્વભાવની રામનામ જપતી શબરી મહાભક્ત છે; નિર્દોષતાની એ મૂર્તિ સર્જીને રામાયણે અભણ ગરીબ વર્ગને પૂરો ન્યાય આપ્યો છે. આવું જ અન્ય પાત્રો વિશે છે.

જેવું રામાયણનું તેવું મહાભારતનું છે, એણે ધ્રુવ, પ્રહ્લાદ, અર્જુન અને દ્રૌપદીથી માંડી વિદુર અને વિદુર પત્ની જેવાં અજાણ અને એકલદોકલ ભક્તોની પરંપરા ખડી કરી છે. મહાભારતમાં બધુંય છે. એનો દાવો છે કે જે જગતમાં છે તે મહાભારતમાં છે. પછી એમાં જપનો મહિમા ગાનાર બતાવનાર ભક્તો તો હોય જ. ભિષ્મપિતામહ જેવા મહાપુરુષે શાંતિપર્વમાં યુધિષ્ઠિરને ઉપદેશ આપ્યો તેમાં જપનું માહાત્મ્ય ગાયું છે. આ બધાં પાત્રો પણ નિકટનાં લાગે છે અને રામાયણનાં પાત્રો કરતાં પાસેનાં લાગે છે કારણ તે કળિયુગના આરંભ સુધી જીવ્યાં હતાંને? કળિયુગ આવ્યો અને એ વિદાય થયાં પણ આપણી સ્મૃતિ અને સંસ્કારમાં તે હંમેશનાં જડાયેલાં જ છે.

રામાયણ-મહાભારત જેવા મહાગ્રંથોએ જપનો આવો જીવંત મહિમા ગાયો છે. એથી વધુ આશા પણ શી રાખવાની હોય?

❑

પ્રકરણ : ૪

સંતો, વિભૂતિઓ અને જપ

રામાયણ, ભાગવત અને મહાભારતનાં પૌરાણિક સંતપાત્ર કે ભક્તપાત્રો હિંદુમાનસમાં કેટલાં સચોટ રીતે જડાઈ ગયાં છે તે આપણે જોયું. એ પાત્રો મહાન, અદ્‌ભુત અને મનને ગમી જાય તેવાં છે છતાં આખરે તો તે પૌરાણિક ખરાંને! આજના જમાનામાં એવી શંકા મનના એક ખૂણામાં પેદા થયા વિના રહેતી નથી. એ પાત્રો આદર્શ રજૂ કરે છે પણ વ્યવહારમાં તો હનુમાન, પ્રહ્‌લાદ, ધ્રુવનાં જીવન જેવું ઓછું જ કંઈ બનવા પામે છે?

શંકાને અંત નથી છતાં શંકાનું સમાધાન કરવું અને એ રીતે મનને ઘડવું એ પણ માનવનો સાહજિક ધર્મ છે. જેટલી શંકા વધુ તેટલો આ વિષયમાં લાભ જ છે કારણ કે તેથી જપનો જાપ વધુ ને વધુ થવાનો, તેનું વધુ સંશોધન થઈ શકવાનું છે.

જુઓ સંત પરંપરા

મહાભક્તો આદર્શ પાત્રો તરીકે, પૌરાણિક પાત્રો તરીકે મનનું પૂર્ણ સમાધાન નથી કરતાં કારણ તે જૂના કાળનાં મહાકવિઓનાં આદર્શ પાત્રો છે. પણ એ ભૂલવું ન ઘટે કે એ આદર્શ પાત્રોનું સર્જન કવિઓએ બનેલા બનાવો ઉપરથી, નક્કર જીવન જીવી ગયેલા ભક્તો ઉપરથી જ રચ્યાં હતાં. હનુમાન, પ્રહ્‌લાદ, ધ્રુવ, અર્જુન વગેરે કવિનાં કેવળ માનસપુત્રો નથી પણ પુરાણ ઈતિહાસનાં પાત્રો ઉપરથી ઘડેલાં ઉત્તમ ચિત્રો છે. પરંતુ નરી વાસ્તવિકતાથી જ સંતોષાનારું આજનું માનવમન એમાં કવિની કાવ્યશક્તિથી ઉમેરાયેલાં રંગરોગાન જુએ અને તેટલે અંશે તેમને અવાસ્તવિક ગણવા તૈયાર

થાય. પણ કવિની કલ્પના પણ એક માનસ સત્ય નથી? ગઈ કાલની કલ્પના આજની સિદ્ધિ બને છે. ગઈ કાલની ઊડવાની કલ્પિત વાત આજે માણસને મન સામાન્ય બાબત છે. પુરાણકાળમાં વિમાનની વાતો છે અને ગઈ કાલ સુધી શંકાશીલો એ તરફ હસતા હતા પણ આજે એ જ કલ્પના સહજ સિદ્ધ બનેલી જોઈ શકાય છે. જેવું પુરાણ કાળના વિમાનનું બન્યું, સ્થૂળ સિદ્ધિનું બન્યું તો તેથી આગળ તે કાળની માનવસિદ્ધિનું પણ કેમ ન બને? એવું બને છે અને બનતું આવે છે એમ સૂક્ષ્મ નજરને દેખાયા વિના રહેતું નથી. છતાં એવી દૃષ્ટિ ન હોય અને પ્રત્યક્ષ ઐતિહાસિક પુરાવા જ જોઈતા હોય તો ઈતિહાસના મધ્યકાળની સંતપરંપરા જોવા, સમજવા અને અભ્યાસ કરવા ભલામણ કરી શકાય. ચૈતન્ય, નરસિંહ, મીરાં, તુલસી, તુકારામ, એકનાથ વગેરે સંતોની પરંપરા ઈતિહાસમાં જીવી ગયેલાં મહાપુરુષોની સળંગ ઊતરી આવેલી સંતપેઢી છે. રાજાઓ અને મહારાજાઓ કે બાદશાહોની વંશવંશાવાળી તો ઈતિહાસમાં ભણવી પડે છે. પરંતુ એથી વધુ તો આ સંતોની પેઢી ભણવા જેવી છે. પણ એને એ રીતે ભણાવે છે કોણ? એટલે તો સંતો-મહંતો વિશે શંકાકુશંકા થાય જને! સંતોની પરંપરા અને તેમનું મનોમય રામરાજ્ય જરૂર ભણવા, સમજવા જેવું છે.

સંતો ઉપર આક્ષેપ

મધ્યકાળના સંતો જીવતી જાગતી ઐતિહાસિક વ્યક્તિઓ હતી અને તેમણે ઈશ્વરના નામની ધૂન લગાવીને, તેનો સદા જપ જપીને ભારતની ગુલામી દશામાં પણ પ્રજામાં પ્રાણ સીંચ્યા કર્યા. આ હકીકતને અવળી રીતે જોઈને આ સંતપરંપરા ઉપર એવો આક્ષેપ મૂકવામાં આવે છે કે તેમણે લોકોનાં મન જગતની ક્ષણભંગુરતા વિશે ભજનો ગાઈને નિર્બળ બનાવી મૂક્યાં હતાં! તેમણે ગુલામીની

જંજીર તોડવા અને દેશમાં એકતા પેદા કરવાને બદલે ઈશ્વરનામનો નશો પેદા કરી પ્રજાને ભાગેડુ વલણ શીખવ્યું. આ દુનિયામાં ગુલામી અને દુઃખ છે તો બીજી દુનિયામાં કે ઈશ્વરમાં સુખ છે, હિત છે. એટલે એના નામનો જપ જપો અને અહીંના કર્તવ્યમાંથી છૂટો કે ભાગો એવી ભાગેડુવૃત્તિ સંતોનાં ભજનો અને નામરટણને લીધે પેદા થઈ એવો એક મત પણ આજે પ્રવર્તે છે. ગુલામીની નિરાશામાં પ્રજા કરે પણ શું? યા તો એક થઈને ગુલામી સામે લડી લે કે નિરાશ થઈ પરલોક પરમેશ્વરની વાતોમાં પડી જાય! સંતોએ સામનો કરતાં શીખવવાને બદલે ગુલામી વાતાવરણમાંથી છટકવાનો માર્ગ માત્ર આપ્યો એમ આ મત માને છે.

સંતોની ગત

ઉપર ઉપરથી જોતાં આ આક્ષેપ સાચો પણ લાગી જાય એવો છે. સંતોએ કર્યું પણ શું? રામનામ કે ઈશ્વરનામનો મહિમા ગાયો અને ગવડાવ્યો. તે તરફ લોકોનાં મન વાળ્યાં. સીધી રીતે તેઓ બીજું કરી પણ શું શકે? એમનું કામ જ રામનામ જપવાનું અને ભજન ઉપદેશ કરવાનાં મનાયાં હતાં. અંદરની પ્રેરણા પણ એમને એમ કરવા જ પ્રેરે. ભગત માણસ સ્વાતંત્ર્યની વાત કરવા બેસે તો તે ભગત કે સંત મટી જાય એવી લોકમાન્યતા પ્રવર્તતી હતી. સંતો પરમ મુક્તિની વાત કરી શકે પણ રાજકીય મુક્તિની વાત કરવા જાય તો ભગત વંઠ્યો એમ લોકો કહેવા લાગે એવી ભગત અને સંતોની કફોડી સ્થિતિ હતી. સામાજિક બહિષ્કાર સંતોને માટે સામાન્ય બાબત હતી. ગરીબાઈ તો એમને માથે લખાયેલી હતી. તિરસ્કાર, અપમાન અને અવહેલનામાંથી તો લગભગ દરેક સંતને પસાર થવું પડતું. એમની એક જ પ્રતિષ્ઠા હતી ઈશ્વરનામ. એ જ તેમનો આધાર હતો. બધેય ઈશ્વરનાં દર્શન કરવાની શક્તિ એમની

ચારેકોરની વિપદાને પળવારમાં દૂર કરી દેતી હતી. સંતોના જીવનની આ સર્વસામાન્ય કહાણી છે. એમની આ ગત સમજીને એમના જીવન અને કાર્યની કદર કરવાની છે.

સંતોનો પુણ્ય કાર્યપ્રવાહ

સંતોના જીવનની આ પાર્શ્વભૂમિકા જોતાં અને એમણે કરેલાં સાહજિક પુણ્યકાર્યોની પરંપરા જોતાં લાગ્યા વિના ન રહે કે ભારતવર્ષના મધ્યકાલીન ઇતિહાસના ડહોળાં પાણીમાં સંતોનાં સહજ પુણ્યકાર્યોનો પ્રવાહ સતત વહેતો રહ્યો છે. એમનાથી શું શું નથી થયું? લોકનિરાશાના એ કાળમાં સંતોએ રામનામના મધુરનાદથી લોકોમાં આશાનો સંચાર કર્યો. તેમનામાં એકતા આણી. એમને દુન્યવી સત્તાનો નહિ પણ ઈશ્વરી સત્તાનો આધાર આપ્યો. ધર્મોના કટ્ટર મતભેદોને નાનક, કબીર જેવાએ સાંધ્યા; તુલસીદાસ જેવાએ રામરાજ્યના ગુણગાન ગાઈને લોકોમાં આશાનાં પૂર વહાવ્યાં. સંતોએ પંથ અને ધર્મના વાડાઓમાં સમન્વય સાધી બતાવ્યો. આ તો થઈ તેમની સર્વ સામાન્ય પુણ્યકર્મગાથા. સામાજિક ક્ષેત્રે કોઈ રાજપુરુષે નહિ પણ મીરાં અને નરસિંહ જેવા અદનાં સ્ત્રીપુરુષે ક્રાંતિ કરી બતાવી. નરસિંહ નાગરી નાતની ટીકાની ઝડી વચ્ચે પણ ઢેડની વચ્ચે ભજન ગાવા બેસતો તે કંઈ કોઈ સમાજસુધારકને દાવે નહિ! છતાં સમાજમાં કેટલું ભારે ક્રાંતિકારક કામ એ માનવ-સમાનતાકારક સંતસુધારકે કરી બતાવ્યું છે? એને કોઈ વાદ ન હતો, સામાજિક સિદ્ધાંત ન હતો, ફક્ત માનવપ્રેમની દૃષ્ટિ હતી. એવું જ તુકારામના જીવનમાં બન્યું. અનેક સંતોના જીવનમાં બન્યું. તેઓ મહાન સામાજિક સુધારકો હતા. મીરાં લોકલાજ છોડી, રાણીપદ છોડી સામાન્ય સાધ્વીની જેમ કૃષ્ણ આગળ નાચી. તે વેળાના સમાજને માટે કેટલું ક્રાંતિકારી એ પગલું હતું તેની કલ્પના જ કરી લેવાની રહે છે.

આમ સામાજિક ક્ષેત્રે સુધારા જીવી બતાવીને, અર્થક્ષેત્રે ધન તરફની ઉપેક્ષા બતાવીને, ધર્મક્ષેત્રે ધર્મોનો સમન્વય જીવી બતાવીને સમાજના આખા વાતાવરણમાં આશા અને ભાવાત્મક ભાવનાનાં પૂર વહાવનાર સંતોનો પુણ્ય કાર્યપ્રવાહ કેટલો બધો પ્રબળ હતો! કોઈપણ એક રાજકર્તા કે કોઈ સમાજસુધારક કે અન્ય નેતા કરતાં કોઈપણ અદના સંતની સાચી સમાજસેવા ઊતરતી જોવા નહિ મળે. ઈશ્વરનું સાધન બનીને તે આવી સેવા કરે છે, એનામાં રાજપુરુષોનો અહંકાર નથી હોતો; સુધારકનું ઘમંડ નથી હોતું પણ એનામાં નમ્રતા અને ઈશ્વરનો નામજપ હોય છે તેથી એની શક્તિ ઈશ્વરની બક્ષિશ હોય છે અને તે જ તેના દ્વારા કામ કરી સમાજને લાભ કરી જાય છે. એમનું વલણ પૂરું ભાવાત્મક હતું, હકારાત્મક હતું તેથી જ ચારેકોરનાં વિરોધ અને વિપત્તિ વચ્ચે પણ તેઓ શાંત ચિત્તે ઈશ્વરસેવા અને સહજ સમાજસેવા કરતા ગયા.

રાજકારણમાં મુસ્લિમ જેવા કટ્ટર વિરોધી ધર્મની આણ હોવા છતાં અને ક્યારેક એમનું ધર્મઝનૂન પોત પ્રકાશી ઊઠતું છતાં કોઈની તાકાત ન હતી કે સંતો મહંતોનું કોઈ નામ દઈ શકે. એમને ઈશ્વર સિવાય કોઈના રક્ષણની જરૂર ન હતી. આ શાંત બેઠી તાકાતની કિંમત કરવાને બદલે એમના ઉપર નિરાશા કે ભાગેડુ વલણનો આક્ષેપ કરવો મિથ્યા છે. એટલું ખરું કે જીવનની જંજાળની કેટલાકે ઉપેક્ષા બતાવી, અને એમના આ સાચા અનાસક્ત વલણનો લાભ લઈ કેટલાક નિરાશાવાદી લોકોએ પોતાની નિરાશા પણ સેવી, પોષી હોય. પણ સંતોની નિરાશા (આશા રહિત) વૃત્તિ અને લોકોની નિરાશા એટલે હતાશા વચ્ચે આસમાન જમીનનું અંતર છે એ હવે આટલા વિવેચન પછી તો સ્પષ્ટ સમજાવું જોઈએ

રાજકારણમાં પણ સંતો ઉત્તમ ભાગ ભજવી શકે છે એના

દાખલા જેમ જેમ અત્યારના જમાના તરફ આગળ વધીશું તેમ તેમ દેખાશે. પરંતુ આગલા જમાનામાં સ્વામી રામદાસ જેવાએ શિવાજી મહારાજને જે રીતે પ્રોત્સાહિત અને શક્તિમાન કરી દોરવણી ન આપી હોત તો હિંદુ ધર્મનું પુનરુત્થાન જે ધાર્મિક અને આધ્યાત્મિક રીતે થવા પામ્યું તે કદાચ ન થાત.

સંતોની વાણી

આટલી પૂર્વ ભૂમિકા પછી સંતોની વાણીમાં કેટલી શક્તિ અને પ્રતાપ ભર્યા છે તેનાં ઉદાહરણો જોવાં ગમશે. અહીં તો તેમણે નામજપને કેટલું માહાત્મ્ય આપ્યું છે તે બતાવતાં ઉદાહરણો જ મૂકવામાં આવ્યાં છે પરંતુ તેમાં પણ કેટલી વિવિધતા, કેટલી રામનામની રઢ અને કેવી અદ્‌ભુત લગની લાગી છે તેની પ્રતીતિ થયા વિના નહિ રહે. ચૈતન્યે 'હરિબોલ'ની ધૂન લગાવી ભારતભરમાં પદયાત્રા કરી અને પોતાની ચેતનાનો ચેપ ભારતના લોકોને લગાડી દીધો. સંતોની પદયાત્રા હંમેશ એવી હોય જ - પછી એ ગાંધીજીની સ્વરાજ અર્થેની દાંડીકૂચ હોય કે વિનોબાની ભૂદાનયાત્રા હોય. પદયાત્રા સંતોની ખાસિયત છે અને ભારતભૂમિ સંતોની પદયાત્રાથી વારંવાર પવિત્ર થતી આવી છે. મીરાં જેવી બાઈ સંતે પણ મેવાડથી દ્વારકા અને મથુરા સુધીની યાત્રા કરી હોય એમ લાગે છે. ઝડપી વાહનથી થતા પ્રચાર કરતાં આવો પ્રચાર સૂક્ષ્મ, વધુ ઝડપી અને વધુ પ્રબળ હોય એમ આપણા દેશનો લાંબો અનુભવ કહી જાય છે.

ચૈતન્યે નરસિંહ મહેતાની ભેટ કરી હોય એમ લાગે છે. નરસિંહે જપનો મહિમા ગાવામાં બાકી નથી રાખ્યું. એનું આખું જીવન નામજપનમાં ગયું.

આ રહ્યા એની વાણીના થોડા નમૂના. વૈષ્ણવજનનું વર્ણન કરતાં કહે છે કે 'એને રામનામ શું તાળી લાગી'. ટૂંકમાં જપનું કેવું

વર્ણન કરી નાખ્યું છે! રામનામ સાથે તાળી ત્યારે જ લાગે જ્યારે વૈષ્ણવજનનું મન તેના અર્થમાં તલ્લીન હોય, તેના સ્વરૂપમાં એકાકાર હોય. વળી, એ કહે છે કે નારાયણનું નામ લેવું એ જ જીવનકાર્ય છે, જીવનધર્મ છે. તેથી એમાં જે કોઈ વચ્ચે આવે તેનો ત્યાગ કરો! ''નારાયણનું નામ જ લેતાં વારે તેને તજીએ રે''. આ નામ લેવાની રીત કઈ? ''સમરને શ્રીહરિ, મેલ મમતા પરી, જોને વિચારીને મૂલ તારું'' પોતે કોણ છે? તે તપાસવું અને એમ કરતાં ઈશ્વરને યાદ કરવાની રીત સાચી રીત છે. આજે શ્રીરમણ મહર્ષિ પણ આ વાત જ કહી ગયાને? સંતોની અનુભૂતિ સર્વત્ર લગભગ એકસરખી હોય છે; એમની સતહ જુદી હોય અને પ્રગટ કરવાની ઘાટી જુદી હોય. સમાનતાનું કારણ એક જ છે અને તે એ કે તેઓ એક જ પરમતત્ત્વના પૂજારી છે અને એ તત્ત્વની અનુભૂતિ પ્રમાણે તેઓ ભજન કે કાવ્ય સહજ ભાવે રચે છે.

હવે જુઓ, મીરાંની વાણી. સ્ત્રીસહજ ભાવે તે બોલી ઊઠે છેઃ ''બોલમા, બોલમા, બોલમા રે, રાધાકૃષ્ણ વિના બીજું બોલમા.'' રાણો તેને અટકાવવા બહુ મથે છે. છતાં મીરાં પોતાના વલણમાં દૃઢ રહીને રાણાને અને જગતને કહે છેઃ ''મેરે રાણાજી, મૈં ગોવિંદગુણ ગાના.'' ભગવાનની ચાકર થવામાં તેને ઓર મઝા આવે છે. ચાકરીમાં ભગવાનનાં દર્શન થાય અને સ્મરણની જીવન ખરચી મળે તે જુદી! ''ચાકરીમેં દર્શન પાઉં, સુમિરન પાઉં ખરચી.'' નામસ્મરણની કેવી લહે લાગી હશે ત્યારે તે નામસ્મરણને આવી સરસ રીતે વર્ણવી શકે!

હવે ચાખીએ થોડી હિંદી સંતોની નામસ્મરણની વાનગીઓ. તુલસીદાસની રામભક્તિ ભારતભરમાં મશહૂર છે. રામાયણમાં એમની કાવ્ય અને ભક્તિની રેલમછેલ વહી છે. રામચરણમાં એમનું મન એટલું મસ્ત છે તેથી ગાઈ ઊઠે છેઃ ''ભજમન રામચરણ

સુખદાઈ'' શા માટે રામનું નામ ભજવું! ''કલિ નામ કામતરું રામકો'' કલિયુગમાં રામનામ કલ્પતરુ સમાન છે. સુરદાસ અંધભક્ત કવિ હતા છતાં દેખનારા કરતાં વધુ દેખતા હતા. રામનામ સૌથી વધુ બળદાયી છે અને નિર્બળનું બળ પણ તે જ છેઃ ''સુનેરી મૈંને નિર્બળ કે બલરામ'' પણ તેથી કંઈ તે નિર્બળતાને સાંખનારા ન હતા. માણસ પોતાનો ટેક રાખે તો ભગવાન લાજ રાખે. માણસને ટેક જ ન હોય, ગૌરવ ન હોય તો ભગવાન મદદ પણ શું કરે? ''અબકી ટેક હમારી, લાજ રાખો ગિરિધારી.'' સંતો ટેકીલા હતા, તેથી જ તેમનામાં નૈતિક અને આધ્યાત્મિક બળ હતું. પણ એમની ટેક એમના વટને માટે ન હતી, એમની ટેક તો ઈશ્વરપ્રાપ્તિ હતી. સંત કબીરની વાણી જુદી જ ભાત પાડે છે. એ તો કહે છે કે રામનામમાં તો મસ્તી છે, આનંદ છે પછી બીજું સુખ જોઈએ શાને? ''મન લાગો મેરો યાર ફકીરીમેં. જો સુખ પાવો રામ ભજનમેં, સો સુખ નાહિ અમીરીમેં.'' રામનામમાં સાધનમાત્રનો સમાવેશ થાય છે અને એમાં કંઈ ખર્ચ નથી માટે રામનું જ ભજન કરો. ''ભજોરે ભૈયા રામ ગોવિંદ હરિ, જપ તપ સાધન કછું નહીં લાગત, ખરચત નહીં ગઠરી.'' પણ કબીર તો મહાજ્ઞાની પણ હતા. તેથી સ્મરણની જ્ઞાનવ્યાખ્યા સહજસમાધના વર્ણનમાં આબાદ રીતે આપી દીધી છે. ''કહૌં સો નામ. સુનૌં સો સુમિરન.'' બધું ઈશ્વરમય બની જાય એવી સહજસમાધની અનુભૂતિ કરનાર કબીર વેદાંતની વાણી જ ઉચ્ચારતા હોય એમ લાગે કે આ બધું બ્રહ્મમય છે, ક્રિયામાત્ર તે મય છે. તે માટેની દૃષ્ટિ જોઈએ, અનુભૂતિ જોઈએ. શીખધર્મના વર્ણનમાં જપ વગેરેમાં નાનકવાણી તો આપણે સાંભળી ચૂક્યા છીએ.

મરાઠી સંતો જેવા કે તુકારામ, એકનાથ, સ્વામી રામદાસ વગેરેએ પણ નામસ્મરણ અને જપમહિમા બહુ મીઠી વાણીમાં ગાયો છે. હવે બહુ પુરાણા નહિ પણ છેલ્લી બેત્રણ સદીના નાના મોટા ગુજરાતી

સંતોએ તળપદી વાણીમાં નામજપનો મહિમા ગાયો છે તે યાદ કરી લેવા જેવો છે. આ રહી બ્રહ્માનંદની વીરવાણી. તે ઈશ્વરને વરવાની વાતને શૂરનો ધર્મ ગણાવે છે અને તેથી રણહાક કરતા હોય એમ ગાય છે; "રે રંગસહિત હરિને રટીએ, રે હાક વાગ્યે પાછા નવ હઠીએ, બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીએ" આ નાનકડા ભજને ૧૯૩૦ના સત્યાગ્રહ વખતે સાચો સત્યાગ્રહી શાંત જુસ્સો પેદા કરવામાં કેવો ઉત્તમ ભાગ ભજવ્યો હતો? સત્યાગ્રહ પણ રામની જ લડત હતી તેથી તેમાં આ સાત્ત્વિક જુસ્સો કામ લાગે જ. ધનો ભગત તો રામની આવી લગનને 'રામબાણ' કહે છે. જેને વાગ્યાં હોય તે તેની પાછળ ગાંડા થાય છે, ન વાગ્યાં હોય તેને એમાં ઓછી સમજ પડે છે. "રામબાણ વાગ્યાં હોય તે જાણે." રામની રઢ લાગે અને રામના ભક્તો એનાથી ઊગર્યા, તેમની રઢ લાગે તેથી છેલ્લે તે ગાય છેઃ "અનેક ભક્તોને એણે ઉગાર્યા, ધનો ભગત ઉર આણે." જેવો ધનો ભગત તેવો ભોજો ભગત છે. "હરિજન હોય તેણે હેત ઘણું રાખવું, નિજનામ ગ્રાહી નિર્માન રહેવું." ભોજો ભગત તો નામસ્મરણનો મર્મ પણ કહી દે છે. પ્રેમ જપનું લક્ષણ છે, અને નિર્માનતા તેનું બાહ્ય લક્ષણ છે. છતાં માણસની જીભ તો આળસ કરે છે તેથી તેને ટકોરતા હોય તેમ ભક્ત કવિ કહે છેઃ "જીભલડી તને હરિગુણ ગાતાં આવડું આળસ ક્યાંથી?" જો આળસ છોડે અને તેનું ભજન બરાબર કરે તો અખંડ રાજ (વિશ્વરાજ્ય)નો, ઈશ્વરના રાજ્યનો, સ્વરાજ્યનો અનુભવ થાય, એમ પ્રીતમ ભગત કહે છે : "પ્રીતમના સ્વામીને ભજતાં, આવે અખંડ રાજ જોને" આવું સ્વ-રાજ પોતાના ઉપરનું રાજ્ય અને ભગવાનનું રાજ્ય, અનુભવી શકાય. એમ હોય ત્યાં ભક્તજનને લાજ જવાની તો શંકા જ ન હોવી જોઈએ. તેથી પ્રેમળદાસ કહે છે : "હરિને ભજતાં હજી કોઈની લાજ જતી નથી જાણી રે, જેની સુરતા શામળિયા સાથ, વદે વેદ વાણી રે." ભગવાન સાથેની એકતા જામે તો વેદની સત્યવાણી

ઉચ્ચારવાની શક્તિ આવે છે. આના દાખલા આ બધા ભક્તો જ છે. એમાંના કોઈ વિદ્વાન ન હતા. એમની જપસાધનાને લીધે જ તેઓ આવી સત્યપૂતવાણી કવિતામાં રજૂ કરતા થયા હતા.

હજી ગઈ કાલની વાત

આનો ઉત્તમ નમૂનો તો હજી ગઈ કાલની વાત બની હોય એમ રામકૃષ્ણ પરમહંસનું જીવન છે. એઓ અભણ હતા છતાં વિવેકાનંદ જેવા વિદ્વાનોને પ્રેરણા આપી સર્વધર્મસમભાવનો સંદેશો દુનિયાભરમાં આ સદીની શરૂઆતમાં ફેલાવ્યો. કાલી માતાના પરમ ભક્ત પરમ સંત જેવા આ પરમહંસ માતાનું નામ જપીને સર્વ ધર્મનો સાક્ષાત્કાર કર્યો અને આજના કેટલાય નાસ્તિક લોકોને પણ આસ્તિકતાનો પરચો બતાવ્યો. એમની કર્તૃત્વશક્તિ પણ કેટલી હતી કે એમણે અનેક શિષ્યોને અધ્યાત્મમાં આગળ આણ્યા અને હિંદુ ધર્મના સારતત્ત્વને વિવેકાનંદ જેવા શિષ્ય દ્વારા જગતમાં ફેલાવી ભારતનો ડંકો વગાડ્યો. તેઓ સંત અને ભક્ત છતાં શિષ્યોને સંસારમાં સરસા રહેવાનો, અનાસક્ત રહેવાનો અને નિષ્કામ કર્મ કરવાનો ઉપદેશ આપતા. પરમ સંતનું આ કાર્ય એટલું મોટું છે કે એમણે એમની પછી આવનાર મહાપુરુષોને માટે ભૂમિકા તૈયાર કરી આપી.

સંતોના કર્તૃત્વનો વિચાર કરતાં નાનકથી માંડી ગાંધીજી સુધી અને આજે વિનોબા સુધીના સંતોની પરંપરા નજર સામેથી પસાર થાય છે. સંત નાનક એક નવીન ધર્મ સ્થાપી હિંદુ ધર્મનું રક્ષણ કરે એવો પંથ સ્થાપવા શક્તિમાન થયા. કબીરે હિંદુમુસ્લિમનો સુમેળ સાધવામાં સારી સફળતા તે વખતે મેળવી. સ્વામી રામદાસે શિવાજીને પ્રેર્યા અને હિંદુ ધર્મનું પુનરુત્થાન થયું. હિંદુ રાજ્યે પાછું ડોકું ઊંચું કર્યું. રામકૃષ્ણ પરમહંસ પશ્ચિમી સંસ્કૃતિનો પડકાર ઝીલતા

હોય તેમ તેમણે બતાવ્યું કે હિંદુ ધર્મમાં કેવું કૌવત ભર્યું છે, કેટલી વિશાળતા ભરી છે, કેવા મહાન વિચાર ભર્યા છે. સંત ગાંધીજીએ સંત સંસ્કૃતિનું સારતત્ત્વ ખેંચી સત્યાગ્રહી વિચારસરણી સર્જી ભારતને અહિંસાથી સ્વરાજ અપાવી જગતને ચકિત કર્યું. સંત વિનોબા આજે એવું જ અદ્‌ભુત ભૂદાન કાર્ય કરી રહ્યા છે. સંત સંસ્કૃતિની મહત્તા અનેરી છે.

ગાંધીજી

આ સંત સંસ્કૃતિના પયગંબર જેવા ગાંધીજીના જીવન ઉપરથી જોવા મળે છે કે એ કેટલી શાંત શક્તિશાળી સર્વતોમુખી અને પાવનકારી છે. સંત સંસ્કૃતિને દેશકાળનાં બંધન નથી. બધાય દેશમાં સંત સંસ્કૃતિ તો એક જ છે. એમાં ધર્મના ભેદ પણ નડતા નથી. આ દૃષ્ટિએ સંત સંસ્કૃતિ માનવધર્મનો મુખ્ય આધાર છે. સંત ફ્રાન્સીસી અને સંત ચૈતન્યમાં ભેદ શો? સંત હસનહુસેન અને સંત કબીરમાં કેટલી સમાનતા! દુનિયાભરના સંતો એક જ પરમતત્ત્વને માનતા હોય છે, તેના ગુણોનું ગાન કરી તેને જીવનમાં ઉતારતા હોય છે અને શુદ્ધ અને પરોપકારી નિર્દોષ જીવન નમ્રતાથી જીવતા હોય છે. તેમને દૈવીવાણી, દૈવીશક્તિના જુદા જુદા અનુભવ થતા હોય છે પણ તેને કંઈ કર્મધર્મ કે દેશનાં બંધન નથી હોતાં કે અમુક ધર્મ કે દેશના સંતોને અમુક જ દૈવી અનુભવો થાય! આમ સંત સંસ્કૃતિ જગતભરમાં સમાન છે, ભલે સંસ્કૃતિ ભિન્ન ભિન્ન હોય એવું શ્રી.કિશોરલાલ મશરૂવાળાનું કથન બહુ વાજબી છે. સંત સંસ્કૃતિની આ સમાનતાને લીધે જ તેમાં માનવધર્મનાં બીજ રહેલાં જોઈ શકાય છે.

સંત સંસ્કૃતિનું કર્તૃત્વ તો કેટલું પ્રબળ છે તે આપણે અગાઉ જોયું. પણ ગાંધીજીનું જીવન તો એનો ઉત્તમ દાખલો છે. ઈશ્વરમય બની, તેના સાધન અને નિમિત્ત બની માણસ મહાન બની, મહાન

કાર્યો કરવા સમર્થ બની શકે છે તેનો દાખલો ગાંધીજીના જીવનમાં જોવા મળે છે. જીવન કેટલું બધું કાર્યોથી ભરચક અને જીવનના પ્રસંગોની કેટલી વિવિધતા! જીવનમાં દરેક ક્ષેત્રને સ્પર્શીને એને નવું જીવન આપવામાં બાકી રાખ્યું નથી. જીવન શુદ્ધ રસોથી પણ ભરપૂર, જ્ઞાન ભક્તિકર્મથી ભરપૂર, માનવ અને ઈશ્વર તરફના પ્રેમથી ભરપૂર અને છતાં અંતરમાં રામનામ તો સદૈવ ચાલ્યા જ કરે. ગાંધીજી જણાવે છે કે એમણે જે કંઈ કર્યું તે ઈશ્વરને આભારી છે. ઈશ્વરની એમને શક્તિ મળી કારણ તેમણે ઈશ્વરના નામનું સતત રટણ કર્યું. અંદરના જપથી સતત આત્મસ્વરાજ મેળવનાર પુરુષ પોતાના દેશને સ્વરાજ અપાવવાને યશભાગી બની શક્યા અને ભારત જેવા મહાન દેશના રાષ્ટ્રપિતાનું બિરુદ પામ્યા. રાષ્ટ્રપિતાનું પ્રૌઢત્વ તેમાં ખીલ્યું કારણ રાષ્ટ્ર તરફનો તેમનો એવો વિરલ પ્રેમ હતો અને એ પ્રેમના દોરાયા આખુંય જીવન ભારતની સેવા કરી. પણ એ બધું કરતાં મનમાં રટણ તો રામનું જ હતું. ટૂંકમાં, જપ અને રટણ કરનારમાં કેટલું વૈવિધ્ય અને શક્તિ જન્મે છે, કેવું કર્તૃત્વ પેદા થાય છે, કેટલો પ્રેમ અને નાવીન્ય પેદા થાય છે તેનો અજબ તાજો દાખલો આપણી સમક્ષ પસાર થયેલા આ ગાંધીજીના જીવનમાં જોવા મળે છે. જપમાં કેવું નાવીન્ય છે એનો પોતે અનુભવ કર્યો અને એ અનુભવની પાછળ આત્માની કેવી ભૂખ હોય તેનું વર્ણન ગાંધીજીએ પોતે જ કર્યું છે, "એ જ રીતે દરેક જપમાં નવો અર્થ હોય છે; દરેક જપ માણસને ઈશ્વરની વધારે સમીપ લઈ જાય છે. આ ખરેખરી હકીકત છે; અને હું તમને કહું છું કે તમે કોઈ સિદ્ધાંતવાદીની સાથે વાત નથી કરતા પણ એવા માણસની સાથે વાત કરો છો જેણે આ વસ્તુનો જીવનની પ્રતિક્ષણે અનુભવ કર્યો છે - એટલે સુધી કે આ અવિરત ક્રિયા બંધ થવી સહેલી છે એના કરતાં જીવ નીકળી જવો વધારે સહેલો છે. એ આત્માની ભૂખ છે." (રામનામ પા. ૧૨)

અહીં અનુભવ વચનથી સ્પષ્ટ સમજાય છે કે જપ રટણ છે છતાં તેમાં સતત નાવીન્ય છે, જેમ ઈશ્વર એનો એ છે છતાં નિત્ય નવીન છે તેમ. આ નિત્ય નાવીન્યને લીધે જ ગાંધીજીના સત્ય અહિંસામય જીવનમાંથી જીવનનાં બધાં ક્ષેત્રોમાં નવો પ્રાણસંચાર અને નવીન વિચાર આપવાની શક્તિ જન્મી.

ગાંધીજીના જીવનમાં જપની આટલી પ્રબળ અસર અને સ્થાન જોયા પછી તેમણે જપને કેવી રીતે જીવનમાં સ્થાન આપ્યું, અને જપનો અર્થ કેવો કર્યો તે સમજવું રસદાયી થશે. નાનપણમાં ગાંધીજી કંઈક બીકણ હતા. બીકને ટાળવા ઘરની સેવિકા રંભાબાઈએ ગાંધીજીને રામનામ રટવાનું બતાવ્યું. રંભાબાઈનો ગાંધીજી ઉપર ખૂબ પ્રેમ. એવા પ્રેમપૂર્વક એણે ગાંધીજીને રામનામની દીક્ષા સહજભાવે આપી. જાણે કશું જ ભારે કામ કર્યાનો તેને વિચાર પણ નહિ આવ્યો હોય. પ્રેમથી આપેલું રામનામ ગાંધીજીના હૃદયમાં જડાઈ ગયું અને દિવસે દિવસે તે હૃદયનો કબજો લઈ બેઠું અને તે એટલે સુધી કે જ્યારે છેલ્લી વેળાએ ત્રણ ગોળી છૂટી અને હૃદય વીંધાયું ત્યારે એ હૃદય રામનામ જ બોલી ઊઠીને શાંત પડ્યું! અંદર કેવળ રામનામ જ હોય પછી ગોળી વાગે કે બૉંબ ફૂટે પણ તે બીજું બોલી પણ શું શકે? રામનામ આટલું દૃઢપણે એમના હૃદયમાં ઊતરી ગયું હતું! ગાંધીજીની આસપાસ બેસનાર ગાંધીજીને કામ કરતા હોય ત્યારે થોડી થોડી વારે 'હે રામ'ની ઊંડી આહ કે પોકાર સંભળાયા વિના રહેતો ન હતો. જાણે કે એ પોકાર આપણને પ્રતીતિ કરાવતો હતો કે એ બધું અવિરત કામ થાય છે તે ઈશ્વરને યાદ કરીને થાય છે, એની મદદથી જ થાય છે અને એને માટે જ થાય છે.

આ રામનામ આટલું પ્રભાવશાળી છે તે આપણી પ્રત્યક્ષ જીવાયેલા જીવનમાં જોવા મળ્યું ત્યારે સહજ સવાલ થાય કે એમણે ઈશ્વર કોને માન્યા? એમનો એ વિશેનો ખ્યાલ કેવો હતો? એ કંઈ

કોઈ સંપ્રદાયને માનતા ન હતા કે જેથી રામને જ પસંદ કરે. ગાંધીજીને નાનપણમાં જ રામનામ મોઢે ચડ્યું, નાનપણમાં જ રામાયણ સાંભળવાનું ખૂબ મળ્યું તેથી રામનામ એ બોલતા. બાકી એમનો રામ તો સર્વ ધર્મમાં સમાય કે સર્વે ધર્મને સમાવે એવો ઈશ્વર છેઃ "ખરું જોતાં ઈશ્વર એક શક્તિ છે, તત્ત્વ છે; તે શુદ્ધ ચૈતન્ય છે, સર્વ વ્યાપક છે છતાં તેનો આશ્રય કે ઉપયોગ બધાંને મળતો નથી; અથવા કહો કે બધાં તેનો આશ્રય મેળવી શકતા નથી." (રા. પા. ૨૬) ઈશ્વરને ગાંધીજીએ ચૈતન્ય કહ્યું. કયો ધર્મ ઈશ્વરને ચૈતન્ય કહેવા તૈયાર નથી? આ ચૈતન્ય ઈશ્વર સર્વ વ્યાપક છે છતાં માણસ તેનો ઉપયોગ કરતા નથી એવી માનવીની કમનસીબી છે. એમાં વચ્ચે આવે છે અશ્રદ્ધા, શંકા, સ્વાર્થ અને અહં. બધા ધર્મોમાં ઈશ્વર છે અને તેનો જપ તેનો રાજમાર્ગ છે છતાં વિભેદની દીવાલ ખડી કરનાર અહં છેઃ "જૈસી જિસકી ભાવના, વૈસા ઉસકો હોય. આમાં બીજો ઉપાય હું નથી જોતો. બધા ધર્મ આખરે એક જ હોય, તો બધાનું એકીકરણ કરવાનું છે. જુદા તો પડ્યા જ છીએ, અને જુદા સમજીને એકબીજા સાથે લડીએ છીએ. થાકીએ ત્યારે નાસ્તિક બનીએ છીએ. પછી તો નથી રહેતો ઈશ્વર કે નથી બીજું કંઈ. રહે છે ખાલી અહં." (રા. પા. ૨૪)

ગાંધીજીએ સર્વ ધર્મ ભાવના પ્રચંડ વિચાર અને ભાવનાનું મોજું ઊભું કર્યું તેની પાછળ આવી વ્યાપક ઈશ્વરભાવના હતી. સંતો ઈશ્વરના અનેક નામ જપતા હોય પરંતુ એ બધાય એક જ ચૈતન્યરૂપી ઈશ્વરને માનતા હોય છે અને એ દૃષ્ટિએ એ બધાને એકેશ્વર કહેવા જોઈએ. આ દૃષ્ટિએ જ અગાઉ કહ્યું તેમ જપ અને સંતો માનવધર્મની ભૂમિકા પૂરી પાડે એમ છે. એના વિકાસમાંથી વૈજ્ઞાનિક વિકાસશીલ માનવધર્મ માનવજાતને મળી શકે એમ છે.

આવો ઉત્તમ જપ થાય કેમ એવો સવાલ ગાંધીજી જેવા મહાન લોકશિક્ષકને પુછાયા વિના રહે જ નહિ. "જો નામે હૃદયનો કબજો મેળવ્યો હોય તો પછી 'જપ કેમ થાય' એવો પ્રશ્ન પૂછવો ન જોઈએ; કારણ કે નામ જ્યારે હૃદયમાં સ્થાન લે છે ત્યારે ઉચ્ચારણની આવશ્યકતા નથી રહેતી. એ સાચું છે કે આ પ્રમાણે રામનામ જેમને હૃદયસ્થ થયું છે એવા ઓછા હશે. રામનામમાં જે શક્તિ માનવામાં આવી છે તેને વિશે મને જરાય શંકા નથી. માત્ર ઇચ્છા કરવાથી દરેક માણસ પોતાના હૃદયમાં રામનામ અંકિત નથી કરી શકતો. તે માટે અથાક પરિશ્રમની જરૂર પડે છે, ધીરજની આવશ્યકતા છે. પારસમણિ કરતાં કેટલુંય અમૂલ્ય છે." (રા. પા. ૧૪) આટલામાં ગાંધીજીએ રામનામ ઉપર ખૂબ કહી દીધું છે. રામનામ જીવનમાં ગુરુચાવી છે, બધાં દુઃખદર્દનું તે ઓસડ છે, શક્તિ છે; એ દિલમાં વસે તો બધું મળ્યાં જેવું છે. તેને હૃદયસ્થ કરવા અથાક મહેનત કરવી જ રહી એટલે કે જપ જપ્યા જ કરવો રહ્યો.

પણ આવો સતત જપ કેવળ મોઢેથી પોપટની જેમ બોલ્યા કરવાથી કશું ન વળે. તેથી ગાંધીજી એ અંગે ચેતવે છેઃ "હા, એટલું યાદ રાખવું જોઈએ કે એ મંત્ર પોપટની માફક ન પઢાય. તેમાં આત્મા પરોવવો જોઈએ. પોપટ યંત્રની જેમ આવા મંત્ર પઢે છે, આપણે તેને જ્ઞાનપૂર્વક પઢીએ; ન જોઈતા વિચારોનું નિવારણ કરવાની ભાવના ધરીને અને તેમ કરવાની મંત્રની શક્તિમાં વિશ્વાસ રાખીએ." (રા. પા. ૭) સામાન્ય માણસને પણ સમજાય એવી આ રામનામની સમજૂતી છે. સાથે તેમાં અનુભવની સચોટતા પણ ઊતરી છે.

રામનામમાં કેટલી અદ્‌ભુત શક્તિ છે તેનું વર્ણન ગાંધીજી બહુ સંક્ષેપમાં કરી દે છેઃ "આધિ, વ્યાધિ, ઉપાધિ એ ત્રણેને માટે રામનામ રામબાણ ઇલાજ છે.". (રા. પા. ૭૭) માણસે આ ત્રણેયના નિવારણ માટે યત્ન કરવો જોઈએ પણ એ યત્નમાં સાથે

ઈશ્વરકૃપા પણ માગવી જોઈએ. મનુષ્ય યત્ન અમુક હદ સુધી જ કામ લાગે છે અને જ્યાં પ્રયત્નની હદ આવે ત્યાં ઈશ્વરની મદદ કામ આવે છે. વળી એમ પણ કહી શકાય કે યત્નનો આધાર પણ ઈશ્વર છે તેથી માણસે સતત ઈશ્વરની મદદ માગવી જોઈએઃ "જ્યાં મનુષ્ય યત્ન કંઈ જ નથી કરતો ત્યાં ઈશ્વરની કૃપા કામ આવે છે." (રા. પા. ૮) ગાંધીજીના યત્ન પાછળની આ જ ભાવના હતી. માનવ યત્નનો આધાર પણ ઈશ્વર છે. તેથી તેને જ સતત રટવો જોઈએ. યત્ન કરતાં કરતાં દિલથી ઈશ્વરને રટવો છતાં મોઢેથી પણ તેને યાદ કરવો. ગાંધીજીએ આ હૃદયરટણ અને મુખેથી રટણનો અજબ સુમેળ બેસાડ્યો હતો. કામ કરતાં કરતાં દિલથી રટણ ચાલતું જ હોય પણ જાણે એ આત્માનુસંધાન અવિરત કામનો પ્રવાહ જરાય તૂટે નહિ તે માટે મોઢેથી 'હે રામ'નો પોકાર કરી લેતા. એમની એ રામનામની આહ સાંભળવા જેવી હતી! જાણે ઈશ્વરને કહેતા હોય કે તારા લીધે અને તારા માટે આ બધો કામનો ઢસરડો આનંદથી વસ્તું છું; તું શું કરાવવા અને કેમનો વળાંક આપવા ચાહે છે? મનુષ્ય પ્રયત્ન અને પ્રબળ પુરુષાર્થ સાથે ઈશ્વરકૃપાની આવી સતત પ્રાર્થનાનો સુમેળ એમણે સાધ્યો હતો. પછી કયું કામ ઈશ્વરકૃપાથી થયું અને કયું મનુષ્ય યત્નથી એવો તાળો મેળવવાનો રહે જ ક્યાં? પ્રયત્ન માત્ર ઈશ્વરકૃપાથી છે, જીવનસમગ્ર તેને માટે છે ત્યાં પોતાનું કંઈ આગવું માનવાપણું રહે જ ક્યાં? પોતાના યત્નના અભિમાનને સ્થાન નથી રહેતું, બધું ઈશ્વરમય બની જાય છે.

રામનામ જપમાં પ્રવૃત્તિનો નિષેધ નથી પણ તે કર્તવ્ય બને છે. પણ એ પ્રવૃત્તિ અનાસક્તિમય હોય, કર્મમાં અનાસક્તિ પેદા કરવાને માટે જપ બહુ કામનો છે. આ અંગે ટૂંકમાં પણ બહુ સચોટ શબ્દોમાં ગાંધીજીએ પોતાનો અભિપ્રાય બતાવ્યો છે, "મારા નમ્ર અભિપ્રાય

પ્રમાણે વિકાસને માટે પ્રવૃત્તિની જરૂર છે; અને તે પણ ફલાભિસંધાન રહિત પ્રવૃત્તિની. 'રામનામ' કે એવો જ કોઈ મંત્ર, બોલવાની ખાતર જરૂર નથી પણ આત્મશુદ્ધિની ખાતર બોલવાની જરૂર છે, પ્રવૃત્તિને મદદ મળે તે માટે, ઈશ્વર સન્માર્ગે પ્રેરે તે માટે જરૂર છે.'' (રા. પા. ૯) માણસના વિકાસમાં કર્મ સહજ ઉત્તમ સાધન છે પણ એ કર્મ અનાસક્ત બનવું જોઈએ. અનાસક્તિ કેળવવામાં અને ઈશ્વર પ્રેરણા લેવા માટે અને આત્મશુદ્ધિ કેળવવામાં જપ અનેરું સાધન છે.

પણ અનાસક્તિ અને આત્મશુદ્ધિમાં વચ્ચે આવનારા તો મનોવિકારો છે. એને જીતવા બહુ કપરા છે. ઋષિમુનિઓને પણ સતાવી જાય એવા તે કપટી છે. તો સામાન્ય માણસનું શું ગજું? આવો નિર્બળ વિચાર પણ માણસને આવે છે. સાધકને પણ આવે છે અને ઘણીવાર તે નિરાશ થાય છે. ગાંધીજી સ્વાનુભવથી જણાવે છે કે મનોવિકારને જીતવાનો રાજમાર્ગ પણ જપ છે. ''પણ વિષય જીતવાનો સુવર્ણ નિયમ તો રામનામ અથવા એવો કોઈ મંત્ર છે. દ્વાદસાક્ષર મંત્ર (ૐ નમો ભગવતે વાસુદેવાય) પણ એ જ અર્થ સારે છે...ભલે મંત્ર જપતાં બીજા વિચારો આવ્યા કરે, તે છતાં શ્રદ્ધા રાખી જે મંત્રનો જપ જપ્યા જ કરશે તે અંતે વિજય મેળવશે એમાં મને લેશ પણ શંકા નથી. એ મંત્ર એની જીવનદોરી થશે અને બધાં સંકટોમાંથી તેને બચાવશે.'' (રા. પા. ૭)

ઘણીવાર એવું બને છે કે જપ કરનાર જપમાં લીન થતો લાગે પરંતુ મૂળ વિચાર ભૂલી જાય એવું બને છે. તે કોઈની કોઈ સિદ્ધિ કે પ્રાપ્તિની વાંછામાં પડી જાય એવા દાખલા પણ ઘણા બને છે. તંત્રની સાધના કરનાર માટે તો આ ભુલભુલામણી સામાન્ય બનેલી જોવામાં આવે છે. તેથી મૂળ વિચાર સદા યાદ રાખવાનો રહે છે કે જપ ઈશ્વરપ્રાપ્તિ માટે છે અને અસદ્ વિચારને દૂર કરવો અને

જપની સાધના કરવી તે સાધન છે. ગાંધીજી આ પાયાની વાતની બરાબર યાદ આપે છેઃ "પણ ભજન, રામનામ વગેરે બધાં પ્રાર્થનાનાં સાધન છે, સાધ્ય ઈશ્વરની સાથે અનુસંધાન છે." (પા. પા. ૧૧) આવી ઈશ્વરપ્રાપ્તિમાં જપની મદદ અચૂક છે : "ઈશ્વરપ્રાપ્તિમાં રામનામ ખાતરીલાયક મદદ આપે છે, એમાં શક નથી. હૃદયથી એનું રટણ કરીએ તો તે અસદ્ વિચારને ભગાડી મૂકે છે અને અસદ્ વિચાર જ ન હોય તો અસદ્ આચાર ક્યાંથી સંભવે?" (રા. પા. ૧૭)

જપમાં આવો જાદુ ક્યાંથી? એનાથી ત્રિવિધ તાપ મટે, મનોવિકાર દૂર થાય, આત્મશુદ્ધિ થાય અને છેવટે ઈશ્વરપ્રાપ્તિ પણ થઈ શકે. જપને જંતરમંતર સાથે કંઈ સંબંધ છે કે શું? ગાંધીજી આવી શંકાને નિર્મૂળ કરે છે : "મારા રામનામને જંતરમંતર સાથે કશો સંબંધ નથી. મેં કહ્યું છે કે કોઈપણ રૂપમાં હૃદયથી ઈશ્વરનું નામ લેવું એ એક મહાન શક્તિનો આધાર લેવા બરાબર છે. એ શક્તિ જે કરી શકે છે તે બીજી કોઈ શક્તિ નથી કરી શકતી. એની સરખામણીમાં અણુબૉંબ પણ કશી વિસાતમાં નથી." (રા. પા. ૧૯).

ગાંધીજી જપને માટે રામનામનો ઉપયોગ કરતા તેથી એ જપમંત્ર વિશે શંકાકુશંકાઓ થતી. રામ શું રાજારામ છે કે તેથી વિશેષ? ગાંધીજીએ એનો ઘણીવાર રદિયો આપેલો કે રામનામ એટલે ઈશ્વરનામ. ગમે તે નામે તેને પોકારો. તે એક જ ઈશ્વરના દ્યોતક છે. તે અજન્મા છે, સનાતન ચૈતન્ય છેઃ "મારો રામ તો સનાતન છે. તે કદી જન્મ લેતો નથી અને તેના જેવો બીજો કોઈ નથી." (રા. પા. ૨૧)

એક બાજુ લોકો જપમાં શંકા બતાવે છે તો બીજી બાજુ કેટલાક અતિ ઉત્સાહી બનીને જપનો પ્રચાર કેમ થાય તેની ચિંતા

સેવતા થઈ જાય છે. એવા ઉત્સાહીઓનો ઉત્સાહ પોતાના અંતરમાં વાળવાની તેમને ગાંધીજી સલાહ આપે છેઃ "તેથી જે રામનામનો પ્રચાર કરવાને ઇચ્છે છે તેણે એ પ્રચાર પોતાના હૃદયમાં કરી રામનું સામ્રાજ્ય ત્યાં સ્થાપી પ્રચાર કરવો. એ વસ્તુને જગત ઝીલી લેશે અને રામનામ જપશે. પણ જ્યાં ત્યાં અને જેમ તેમ રામનામનો જપ કરાવવો એટલે તો પાખંડમાં પાખંડને ઉમેરી રામનામને નિંદવું અને નાસ્તિકતાનો ધોધ ચાલી રહ્યો છે તેનો વેગ વધારવો." (રા. પા. ૨૦) જપ જેમ તેમ કરવાનું સાધન નથી. એ સાધન તરીકે સહેલું અને સરળ છે એનો અર્થ એ નથી કે એને હળવું સાધન બનાવી દેવું! જપનું સાધન સરળ છે અને અનેક અર્થ સારનારું છે તેમ તેનું રહસ્ય ગૂઢ છે એની પદ્ધતિ સમજવા જેવી ગંભીર છે. તેથી ગાંધીજીએ જપના પ્રચારકોને સમજવા જેવી ગંભીર ચેતવણી આપી દીધી હતી. જે નિષ્ઠાવાન છે તે જ એને માટેના ખરા અધિકારી છે. તેથી એને હળવું બનાવી એનો પ્રચાર કરવા બેસવો એ બેહૂદી વાત છે. સંતોએ જપનો પ્રચાર કર્યો પણ ગાંધીજીએ કહ્યું તેમ તેને પોતાના હૃદયમાં સ્થાપીને તેનો સહજભાવે ચેપ લગાડ્યો. એ ચેપ ઘણીવાર કેટલો મહાફલદાયી નીવડે તે આપણે અગાઉ જોઈ ગયા છીએ.

જપસાધન જેટલું સરળ છે તેટલું દિલમાં બેસાડવું કઠિન પણ છે. એ મન, હૃદય અને શરીરને શુદ્ધ કરે છે પણ તેને મનમાં જડવું એ કપરું કામ છે તેથી ગાંધીજીએ જપની ગંભીર બાજુ સમજાવી. એનો પ્રચાર પોતાની અંદર કરવામાં જ બધો ઉત્સાહ વાળવો જોઈએ અને તો જ પોતે કંઈ મેળવી શકે. આ કઠિનાઈ સામાન્ય જન માટે કેટલી હોઈ શકે તેનો સ્પષ્ટ ખ્યાલ ગાંધીજીએ આપ્યો છેઃ "રામનામને હૃદયમાં કાયમનું અંકિત કરવામાં અખૂટ ધીરજ જોઈએ.

તેમાં યુગના યુગ વહી જાય એમ બને. પણ તે છતાં એ મહેનત કરી જોવા જેવી છે. તમે સૌ જાગતા હો તો તે દરમિયાન ખંતથી રામનામ લેવાનું અખંડ ચાલુ રાખો. પછી આખરે તો તે તમારા દિલમાં જડાઈ જશે; ઊંઘમાંય તમને વિસ્મરણ નહિ થાય અને તમે ઈશ્વરની કૃપાના અધિકારી થશો. તમારાં શરીર, મન અને આત્મા સંપૂર્ણપણે નીરોગી રહેશે.'' (હ. તા. ૨-૬-૪૬)

જપ આત્મા અને મનને શુદ્ધ કરે એ વિશે તો અત્યાર સુધીમાં ઘણું વિચાર્યું પણ શરીરને પણ તે કઈ રીતે શુદ્ધ કરે, નીરોગી કરે અને વ્યાધિને દૂર કરે તે વિશે વધુ જાણવું વિચારવું જોઈશે. ગાંધીજીએ નિસર્ગોપચારના અખતરામાં જપને મુખ્ય સ્થાન આપ્યું તે મહત્ત્વની બાબત ગણાય. તેમણે જપને આવું પ્રથમ સ્થાન કેમ આપ્યું તે વિશે જણાવે છે : ''એ અને એનો કાયદો એક જ છે. એટલે એનું પાલન એ એનો જપ.'' (રા. પા. ૨૯) અહીં જપની બહુ વિશાળ વ્યાખ્યા મળી જાય છે. માણસ જપ જપે અને કુદરતના નિયમોનો ભંગ કરે તો જપનો લાભ ન જ મળે, ઊલટું પોતાને નુકસાન કરી બેસે. જપ એટલે કુદરતના નિયમોનું પાલન. એ નિયમોનું પાલન કરતાં કરતાં જે જપ કરે તેને બધા લાભ મળે. જપ એટલે ચૈતન્ય સાથે તદાકાર થવું. ચૈતન્ય અને તેના નિયમો એક છે. તો ખરો જપ તો તેને જ કહેવાય જેમાં ચૈતન્ય અને તેના નિયમોમાં તદાકાર થઈ શકાય. નિયમોમાં તદાકાર થવાનો એક જ માર્ગ છે અને તે નિયમોનું પાલન કરવું. ''નામ રટનારે અધિકાર પરત્વે જે નિયમોનું પાલન કરવું જોઈએ તે નિયમોનું તે પાલન કરે.'' (રા. પા. ૮૨) આવું નિયમન અને પાલન શરીરના વ્યાધિઓને જરૂર દૂર કરી શકે છે. ચરકનો પણ તેને ટેકો છે. ''ચરાચરના સ્વામી એવા વિષ્ણુનાં હજાર નામમાંથી એકનો પણ જપ કરવાથી સર્વ રોગ શાંત થાય છે.''

विष्णु सहस्त्रमूर्धानं चराचरपतिं विभूम् ।
स्तुवन् नामसहस्त्रेण जरान् सर्वान् व्यपोहति ॥
૮ चरक चिः घ. ३-उ श्लो. ३११

આપણા આયુર્વેદમાં જપનું આવું માહાત્મ્ય ગવાયું છે તેમ ક્રિશ્ચિયન સાયન્સ અને સાઈકોથેરેપી પણ જપની આવી અસરને ટેકો આપે છે. ગાંધીજીએ આ હકીકત બુદ્ધિવાદીઓના ધ્યાન ઉપર આણી છેઃ "ક્રિશ્ચિયન સાયન્સ, ફેઈથ હિલિંગ, સાઈકોથેરેપીમાં માનનારા રામનામની અંદર રહેલા સત્ય વિશે કંઈક સાક્ષી પૂરશે. વાચકને બુદ્ધિથી બહુ સમજાવી શકું એમ નથી. જેણે સાકર ચાખી નથી તેને તે ખાવાનું કહીને જ તેનું ગળપણ સિદ્ધ કરાયને?" (રામનામ)

ગાંધીજીની અનુભવવાણી જપનું મહત્ત્વ સમજવા માટે છેવટે બીજું કહે પણ શું? જપ અનુભવ વિષય છે. અનેક સંતો, મહાત્માઓ અને ઓલિયાઓનો એ અનુભવ સાર છે. દલીલથી અને બુદ્ધિથી એને વિશેની શંકા દૂર થવાની નથી. યોગશાસ્ત્રે બહુ સરસ કહી નાખ્યું કે સંશય દૂર કરવાનો ઉપાય પણ જપ પોતે જ છે. જપ કરવા માંડો એટલે બધું અનિષ્ટ આપોઆપ દૂર થશે. ગણિતના સૂત્ર જેટલું જપનું કામ પણ ચોક્કસ છે. એટલે છેવટે ગાંધીજીનું વાક્ય યાદ કરી લઈએઃ "રામનામમાં જે કંઈ સમાય છે તે બધું સ્વીકારીને તેનું રટણ કરવું જોઈએ. રામનામ ગણિત વિદ્યાના સૂત્ર જેવું છે. જેમાં અનંત શોધખોળ અને અનંત પ્રયોગોનાં પરિણામોનો અત્યંત ટૂંકમાં સાર ભેગો કરેલો હોય છે." (રા. પા. ૭૨)

શ્રીરમણ મહર્ષિ

ચાલુ અર્ધા સૈકા દરમિયાન ભારતે જગતને વિભૂતિઓની ત્રિપુટીની વિચારધારા ભેટ આપી છે તેની મહત્તાનો ખ્યાલ બહુ

થોડાને આવ્યો છે. ગાંધીજીને તો જગત આખું ઓળખતું થયું છે. શ્રીઅરવિંદને જગતભરમાં ફિલસૂફી અને ધર્મના અભ્યાસીઓ ઓળખતા થયા છે, પરંતુ શ્રીરમણ મહર્ષિનો પરિચય એટલા પ્રમાણમાં દેશમાં કે પરદેશમાં થયો નથી. એમના શાંતિમય જીવન અને વેદાંતી જીવનરીતની સરખામણીએ જોતાં તો એઓ સારી પેઠે જાણીતા થયા ગણાય. દેશનો ધાર્મિક બુદ્ધિવાળો ભણેલો વર્ગ એમને સારી રીતે ઓળખતો થયો છે અને પરદેશમાં પણ કેટલાક પરદેશી મુલાકાતીઓનાં લખાણથી જાણીતા થયા છે.

આ ત્રિપુટી દ્વારા ભારતીય સંસ્કૃતિનું હાર્દ જગત આગળ ખુલ્લું મુકાયું છે. એ ત્રણેની વિશેષતા અલગ અલગ છે છતાં એ ત્રણેયનો સંદેશો એક જ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. આધ્યાત્મિક જીવન જ મુખ્ય છે. બાકી બધું ક્ષુલ્લક છે અને એ આ સ્થૂળ જીવનને આધ્યાત્મિક જીવનમાં ફેરવવાનું કામ હવે માનવજાતે કરવાનું છે. ત્રણેયે જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કર્યું છતાં તેમણે આધ્યાત્મિકતાને જ સર્વોપરી આચરી બતાવી. આ ત્રણેનો આ સંદેશ ભારત પોતાના શાંતિના સંદેશ દ્વારા આજે આપે છે અને આવતી કાલે શાંતિ સ્થિર થતાં એ સંદેશનો વિગતે અને ઝીણવટથી અભ્યાસ થતાં તે દુનિયા સુધી પહોંચી માનવજાતની સેવા કરવા સમર્થ થશે.

આવી આ વિભૂતિ ત્રિપુટીએ જપ અંગે પણ પોતાનો અનુભવ સાર બતાવ્યો છે. ગાંધીજીનું જપ અંગેનું કથન આપણે વિગતે હમણાં જ જોયું. હવે મહર્ષિનું એ અંગે શું કહેવું છે તે જોઈએ. શ્રીરમણ મહર્ષિ વેદાંતને પ્રત્યક્ષ જીવનમાં ઉતારી ગયા. વેદાંતની વાત જીવી બતાવી. 'હું કોણ'ની શોધનો સીધો, ટૂંકો અને ઝડપી એવો સાધનામાર્ગ તેમણે આપણી આગળ પ્રત્યક્ષ કર્યો. આત્મા જ સર્વત્ર છે, તેજ છે અને આ જગત પણ તેજ છે, એ એ સિવાય બીજું કશું

છે જ નહિ એ વેદાંત મતને એમણે બહુ સચોટપણે રજૂ કર્યો છે. એ જ રીતે હું આત્મા છું તો એને પ્રાપ્ત કરવા 'હું કોણ'ની શોધ ચલાવી, આત્મા સુધી પહોંચી એમાં સ્થિર થવું એ વૃત્તિશોધનો માર્ગ એમણે બતાવ્યો. એમની વિચારસરણી અને સાધનામાર્ગના વધુ ઊંડાણમાં જવાનું આ સ્થાન નથી છતાં એટલું કહેવું જોઈએ કે આ માર્ગ પ્રત્યક્ષ વ્યવહારજીવનમાં પણ અમલી કરવો શક્ય છે. મહર્ષિજીએ પણ દુનિયાના માણસોને એ અમલમાં લાવવા ઉપદેશ કર્યો છે કારણ જેણે આત્માને ચિહ્ન્યો છે તેને દુનિયા કે વ્યવહાર કે તેની બહાર જેવું કંઈ છે જ નહિ; તેને માટે સર્વત્ર આત્મા જ આત્મા છે. તેને માટે હું, તું અને તે પણ નથી રહેતું. આ ખરી બ્રાહ્મી સ્થિતિ છે અને તે સર્વત્ર શક્ય છે.

આવી ઉચ્ચ પ્રકારની સાધના પદ્ધતિમાં પણ જપને સ્થાન છે અને તેથી જપ વિશે મહર્ષિજીએ નિર્દેશ કર્યો છે. એમના 'ઉપદેશસાર'ના પુસ્તકમાં જપને સ્થાન મળ્યું છે એટલું જ નહિ પણ જપની તેમાં સુંદર વ્યાખ્યા કરવામાં આવી છે :-

ઉચ્ચ કે મંદ જે સ્તવન તેના થકી,
શ્રેષ્ઠ છે જપ અને ધ્યાન મનમાં.
('ઉપદેશસાર' શ્લોક ૬)

અર્થ સ્પષ્ટ છે. જપનું કામ છે આત્મસ્થિતિની યાદ કાયમ કરવી. આત્મભાવના સ્થિર થાય એ જ જપનું કામ છે. તેથી 'ઉપદેશસાર'નો ૮મો શ્લોક સૂચવે છે :

ભિન્નની ભાવનાથી ચડે ઐક્યની ।
ભાવના પાવની શુદ્ધ સોઽહમ્ ॥

એમના મત પ્રમાણે ઈશ્વરનાં દર્શન કરવાં એટલે ઈશ્વરમય

થવું, તેની સાથે તાદાત્મ્ય સાધવું, 'હું'ને વિગલિત કરવો. જપ આવી વિચારસાધનામાં કામનો છે. તે બીજા વિચારને હાંકી કાઢવામાં મદદરૂપ છે : "જપ એટલે બીજા સર્વ વિચારોને હાંકી કાઢીને એક જ વિચારને વળગી રહેવું. જપથી ધ્યાન થાય છે અને ધ્યાનનું ફળ ઈશ્વરપ્રાપ્તિ અથવા જ્ઞાન છે." (રમણવાણી પા. ૨૭, ૨૮) આવો જપ થાય કેમ? તેના જવાબમાં તેમણે યોગની શરણાગતિની વાત કરી છે : મનુષ્યે ભક્તિભાવ વગર કૃત્રિમ અને ઉપલક રીતે ભગવાનનું નામ ઉચ્ચારવું ન જોઈએ. ઈશ્વરનું નામ લેવા માટે મનુષ્યે પ્રથમ તેનું આવાહન કરવું જોઈએ અને પોતાની જાતને સંપૂર્ણપણે તેને ચરણે ધરી દેવી જોઈએ. આવી શરણાગતિ પછી જ ભગવાનનું નામ મનુષ્યની જીભ ઉપર સતત વસી શકે છે. .... "આવી શરણાગતિમાં બધું સમાઈ જાય છે; એ જ જ્ઞાન અને વૈરાગ્યની ભક્તિ અને પ્રેમ છે." (રમણવાણી પા. ૨૮)

આ શરણાગતિ આત્મવિચારથી શક્ય છે. આત્મવિચાર એટલે 'હું કોણ'ની શોધ. આમાં સાધનામાત્ર સમાય છે એવો મહર્ષિજીનો મત છે. મંત્રોચ્ચાર પણ એને અર્થે જ છે. અથવા કહો કે જપ એમાં સમાઈ જાય છે : "આત્મવિચાર માત્ર સૂત્ર જ નથી પણ તે મંત્રોચ્ચાર કરતાંય શ્રેષ્ઠ છે. 'હું કોણ'ની વિચારણા જો માત્ર માનસિક પ્રશ્ન પરંપરા જ હોય તો તેમાં કશી વિશેષતા નથી. આત્મવિચારનો મૂળ આશય સમગ્ર મનને તેના મૂળ સ્થાનમાં એકાગ્ર કરવાનો છે." (રમણવાણી પા. ૫૦)

આત્મવિચાર શું છે તેનો ખ્યાલ નીચેના નાના ફકરા ઉપરથી સારો આવે એમ છેઃ "આત્મા એ જ ઈશ્વર છે. 'હું છું' એ ઈશ્વર છે ... આત્માની પ્રાપ્તિ માટે જે કંઈ કરવાનું છે તે એ કે નિશ્ચળ થવું' આનાથી વધારે સહેલું શું હોઈ શકે? આ કારણસર આત્મવિદ્યાની પ્રાપ્તિ અતિ સુલભ કહી છે." (૨. પા. ૪૬) આત્મપ્રાપ્તિને સુલભ

કહેનાર તો બહુ થોડા જ હોય. જપ પણ સુલભ સરળ સાધન છે. આત્મવિચારમાં જપનું સ્થાન એ છે કે તે મનને આત્માની નિશ્ચળતામાં સ્થિર કરે ''આ પ્રકારે મનને હૃદયની અંદર અર્થાત્ આત્મસ્વરૂપમાં સ્થિર કરવું એ યોગ, ધ્યાન, જ્ઞાન, મંત્ર, જપ વગેરે બધું જ છે.'' (આત્માનુસંધાન પા. ૨૦) આ દૃષ્ટિએ મહર્ષિને મન આત્મવિચારમાં જ જપ સમાયેલો છે. બીજી રીતે કહેતાં એમ કહી શકાય કે જપનું મુખ્ય કામ આત્મવિચારણા છે એટલે કે મનને આત્માની નિર્મળતામાં સ્થિર કરવાનું છે. મહર્ષિ પણ એક સ્થળે આમ જ કહે છે, ''રાજાને જોઈને કોઈ ગરીબ માણસ એમ કહે કે 'હું રાજા બની ગયો' તેથી શું તે ખરેખર રાજા બને છે? તે જ પ્રમાણે શિવોઽહમ્ અર્થાત્ 'હું આત્મા છું' એવું અનુસંધાન નિરંતર અને લાંબો કાળ કરી મનને પાશમાંથી છોડાવ્યા વિના, મનના ઉપરામરૂપી પરમ શીતળ શિવસ્વરૂપ પામી શકાતું નથી.'' (આત્માનુસંધાન પા. ૨૨, ૨૩) આત્મવિચારમાં પણ જપની મહત્તા કેટલી છે તેનો આ ઉપરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે. વેદ અને વેદાંતમાં જપનું માહાત્મ્ય આપણે જોયું હતું. વેદાંતના ઋષિ જેવા મહર્ષિ પાસે પણ જપનું નિશ્ચિત સ્થાન જાણવા મળે છે. ઋષિવાણી ભૂતકાળની હોય કે આજની પણ તે નિરંતર એક જ સત્યને પોકારતી હોય છે.

શ્રીઅરવિંદ

વિભૂતિ ત્રિપુટીની ત્રીજી વિભૂતિ તે શ્રીઅરવિંદ. ભારતમાતાની મુક્તિ માટે સંગ્રામના એક વખતના લડવૈયા. પાછળથી માનવતાની આધ્યાત્મિક મુક્તિના વિશ્વજંગમાં મચી પડ્યા અને એક અનેરા સાધનામાર્ગનું સર્જન કર્યું. એમણે વેદવેદાંતનું નવીન રીતે પોતાના પૂર્ણયોગમાં સમર્થન કર્યું અને જગતને પૂર્ણયોગની અને તેને માટેની સાધનાની ભેટ આપી છે. એમના પૂર્ણયોગમાં બધા વિચારનો સહજ સમન્વય તેમણે સાધી બતાવ્યો છે અને દરેકને પોતાને યોગ્ય સ્થાને

ગોઠવ્યા છે. આ પૂર્ણયોગ આજના વાદાવાદ, વાદવિવાદ અને વિતંડાવાદના જમાનામાં માણસને અને આખીય માનવતાને પૂર્ણ અને સમવન્યી વિચારસરણી શિખવાડે છે. વિજ્ઞાનને પણ એમાંથી દિશાસૂચન મળે એટલી વિશાળતા અને ઊંડાણ એમાં છે.

આવી સમન્વયી અને વ્યાપક વિચારધારામાં અને ફિલસૂફી અને તેની સાધનામાં જપ જેવા મહત્ત્વના સાધનને પણ સ્થાન મળે જ એ સ્વાભાવિક છે. શ્રીઅરવિંદે જપનું સ્થાન અને તેની મર્યાદા તથા તેની ઉપયોગિતા બહુ વેધક બુદ્ધિથી તપાસ્યાં છે અને તે રીતે તેનું નિરૂપણ કર્યું છે. તેઓ કહે છે કે મંત્રનું કામ માણસની આંતર ચેતનામાં સ્પંદનો પેદા કરવાનું છે જેથી કરીને જપમંત્રની અર્થભાવના અંતરમાં વધુ ને વધુ ઊતરે અને તેનો સાક્ષાત્કાર થાય. **"The function of a Mantra is to create vibrations in the inner consciousness that will prepare it for the realisation of what the mantra Symbolizes and is supposed indeed to carry within itself."** **(Letters of Sri Arvindo P. 247)**

પૂર્ણયોગમાં કોઈ ખાસ એક મંત્ર પર ભાર મૂકવામાં નથી આવ્યો. પરંતુ સાધકને જે મંત્ર અનુકૂળ પડે તે સ્વીકારે છે. **"In this yoga there is no fixed mantra, no strees is laid on mantras although Sadhaks can use one if they find it helpful or so long as they find it helpful."** **(L. of Sri A. P. 247)** આ યોગમાં ખરો ભાર ચેતનની અભીપ્સા ઉપર અને મન, હૃદય, ઇચ્છાશક્તિ અને સમગ્ર માનવ અસ્તિત્વની એકાગ્રતા ઉપર મૂકવામાં આવે છે. તેથી મંત્ર આ કામમાં ઉપયોગી થાય ત્યાં સુધી તેને જરૂરી માન્યો છે. **"If a mantra is found helpful for that, one uses it. Om rightly used (not mechanically) might very well help the opening**

upwards and outwards (cosmic consciousness) as well as the descent." **(L. of Sri A. P. 247-48).** શ્રીઅરવિંદે બહુ રહસ્યમય બાબતો અહીં કહી દીધી છે. એક તો તેમણે ૐને જપને માટે સરસ મંત્ર ગણ્યો છે અને બીજું એના જપથી માણસ ઊર્ધ્વને માટે ખુલ્લો બને છે તથા ચેતનના અવતરણ માટે લાયક બને છે. બંને બાબત અંગે શ્રીઅરવિંદ વધુ શું કહે છે તે સમજવા જેવું છે. ૐને તેમણે માણસમાં રહેલ બ્રહ્મની જાગ્રત, સ્વપ્ન, નિદ્રા અને તુરીય અવસ્થાનો પ્રતીક માન્યો છે. **"Om is the mantra, the expressive Symbol of the Brahman consciousness in its four domains from the Turiya to the external or material plane.** **(L. of Sri A. P. 247)** યોગશાસ્ત્રે પણ ૐને ઈશ્વરનો વાચક માન્યો છે એમ આપણે અગાઉ જોયું.

'ખુલ્લા થવું' 'અભિમુખ થવું' એ આ પૂર્ણયોગમાં માણસની ચેતનાના વિકાસને માટે ખૂબ જરૂરી માનવામાં આવ્યું છે. આ એક જાતની લાયકાત છે, અધિકાર છે. જ્યાં સુધી માણસ ખુલ્લો બનતો નથી ત્યાં સુધી ઊર્ધ્વચેતના તરફ ગતિ થઈ શકતી નથી કે ઊર્ધ્વચેતના તેનામાં ઊતરી શકતી નથી. આવી લાયકાત લાવવામાં જપ અને સતત સ્મરણ ખૂબ જ ઉપયોગી છે એમ શ્રીઅરવિંદે ખાસ કહ્યું છે: **"It is by the constant remembrance that the being is prepared for the full opening."** **(L. of Sri A. on M. P. 37)**

શ્રીઅરવિંદ આ અંગે નિશ્ચિત શબ્દોમાં જણાવે છે કે મોટાભાગના લોકો માટે કર્મ અને ભક્તિનો માર્ગ છે; બહુ થોડા જ્ઞાનમાર્ગ અપનાવી શકે છે; **"There are plenty of people here who do or have done Japa and base themselves on Bhakti"** **(L. of A. P. S. II P. 12)** જપ અને ભક્તિ આટલાં વ્યાપક છે છતાં એ અસરકારક તો ત્યારે જ બને છે જ્યારે અંદરના ઉમળકાથી થતાં હોય; **"The Japa or medetation come in**

a true push carrying the joy or the light of the thing in it." (L. of A. S. II P. 11) જપની ખરી અસરકારકતા તો હૃદયની પવિત્રતા, મનની નમ્રતા, નિરહંકારીપણું અને શુદ્ધિના પ્રયત્ન સાથે તે થતો હોય. **"Meditation, Japa, prayer or aspiration from the heart can all succeed, if they attended by these or some of these things."** (L. of A. S. II P. 223)

ઘણીવાર એવું બને છે કે મંત્રજપનું પરિણામ ખાસ એકદમ દેખાતું નથી. પણ શ્રદ્ધા રાખીને જપ ચાલુ રાખતાં કેટલીકવાર અકસ્માત ઈશ્વરી અસ્તિત્વનો કે તેના સ્પર્શનો અનુભાવ થાય છે : **"But then, one has to go on till that power has Sufficienty impressed its vibration on the inner being to make it at a given moment suddenly open to the Presence or the Touch."** (L. of A. P. II P. 245) કેવળ મંત્રના બળમાં શ્રદ્ધાને લીધે જ જપ થતો હોય ત્યાં આવું બને છે. એમાં ઘણીવાર મન ઉપર ઘણી તાણ પડતી હોય છે અને મન ઉપર કંટાળા અને થાકની અસર જોવામાં આવે છે. આવો જપ બહુ કામ લાગતો નથી. જપનું ખરું મહત્ત્વ તો જ્ઞાનપૂર્વકના સ્મરણમાં છે. પૂર્ણયોગમાં પણ એવું સ્મરણ ખૂબ કામનું છે : **"Next, the practice of this yoga demands a constant inward remembrance of the one central liberating knowledge, and a constant active externalising of it in works comes in too to intensify the remembrance"** (Syntheses of yoga P. 73) આવું સ્મરણ કામમાં પણ વ્યક્ત થવું જોઈએ. આ સ્મરણ કેવું હોય તેનું સુરેખ વર્ણન આ રહ્યું : **"In all is the one self, the one Divine is all; all are in the Divine, all are the Divine and there is nothing else in the Universe - this thought or this**

faith is the whole background until it becomes the whole Substance of the consciousness of the worker." (S. of Y. P. 73) દિવ્ય સ્વરૂપનું આ આંતરબાહ્ય દર્શન શ્રીરમણ મહર્ષિના આત્માનુસંધાનની જ યાદ આપે છેને? કે ગાંધીજીના રામનામના સતત સ્મરણનું જ સ્મરણ કરાવે છેને?

પશ્ચિમની વિચારધારા

પશ્ચિમમાં પણ જપ કે જપ જેવી આત્મસૂચનની પદ્ધતિ અસ્તિત્વમાં આવી છે અને તેનાં પરિણામો પણ ઘણાં સારાં આવ્યાં છે. માનસશાસ્ત્રનું ખેડાણ જેમ વધે છે તેમ તેમ માનસ ઉપચાર ઉપર શ્રદ્ધા અને તેનો અમલ વધતાં જાય છે. એમાં ભરપૂર આશાવાદ ભર્યો છે અને તેથી તેનાં પરિણામો સરસ નીપજ્યાં છે.

શબ્દ અને વિચાર કે અર્થને કેટલો ગાઢ સંબંધ છે તે તો આપણે આગળ જોયું. વિજ્ઞાન પણ એ સંબંધ તેની રીતે સાબિત કરતું થાય છે : **There being no hard and fast lines between the various forces of Nature, one mode of motion is convertable into another mode. Under certain conditions, a form can be 'heard' and a Sound can be 'Seen'** (Imaginatin & its wonders P. 119 by Arthur Lovell) જપમાં બીજું છે પણ શું? ઈશ્વરના જપનામનો શબ્દ છે, મંત્ર છે અને એ મંત્ર પેદા કરે તે વિચારના આકાર છે. તેથી એમને એકબીજા ઉપર ખૂબ અસરકારક બને એમ મિ. લોવેલ કહે છે. શબ્દની અસર તો એથીય વધુ થઈ શકે છે, કારણ તે બધે વ્યાપેલા ઈશ્વર સાથે તેનો સીધો સંબંધ છે. પણ શબ્દની આવી જાદુઈ અસર ત્યારે જ થાય જ્યારે એ શબ્દમાં મજબૂત નિષ્ઠા હોય, ઇચ્છાશક્તિનું પ્રબળ બળ હોય અને એ રીતે એ ખરેખર જીવંત બન્યો હોય. **"The real efficacy of Living word is not in the actual sound or its**

pronunciation but in the imagination and will of the individual who invokes." (I & its W. P. 119)

પશ્ચિમના માનસ ઉપચારે આ સનાતન સત્યનો પ્રકાશ મેળવ્યો છે અને તેથી એણે શોધી કાઢ્યું કે વ્યાધિ, નિર્બળતા અને નિરાશાનું કારણ ઈશ્વરના નામને નામે ઓળખાતી દિવ્ય શક્તિથી જુદાઈનો અનુભવ છે. જેને એ શક્તિ સાથે સંબંધ જોડાયો છે તેને આનંદ છે અને તેને બીજા કશા ઉપચારની જરૂર નથી. આ કારણને લીધે ઈશુનો ઈશ્વરના દીકરાનો દાવો હતો તેને આ રીતે સમજવા કોશિશ કરે છે કારણ તેમાં ઈશ્વરની સાથે બાપબેટાના સંબંધની એકતા સ્થપાય છે : **"The first underlying cause of all sickness, weakness or depression is the human sense of separateness from that Divine energy which we call God. The Soul which can fill and affirm in serene but jubilant confidence, as did Nazarene. 'I and my Father are one' has no further need of healer or of healing."** (Varieties of Religious experiences By William Jame P. 102) ઈશુના જેવી ઈશ્વરી એકતા જેને મળે છે, જે પામે છે અને એના જેવો આત્મએકતાનો વિશ્વાસ પેદા થાય છે તેનો કોઈ ઉપચાર કે ઉપચાર કરનારની જરૂર જ પડતી નથી.

માનસ ઉપચારની અસર તળે આવી દૈવી એકતાનો અનુભવ કરનાર એક જણ પોતાનો વિચાર દર્શાવે છે કે તેણે આત્મસૂચનથી સતત આખાય શરીર ઉપર પોતાના સ્વાસ્થ્ય ઉપરના વિચાર સતત દૃઢ કર્યા જ કર્યા અને અંતે તેને સફળતા મળીઃ — **"I expressed health continuously through out my whole body."** (The V. of R. E. P. 105) આ આખીય વિચારસરણીનો પાયો આશાવાદના મંડાણ ઉપર છે. એ માને છે કે નિરાશા નિર્બળતા

પેદા કરે છે, આશા શક્તિ પેદા કરે છે : **"Pessimism leads to weakness. Optimisim leads to Power."** (The V.. of R. E. P. 107) પણ આટલેથી તે બેસી નથી રહેતો. તે પૂરેપૂરો ભાવાત્મક છે અને ઈશ્વરને પૂર્ણ જીવંત ચેતન શક્તિ માનીને એ એવી શ્રદ્ધા રાખે છે અને પેદા કરે છે કે ઈશ્વર સાથે બધું બરાબર છે તો માણસ સાથે પણ એમ જ બનવું જોઈએ. એ માટે પોતાના સાચા અસ્તિત્વનું જ્ઞાન લેવું જોઈએઃ **"God is well and so are you. You must awaken to the knowledge of your real being."** (The V. G. R. E. P. 108)

આ રીતે આ વિચારકો જપના રહસ્યની ખૂબ નજીક આવી ગયા છે. જેને તેઓ 'સૂચન' કહે છે તે ખરેખર તો વિચારનું જ બળ છે. **"Suggestion is only another name for the power of ideas"** (The V. G. R. E. P. 112) માણસે વિશ્વ સાથે તાદાત્મ્ય સાધવાનું છે. જેટલા પ્રમાણમાં તે એવું તાદાત્મ્ય સાધે છે તેટલા પ્રમાણમાં તેને સફળતા મળે છે. **"Nothing individual accomplishes anything in the universe save in so far as it obeys and exemplifies some universal Law** (The v. of R. E. P. 119) આ રીતે જપને માનસશાસ્ત્રીય ટેકો પણ પૂરો છે.

જપનું જ માહાત્મ્ય અને અનંત એકતાની સહાનુભૂતિ અને સાર્વત્રિકતા કેટલી ફેલાશે તેનું ભાવિ ચિત્ર ટ્રાઈન ઉત્તમ રીતે દોરે છે; અને કહે છે કે એવો સમય આવશે જ્યારે માણસ ભરબજારના ઘોંઘાટમાં હોય તોય મન ઉપર વિચારનો પડદો નાખીને સર્વ વ્યાપક તે જ છે તેનો તથા તે અનંત ચૈતન્ય જીવન, પ્રેમ, પ્રજ્ઞા, શાંતિ, શક્તિ અને પૂર્ણતાનો અને તેના પોતાને મળતા રક્ષણનો, દોરવણીનો અનુભવ કરી શકશે : **"The time will come when in the busy office or on noisy street you can enter into the silence by simply drawing the mantle of your own**

thoughts about you and realizing that there are everywhere the spirit of Infinite Life, Love, Wisdom, Peace, Power and plenty is guiding, keeping, protecting and leading you." (The V. of R. E. P. 115)

આવો દિવસ એક દિવસ આવશે એમાં શંકા નથી કારણ જપનું સ્થાન પૂર્વ અને પશ્ચિમમાં એક યા બીજા સ્વરૂપે લગભગ એક સરખું જ છે અને તેને વધુ ને વધુ અગત્ય પણ મળી રહી છે. ખૂબ ખુશીની હકીકત તો એ છે કે માનસ ઉપચારની જેમ બીજા વિચારકો પણ જપના વિશાળ અર્થને સ્વીકારતા જાય છે.

જપનો જપ કર્યો

અત્યાર સુધી આપણે જપના રહસ્યનો જ ખૂબ જપ કર્યો. વેદથી માંડી વર્તમાન સુધી સૌએ જપનો મહિમા ગાયો છે, પૂર્વથી માંડી પશ્ચિમ સુધી દુનિયાભરમાં જપની વાત ફેલાયેલી છે. એને દરેક ધર્મમાં એક યા બીજી રીતે સ્થાન મળ્યું છે. આનું કારણ એ છે કે એ એક સાર્વભૌમ સત્ય છે, સાર્વત્રિક અને સનાતન સત્ય છે. અત્યાર સુધીમાં આપણે જપ અંગે ખૂબ વિસ્તારથી અવલોકન કર્યું. જપમાં નિષ્ઠા પેદા કરવા વિસ્તૃત વિવેચનની જરૂર છે. વિસ્તારની સાથે ઊંડાણથી તત્ત્વશોધન કરવું પણ ઉપયોગી છે. તો જ નિષ્ઠા દૃઢ કરવામાં ઘણી મદદ મળે. આટલા વિસ્તારથી જપનો મહિમા જોયા બાદ હવે આપણે તેના રહસ્યને સમજવા વિચારીએ.

❑

પ્રકરણ : ૫

જપનું રહસ્ય

જપ વિશે વેદવેદાંતથી માંડી અર્વાચીન મહાપુરુષોના અભિપ્રાય અને પશ્ચિમના વિચારકોના મત આપણે સમજતા આવ્યા. એ વિસ્તૃત વિવેચન એટલું વિવિધ છે કે જપ વિશેના જુદા જુદા લગભગ બધાય વિચારોનો એમાં સમાવેશ થઈ જાય છે અને જપનો સર્વાંગ સ્પર્શ થઈ શકે છે. વેદવેદાંતે ૐ બ્રહ્મસ્વરૂપ કહ્યો, ગીતાએ તેના ઉપર મહોર મારી, યોગે જપની અર્થભાવના બતાવી, તંત્રે વિચાર અને ઇચ્છાશક્તિ ઉપર ભાર મૂક્યો, સંતોએ તેનો મહિમા ગાયો, ગાંધીજીએ તેને હૃદયગત કરવાનું કહ્યું, શ્રીરમણ મહર્ષિએ આત્મવિચારનું અંગ ગણી આત્માની નિશ્ચલતામાં સ્થિર થવાનું જણાવ્યું, શ્રીઅરવિંદે પૂર્ણયોગમાં સતત ચૈતન્યસ્મરણ તરીકે ઉપયોગિતા બતાવી અને બધાય ધર્મોએ પોતાનામાં તેને સ્થાન આપીને તેનું ગૌરવ કર્યું. આમ જપનાં સર્વ અંગ વિશે એક રીતે તો કહેવાઈ ગયું અને તેની સાર્વત્રિકતાનો ખ્યાલ આવી ગયો. આથી જપની વ્યાપકતાનો સચોટ ખ્યાલ આવે છે.

રહસ્ય માટે ઊંડાણની જરૂર

પરંતુ જપનું રહસ્ય પામવું હોય તો તેના આ વિસ્તારની સાથે તેના ઊંડા અર્થને જરા વિગતે બરાબર સમજવો જરૂરી છે. વેદવેદાંતથી માંડી અર્વાચીનોના આ અભિપ્રાય શા માટે સાચા છે, કયા અર્થમાં સાચા છે, કઈ રીતે સાચા છે તે સળંગ એક નવીન અને અર્વાચીન દૃષ્ટિથી સમજવું જરૂરી ગણાય. આજે કેવળ શાસ્ત્રોના અને મહાપુરુષોના અભિપ્રાયના પ્રમાણથી કામ ચાલતું નથી કારણ માણસોનાં મન દલીલ કરતાં થયાં છે, શ્રદ્ધા કરતાં બુદ્ધિ અને

વૈજ્ઞાનિક રીતથી બધું સમજવા ચાહે છે. આ ખોટું પણ નથી. ભગવાન બુદ્ધ પણ પોતાના ધર્મવિચારના પ્રચાર વખતે લોકોને હંમેશ કહેતા કે તેમની વિવેકબુદ્ધિને ખરું લાગે તો જ તેમણે તેમનો ઉપદેશ માનવો, કેવળ તે મહાપુરુષ છે, મહાત્મા છે, વગેરે કારણોને લીધે નહિ. જોકે મહાપુરુષોના અને શાસ્ત્રોના પ્રમાણનું મહત્ત્વ પણ ઘણું છે કારણ શાસ્ત્રો અનુભવ ઉપર રચાયાં હોય છે, મહાપુરુષો સ્વાનુભવથી જ અભિપ્રાય આપતા હોય છે તેથી એમની વાણીની અસર લોકોનાં મન ઉપર ઘણી થાય. આ અસર વધુ ઊંડી, સચોટ અને કાયમી બને તે માટે વિષયને વૈજ્ઞાનિક રીતે અને દલીલપૂર્વક તથા ઊંડાણથી રજૂ કરવો ઉપયોગી થાય. જપની બાબતમાં પણ આ રીતે રજૂઆત કરવાનો પ્રયાસ કરતાં અત્યાર સુધીનું વિવરણ વધુ સચોટ હૃદયંગમ બની શકે અને જપનું રહસ્ય સુગમ બને. તે કેવળ શ્રદ્ધા વિષય જ નહિ પણ સામાન્ય સમજનો વિષય બને અને વિવેકપૂર્વક તેના ઊંડાણનો અને રહસ્યનો અભ્યાસ થાય તો એ બહુ ઉપયોગી બને.

જપની જપમાળા

અત્યાર સુધી તો જપની જપમાળા લઈને જપના અર્થોના બધાય મણકા ફેરવી લીધા. આ બધા અર્થ છૂટક છૂટક મળ્યા તેમ તે ગણતા ગયા, જોતા ગયા. પણ જ્યાં સુધી એક સળંગ સૂત્રમાં પરોવીને તેની જપમાળા ન બનાવીએ ત્યાં સુધી એ બધા મણકા પૂરા ખપના ન લાગે. સળંગ દૃષ્ટિનું અને વિચારસરણીનું સૂત્ર લાવવું જોઈએ અને તેમાં બધાય અર્થને સહજ રીતે પરોવી લેવા જોઈએ તો આપણી આદરેલી જપમાળા પૂરી થાય.

જપમાળાનું સૂત્ર છે એક સળંગ વિચારસરણી જેમાં ઈશ્વર, માનવ, જગત, મન, અર્થ વગેરે મહત્ત્વના વિષયોની સ્પષ્ટતા મળી

રહે. એ વિચારસરણી એવી હોય જેમાં વાદાવાદને સ્થાન ન રહે અને તેથી તે સમન્વયકારી હોય. તે કેવળ શુદ્ધ તર્ક ઉપર રચાયેલી હોય કે જેમાં પ્રામાણિક નાસ્તિકને પણ દોષ કાઢવાનું ન રહે અને એ પોતે પણ આ બાબતના રહસ્ય અંગે એકદમ માનતો ન થાય તોપણ વિચારતો જરૂર થાય.

આ દૃષ્ટિએ આવી સમન્વયકારી દૃષ્ટિ અને વિચારસરણીની સંક્ષેપમાં રજૂઆત કરવી જરૂરી છે. આ આખો વિષય જ એવો છે કે જેને અંગે આખું પુસ્તક તૈયાર થાય પરંતુ આપણે અહીં જપના વિષયના સંદર્ભમાં તેનું ટૂંકાણમાં બયાન કરવું જોઈશે. એવી સળંગ સૂત્ર વિચારસરણીમાં ઈશ્વરાદિ કૂટ પ્રશ્નોની છણાવટ થાય તેની સાથે જ જપના વિવિધ અર્થો પણ ગૂંથાઈ જાય અને આપણી જપમાળામાં બધા મણકા બરાબર પરોવાઈ જાય. આ માટે આપણે પહેલાં એ સર્વાંગી દૃષ્ટિવાળી વિચારસરણી સમજી લઈએ.

માનવજીવનનું ધ્યેય

કોઈપણ વિચારસરણી તેના નામને લાયક ત્યારે જ બને છે જ્યારે તે માનવજીવનનું ધ્યેય નક્કી કરવામાં મદદરૂપ થાય. ધ્યેય વગરનો વિચારમાત્ર નકામો છે. માણસમાત્રને કંઈક થવાની તમન્ના હોય છે તે બતાવે છે કે તે જાણેઅજાણે કંઈક ધ્યેય તરફ ગતિ કરી રહ્યો છે. માણસમાત્ર સુખને શોધે છે પણ એ સુખ શું છે, કયું સુખ ચિરંજીવ છે, કઈ રીતે તે મળે વગેરે બાબતો વડે એના સુખનું ધ્યેય નક્કી થઈ શકે. માણસમાત્ર કંઈક હેતુથી સતત કર્મ કર્યા જ કરે છે. તેના વગર તે રહી શકતો નથી પછી ભલે તેનું કર્મ પરાણે થતું હોય. પણ તેનું જીવન કર્મમય છે, હેતુવાળા કર્મથી તે ભરેલું છે તો એ હેતુ કયો? કયો હેતુ સારો? આ હેતુમત્તા પણ માણસને તેના ધ્યેય નિર્ણય તરફ ધકેલે છે. જ્યાં સુધી માનવનું અને માનવતાનું

ધ્યેય નિશ્ચિત ન થઈ શકે ત્યાં સુધી એના જીવનમાં જપનું કે બીજી બાબતનું સ્થાન કેટલું છે, કેવું છે, કેવું હોવું જોઈએ તે નિશ્ચિત કરવું અસંભવિત છે. જપ જો સાર્વત્રિક છે તો પછી બધાય માણસ તે તરફ કેમ આકર્ષાતા નથી? શું તેમને તેમના ધ્યેયમાં તે મદદરૂપ નથી? જપ તેના ઊંડા અર્થમાં માણસમાત્રને ઉપયોગી છે છતાં પોતાના ધ્યેયમાં તે દરેકને એક સરખો ઉપયોગી નથી લાગતો કારણ મોટાભાગના માણસોને પોતાનું ધ્યેય સ્પષ્ટ જ હોતું નથી. એટલે માનવજીવનમાં જપનું સ્થાન અને કાર્યનું નિશ્ચિત સ્થાન સમજવાને માટે પહેલાં માનવજીવનનું ધ્યેય શું હોઈ શકે, શું હોવું જોઈએ તેનું દિગ્દર્શન પહેલાં બરાબર કરી લેવું જોઈએ. એમ કરવાથી આપોઆપ ખબર પડે કે જીવનની ક્રમમાળામાં જપની અર્થમાળાનું સ્થાન શું છે, એ બે ક્રમો સુસંગત કેમ બને છે અને કઈ રીતે બંને વિશ્વક્રમમાળામાં એક બની જાય છે. માનવની અને માનવતાની અનુભવક્રમમાળા સમજવા માટે વિશ્વકર્માની અનંત કર્મમાળા સમજવી જરૂરી ગણાય. તે વગર માનવજીવન અને તેનું ધ્યેય સ્પષ્ટ ન થઈ શકે. વિશાળમાં વિશાળ ભૂમિકામાં માણસનું સ્થાન જોવાથી જ તેના ધ્યેયની ઝાંખી થઈ શકે.

વિશ્વની કર્મમાળા

વિશ્વ એટલે અગાધ, અનંત કર્મ જ કર્મ. ક્રિયાનો અનંત ઓઘ. જ્યાં રહેતા હોઈએ ત્યાં આજુબાજુ નજર કરતાં બધેય ક્રિયા ચાલ્યા જ કરતી હોય છે. પોતાનાં ગામ, શહેર, દેશ કે દુનિયા એમ બધાં જ સવારથી સાંજ કંઈક ને કંઈક કર્મમાં સતત મચેલાં હોય છે. વહેલી સવારથી પશુપંખી પણ કલરવ કરતાં પોતાના કામ વગરના કામમાં મચી પડે છે. રાત પડે અને બધું શાંત થતું લાગે પણ ઊંઘમાં તો સ્વપ્નોની અપાર રંગબેરંગી દુનિયામાં માણસજાત મશગૂલ

બની જાય છે. ઊંઘ પણ ક્રિયા જ છેને? માણસને ઊંઘતો છોડી જરાવાર ઉપર આકાશમાં નજર કરતાં અનેક અનંત સૂર્યમંડળોને સમાવતું બ્રહ્માંડ નજરે પડે છે. આજનું વિજ્ઞાન તો કહે છે કે આકાશમાં જે પ્રકાશની છાયા કે વાદળી દેખાયા કરે છે તે અનેક નિહારિકાઓ છે! અને તે આગળ ને આગળ દોડ્યે જ જાય છે. તેની ગતિને માપ નથી, તેની ગતિની ચોક્કસ દિશા સમજાતી નથી!

આ બધું અનંત કર્મ અને અપાર ક્રિયાપરંપરા શાને? એનો શો હેતુ? જેમ નિહારિકાઓની દિશા તો છે પણ આપણને એકદમ નરી આંખે જણાતી નથી તેમ આ વિશ્વકર્મનો હેતુ છે, તે યોજનાબદ્ધ છે, વ્યવસ્થિત છે પણ ઉપર ઉપરથી જોનારને તે સમજાતાં નથી એટલું જ.

સ્થિરતાનો આધાર છે

વિશ્વકર્મને સમજવું તો છે જ. એને સમજવા માટે કંઈક આધાર જોઈએ. પણ આ અનંત ચંચળતા અને ક્રિયાપરંપરામાં સ્થિર થવાનો આધાર ક્યાં શોધવો? ક્રિયાના વમળમાંથી નીકળી સ્થિરતાનો કંઈક આધાર શોધીએ તો આ કર્મસાગરને કંઈક માપી શકાય, સમજી શકાય કે સમજવા કોશિશ કરી શકાય. દીવો લઈને આ અગાધ ક્રિયાઓને જોઈ વળવા છતાં ક્યાંય એવી સ્થિરતા નથી જડતી કે જ્યાં પગ માંડી સ્થિર થઈ આ ગૂઢતાને ઉકલેવા શ્વાસ લેવાની ફુરસદ મળે. વિશ્વ ફરતાં જોયું કે કંઈક ઓછી ગતિ કે કંઈક સ્થિતિ મળે એમ હોય તો આ પૃથ્વીમાતા ઉપર જ મળે એમ છે. આખી પૃથ્વી ઢૂંઢતા દેખાયું કે ક્યાંય શાંતિ અને સ્થિરતા મળે એમ નથી, સિવાય પોતાના થાનમાં. છેવટે સમજાયું કે સ્થિરતા પોતાની અંદર મળે એમ છે. પોતાને જોતાં જણાયું કે બહાર જેમ અગાધ અનંત છે તેમ અંદર પણ એટલું ઊંડાણવાળું અનંત પડ્યું છે. એમ ને એમ એનો તાગ મળે એમ લાગતું નથી!

આમ બે અનંતની વચ્ચે માણસ મૂંઝાઈ જાય એવી સ્થિતિ છે. પણ એ એટલું વિચારતો થાય છે કે જે જ્ઞાન એને થાય છે તે શેને લીધે છે? પોતે કોણ છે, પોતે શું છે? જો પોતાનો પત્તો લાગે, પોતાની ઓળખ થાય તો એને આ વિશ્વ અને દેખાતાં બે અનંતનો કંઈક તાગ મેળવી શકાય. એમ થતાં ચારેકોર જે ક્રિયાનો ક્રમ ચાલ્યા કરે છે તેને કાંઈક અનેરા ક્રમમાં સમાવી લેવાય.

ચેતનનો સનાતન આધાર

પોતાને ઓળખવો કેમ? સામાન્ય માણસ કંઈ ફિલસૂફ નથી કે કહી દે તે આત્મા છે, શરીર છે, મન છે, અહંકાર છે કે એ બધાનો સરવાળો છે. આ બધુંય તે સમજી શકે એમ છે પણ આત્મા પરમાત્માની વાત કરતો છતાં તે તેનું રહસ્ય એકદમ પામી શકતો નથી. એ એટલું જરૂર સમજી શકે છે કે એનામાં એક અનેરું તત્ત્વ છે જે બીજે બહુ ઓછું જોવા મળે છે અને એ છે ચેતનતત્ત્વ. પશુપંખી, જીવજંતુ, ઝાડપાન અને વનસ્પતિ સિવાય આ પૃથ્વી ઉપર પણ ચેતન દેખાતું નથી; બધું જડ જ જડ છે. પૃથ્વીને બાદ કરી વિશ્વમાં નજર નાખો તો ક્યાંય ચેતન દેખાતું નથી. કોઈ ગોળા ઉપર ચેતન પ્રગટ્યું હોય તો ભલે, જેમ મંગળ પર છે એમ મનાય છે. આ ચેતનતત્ત્વ જ પોતે છે એમ માણસ સમજતો થાય છે કારણ એ ચેતન શરીરમાંથી નીકળી જાય એટલે લોકો શરીરને બાળી મૂકે છે! આ ચેતન સિવાયનું બીજું બધું શરીર જડ છે અથવા જડ તત્ત્વોનું બનેલું છે એમ તે સમજવા લાગે છે.

આટલી પાયાની સમજ પછી માણસ શાંતિથી વિચારે તો એને લાગે છે કે શાંતિની સ્થિરતા જેવું કંઈક છે ખરું અને તે અંદર જ મળે એમ છે. મનની અંદર તો ઇચ્છાઓ અને વિચારો ભર્યાં છે એટલે પાછી એ તો ભારે અશાંતિમાં લઈ જનારાં નીવડે એમ છે.

પણ મનની અંદર ડોકિયું કરતાં જે શાંતિ જેવું લાગે છે તે પેલા ચેતનને લીધે છે એમ તેને ખ્યાલમાં આવી જાય છે. આ ખ્યાલ આવતાં જ તે આનંદથી નાચી ઊઠે છે કે "જડી ગયું, જડી ગયું!" શું? વિશ્વશાંતિની ચાવી! વિશ્વનો આધાર!! વિશ્વમાં એક જ જગાએ સ્થિરતાનો આધાર મળે એમ છે અને તે છે આત્મા કે ચેતન. ચેતનની શોધ થાય છે અને માણસને જપનો આધાર મળી ગયો. પણ આ ચેતનને પણ સમજવું જોઈશે કે તે છે શું? જપનો આધાર આમ દૂર ઠેલાય છે પણ તે પાકો થવાને જ. 'દિલ્હી દૂર છે' પણ તે છે તો ખરી જ!

ખરેખર ચેતન છે?

ચેતનનો પત્તો લાગ્યો પણ તેનું સ્વરૂપ શું? આ આધાર પાકો કે કાચો? મરણ બાદ ચેતનનો ક્યાંય પત્તો નથી લાગતો. તેનો આધાર કદાચ બહુ કામ ન લાગે એવી શંકા જાગવા લાગે છે. એને પકડ્યું પકડાતું નથી, ગોંધ્યું ગોંધાતું નથી છતાં એ છે તો ખરું જ. માણસ આંખ બંધ કરે છે અને ચેતનની પ્રતીતિ થાય છે. પોતે અમર છે, અવિનાશી છે, જ્ઞાનમય છે, જ્યોતિર્મય છે વગેરે પ્રતીતિ એને ચેતનમાં અને ચેતન વડે થાય છે. મરણ બાદ ચેતન દેખાતું નથી એ જ બતાવે છે કે ચેતન જ મુખ્ય છે. મરણમાં ચેતન જતું નથી રહેતું પણ દેહ જતો રહે છે! આ વદતોવ્યાઘાત લાગે છે પણ હકીકતે સત્ય વાત એ જ છે. દેહ એટલો રોગી કે જર્જરિત બને એટલે ચેતનને રહેવાનો આધાર નથી બની શકતું અને દેહ ચેતનને છોડી દે છે, છૂટી જાય છે.

ચેતન સનાતન તત્ત્વ છે એટલું તો આટલા ઉપરથી સિદ્ધ થાય છે. એ વિશે વધુ ખ્યાલ લેવાનો રહેશે પરંતુ તે પહેલાં માણસે પોતાની જાતને વધુ ઊંડાણ અને વિસ્તારથી સમજવી જોઈએ. માણસ

પોતે જ છે શું? તે કહેશે કે ચેતન સાથે સ્થૂળ શરીર વગેરે જડ તત્ત્વો પણ છે જ. એટલે માણસ ચેતન અને જડ તત્ત્વોનો બનેલો છે. એમાં લાંબા તર્કની જરૂર પડે એમ નથી. માણસના પિંડને તપાસ્યું એટલે બ્રહ્માંડની તપાસ કરવી સહેલી પડે કારણ જેવું પિંડ તેવું બ્રહ્માંડ એ ન્યાય હવે વૈજ્ઞાનિકો પણ સ્વીકારતા થયા છે. તેઓ કહે છે કે જેમ બ્રહ્માંડમાં સૂર્યમંડળો છે તેમ દરેક ઍટમમાં પ્રોટોન, ઇલેક્ટ્રોન વગેરેમાં સૂર્યમંડળની જેમ રચના છે અને એકની આજુબાજુ બીજાં ફરે છે. એ જ રીતે માણસના પિંડનો તાગ મેળવતાં બ્રહ્માંડનો તાગ મેળવવો સહેલો છે.

ચેતન છે કે નહિ તે સવાલ જ હવે રહેતો નથી કારણ જ્ઞાન માત્ર ચેતનને લીધે છે. તે જ છે. માણસનો ખરો આધાર ચેતન છે. જડવાદી કે નાસ્તિક પણ ચેતનના અસ્તિત્વ વિશે શંકા ઉઠાવી શકે એમ નથી. સવાલ તો એ ઊભો થાય છે કે ચેતન શું છે? જડ શું છે? બેમાં કોણ મુખ્ય? કોણ કોને આધારે છે? આ સવાલો મુખ્ય અને પાયાના સવાલો છે. એના જવાબને આધારે માણસની ફિલસૂફી રચાય છે.

ચાર વિચારસરણીઓ

આ સવાલોના જવાબ એક યા બીજી રીતે અત્યાર સુધીમાં અપાયા છે. અનેક રીતે તેના જવાબ આપી શકાય એમ છે. પરંતુ એમાંથી સારરૂપ અને બધાનો સમાવેશ કરે એવી ચાર વિચારસરણી અહીં તપાસી લેવી ઉપયોગી થશે. આ ચાર વિચારસરણીને ફિલસૂફી કે દર્શન એવું મોટું નામ આપવામાં આવે છે, પરંતુ આપણે તેને સાદું સરળ નામ આપી વિષય સરળ બનાવવો છે. એ ચાર વિચારધારા નીચે મુજબ છે : (૧) વેદાંત વિચાર (૨) સાંખ્ય વિચાર (૩) જડવાદની વિચારણા (૪) બૌદ્ધ મત. મોટાં નામોથી

જરાય મૂંઝાવા જેવું નથી. અહીં બીજી પણ સ્પષ્ટતા કરી લઈએ કે જેને આ વિચારધારાઓ આત્મા એવું નામ આપે છે તેને જ આપણે ચેતનનું નામ આપ્યું છે. ચેતન સિવાયનાં તેનાથી ઊંધા કે અવળા જણાતા તત્ત્વને આપણે જડતત્ત્વ કહ્યું છે જ્યારે આ વિચાર-સરણીઓમાં તેને પ્રકૃતિ એવું મોટું નામ આપ્યું છે.

વેદાંતવિચાર

વેદાંતવિચાર આદેશે છે કે આ વિશ્વ બ્રહ્મમય છે. બ્રહ્મ જ છે અને વિશ્વ તેનો આવિષ્કાર છે. જે જડ દેખાય છે તે પણ ચેતન છે. બ્રહ્મ તે જ ચેતન કે ચૈતન્ય. માણસના શરીરમાં દેખાતા ચેતન તત્ત્વને વ્યાપકરૂપે વિશ્વમાં જોતાં તેને ચૈતન્ય કહેવું યોગ્ય છે. એ બંનેને સાંકળે એવો શબ્દ ચેતના છે. આ રીતે વેદાંત મત પ્રમાણે ચૈતન્ય જ છે. આ વિશ્વ પણ ચૈતન્ય જ છે, ચૈતન્યનું શરીર છે. જે જડતત્ત્વ કે પ્રકૃતિતત્ત્વ દેખાય છે તે પણ તે જ છે, તેનું સર્જન છે. આ રીતે વેદાંત ચૈતન્યનું અદ્વૈત સ્થાપે છે.

સાંખ્ય વિચાર એથી થોડો જુદો પડે છે. ચેતનને એ પુરુષ કહે છે; જડતત્ત્વને પ્રકૃતિતત્ત્વ કહે છે. વ્યક્તિએ વ્યક્તિએ પુરુષ અલગ છે પણ તે ચેતનમય છે. જડતત્ત્વ અંતે એક જ છે. જડ અને ચેતન બંને સનાતન તત્ત્વો છે, અને એકબીજાથી સ્વતંત્ર છે. એકબીજામાં મળીને આ વિશ્વનું સર્જન થયા કરે છે એમ સાંખ્ય માને છે. એ દ્વૈતની સ્થાપના કરે છે.

જડવાદ વેદાંતથી બરાબર ઊંધી વાત રજૂ કરે છે. એ કહે છે કે જડ જ મૂળ અને સનાતન પદાર્થ છે. ચેતન તો ફક્ત તેનો વિકારમાત્ર છે. તેથી એને મતે જડનું અદ્વૈત જ છેવટનું સત્ય છે.

બૌદ્ધવાદ જડ અને ચેતન બંનેને ક્ષણિક વર્ણવે છે. બેમાંથી એકે સનાતન નથી. સ્થિર કે સનાતન જેવું લાગે છે તે તો જીવનનો

પ્રવાહ છે. નદીનો પ્રવાહ જેમ કોઈપણ જગાએ એક નથી પણ સતત બદલાતો રહે છે પણ છતાં નદી છે એવો ભાસ થાય છે તે તેના પ્રવાહને લીધે છે. બીજો દાખલો જ્યોતનો છે. જ્યોત કદી એક નથી રહેતી છતાં તે એક લાગે છે કારણ પ્રકાશનો સતત પ્રકાશપ્રવાહ વહે છે પણ એમાં સ્થાયી કશું નથી. આ છે બૌદ્ધમતનો ક્ષણિકવાદ. એ મત પ્રમાણે જે ક્ષણિક છે તે જ સત્ય છે.

આ ચારેય વિચારણાઓમાં વધુ ઓછું તથ્ય તો જરૂર છે જ અને તેને લીધે જ એમને ઓછું વધુ મહત્ત્વ અપાતું આવ્યું છે. પણ સનાતન સત્ય તો એક જ હોય. તે છે વેદાંત મતમાં, અન્ય સાપેક્ષ સત્ય રજૂ કરે છે. ચારેય એકસાથે સનાતન સત્ય કદાપિ ન હોઈ શકે. વેદાંતવિચાર સનાતન સત્ય છે અને બીજાં તેનાં પાસાં છે. ચારેયને એકસાથે સ્વીકારવા કોઈ યત્ન કરે તો ચાલે એમ નથી. કારણ એમાં બે બેનાં એવાં જોડકાં બને છે કે જે એકબીજાથી બરાબર ઊલટી જ વાત રજૂ કરે છે. વેદાંત કરતાં જડવાદ બરાબર અવળી રજૂઆત કરે છે અને સાંખ્ય કરતાં બૌદ્ધમત બરાબર ઊંધો મત જણાવે છે. આમ એકેયને સીધો મેળ તો જામે એવું લાગતું નથી. છતાં આ બધાય મતો જગતમાં મોટી મોટી જનસંખ્યાઓએ સ્વીકાર્યા છે અને સ્વીકારતી આવી છે. આ ચારેય મતનો સીધો સુમેળ અશક્ય લાગે છે પણ જુદી જ રીતે તે અંગે વિચારતાં ચારેયનો સમન્વય જરૂર સાધી શકાય ખરો. પરંતુ આપણું કામ અહીં એવો સમન્વય સાધવાનું નથી; મુખ્ય કામ છે વિશ્વનો, ચેતનનો, માણસનો અને તેનાં અંગોપાંગોનો ખ્યાલ લેવાનું. છતાં એ ખ્યાલ જોતાં આ વિચારધારાઓ અંગેની બનતી સ્પષ્ટતા કરી લેવાની રહેશે કારણ એમ કરવાથી શંકાને સ્થાન રહેવા ન પામે.

એક સ્પષ્ટતા અહીં કરી લેવી જરૂરી છે. શાસ્ત્રોના મુખ્ય મતોની વિચારણા ઉપરથી સનાતન સત્ય શોધવાના આપણા પ્રયાસમાં શાસ્ત્રોના શબ્દો બને તેટલા છોડી, સાદા, સરળ અને અનુભવગમ્ય શબ્દો વાપર્યા છે. બીજું, અહીં ઉપયોગમાં લીધેલી દલીલ પદ્ધતિ પણ સાર્વત્રિક અનુભવ તથા સચોટ અને સીધી દલીલશક્તિ ઉપર મંડાયેલી છે. તર્કશાસ્ત્રના વાંકવળોટમાં પડી સત્યને ગૂંચવવાને બદલે તેણે ગૂંચવેલા સનાતન પ્રશ્નને ઉકેલી સરળતાથી રજૂ કરવાથી આપણું કામ સરે એમ છે. સત્યની પકડ મોટા મોટા શબ્દોથી નહિ, લાંબી લાંબી દલીલોથી નહિ પણ શુદ્ધ બુદ્ધિથી અને સીધી સચોટ વિચારણાથી થઈ શકે છે. અલબત્ત, તેમાં દલીલ તો જોઈશે જ પણ એ દલીલો પણ સ્પષ્ટ, સીધી અને સચોટ જ હોય.

જપ કોનો કરે?

ઈશ્વર કે પરમતત્ત્વ વિશે આવી ભાંજગડ હોય ત્યાં માણસ જપ કોનો કરે? જયાં સુધી પ્રાપ્ય સ્પષ્ટ ન હોય ત્યાં સુધી જપ કામમાં પણ શું આવે? આ સવાલ ઘણાંને સતાવતો હોય છે. કોઈ શ્રદ્ધાળુ કહેશે કે માણસને જેવી શ્રદ્ધા બેસે તેવા ઈશ્વરને જપે એટલે તેનું કામ તો ચાલશે. પણ આ જમાનામાં એવા શ્રદ્ધાળુ કેટલા? અને શ્રદ્ધાવાનની શ્રદ્ધા પણ એનું જ્ઞાન વધતાં ડગવા લાગે છે, ઢીલી બને છે. જ્ઞાનપૂર્વકની શ્રદ્ધા હોય તો તે અડગ રહે ખરી. પણ એવી શ્રદ્ધા વિરલ હોય છે અને તે તો જેમ જ્ઞાન વધે છે તેમ તેમ તે પણ વધતી જાય છે. આ સંજોગોમાં ઈશ્વર કે પરમતત્ત્વનું સ્પષ્ટ જ્ઞાન અને સમજ લેવાં ખૂબ જ જરૂરી ગણાય.

ઉપર જોયા તે ચારેય મતોને એકવાર નજરમાં રાખીને સળંગ નવીન દૃષ્ટિએ આપણે વિચારવું જોઈએ. એક સ્વતંત્ર શુદ્ધ વિચારણા બાદ તપાસવાનું રહેશે કે એ ચારેય મતો એક સાથે એનો મેળ કેટલો ખાય છે અને બને તો તેમનો સમન્વય કેટલો સાધી શકાય છે.

ચૈતન્ય છે જ

વિશ્વક્રમનો આપણે અગાઉ વિચાર કર્યો તેમાં જોયું કે બધેય કર્મ જ કર્મ છે, જડતા છે અને જડત્વનું જ સર્વત્ર સામ્રાજ્ય છે. બીજી બાજુ એ પણ જોયું કે આ પૃથ્વી ઉપર ચેતન પ્રગટ્યું છે ખરું અને જીવંત પ્રાણીઓમાં અને વનસ્પતિમાં જડની સાથે ચેતન ભેગું મળેલું જોઈ શકાય છે. આ ચેતનને જડનો આધાર હોય તો જ તે પ્રત્યક્ષ જોઈ શકાય છે. એવો અનુભવ પણ સામાન્ય છે અને તેથી એમ મનાય છે કે ચેતન એકલું ઊભું રહી શકતું નથી. માણસમાં જ્ઞાન કરતાં અજ્ઞાન વધારે છે અને જડત્વમાં એનું ચેતન ભળેલું છે તેથી એ સાચું સત્ય એકદમ જોઈ શકતો નથી. પરંતુ તે ઘડીભર તટસ્થ થાય, ઝીણવટથી આ પ્રત્યક્ષ જ્ઞાન ઉપર જ વિચારે તો એને જણાયા વિના નહિ રહે કે સત્ય તો આ દેખાતી હકીકતથી બરાબર ઊંધું જ છે.

એક દાખલો લઈએ. એક દેડકો છે, અને તેમાં જડત્વ અને ચેતન બંને છે. એની પાસે જ એના કદનો એક થોરિયમનું ઢેફું પડેલું છે. એ કેવળ જડ છે - બાહ્ય દૃષ્ટિએ એ જડ ઢેફું એક તસુ પણ પોતાની જગાએથી ખસી શકતું નથી, ભલે અણુ વૈજ્ઞાનિકો એમાંથી બૉંબની શક્તિ પેદા કરી શકે! પથ્થરના એક ટુકડામાં સ્વયંસંચાલનની જરાય શક્તિ નથી. એ જડ છે. પણ એની પાસે જ બેઠેલો પેલો દેડકો ચેતનને કારણે વામવામના કૂદકા ભરીને બધે દોડી વળે છે! પથ્થર જેવડા કદના શરીરને હલાવવાની શક્તિ દેડકામાં રહેલા ચેતનમાં છે. જડ ઉપર ચેતનનું પ્રભુત્વ છે એ આ નાનકડો દેડકો સાબિત કરે છે. ચેતનમાં સ્વયંસંચાલન છે, જડ-સંચાલન પણ છે, બેમાં શક્તિશાળી કોણ? જડ કે ચેતન? ચેતન જડ કરતાં વધુ શક્તિશાળી છે એટલું જ નહિ પણ તેનામાં સ્વયંશાસન છે.

હવે તો એક નાનકડી ત્રિરાશી જ માંડવાની રહે છે અને ચેતના શક્તિનો પૂરો ખ્યાલ આવી શકશે. જડ જે ચેતન કરતાં ક્યાંય ઓછું શક્તિશાળી છે, તેનાથી શાસિત છે તે એકલું રહી શકે એમ જગતમાં દેખાય છે; તો પછી ચેતન જે જડ કરતાં ક્યાંય વધુ શક્તિશાળી અને સ્વયંશાસનવાળું છે તે એકલું રહી શકે કે નહિ? જવાબ એક જ હોય કે ચેતન એકલું રહી શકે. આ એકલું અને સ્વસ્થ થઈને રહેલું ચેતન તે જ વ્યાપક ચેતના કે પરમ ચૈતન્ય. એ સૂક્ષ્મ છે તેથી એનો અનુભવ કરવા માણસના મનને સૂક્ષ્મ કરવું જ રહ્યું. સૂક્ષ્મ વીજળી જેવાં સ્થૂળ બળને માપવા જોવા સૂક્ષ્મ યંત્રો જોઈએ છે તો પરમ સૂક્ષ્મ એવાં ચેતના ચૈતન્યને પ્રત્યક્ષ કરવા માણસના મનને ખૂબ સૂક્ષ્મ અને શક્તિશાળી બનવું જ રહ્યું.

ચૈતન્ય એક છે

આમ પ્રત્યક્ષ અનુભવની દલીલથી કહી શકાય કે ચૈતન્ય છે જ. તે જ જડત્વનું શાસક છે, તે એકલું ઊભું રહી શકે છે. પણ સવાલ થઈ શકે કે જીવોમાં દેખાતું ચેતન અલગઅલગ નહિ હોય? અને તે બધાં ચેતન એક ન હોય તો વ્યક્તિદીઠ ચેતન અલગ માનવું પડેને?

આનો જવાબ પણ પ્રત્યક્ષ સ્પષ્ટ અનુભવ જ્ઞાનથી મળી રહે છે. ચેતનનું કામ એકતા કરવાનું છે. માણસ માણસને મળે છે અને આનંદ થાય છે. જંગલમાં કે એકાંતમાં જઈ આવેલ માણસને અન્ય માણસને મળતાં ઘણો આનંદ થાય છે. અરે, કોઈ ન મળે એમ હતું ત્યારે એકાંત ટાપુ ઉપર ગયેલા રોબિન્સન ક્રૂઝોને એક જંગલી માણસ મળ્યો તેમાં પણ સ્વજન જેટલી આત્મીયતા લાગી હતી. કેમ? બંનેમાં ચેતનતત્ત્વ એક છે તેથી તે બંનેમાં એકતા કરાવતું હતું અને એકતામાં જ ખરો આનંદ છેને? બીજી રીતે પણ આ સત્યને નીરખી શકાય.

માણસમાં જડ પંચભૂતો છે. પણ તે વિખેરાઈ કેમ જતાં નથી? કારણ માણસમાં ચેતન છે અને તેના શરીરના અંગપ્રત્યંગમાં જીવંત ચેતના પેદા કરી દે છે. આ એકતાકારી ચેતન ચાલ્યું જાય છે એટલે શરીરનાં પંચતત્ત્વો વિખેરાવાં લાગે છે અને શરીર સડવા લાગે છે. ચેતનમાં એકતા છે, એકત્વ છે. એકત્વ તેનો પ્રધાન ગુણ છે કે સ્વભાવ છે એ આ બધાં ઉદાહરણો ઉપરથી સ્પષ્ટ થઈ રહે છે.

ચેતન એકતાકારી છે, એકત્વ છે તો ચૈતન્ય એકત્વસ્વયં છે. ચેતન અને ચૈતન્યમાં પણ ભેદ ન હોઈ શકે, તે બંને એક જ છે. ટૂંકમાં ચૈતન્ય એકલું પણ ઊભું રહે છે અને જીવોમાં પણ વસે છે અને તે સર્વત્ર એક જ છે. એકત્વ તેનો સ્વભાવ છે. એ એકત્વ એ જ શુદ્ધ પ્રેમ.

જડમાં ચૈતન્ય છે

ચૈતન્યમાં એકત્વ છે, તેમ સ્થિરતા પણ છે. શરૂઆતમાં આપણે જોયું કે આ અનંત વિશ્વકર્મની ઘટમાળામાં સ્થિરતા શોધનાર માણસને પોતાના ચેતનમાં સ્થિરતા અનુભવાય છે. ચેતનમાં સ્થિરતા હોય તો ચૈતન્યમાં તે પૂર્ણરૂપે હોય; ચૈતન્યમાં સ્થિરતા કે અમરતા કે અવિનાશીપણું છે, પૂર્ણતા છે. ચૈતન્યમાં અનેક ગુણો છે અને તે પૂર્ણરૂપે છે. તે કઈ રીતે છે તે પણ આગળ જોવાનું રહેશે. અત્રે એટલું જ સમજી લઈએ કે ચૈતન્યમાં એકત્વ છે અને સ્થિરત્વ કે અવિનાશીપણું છે.

હવે થોડો જડનો વિચાર કરી લઈએ. આજનું વિજ્ઞાન ચોક્કસ નિર્ણય ઉપર આવ્યું છે. આ વિશ્વમાં જડ પદાર્થમાત્ર, જે કંઈ દેખાય છે તે બધું, દૃશ્ય માત્ર, અથવા કહો કે પ્રકૃતિ બીજું કંઈ જ નથી પણ એક શક્તિ છે, **Energy** છે. તે એક છે અને અનેકરૂપે વિશ્વમાં વિલસે છે. તે અવિનાશી છે. એમાં ઘટાડો વધારો થતો

નથી કે તેનો નાશ થઈ શકતો નથી; ફક્ત એનું એક રૂપમાંથી બીજા રૂપમાં પરિવર્તન થઈ શકે છે. આમ જડત્વનાં બે મુખ્ય લક્ષણો છે કે તે શક્તિસ્વરૂપે હોઈ તે અવિનાશી અને એક છે.

આ રીતે ચૈતન્યમાં અને જડત્વમાં બે લક્ષણો સામાન્ય નીકળ્યાં - એકત્વનાં અને અવિનાશીપણાનાં. આ બે લક્ષણો તેમની વચ્ચેના સંબંધનો પુલ કે સાંકળ બની શકે એમ છે. પણ ક્યાં ચૈતન્ય અને ક્યાં જડત્વ. બે વચ્ચે મેળ જ ક્યાં ખાય એમ છે? એક પૂર્ણ જાગ્રત અને બીજું પૂર્ણ જડ હોઈ બંને વચ્ચે બરોબર ઊંધા ગુણ દેખાય છે.

આવો વિરોધાભાસ દેખાય છે છતાં બંને વચ્ચેનો સંબંધ જગતમાં ખૂબ ગાઢો દેખાય છે. જડ દેખાતી પૃથ્વીમાંથી ચેતનભર્યો ફણગો ફૂટે છે. જડમાંથી ચેતનમય ફણગો ક્યાંથી ફૂટ્યો? પૃથ્વીમાં ચેતન સૂતેલું હશે તો જ તેને તક મળતાં બહાર દેખાડે છેને? એક જ જીવ નાનો હતો ત્યાર કરતાં મોટો થાય ત્યારે વધુ ચેતન બતાવે છે અને એ રીતે ચેતનને વધુ પ્રગટ કરી શકે છે. એ ચેતન આવ્યું ક્યાંથી? એની અંદર તો હતું જ પણ અવકાશ મળતાં તે વધુ પ્રગટ થાય છે.

ચૈતન્ય અને જડત્વની સાંકળ સંધાઈ ગઈ. એ બંને એક જ છે અને ચૈતન્યનાં એકત્વ અને અવિનાશીપણાનાં લક્ષણ જડતામાં પણ દેખાય છે, તેનું કારણ એ બંનેની મૂળભૂત એકતા છે. ચૈતન્ય જડમાં સુપ્ત થઈને આ બે લક્ષણો દ્વારા પ્રત્યક્ષ થાય છે. ટૂંકમાં જડત્વ એટલે સુપ્ત ચેતન કે ચૈતન્ય જ છે. જડમાં ચૈતન્ય છે, એટલું જ નહિ પણ જડ ચૈતન્યનું જ ઊંધું સ્વરૂપ છે. ચૈતન્ય પોતાના એકાંશ વડે પોતાને ઊંધું કરી જડ બને અને વિશ્વ વર્તુળ સર્જીને સર્જનક્રિયા ચલાવે છે અને અંતે સર્જનને પાછું પોતાનામાં સમાવે છે.

સનાતન પ્રેરણાઓનો આધાર

ચેતન અને જડ અંગેની આ બધી દલીલો પરલક્ષી એટલે બાહ્ય થઈ; જોકે એ બધીય દલીલ માણસના અનુભવમાં આવેલી બાબતો ઉપર જ રચાયેલી છે. એમાં કેવળ તર્ક નથી અને જે તર્ક છે તે શુદ્ધ અને સરળ છે. સામાન્ય ઘરગથ્થુ શબ્દોમાં જ એ તર્કદલીલ મૂકવામાં આવી છે - માણસની રોજના અનુભવની વાણીમાં એ રજૂ થઈ છે. પણ આ બધા અનુભવો કરનારો અને તે ઉપર દલીલ રચનાર માણસ પોતે જ એક ઉત્તમ દલીલ નથી શું? એ પોતે જ એનું ઉદાહરણ નથી શું? દલીલ કરનાર કે અનુભવ કરનાર તે છે, તો એ પોતે જ શું છે, એની આંતરબાહ્ય અનુભૂતિઓ શું છે તે તપાસવા કરતાં આ ગૂઢ દેખાતા જડ ચેતનના પ્રશ્ન ઉપર વધુ પ્રકાશ પડશે અને વધુ સત્ય તારવવામાં ભારે મદદ મળશે.

માણસ પોતે કોણ છે તેનો વિચાર કરે છે ત્યારે તેને લાગે છે કે આ શરીરમાત્ર નથી. એ કેવળ એનું મન પણ નથી, પણ ચેતન છે. ચેતન પોતે છે તો એ એને કેવું લાગે છે? આ ચલિત સંસારમાં સત્ય લાગતું હોય તો આ ચેતન છે કારણ તેમાં સ્થિરતાનો અનુભવ થાય છે. 'હું છું'નું સત્યભાન થાય છે તે આ ચેતનને લીધે જ. સત્યભાન કરાવનાર સત્ય જ હોય. જગતનાં સાપેક્ષ સત્યોનું ભાન પણ સત્ય ચેતન વડે જ થાય છે, અસત્યમાં કદી સત્યનું જ્ઞાનભાન સંભવી શકે જ નહિ. તેથી ચેતન સત્ય છે. વળી એનાથી જ્ઞાન થાય છે, એમાં જ્ઞાન થાય છે તેથી તે જ્ઞાનમય છે. જગતમાં જે કંઈ આનંદ છે તે પણ ચેતનને લીધે જ છે. જડને કંઈ આનંદ કે દુઃખ છે જ નહિ. વળી દુઃખમાં પણ આનંદ માણી શકાય છે તે પણ આ ચેતનને લીધે. તેથી આ ચેતન આનંદમય જ છે. આમ એક આંતરિક પ્રતીતિ ચોક્કસ થાય છે કે ચેતન, સત્યમય, જ્ઞાનમય અને આનંદમય છે. તેથી જ તેને સચ્ચિદાનંદ કહ્યું છે.

ચેતનની આ પ્રતીતિ માણસને થાય છે, અંતર દ્વારા થાય છે. એટલે આ સ્વાનુભવ પ્રતીતિને દલીલ તરીકે ન લેવાય એમ કોઈ કહે તો તેમાં વજૂદ નથી. આ પ્રતીતિ સાર્વત્રિક છે. દરેક માણસને માટે તે શક્ય છે. જે કોઈપણ શાંતચિત્તે અને અંતરમાં ઊતરે તેને ચેતનના સચ્ચિદાનંદ સ્વભાવની પ્રતીતિ થયા વિના ન જ રહે. એ સાર્વત્રિક અનુભવ છે તેથી તે એટલો જ પરલક્ષી છે, બાહ્યલક્ષી છે.

આ પાયાની પ્રતીતિની જેવી બીજી પ્રતીતિઓ પણ માણસને થાય છે. એ પ્રતીતિ પણ ઘણી મહત્ત્વની છે. માણસને અંતરાનુભૂતિ થાય છે કે તેનું ચેતન કે આત્મા સત્યમય, શિવ એટલે મંગલમય કે કલ્યાણમય અને સૌંદર્યમય છે. ચેતનની આ બે પ્રતીતિઓ ઉપરથી ચૈતન્યના પૂર્ણસ્વરૂપનો સહેજે ખ્યાલ આવી શકે. ચૈતન્ય પૂર્ણતયા સચ્ચિદાનંદ છે, સત્ય, શિવ અને સુંદર છે.

આ પ્રતીતિઓની જેવી બીજી પણ બેત્રણ મહત્ત્વની પ્રતીતિઓ છે તે પણ અત્રે સમજી લેવી જરૂરી છે. માણસને પોતાના ચેતનનો કેવળ અનુભવ કરતાં લાગે છે કે હું શરીર નથી પણ તેથી વિશેષ છું, અન્ય છું. એની સાથે જ એવી બીજી પ્રતીતિ પણ થાય છે કે આ શરીર મારામાં છે, તે મારામાં સમાય છે, જે કંઈ મારા જેવું લાગે છે તે મારી અંદર સમાઈ શકે છે, સમાયેલું છે. આની સાથે જ ત્રીજી પ્રતીતિ થાય છે કે ચેતન જડ બધું હું જ છું. આ ત્રણે પ્રતીતિઓ ઘણા ગૂઢ રહસ્યની સૂચક છે. એ સૂચવે છે કે ચેતન જડ સાથે રહે છે છતાં જડથી વિશેષ છે અને અન્ય છે, તેનાથી જુદું છે. આ પછી તરત બીજી પ્રતીતિનો અર્થ એ થાય કે ચેતન વિશેષ છે પણ શરીર એમાં સમાઈ શકે છે; અને એ પછી તરત ત્રીજી પ્રતીતિ સૂચવે છે કે જડ દેખાતું શરીર પણ અંતે તો ચેતનમય બની જાય છે, એ પણ ચેતન જ છે.

આ પ્રતીતિઓ સાર્વત્રિક છે પણ તેને માટે લાયકાત જોઈએ. શાંતચિત્તે અનુભવનારને એનો અનુભવ ચોક્કસ થઈ શકે છે. આવી પ્રતીતિઓનું મહત્ત્વ બતાવવાનું બહુ હોય નહિ કારણ જીવનમાં આંતરિક પ્રતીતિ વધુમાં વધુ સત્યમૂલક હોય છે. પ્રતીતિ શુદ્ધ સત્ય બતાવે છે. વેદકાળના ઋષિઓનું સનાતન જ્ઞાન પ્રતીતિપ્રેરક હતું. આ પ્રતીતિઓ જીવનનાં અને વિશ્વનાં સનાતન સત્યો બતાવી જાય છે. વૈજ્ઞાનિકો સત્ય શોધે છે ત્યારે તેમને પણ પ્રેરણાદ્વારા સત્યજ્ઞાન થાય છે. ઉચ્ચ જ્ઞાન માત્ર પ્રેરણા અને આંતરિક પ્રતીતિ વડે થાય છે. એવી પ્રતીતિ માટે ચિત્તશુદ્ધિ જોઈએ, ચેતન ચૈતન્ય તરફની અભિમુખતા જોઈએ, યા સત્યની તાલાવેલી જોઈએ. શાંતપળોએ એ પ્રતીતિઓ આપોઆપ અંતરમાં પ્રગટ થાય છે અને સત્યજ્ઞાન પેદા કરે છે. ઉપરની પ્રતીતિઓ સાર્વત્રિક છે અને તેથી એનાં સત્ય સાર્વત્રિક અને સનાતન છે. એવી પ્રતીતિઓ વડે જ વેદાંતના ઋષિઓ પોકારી ઊઠતા કે આ બધું બ્રહ્મમય છે. બ્રહ્મ જ છે. જગત પણ બ્રહ્મમય છે; બ્રહ્મ સિવાય જગતમાં બીજું કંઈ જ નથી. વાદાવાદમાં ન પડવાને ખાતર તથા સર્વમાન્ય થાય એવો સાર્થક શબ્દ લઈને પણ કહી શકીએ કે બધું ચૈતન્ય જ છે, જગત પણ ચૈતન્યમય છે.

ચૈતન્ય, જીવ અને જગતનો સંબંધ

જગત ચૈતન્યમય છે તો પછી જગતમાં આ સુખદુઃખ, રાગદ્વેષાદિ દ્વંદ્વો, આ જડત્વ અને વિષમતા શેને લીધે? શું એ બધું ચૈતન્યમાં છે? આ બધી વિવિધતા ક્યાંથી આવી? ચૈતન્ય તો એક જ છે તો પછી આ અનેકતા શાને? આ અને આવા સવાલો થાય એ સ્વાભાવિક છે. પરંતુ એનો જવાબ પણ એટલો જ સ્વાભાવિક છે અને તે ઉપરની વિચારસરણીને આગળ ચલાવતાં મળી આવે છે.

આપણે જોયું કે ચૈતન્યમાં આ વિશ્વ સમાય છે, જડત્વમાત્ર સમાય છે તેથી શક્તિમાત્ર તેમાં છે. એટલે કે તે સર્વ શક્તિમાન છે. તે જ રીતે તે સર્વજ્ઞ અને સર્વ વ્યાપક પણ છે. ચૈતન્યમાં આવી સર્વજ્ઞ કે પૂર્ણતા છે તો પછી તેનામાં સર્જનશક્તિ પણ છે જ, એકના અનેક થવાની શક્તિ પણ છે જ. એકના અનેક થવું એ એનો સ્વભાવ કહો કે શક્તિ કહો પણ એ જો એનામાં ન હોય તો તે સર્વશક્તિમાન ન ગણાય. આંતરપ્રતીતિ કહે છે, આપણે ઉપર જોઈ તે અનુભવને પ્રત્યક્ષ દલીલો સાબિત કરે છે કે ચૈતન્ય તો સર્વ શક્તિમાન છે જ. તો પછી એનામાં સર્જનશક્તિ અને એકના અનેક થવાની શક્તિ પણ છે જ.

ત્યારે ચૈતન્ય એકનું અનેક થાય કઈ રીતે? જો પોતાના જેવું જ અનંત અમાપ ચૈતન્ય સર્જે તો બીજું ચૈતન્ય ઊભું થાય અને તે તો એકનું એક જ થઈ રહે! એમાંથી પોતાના જેવાં એકના બે ન થાય, ન થઈ શકે. એકના અનેક થવા તેણે નકારનો આશરો લેવો જ રહ્યો એટલે કે પોતે ચૈતન્ય છે તો પોતાના નકાર એટલે ઊંધા એવા જડત્વનો આશરો લેવો જ રહ્યો. આમ જડત્વ બીજું કંઈ જ નથી પણ ચૈતન્યનો નકારમાત્ર છે, એટલે એ પણ ચૈતન્યનું જ રૂપ છે. જડત્વનો આશરો લીધો એટલે પછીનું કામ સહેલું બને છે. ચૈતન્ય પોતે સચ્ચિદાનંદ છે એટલે જડત્વ દ્વારા પોતે ઊંધા થઈને જડ શક્તિ પેદા કરી; પોતે એક છે, તો અવિદ્યા કે જડતા દ્વારા અનેકતા અને વિવિધતા ઊભી કરી, પોતે દ્વંદ્વાતીત છે, તો જડત્વનાં દ્વંદ્વ ઊભાં કર્યાં અને એ રીતે જગતનો સંસાર મંડાયો. પોતાના એક અંશમાત્રથી પોતાના સર્જન સ્વભાવને લીધે, આનંદ કે લીલાને માટે આ સંસારનો ખેલ ચૈતન્યે શરૂ કર્યો, અને વિશ્વનું સર્જન થયું; એ સંસાર સાંત એટલે અંતવાળો છે કે અનંત છે વગેરે સવાલો અહીં પ્રસ્તુત નથી છતાં એટલું ટૂંકમાં કહી શકાય કે માનવ મનને ગમે

તેટલું અનંત લાગે તોય વિશ્વ સાંત છે કારણ સર્જન ત્યાં મર્યાદા છે જ. ક્રમની દૃષ્ટિએ તે અનંત હોઈ શકે કારણ ચૈતન્યનો સ્વભાવ સર્જન છે એટલે સર્જન તે ક્યારેય હંમેશ માટે બંધ કરે એમ ન બને. પણ જીવની દૃષ્ટિએ તે સાંત છે કારણ તેની ગતિ ચૈતન્ય તરફ છે અને જગતની જડતામાંથી તે નીકળી ચૈતન્યમાં ભળી શકે છે.

ચૈતન્યની શક્તિ અંતિમ જડત્વ સુધી પહોંચ્યા પછી પાછી વળે છે અને ઊર્ધ્વક્રમે પાછી ચેતનવાન થતી અંતે ચૈતન્યને પામે છે. આમ અવતરણ ઊર્ધ્વીકરણના સળંગ વર્તુળમાં જગત અને વિશ્વનું વર્તુળ પૂરું થાય છે, અને કલ્પો સર્જાય અને પૂરાં થાય છે. એ લાંબી વિગતમાં અહીં પડ્યા વિના પ્રસ્તુત સવાલને સ્પર્શતી બાબતને લક્ષમાં લેતાં કહેવું જોઈએ કે માનવ આ ઊર્ધ્વીકરણના કે ઉત્ક્રાંતિનાં પગથિયાંમાં એક મહત્ત્વનું પગથિયું છે. એની દિશા છે ચૈતન્ય તરફ પણ એ ખૂંચેલો છે જડત્વ અને એની આનુષંગિક અસરોમાં. તેનું ખરું કામ ચૈતન્યમય થવાનું છે અને તે અર્થે એણે મથવાનું છે, મથી રહ્યો છે. માણસમાત્રને મોટા થવું છે, વિશાળ થવું છે, નિશ્ચિંત થવું છે, શાંતિમય થવું છે અને એ રીતે વિકાસ સાધવો છે. કોઈને ધનમાં એવી વિશાળતા અને આધાર લાગે, કોઈને સત્તામાં, કોઈને યશમાં અને આબરૂમાં પણ તે વિશાળ થવા માટે છે એ ચોક્કસ. જે જાગી ગયો છે એ પોતાના પરમ સ્વરૂપને ચૈતન્યને જ વાંચ્છે અને તદર્થે જ પ્રયત્નશીલ બને છે.

ચાર વિચારસરણીઓનો સમન્વય

આ વિચારણામાં હવે શરૂઆતમાં વેદાંત, સાંખ્ય, જડવાદ અને બૌદ્ધમતની વિચારસરણી કઈ રીતે સંકળાય છે તે જોઈ લેવું જોઈએ. એ બધાનો સમન્વય શક્ય હોય તો તેમ કરવા કોશિશ કરવી જોઈએ. સમન્વય એટલે બધા વિચારનો ખીચડો નહિ પણ બધાના સારતત્ત્વનો

એક મહાતત્ત્વમાં સમાવેશ કરવો એવો અર્થ કરવો ઘટે. પ્રથમ જડવાદ લઈએ. એ કહે છે કે જડત્વ છે બીજું નથી એ વિચાર હવે ટકી શકતો નથી. પણ એટલું ખરું કે જડત્વનો ઈન્કાર થઈ શકે એમ નથી. પરંતુ એ જડત્વ હેતુમય છે અને મૂળસ્વરૂપે ચેતનસ્વરૂપ જ છે. બૌદ્ધમતના ક્ષણિકતાનો વિચાર જડત્વને લાગુ પડે છે પણ ચેતનને ન લાગુ પડે. પણ બૌદ્ધમત અંતે તો નિર્વાણ સ્વીકારે છે. એ નિર્વાણ શૂન્ય નથી પણ ભાવાત્મક છે. એ ભાવાત્મક ન હોય તો બૌદ્ધ ધર્મની તપસ્યા, ધ્યાન, ધારણા, સમાધિ બધું શું શૂન્ય થવા કરવાનું છે? નિર્વાણની કલ્પના બુદ્ધ ભગવાને શૂન્ય નહિ પણ સર્વસ્વની કરી છે. ચૈતન્યમાં એ વિચાર સમાઈ જાય છે. એટલે ત્યાં કશો ઝઘડો રહેતો નથી. સાંખ્ય બે તત્ત્વોને સ્વીકારે છે પરંતુ એ બે છેવટે એક જ છે એટલો જ ઉમેરો કરવાનો રહે છે. બાકીનું તેનું પૃથક્કરણ સરસ છે. વેદાંત વિચારમાં બ્રહ્મને ચૈતન્યને નામે ઓળખો એટલે આ વિચારણા મળતી આવે છે. આ વિચારણા એક રીતે વેદાંત વિચારણા જ છે. એને તળપદી અને સરળ દલીલ રીતિથી આજની ભાષામાં સમજાવવા કોશિશ કરી છે એટલું જ.

અજ્ઞેયવાદને તો અહીં ગણતરીમાં જ લીધો નથી. એ એમ સમજાવે છે કે આ વિશ્વનું મૂળ કારણ તે તત્ત્વ કદી જાણી શકાય જ નહિ. માણસની મર્યાદાઓ જાણે છેવટની જ હોય એમ માનીને તે ચાલે છે. આ વાદમાં વિચારનું આળસ છે, અને એક રીતે તે નિરાશાવાદ કહી શકાય. એનાં કરતાં વૈજ્ઞાનિક વલણ ઘણું સારું છે કારણ તેમાં ભલે કશું ચૈતન્ય તત્ત્વ કે ઈશ્વર તત્ત્વ માનવામાં નથી આવતું છતાં તે સતત જ્ઞાનશોધ કર્યા કરે છે અને તેની જ્ઞાનમર્યાદા વધતી જ રહે છે. એની સત્યશોધ, તે માટેનો અનેરો ઉત્સાહ અને પ્રામાણિક મર્યાદાસ્વીકાર તેને જ્ઞાનની સાચી દિશા તરફ દોરી જાય છે. આજે એણે એમ પણ વિચારતાં થવું પડે છે કે ઍટમના અંતરગત

સંચાલનમાં કંઈક એવું બાહ્યતત્ત્વ કામ કરી જાય છે જે ઍટમની અંદર નથી. એ તત્ત્વ શું છે તે એ નથી કહી શકતું. આ રીતે તે આગળ આગળ જઈ રહ્યું છે. એ રીતે તે ચેતનતત્ત્વને સ્વીકારશે.

આ વૈજ્ઞાનિક મતને હવે સ્વીકારવું પડે છે કે કુદરત કે નિસર્ગ એક સત્યક્રમ વડે ચાલી રહ્યું છે. વેદાંત કહે છે કે તે ઋત વડે ચાલી રહ્યું છે. ઋતનો વિશાળ અર્થ કરતાં કહી શકાય કે જે સનાતન સત્ય કે સત્યશ્રેણી વડે આ વિશ્વ ચાલી રહ્યું છે તે જ ઋત. ઋત એટલે વિશ્વનો સત્યક્રમ. તેના વડે સર્વત્ર ચૈતન્યની જ પ્રતિષ્ઠા થઈ રહી છે અને વિશ્વક્રમ વ્યવસ્થિત ચાલ્યા કરે છે.

આ છે વિશ્વની ઘટમાળ અને તેની પાછળના ઘટનાતત્ત્વ ચૈતન્યની રૂપરેખા. આ ક્રમ બરાબર સમજાય એટલે હવે જપનું રહસ્ય સમજવું સરળ થઈ પડનારું છે.

ચૈતન્યનો જ જપ

માનવનું પરમ ધ્યેય ચૈતન્ય પ્રાપ્તિ છે એમ આટલા વિવેચન પછી જરૂર કહી શકાય. ઋતપાલન વડે ચૈતન્યમય થવું તે તેનો જીવનક્રમ બનવો જોઈએ. એવા જીવનક્રમ માટે એની પાસે આદર્શ મોજૂદ છે. વિશ્વ ચૈતન્યનું ઋતક્રમ જ છેને? યજ્ઞની ભાષામાં કહીએ તો વિશ્વ ચૈતન્યનો જપયજ્ઞ છે. આ વિશ્વના જપયજ્ઞના ધ્યેયને અનુસરીને માણસનું જીવન પણ જપયજ્ઞ બની રહેવું જોઈએ.

એ કેમ બને? પોતે મર્યાદિત 'હું' નથી પણ પરમ ચૈતન્ય છું એવી સતત ધ્યેય સ્મૃતિ સાથે જીવનનાં સત્યોનું પાલન કરતાં માણસનું જીવન જપમય બની જાય. અહીં જપ તેના વિશાળ અર્થમાં યોજાયો છે. જપ એટલે નિત્ય નવીનતા પેદા કરનારા ઊર્ધ્વગામીક્રમનું રટણ. એક સત્ય બીજા ઊર્ધ્વસત્ય તરફ લઈ જાય છે અને પરમ સત્ય ચૈતન્ય લક્ષ સતત સામે હોવાથી માણસની છેવટની ગતિ

પરમ ચૈતન્યમાં તન્મય થવામાં જ રહેલી છે. આ દૃષ્ટિએ આવો જીવનક્રમ એટલે વિશ્વક્રમનું પિંડસ્વરૂપ, નાનું પણ પૂર્ણ સ્વરૂપ.

માનવચેતન શરૂઆતમાં એકદમ પરમ ચૈતન્યની ઝાંખી કરી શકતું નથી પણ જેમ જેમ તેનું જીવન ઋતમય અને જપમય બને છે તેમ તેમ તેનામાં મૂળભૂત પ્રેરણાઓની અનુભૂતિ થવા લાગે છે. એનું ચેતન અનુભવવા લાગે છે કે તે શરીરથી ભિન્ન છે, અલગ છે; તે પછી વૃત્તિમાત્ર તેને ચેતનમાં અને ચેતનના વિકાસમાં જ સંતોષાતી અને સમાઈ જતી અનુભવાય છે અને એ રીતે આગળ જતાં શરીરાદિ બધું ચેતનમાં જ છે, ચેતનામય છે એવી અનુભૂતિ થવા લાગે છે, આ અનુભૂતિ તે જ સોઽહમ્ જપનું સહજ સ્વરૂપ બની રહે છે.

ચિત્તનો સંસાર

જીવનને ચૈતન્યનો જપયજ્ઞ બનાવવું કઈ રીતે? માણસનું ચિત્ત કે મન તો સંસારના વિષયો તરફ દોડ્યા કરતું હોય છે, એમાં જ મચી ગયેલું હોય છે અને મનનો સંસાર લાંબો હોય તેને કબજે કરવો બહુ કઠિન થઈ પડે છે એવો સર્વસામાન્ય અનુભવ છે. આ કઠિનતા ત્યાં સુધી જ લાગે છે જ્યાં સુધી ચિત્ત કે મનના સંસારનો પૂરો ખ્યાલ આપણને આવ્યો નથી હોતો. જો એ સંસાર સમજાય તો એ સંસારમાં જપને કેમ દાખલ કરી દેવો એનું દિશાસૂચન તરત જ મળે એમ છે.

ચિત્ એટલે જાણવું, સમજવું. એ ઉપરથી ચેતન શબ્દ પેદા થયો; જે જાણે છે તે ચેતન. ચેતન જેના વડે જાણે તે ચિત્ત. એ રીતે મનન કરે તે મન. ચિત્તનો એ પર્યાય શબ્દ છે એમ કહી શકાય. બેમાં થોડો ભેદ છે તે હમણાં જ જોઈશું.

માનવ ચિત્તની આટલી પ્રધાન શક્તિઓ સતત કામ કરતી હોય છે - મન અહં, શ્રદ્ધા, બુદ્ધિ, વૃત્તિઓ અને સત્ત્વ. ''હું છું, હું આ કે તે છું', 'હું આવડો કે તેવડો છું,' 'આટલી કે તેટલી શક્તિવાળો છું' એવું વિવિધ સ્ફુરણ સતત વારે વારે ઊઠ્યા કરે છે તે અહંને કારણે. માણસનો જેવો અહં તેવો તે બને છે. માણસનું ચેતન જેટલું પ્રગટ થયું હોય તેવો તેનો અહં હોય છે અથવા કહો કે માણસના ચિત્તના વિકાસ પ્રમાણે તેનો અહં ઘડાયો હોય છે. ચેતન અને સત્ત્વની એકતા તે અહં. માણસમાં ચેતન છે તેમ પ્રકૃતિતત્ત્વો છે. માણસના પ્રકૃતિતત્ત્વના સમૂહને સત્ત્વ કહેવામાં આવે છે. ચેતન અને સત્ત્વની એકતામાંથી અહં જન્મે છે એની મર્યાદા તે મન. આમ તો તે ચિત્ત ગણાય છે પણ ખરેખર તે ચિત્તની મર્યાદા છે. ચિત્ત જાગ્રત છે તેમ અજાગ્રત છે અને ચિત્ત માણસની સમગ્રતામાં વ્યાપેલું છે. મન પણ સુપ્ત કહેવાય કારણ ત્યાં પણ ચિત્તની મર્યાદા છે પરંતુ તે માણસના સત્ત્વની સમગ્રતામાં વ્યાપેલું નથી. આટલો ફરક બંને વચ્ચે છે. મનને કેટલાક અંતઃકરણ પણ કહે છે પરંતુ અંતઃકરણમાં એક વિશેષ શક્તિ છે. અંતઃકરણ એટલે અંદરનું કરણ અથવા જ્ઞાનેન્દ્રિય. એનો સીધો સંબંધ ચેતન સાથે અને ચેતન દ્વારા ચૈતન્ય સાથે થઈ શકે એટલી એનામાં શક્તિ છે. પરંતુ એ માટે એને શુદ્ધ કરવું જોઈએ. ટૂંકમાં મન કરતાં અંતઃકરણમાં ચેતનાની પ્રેરણાશક્તિ પામવાની વિશેષ શક્તિ છે. જપ આ અંતઃકરણ મન અને અહંને શુદ્ધ કરવામાં ખૂબ મદદરૂપ થઈ પડે છે. પરંતુ એ કઈ રીતે શુદ્ધિકાર્યમાં કામ આવી શકે તે ચિત્તના બાકીના સંસારને સમજતાં ક્રમશઃ જોતાં જઈશું.

ચિત્તની પંચવિધ શક્તિઓ

માણસનું ચિત્ત હંમેશ પાંચ કામ કરતું જોવામાં આવે છે - એ

કામો અવિરત ચાલ્યા જ કરતાં હોય છે. પ્રથમ એક થવાનું કામ. માનવચિત્ત કોઈના કોઈ વિષય સાથે એક થયેલું જ હોય છે - એ વિષય કોઈ વિચાર કે માન્યતા કે ફિલસૂફી હોય તો કંઈક વધુ લાંબો સમય તેની સાથે એક થાય છે. આવી એકતા સાથે પળે પળે પણ એક થવાની અને પેલી સ્થિર દેખાતી એકતા સાથે તેનો મેળ કરવાની ક્રિયા ચાલ્યા જ કરે છે. આ એક થવાની ચિત્ત ક્રિયામાંથી જ માણસની શ્રદ્ધા જન્મે છે, જે વિચાર માન્યતા કે ફિલસૂફી સાથે તે એક થાય છે તેવી શ્રદ્ધા તેની થાય છે. જેવો માણસ તેવું તેનું ચિત્ત અને તેની શ્રદ્ધા અથવા કહો કે જેવી તેની શ્રદ્ધા તેવો તે માણસ બને છે. આ શ્રદ્ધામાં વધારો ઘટાડો પણ થયા કરે છે અને તે તેની પેલી સતત એક થવાની ક્રિયા વડે જ થાય છે. માણસની માન્યતામાં આ ક્રમ વડે ફેરફાર થાય તેમ તેની શ્રદ્ધા બદલાય અને એ રીતે પોતે પણ બદલાય છે. આ એક થવાની ક્રિયા માણસના જીવનમાં બહુ મોટો ભાગ ભજવે છે. જેવો તેનો ચિત્ત વિકાસ તેવો તેનો શ્રદ્ધા વિષય અને તેવો તે બને છે.

બીજી શક્તિ છે જોવાની. માણસનું ચિત્ત જેવું જુએ છે તેવું બને છે. આંખથી તો તે ઘણુંય જોતો હોય છતાં તે બધું અને ખરેખર જુએ છે એવું બનતું નથી. જે જોઈને તેના ચિત્તમાં નિર્ણય પેદા થાય છે તે જ તે જોઈ શકે છે. આ જોવાની શક્તિને બુદ્ધિ કહેવામાં આવે છે. માણસની નિર્ણયશક્તિ ઉપર એટલે કે બુદ્ધિ ઉપર એના વિકાસનો આધાર રહે છે. તે સત્ય અને સાચી હકીકત જોઈ જ ન શકે અને તેનો નિર્ણય ન કરી શકે તો પછી એનો વિકાસ અટકે છે. નિર્ણયશક્તિ ઝડપી હોય, તીવ્ર હોય, સત્યમૂલક હોય તો તે ઝડપથી વિકાસ કરી ઉત્તરોત્તર એની શ્રદ્ધાને પણ વિશાળ કરી ચિત્તવિકાસ સાધી વધુ ને વધુ ચેતનાનો અનુભવ કરી શકે છે.

ત્રીજી શક્તિ છે કરવાની. કંઈક ને કંઈક હરપળે કરવાની આ શક્તિ માણસની વૃત્તિને નામે ઓળખાય છે. વૃત્તિ ચિત્તની અંદર હોય છે ત્યાં સુધી તે માનસિક કામ, તરંગ, વિચારાદિ કર્યા કરે છે પણ એ બાહ્ય કાર્યમાં પરિણમ્યા વિના રહેતી જ નથી. એ એટલી ઝડપથી અનેકરૂપે ઉદ્‌ભવે છે કે માણસના મનને કંઈકની પ્રવૃત્તિ કરવા તરફ સતત ધકેલે છે. આ વૃત્તિઓ અનેક છે, અનેક રૂપધારિણી છે, તેનો સ્વભાવ ચંચળ છે, ગતિમાન છે. કૂદકે ને ભૂસકે આગળ ને આગળ દોડે જાય છે અને કોઈ વાર ભારે વેગથી ઉદ્‌ભવે છે. વૃત્તિ પ્રચંડ શક્તિ છે અને શ્રદ્ધા અને બુદ્ધિશક્તિને પણ ઘણીવાર ડોલાવી દઈ ઘસડી જાય છે. પર્વત ઉપરથી ધસમસતાં વેગીલાં ઝરણાં જેવી વૃત્તિઓને નાથવામાં આવે તો ભગીરથે ગંગાને વાળી તેમ વૃત્તિનો નદ મનોગંગા બની રહે. એમ ન થાય તો ક્યાંય ખીણમાં કૂદાકૂદ કરી અફળાઈ કુટાઈને ક્યાં ગુમ થઈ જાય કે વિષયોના રણમાં જઈ સુકાઈ જવાની. પણ એમ એ સુકાય એમ નથી. એકની પાછળ બીજી વૃત્તિ ઊઠ્યા જ કરવાની અને ચિત્તમાં હંમેશ ખળભળાટ મચાવ્યા જ કરવાની. મનની ચોથી અને પાંચમી શક્તિ છે સ્મરણ અને કલ્પના શક્તિઓ. મન સતત કંઈકનું કંઈક સ્મરણ કરે છે અને કંઈકની કંઈક કલ્પના પણ કરે જાય છે.

ખરું કારણ આ પંચવિધ શક્તિનો સદુપયોગ કરી માનવચિત્તને શક્તિમાન અને શુદ્ધ કરી તેને વધુ ને વધુ ચેતનામય કરતાં જઈ ચૈતન્યમાં સ્થાપિત કરવાનું છે. ચૈતન્યનો જપ કેમ થાય તે અહીં જોવા સમજવાનું રહે છે. આ શુદ્ધિકાર્યમાં જપ ઉપયોગી થાય તો જ જપની ખરી કિંમત છે. ખરેખર તે એમાં કામ આવે એમ છે.

ચિત્તની પ્રધાનશક્તિ શ્રદ્ધા ચિત્તને હંમેશ એક થવા પ્રેરે છે. સ્મરણશક્તિ વડે જપ એમાં મદદરૂપ થઈ શકે એટલું જ નહિ

પાયાનું કામ કરી આપી શકે છે. જપ એટલે સતત ચૈતન્યસ્મરણ. ચૈતન્ય શું છે અને કેવું છે તેનો ખ્યાલ તો આપણે અગાઉ લીધો. માણસે પોતાની ચેતનાને અનંતરૂપે જોઈ તેમાં શ્રદ્ધા સ્થાપવી એટલે કે ચિત્તને તદાકાર કરવું. પણ સાધક ફરિયાદ કરે છે કે એવી સ્થિતિ એકદમ થતી નથી કે તેનો સ્પષ્ટ ખ્યાલ આવતો નથી. અહીં માણસની કલ્પના શક્તિ ખૂબ ઉપયોગી થાય છે. કલ્પનાથી શ્રદ્ધાને ટેકો આપી અનંત ચૈતન્યનું સ્વરૂપ કલ્પવું અને જપ વડે તેની સતત સ્મૃતિ કરવી. ચૈતન્ય જ પરમ ધ્યેય છે તે બુદ્ધિપૂર્વક સમજવું એટલે શ્રદ્ધાને પાકો ટેકો મળી જવાનો. અહીં પણ જપ કામનો છે. જપ બુદ્ધિને શ્રદ્ધાની મદદમાં સતત યોજે છે અને શ્રદ્ધાને પાકી કરે એવા નિર્ણયો કરાવે જાય છે. એટલે જપનું પહેલું કામ શ્રદ્ધાની એક થવાની શક્તિથી ચિત્તને ચૈતન્યમાં પરોવવાનું અને શ્રદ્ધાને મજબૂત કરવાનું છે. તેનું બીજું કામ બુદ્ધિનું શ્રદ્ધા સાથે લગ્ન કરાવી શ્રદ્ધાને ટેકો આપતી કરવાનું છે જેથી ચિત્તના નિર્ણયમાત્ર તેની શ્રદ્ધાને પોષક બને, ટેકારૂપ બને.

આટલું કામ થયું એટલે પાયાનું કામ થયું પણ જ્યાં સુધી ત્રીજી વૃત્તિશક્તિની કાર્યશક્તિ હાથમાં ન આવે ત્યાં સુધી આ પાયા ઉપર ચણતરનું કામ ન થાય. જપ એમાં કામ લાગે તો જપની સાર્થકતા સિદ્ધ થાય.

જપથી વૃત્તિશુદ્ધિ

વૃત્તિઓને જરા વધુ વિગતે તપાસવી જોઈશે. એ ક્યાંથી ઉદ્‌ભવે છે તે માણસ એકદમ સમજી શકતો નથી અને તેના વેગમાં તે તણાયો જાય છે. પશ્ચિમનું માનસ વિજ્ઞાન કહે છે તે સુપ્ત મનમાંથી બહાર આવે છે. માણસનું સુપ્ત મન અગાધ છે અને જેમ પાણીમાં બરફનો પહાડ હોય છે તેમ આપણું મન થોડું જ બહાર એટલે કે

જાગ્રત હોય છે અને મોટાભાગનું અજ્ઞાતના ઊંડા પાણીમાં હોય છે. પણ આ સુપ્ત મન ખરેખર છે શું? એ શું બીવા જેવી વસ્તુ છે કે આપણા ચિત્તનું જ એક અંગ હોઈ આપણા ગુપ્ત ખજાના જેવું છે? આપણે લીધેલી વિચારસરણી પ્રમાણે તો આ જડ જડત્વમાત્ર સુપ્ત ચેતન કે ચેતના જ છે. માનવ મન પણ સુપ્ત ચેતના જ છે એટલે એનાથી ગભરાવાને કોઈ કારણ નથી. એ તો ગુપ્ત ચેતન ખજાનો છે. માનસ વિજ્ઞાનીઓ એથી ડરાવે છે એમ લાગે છે તેમાં કંઈક સરતચૂક થાય છે. છતાં એમની સાવચેતી તો કામની છે જ; કારણ કે તે સુપ્ત ચેતન હોવા છતાં માણસને મન તો અજ્ઞાત છે અને તેની શક્તિનો ખ્યાલ ન હોવાને લીધે વૃત્તિના વેગને સમજ્યા વગર તેમાં તણાયે જાય તો ભારે ગંભીર અકસ્માતો અને ભૂલો જીવનમાં કરી બેસે છે.

ત્યારે આ સુપ્ત ચિત્ત ચેતનામય છે. એ જાગ્રત થવા મથી રહ્યું છે. સુપ્ત અવસ્થામાંથી જાગ્રત અવસ્થામાં આવવા એ જે બાથોડિયાં ભરે છે તે જ આ વૃત્તિઓ છે. આમ વૃત્તિઓ સુપ્ત ચિત્તના ચેતનામય થવાના પ્રયાસો માત્ર છે. આ દૃષ્ટિએ જોતાં વૃત્તિ કંઈ જંગલી હાથી જેવી નથી કે જેને અંકુશમાં લેવા ભારે મથવું પડે. એ તો ખરેખર મિત્ર છે અને માનવ વિકાસની પ્રેરણાને પૂરેપૂરી અનુકૂળ છે.

આ વૃત્તિઓના મુખ્ય પાંચ પ્રકાર પાડવામાં આવ્યા છે - પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ. વૃત્તિમાત્રને આ પાંચમાં વહેંચી શકાય. માણસ હંમેશ કંઈક સાચું કે ખોટું એવું સાબિત કરવા ચાહે તે પ્રમાણ વૃત્તિ છે. કંઈક જોવા સમજવા જાય પણ બરાબર ઊંધું જ સમજે તે વિપર્યય વૃત્તિ ગણાય. કંઈ પણ હકીકતે વસ્તુ હોય જ નહિ પણ શબ્દના માર્યા કંઈક માની બેસે છે અને કંઈ ન હોય તેમાં અર્થારોપણ કરે તે વિકલ્પ વૃત્તિ છે. શૂન્ય સાથે તદાકાર થાય તે નિદ્રાવૃત્તિ અને અનુભવેલા વિષયને યાદ કરે તે

સ્મૃતિ કહેવાય છે. આ વૃત્તિઓ શુદ્ધ ન થઈ હોય અને એકમેકમાં ભળે તો કેવો ગોટાળો અને અનિષ્ટ ઊભાં કરે તે આખોય સંસાર અનુભવે છે. જગતમાં અનિષ્ટ અને દુઃખનું મૂળ અહીં જોવા મળે છે. બાકી દુઃખ અને અનિષ્ટ કંઈ ચૈતન્યમાં સ્થાન હોઈ શકે જ નહિ તે આપણે અગાઉ જોયું. તે તો સચ્ચિદાનંદમય છે; પણ જગતના તેના પ્રગટીકરણમાં વૃત્તિઓના સંસારમાં દુઃખ અનિષ્ટાદિ પ્રગટે છે પણ આખરે તે માનવ ચેતનને ચેતનાના આનંદ તરફ દોરવાને જ ઉપયોગી થાય છે. આમ દુઃખાદિનો પણ સદુપયોગ થઈ રહે છે.

વૃત્તિઓના વમળથી કંટાળેલો અને તેની દુઃખ અનિષ્ટાદિની નીપજથી ત્રાસેલો માનવ પોતાના સ્વભાવાનુસાર સાચા આનંદને શોધવા લાગે છે. જે વૃત્તિઓ એને દુશ્મન બની લાગે છે તે જ એની મિત્ર થઈ શકે એમ છે. જપનું અહીં ખરું કામ છે. જપ વડે શ્રદ્ધાબુદ્ધિથી તે ચૈતન્યમાં લંગર નાખી, નાકું સ્થિર કરી વૃત્તિને ચૈતન્યમાં ઉપર વાળી શકે છે. વૃત્તિ તો શ્રદ્ધા અને બુદ્ધિની પાછળ પાછળ જનારી છે; વેગીલી હોય તો શ્રદ્ધાબુદ્ધિને ડગાવી દે ખરી. પરંતુ અહીં તો શ્રદ્ધાબુદ્ધિ જપના સતત રટણથી ચૈતન્યના સતત સ્મરણથી ચૈતન્યમાં સ્થિત થયાં હોય છે. એ સ્થિત થયાં એટલે વૃત્તિ ચૈતન્ય તરફ વળે છે અને તેમાં જઈ સ્થિત થાય છે. પ્રમાણ વૃત્તિ બહાર કંઈ પ્રમાણ શોધવા જવાને બદલે ચૈતન્યમાં જ અને તેના અનુભવમાં જ બધી સાબિતી જુએ, પામે છે. વિપર્યય વૃત્તિનો જ વિપર્યય થાય છે, તેનું બરાબર પરિવર્તન થાય છે અને તે બરાબર ઊંધી બનીને ચૈતન્યરૂપ સાચા નક્કર વિષયને પામે છે, અર્થને પામે છે. વિકલ્પને બીજા કોઈ શબ્દનો આધાર નથી રહેતો પણ ઈશ્વરના નામના આધારે એ બધાય અર્થમાત્ર ચૈતન્યમાં જ જુએ છે. નિદ્રાવૃત્તિ

શૂન્યને પકડવાને બદલે બ્રહ્માંડના સર્વસ્વ સમગ્ર શૂન્યરૂપ લંબાકારને પકડી સમાધિમાં ફેરવાઈ જાય છે; અને સ્મૃતિ વિષયોનું સ્મરણ છોડી બધાય વિષયનું સુખ ચૈતન્યમાં જ અનુભવતી થઈ જપનો પ્રાણ બની જાય છે. એકવાર એકાદ વૃત્તિ વડે પણ ચૈતન્યની આંશિક અનુભૂતિ થાય પછી સ્મૃતિ તેને છોડે નહિ અને એ રીતે જપવૃત્તિના ઊભરાતાં ઝરણાંઓનું ઊર્ધ્વીકરણ કરી પોતાની સાર્થકતા સિદ્ધ કરી પોતાનો રટણક્રમ ઊર્ધ્વ જતી વૃત્તિઓને જ સોંપી દે છે. જપનું રટણક્રમ વૃત્તિઓનો ઊર્ધ્વગતિક્રમ બની જાય છે. એટલે કે વૃત્તિક્રમ જપક્રમ બને છે, જપ સહજ બની જાય છે, ઊર્ધ્વવૃત્તિમય બની જાય છે. જપની આ જ ખરી સાર્થકતા છે.

જપ અને અહંનો તદ્‌ગુણ

આ રીતે વૃત્તિને વાળવી એકદમ સહેલી નથી, કારણ જપ સ્થિર કરવો સહેલો નથી. જ્યાં સુધી માણસનો અહં વિકસિત નથી થયો ત્યાં સુધી માણસની વૃત્તિઓને તે બહિર્મુખ જ કરવાનો, એટલે જ્યાં સુધી અહંને વિસારી ન શકાય અને તેને ચેતનામાં સ્થાપી ન શકાય ત્યાં સુધી વૃત્તિશુદ્ધિના કામમાં અંતરાય રહેવાનો.

જપ સર્વાંગી સાધન છે એવી આપણી પ્રતીતિ તો હવે વધતી જાય છે. તેથી અહં શુદ્ધિવૃદ્ધિનો ઉપાય અને વિચાર જપથી શક્ય છે એવો વિશ્વાસ બેસે છે. એકવાર શ્રદ્ધાદિને જપથી ચૈતન્યના સ્મરણમાં સ્થાપતાં અને વૃત્તિને ઊર્ધ્વ વાળતાં અહંની વિસ્તારમર્યાદા પણ વધવા લાગે છે.જપ વૃત્તિઓની લાંબી ગાડીના ડબાઓનું એંજિન બનીને અહંને તેના સીમાડાઓની બહાર લઈ જઈ તેને બતાવી શકે છે કે અહં કૂપમંડૂક નથી પણ વિશ્વમાં વિહરતી ચેતનાનો અંશ અને મૂળરૂપે તો તે ચેતના જ છે. વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ જપને ક્રમે ક્રમે અહંનો વિસ્તાર અને મર્યાદા ધીમે ધીમે વધારે છે. અહંને ધીમે

ધીમે પોતાના મૂળસ્વરૂપ ચેતનાની પ્રતીતિ થવા લાગે છે અને એને લાગે છે કે પોતાનું અસ્તિત્વ માત્ર ચેતનાર્થે જ છે.

જપથી થતી વૃત્તિશુદ્ધિ અને અહંવિકાસના આ કાર્યમાં એક સૂક્ષ્મ પ્રક્રિયા સાહજિક રીતે બને છે. વૃત્તિ અને અહંનું એમાં પૃથક્કરણ થાય છે અને પછી ચેતનાનાં મંગળદર્શનને કારણે તેમાં સદંશો રહી જાય છે, અનિષ્ટની ઉપેક્ષા થાય છે. એક દાખલો લેતાં આ વધુ સ્પષ્ટ થશે. બીજાનું સારું જોતાં અદેખાઈની વૃત્તિ જન્મે છે. આનું વિશ્લેષણ થતાં બે બાબત બહાર તરી આવે છે. અદેખાઈ ખરાબ છે એવું સંસ્કારભાન મનમાં સંકોચ અને શરમ પેદા કરે છે અને બીજી બાજુ બીજાનું સારું ગમતું નથી. જપથી ચૈતન્ય ભાવના કરી, મંગળ દૃષ્ટિ પેદા કરી અદેખાઈની વૃત્તિને છે તેવી નગ્ન સ્વરૂપે જોઈ તેનો ઉપાય કરે છે. અદેખાઈ એટલા માટે છે કે બીજો પારકો છે અને મોટો નાનો છે એમ લાગે છે. ચેતનાની એકતા ભાવનાથી તેની સાથે તાદાત્મ્ય સાધવાની કોશિશ કરતાં, અહંને વિસ્તારતાં વૃત્તિ વળવા લાગે છે અને આત્મૌપમ્ય થતાં સામાનો આનંદ પોતાનો થવા લાગે છે. સંકોચને સ્થાને વિકાસ અને વિસ્તાર અનુભવાય છે.આમ વૃત્તિનું પૃથક્કરણ થઈ કે કરી શકે તેવું સંયોજન થવા લાગે છે. જપની અર્થભાવનામાં આવો ગૂઢ અર્થ રહેલો છે, ઊર્ધ્વીકરણની સૂક્ષ્મ સહજ પ્રક્રિયા રહેલી છે. એમાં બીજા ઉપાય પણ કામે લેવા પડે પણ જપ સાથે હોય તો બીજા ઉપાયો સરળતાથી કામ લાગે છે. જપ એ બધામાં સર્વ સામાન્ય હોવો જોઈએ. એના વિના બીજા ઉપાય કઠિન બને છે, ઘણીવાર નિરુપાય બને છે. ઉપરના દાખલામાં જપની સાથે વિચાર મદદરૂપ થાય પણ જપના ચૈતન્યસ્મરણ વગર એ બહુ કામયાબ ન બને. જપથી અદેખાઈની વૃત્તિ પલટાય એટલું જ નહિ પણ સામા માણસ સાથેની તાદાત્મ્યવૃત્તિમાં પરિવર્તિત થાય. અદેખાઈના સંકોચને સ્થાને વિકાસ, ભેદને સ્થાને એકતા અને

અલગતાને સ્થાને તાદાત્મ્ય સાધી શકાય છે. આવું તાદાત્મ્ય ચૈતન્યમાં અને તેના દ્વારા સ્થપાય એટલે અહંનો ચેતનામાં તદ્‌ગુણ, તન્મયતા તદાકારતા અનુભવી શકાય છે. આમ અહં અડચણને બદલે આવશ્યક અંગ બની જાય છે. આવો તદ્‌ગુણ કે તદાકારતા વૃત્તિમાત્ર વડે અનુભવી શકાય, અને એ રીતે ક્રમે ક્રમે લાંબા અભ્યાસે અહંની પ્રતીતિ અલગતાને બદલે ચેતનામાં થવા લાગે છે; જપ વડે અહંનો ચેતનામાં તદ્‌ગુણ કે તદાકારતા થવા લાગે છે. જપની આવી પ્રબળ શક્તિ છે તે તો તેનો અમલ અને અમલ દ્વારા અનુભવ કરતાં જ સમજાય છે.

સ્વપ્નાદિ અને જપ

જાગ્રત અવસ્થામાં જપ વડે સાધેલો આવો ચૈતન્ય સાથેનો તદ્‌ગુણ અનેક રીતે ફળદાયી છે. જે કામ જાગ્રત અવસ્થામાં થાય છે તેની અસર સ્વપ્નાદિ ઉપર ખૂબ જ હોય છે. ઘણીવાર અંદરની વાસના કે ઇચ્છાઓ સ્વપ્નમાં પ્રગટ થાય છે પરંતુ તે પહેલાં તે જાગ્રત અવસ્થામાં એક યા બીજા રૂપે પ્રગટ થયેલી જ હોય છે. એમાં તેને પૂરો પ્રગટ થવાનો અવકાશ ન મળે અને દબાય તો સ્વપ્નોમાં અનેકરૂપે પ્રગટ થાય છે. પરંતુ અજાગ્રત મન પહેલાં તો વૃત્તિઓ દ્વારા જાગ્રત અવસ્થામાં પ્રગટ થાય છે, દિવાસ્વપ્નોમાં પ્રગટ થાય છે. માણસને પોતાની વૃત્તિઓ અને દિવાસ્વપ્નો નીરખવાની સામાન્ય ટેવ નથી હોતી એટલે સ્વપ્નોમાં પ્રગટતી ઇચ્છાઓ યાદ રહી જાય તો ધ્યાન ઉપર આવે છે, પરંતુ જાગ્રત અવસ્થામાં વૃત્તિ, વિચાર અને દિવાસ્વપ્નોને તપાસે અને તેમને યોગ્ય માર્ગે સતત વાળે તો સ્વપ્નો પણ એ રીતે તેમાં મદદગાર બને છે. અગત્યનો અને મહત્ત્વનો સમય જાગ્રત અવસ્થા છે. એમાં જે જે ક્રિયાકાર્ય થાય તે જ ખૂબ મહત્ત્વનાં છે.

જાગ્રત અવસ્થામાં વૃત્તિ આદિ ઊભાં થાય કે તરત જ તેને નીરખવાની શક્તિ બધામાં નથી હોતી, ઓછામાં હોય છે. ઘણીવાર તો મનનાં વૃત્તિ અને વલણો ઠીક ઠીક આગળ ખેંચી જાય પછી ખબર પડે છે કે અમુક વૃત્તિ કે વલણમાં તે ઘસડાયો છે! કામક્રોધાદિ આવા પ્રબળ મનોવેગો છે. પરંતુ જાગ્રત અવસ્થામાં વધુ જાગ્રત બનતાં એ વેગો પણ ઉદ્‌ભવતાંની સાથે જ ધ્યાનમાં આવી જાય છે. જાગ્રત અવસ્થા જાગ્રત એટલા માટે લાગે છે કે તેમાં દુનિયાના પદાર્થો વિશે જાગૃતિ રહે છે પરંતુ તે વખતે મોટેભાગે અંદરની જાગૃતિ બહુ નથી હોતી. અંદરની જાગૃતિ વડે જાગ્રત અવસ્થા વધે તો વૃત્તિ આદિ પેદા થાય કે તરત જ લક્ષમાં આવી જાય અને તેને સન્માર્ગે તરત વાળી લેવાય. અહીં જપ ખૂબ ઉપયોગી છે. જપ વડે ચૈતન્યની સતત ભાવના કરવાથી ચૈતન્યનો જાગૃતિ અંશ માણસમાં ધીમે ધીમે વધવા લાગે છે. યોગે જેને **પ્રત્યગભિચેતના** કહી તે આ જ. અંદરની જાગૃતિ વધતાં ચેતનાની જાગૃતિ વધે છે અને તેની સાથે મનમાં ઉદ્‌ભવતી વૃત્તિમાત્રનું જ્ઞાન થવા લાગે છે. આવી અંતર જાગૃતિ વધતાં સ્વપ્નાદિમાં થતું જ્ઞાન પણ સમજાય છે અને તેના રહસ્યનો ખ્યાલ આવે છે. એકવાર દિવસના જાગ્રત કાળમાં અંતરની જાગૃતિ વધવા લાગે તેની સાથે જ વૃત્તિ આદિ લક્ષમાં આવવા લાગે છે.

પણ વૃત્તિજ્ઞાન પૂરતું નથી. વૃત્તિજય જોઈએ. વૃત્તિજય માટે ક્રિયાશક્તિ જોઈએ, ઇચ્છાશક્તિ જોઈએ. આ બધું કંઈ સામાન્ય રીતે બધે જોઈએ તેટલું દેખાતું નથી. પણ જપની ગુરુચાવી લગાડતાં સામાન્ય માણસને પણ વૃત્તિને વળાંક આપવાની શક્તિ પેદા થાય છે. જપ વડે તે ચૈતન્યની પૂર્ણતાની સ્મૃતિ કરે છે, તેમાં લીન થવા, તેને તદાકાર કરવા મથે છે અને મનમાં જે ઇચ્છાવૃત્તિ પેદા થઈ હોય તે ખરેખર ચૈતન્યમાં પૂરી થઈ શકે એમ છે એવું ચિંતન શરૂ

કરે છે. બાહ્ય વિષય તરફ જવું તે વૃત્તિનું સ્વાભાવિક વલણ છે કારણ સંસ્કારબળે વૃત્તિ વિષયથી સંતોષાય એવો મન ઉપર દૃઢ સંસ્કાર હોય છે. આ સંસ્કાર બદલવાનો છે. એટલે સતત જપ વડે ચૈતન્યની ધારણા કરી વૃત્તિની ખરી તૃપ્તિ કે સંતોષ ચૈતન્ય એકતામાં જ શક્ય છે એવી તદાકારતા પેદા કરવાની રહે છે. જપ સ્થિર થતાં વૃત્તિ વળે છે અને તે પૂર્ણતયા સંતોષાય છે; જેથી પહેલાં કદી ન સંતોષાઈ હોય તેવો વૃત્તિસંતોષ પેદા થાય છે. પણ આ કામ મહા કપરું છે કારણ જન્મોજન્મના વિષયથી વૃત્તિસંતોષના સંસ્કારને અને વલણને બદલી ચેતનાએકતાથી સંતોષવાનું ઊર્ધ્વવલણ પેદા કરવું ગંગાને પૃથ્વી ઉપર અવતરવા જેવું છે. પણ વૃત્તિનું આવું ઊર્ધ્વવલણ થઈ શકે છે અને તેના જીવતા જાગતા નમૂનાઓ સંતો અને મહાત્માઓમાં હંમેશ મળતા રહે છે. એમનો આનંદ અનેરો હોય છે, સદાનો હોય છે કારણ એમનું વૃત્તિસંતોષનું સાધન બહારથી નથી અંદર છે, એમની ચેતના છે, એ પોતે જ છે. તેથી ખરો સંન્યાસી કે ફકીર અકિંચન હોવા છતાં મસ્ત હોય છે. એ ખરો ધનિક છે કારણ ચેતનધન એની પાસે ખૂબ છે; જ્યારે દુનિયાનો ધનિક ખરેખર ભિખારી છે, કારણ વૃત્તિઓનો ગુલામ છે અને તેને બાહ્ય વિષયો ઉપર વૃત્તિસંતોષ માટે ફાંફાં મારવા પડે છે.

વૃત્તિને અંદર વાળી ચેતનએકતાથી સંતોષવાથી બે લાભ થાય છે : એક તો પ્રાપ્ય વિષય સત્વર અને શુદ્ધ સ્વરૂપમાં પૂરેપૂરો અંદર મળી જાય છે અને બીજું એ વૃત્તિ જ ચેતના પ્રાપ્તિનું સાધન બને છે અને ચૈતન્યની અનુભૂતિ કરાવે છે. વૃત્તિસંતોષ સાથે ચૈતન્ય એકતાનો આ બેવડો લાભ જપ વડે વૃત્તિ શુદ્ધિના કામમાં થાય છે. આનું વર્ણન ગીતાના બીજા અધ્યાયના ૭૦મા શ્લોકમાં સરસ કરવામાં આવ્યું છે. એ અહીં યાદ કરવો જરૂરી છે. એનો અર્થ પણ હવે બરાબર સમજાશેઃ

आपूर्यमाणमचलप्रतिष्ठं
समुद्रमापः प्रविशंति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशंति सर्वे
स शांतिमाप्नोति न कामकामी ॥

અચળ સમુદ્રમાં જેમ નદીનાં પાણી આવીને ભળે છે અને વિલીન થઈ જાય છે, તે મય બની જાય છે તેમ જેની સર્વ કામનાઓ કે વૃત્તિઓ તેના આત્મામાં એટલે ચેતનામાં સમાય છે તે શાંતિ પામે છે, વિષયોમાં કામના શોધનારો નહિ. ચૈતન્ય સાગરની આવી અનુભૂતિ કરવાનું સાધન વૃત્તિ બની શકે છે, શાંતિ આપનાર બને છે. પણ જો તે અધોગામી થઈ તો તે જ અશાંતિકારક અને દુઃખદાયક બને છે. આ દૃષ્ટિએ અગાઉ કહ્યું કે વૃત્તિ તો સુપ્ત ચેતનાનું ચેતનામય થવાના પ્રયત્ન માત્ર છે તે અહીં વધુ સ્પષ્ટ થાય છે.

જપનો આધારસ્તંભ

વૃત્તિનું ઊર્ધ્વીકરણ સમજવું સહેલું લાગે છે, પણ કરવું કઠિન છે. પણ જપથી સરળ છે. જપની આ શક્તિ છે પણ તેને માટે જોઈએ તેટલી શ્રદ્ધા હોતી નથી. ચૈતન્યમાં પૂરી શ્રદ્ધા નથી હોતી કે નથી હોતી તેને પામવાના સાધન જપમાં પૂરી શ્રદ્ધા. તેથી તેમાંથી જોઈતું પરિણામ દેખાય નહિ અને પછી શ્રદ્ધા કમ થવા લાગે છે; એટલું જ નહિ પણ કદીક તો જપને નિરર્થક માનવા તરફનું મન ઢળે છે. આ કંઈ અપવાદરૂપ અનુભવ નથી પણ સામાન્ય અનુભવ છે; એમ ન હોત તો સર્વોપયોગી જપ સાધન ખૂબ પ્રચાર પામી ગયું હોત કારણ તેની શોધ તો વેદકાળથી થયેલી છે.

ત્યારે આનો ઉપાય શો? શ્રદ્ધા કેમ વધારવી એવો સવાલ પ્રથમ થાય. આનો જવાબ લેવાને માટે પહેલાં માનવ ચિત્તનો એક મહાકાનૂન યાદ કરી લેવો જોઈશે. શ્રદ્ધાનું મૂળ છે સતત એક જ

કર્મ કે ક્રિયા. આપણા અનુભવની વાત છે કે - સુથારનો છોકરો કુશળ સુથાર બને છે કારણ તે સુથારી કામ સતત કર્યા કરે છે. સુથારી કામ કરતાં તેનામાં એ કામનો વિશ્વાસ પેદા થાય છે કે તે કામ તે કરી શકશે. આવો આત્મવિશ્વાસ પેદા થાય તેને માટેનો ઉત્સાહ પેદા થાય છે, શક્તિ પેદા થાય છે. તે પછી તેનામાં એવી જાગૃતિ પેદા થાય છે કે અંધારામાં પણ અંદાજે લાકડું માપી કાપી શકે છે. એમાંથી એકાગ્રતા જન્મે છે અને ગમે તેવું કામ ધાર્યા સમયમાં ઉતાવળથી કર્યા છતાં સરસ બનાવે છે. પરિણામે તેનામાં સુથારી કામની સૂઝ પેદા થાય છે. આ સામાન્ય અનુભવનિયમ આંતરિક જગતમાં પણ એટલો જ ઉપોયગી છે. બસ, જપ શરૂ કરી દેવા અને તેની અર્થભાવના કરી ચૈતન્યનું સ્મરણ કરવા માંડવું. એકવાર જ્યાં જપ શરૂ થયા એટલે તેમાંથી પછી શ્રદ્ધા પેદા થાય છે. પહેલેથી શ્રદ્ધા હોય તો તે ઉત્તમ બાબત છે પણ તે ન હોય તોય એકવાર જપ શરૂ કરી દેવાથી અને મંડી રહેવાથી તેમાં શ્રદ્ધા પેદા થવા લાગે છે. જ્યાં શ્રદ્ધા પેદા થવા લાગે તેમ તેમ તે માટે ઉત્સાહ અને શક્તિ વધે, પછી આંતરિક જાગૃતિ વધે, એકાગ્રતા વધે અને એમાંથી આત્મસૂઝ પેદા થાય છે. એટલે યોગશાસ્ત્રે ચિત્તશુદ્ધિનો અને સમાધિનો મહાનિયમ એક જ સૂત્રમાં બતાવ્યો છે તે સાર્થક થાય છે. તે સૂત્ર આ રહ્યું :-

श्रद्धावीर्यस्मृतिसमाधिप्रज्ञापूर्वकेतरेषाम् ।

(પ્ર. પા. સૂ. ૨૦)

અહીં શ્રદ્ધાથી શરૂઆત કરી બતાવ્યું છે કે સામાન્ય માણસો માટે શ્રદ્ધા ખૂબ ઉપયોગી સાધન છે. કારણ શ્રદ્ધામાંથી ઉત્સાહ, તેમાંથી જાગૃતિ, તેમાંથી એકાગ્રતા અને એકાગ્રતામાંથી પ્રજ્ઞા એટલે આત્મસૂઝ પેદા થાય છે. આપણે અહીં એક ડગલું આગળ જઈને

અનુભવ સત્યને આધારે કહ્યું કે શ્રદ્ધા પેદા કરવા જપ કરવા માંડો, એટલે તેમાંથી બાકી બધું પ્રગટ થવાનું જ. જે કામ કરીએ તેવી શ્રદ્ધા પેદા થાય છે એવો સામાન્ય અનુભવ છે એટલે શ્રદ્ધા પેદા કરવા તે કામ કરવા માંડવું જોઈએ. જપમાં શ્રદ્ધા પેદા કરવા જપ કરવા માંડવા જોઈએ.

આમ જપનો આધાર છે શુદ્ધ સક્રિય આચાર, કામ અને શ્રદ્ધા. તે ખરો આધારસ્તંભ છે. બીજી એક દૃષ્ટિએ પણ આ આધારસ્તંભની મજબૂતી જોઈ લઈએ. આપણે માનવચિત્તની પંચવિધ શક્તિનું વર્ણન કરતાં જોયું કે શ્રદ્ધાશક્તિ ચિત્તની એક થવાની ક્રિયામાંથી જન્મે છે. અહીં જ જપનું મૂળ જોવા મળે છે. માણસનું ચિત્ત હર ક્ષણે કંઈક સાથે એક થવા ચાહે છે એટલે એ એક થવાની ક્રિયા અંદર વાળી ચેતના સાથે એક થયા કરે એટલે શ્રદ્ધાના જન્મની શરૂઆત બરાબર રીતે થાય છે. ચેતના ઉપરની શ્રદ્ધા પહેલેથી હોય તો ઉત્તમ પણ તે ન હોય તોય આ એક થવાની ચિત્તની ક્રિયા ચેતના તરફ વાળતાં શ્રદ્ધા બંધાવા માંડે છે. એમાં મંડી રહેતાં શ્રદ્ધા પેદા થાય છે અને પછી ઉપર જોયું તેમ ઉત્સાહ, જાગૃતિ, એકાગ્રતા અને છેવટે આત્મસૂઝ જન્મે છે. આ છે શ્રદ્ધા પેદા કરવાનો ઉત્તમ ઉપાય. એ કરતાં આવડે તો ઉત્તમ છે, ન આવડે તો કઠિન છે.

બુદ્ધિપ્રધાન માણસ ચેતનાનો જ સ્વીકાર ન કરે ત્યારે શું? ચેતનાને સ્વીકારે તો તેની સાથે ચિત્ત એક કરી શ્રદ્ધા પેદા કરે પરંતુ મન તેનો સ્વીકાર જ ન કરતું હોય તો શું કરવું? અગાઉ અનુભવ ઉપર રચાયેલી દલીલો કર્યા છતાં પણ બુદ્ધિ ચેતનાને સ્વીકારી ન શકે તો સમજવું કે એ બુદ્ધિ વાંકી છે, સરળ નથી. છતાં એવી બુદ્ધિ હોય છે એ પણ હકીકત છે. એવે વખતે અંધશ્રદ્ધા લાગે તો તેમ માનીને પણ બુદ્ધિને શ્રદ્ધા સાથે જોડી ચેતનામાં માનવા લાગવું.

બુદ્ધિ ભલે અંધશ્રદ્ધા સાથે ચેતનાને વરે અને જપ શરૂ કરે. આવો જપ અંધશ્રદ્ધાથી પણ શરૂ થશે અને તેમાં મંડી રહેવાશે તો ચેતનાની જાગૃતિને વરેલી શ્રદ્ધા જાગ્રત બનશે, દેખતી બનશે. ખરું રહસ્ય જ અહીં છે કે ચેતનામાં મુકાયેલી શ્રદ્ધા દેખતી બને છે કારણ ચેતનાની આંખ તેને મળે છે. શ્રદ્ધા દેખતી થાય એટલે બુદ્ધિનો વાંક નીકળી જાય અને તે પણ સરળ બને. બુદ્ધિ સરળ બને અને શ્રદ્ધા દેખતી થઈ હોય એટલે પછી ઉપર જોયું તેમ શ્રદ્ધાનું ગાડું આત્મસૂઝ સુધી પહોંચી જ જવાનું એ ચોક્કસ છે.

જપનો સોનેરી મહાનિયમ

માણસની બુદ્ધિ વળી આગળ દલીલ કરે છે અને પોતાની સાચી મુશ્કેલીની વાત રજૂ કરે છે કે જપમાં શ્રદ્ધા ન હોય અને જપ શરૂ ન કરી શકાય એટલું મન ન હોય તો શું? આવાં તો હજાર બહાનાં મન અને બુદ્ધિ કાઢી શકે અને જપને ટાળી શકે છે. સામાન્ય એ રીતે જ જપ જેવા મહાસાધનને તે હંમેશ ટાળતું જ હોય છે. જપના થોડા ઘણા ફાયદા સામાન્ય માણસ જાણતા નથી હોતા એવું છે જ નહિ. આપણા સમાજનું વાતાવરણ જ એવું છે કે જ્યાં જપ કરનાર કોઈક તો મળી આવે અથવા તેની અગત્ય સમજાવનાર પણ મળે. હિંદુ સંસ્કારમાં જપ ઊતરી આવ્યો છે એટલે જપ વિશે સામાન્ય અજ્ઞાન નથી. છતાં જપમાં ગતિ નથી થતી એનું કારણ ઉપર દર્શાવ્યું તેમ રુચિનો અભાવ અને શ્રદ્ધાનો પણ અભાવ. આજે તો ખરેખર આવી સ્થિતિ સામાન્ય છે. આવી સ્થિતિનો ઉપાય ઈશ્વરના હાથમાં છે અને તે તેની રીતે એક યા બીજી રીતે જપને જીવનમાં દાખલ કરી જ દે છે. ભજનો દ્વારા, ધૂનો દ્વારા, સૂત્રો દ્વારા, પ્રચાર દ્વારા, એમ અનેક રૂપે એક યા બીજા ક્ષેત્રમાં એક યા બીજી રીતે ઈશ્વરનો જપ નહિ તો બીજી વસ્તુનો જપ દાખલ થઈ જાય છે! રટણ વગર કંઈ માણસને ચાલવાનું છે? એનું એ જ ખાવાનું; પીવાનું પણ એનું એ જ;

હરવાફરવાનું પણ એકનું એક; એકના એક વિષયભોગ. આ બધું શું છે? પુનરાવર્તન અને નર્યું પુનરાવર્તન છે. છતાં માણસ તેનાથી થાકતો નથી! ઘરડો થવા આવે એટલે થાકે છે ખરો. રાવણ એકના એક વિષયોથી કંટાળ્યો, સત્તા અને સુખથી ત્રાસ્યો ત્યારે તેણે મરણ ઇચ્છયું! પણ મરવું તેને માટે ભારે હતું. એને મારે કોણ? સ્વભાવથી લડવૈયો અને જેવા તેવાને હાથે ન મરે. તેથી તેને મારે એવાને હાથે એને મરવું હતું. રામને હાથે મરવું ગમે પણ રામ મારે ક્યારે? તેથી સીતાને ઉપાડી લાવ્યો પણ એને માતા ગણીને અશોકવાટિકામાં રાખી. રામ આવ્યા અને એમને હાથે મર્યો. રાવણ જેવોય વિષયો, સત્તા અને બાહ્ય સુખથી કંટાળ્યો અને છેવટે રામને શરણે ગયો, એને હાથે મર્યો અને પરમધામને પામ્યો. આ કથા ઘણી રહસ્યમયી છે. માણસમાં પણ રામ છે અને રાવણ પણ છે. રાવણ જુવાનીના જોરમાં વિષયાદિ તરફ વળે છે અને ઘડપણમાં ઢીલો થતાં તે રામ તરફ વળે છે. પણ રામને ભજવાનું કે તેની સાથે લડવાનું જોર તો જતું રહ્યું છે! એટલે ઘડપણમાં રામશરણ બહુ કામ આવતું નથી; જોકે મોડું મોડું પણ રામશરણ કામનું તો છે જ. રાવણ તો શક્તિમાન હતો ત્યારે રામ સાથે લડ્યો અને તેને હાથે પડ્યો અને તેને પામ્યો. માણસે રાવણ પાસેથી આ શીખવાનું છે. છતે સુખ, સત્તા, વૈભવે રામની સામા જવું જોઈએ કે વિભીષણની માફક શરણે જવું જોઈએ.

ભરજુવાનીમાં આવું રામશરણ શી રીતે આવે? એનો ઉપાય પણ છે જ. ઘડપણમાં રામશરણ શોધવામાં આવે છે કારણ શરીર અને મનમાં શિથિલતા જન્મે છે. યોગશાસ્ત્ર કહે છે કે એવી શિથિલતા જુવાનીમાં ભરશક્તિએ શક્તિ રાખી વધારીને પેદા કરો. આ શું? શક્તિ છતાં શિથિલતા કેમ પેદા કરવી? આ તો વદતો-વ્યાઘાત જેવું લાગે છે. થોડો લાંબો વિચાર કરતાં આ શક્ય લાગશે. આ શિથિલતા કે શૈથિલ્ય અશક્તિનું નહિ પણ શક્તિનું શૈથિલ્ય

પેદા કરવાનું છે. દાખલા તરીકે નિષ્ણાત બાણાવળી ધનુષની પણછ ખેંચે ત્યારે સ્નાયુઓને ચપળ અને આંગળીઓને કેવી શિથિલ છતાં તત્પર બનાવે છે અને તેને લીધે જ તે લક્ષ વીંધી શકે છે. ચાલુ દાખલો લઈએ. ક્રિકેટની રમત તો બધાએ જોઈ છે. એમાં બૉલર એટલે બૉલ ફેંકનારો બૉલને પથરો નાખે તેમ (થ્રો કરીને) ફેંકે તો થોડા જ બૉલ નાખતાં તે થાકી જવાનો. પણ એ આખો દિવસ બૉલ નાખે છે છતાં થાકતો નથી કારણ એ પોતાના હાથને શિથિલ કરીને ગોળ ફેરવીને બૉલ નાખે છે. શિખાઉ માણસ સુથારનો રંધો લાકડા ઉપર મારે ત્યારે થોડીક મિનિટમાં જ તે થાકી જાય છે પણ સુથાર આખો દિવસ રંધો મારવા છતાં થાકતો નથી. દરેક નિષ્ણાતને પોતાના કામમાં સ્નાયુની શિથિલતાનો ઉપયોગ કરતાં આવડી જાય છે અને તેમાંથી જ તેની કુશળતા જન્મે છે. આનો અર્થ એ થયો કે જ્યાં ખરી શક્તિ હોય ત્યાં જ આવી કુશળતાભરી શિથિલતા પેદા થઈ શકે છે.

આ સર્વ સામાન્ય અનુભવ અને નિયમ જપને માટે પણ ખૂબ કામનો છે. જપમાં એક વિશેષ ફાયદો રહે છે. જપ જો ચૈતન્યના અનંત સ્વરૂપ ઉપર કેંદ્રિત કરીને કરવામાં આવે તો વિષયોમાંથી મનને શિથિલ કરવું સહેલું બને છે. અનંતનો વિચાર જ માણસના મનને બાહ્ય વિષયથી શિથિલ કરવામાં મદદ કરે છે. આ વ્યાપક અનુભવના દાખલા દૂર શોધવા જવા પડે તેમ નથી. રાત પડે અને અનંત આકાશ તરફ મીટ માંડતાં કેવો અનહદ આહ્‌લાદ મળે છે અને મન કેવું મોકળું બની જાય છે! એવો જ અનુભવ સાગરને તટે જતાં સાગરની પેલી પાર મીટ માંડતાં છતાં અનંત જળબંબાકાર સાગરનાં પાણી જ દેખાય અને મન કેવું નિરાળું અને હળવું બની જાય છે! મનની હળવાશનો એવો જ અનુભવ નજરમાં માય નહિ એવી પર્વતની હારમાળા જોતાં થાય છે, કુદરતની લાંબે સુધી

પથરાયેલી વનરાજિ જોતાં થાય છે. આ બધી અસરમાં કુદરતનું સૌંદર્ય તો ભાગ ભજવે જ છે પણ મુખ્ય અસર એ દરેકમાં રહેલા અનંતત્વ અને અમાપપણાની છે.આનાથી વિશેષ સ્પષ્ટ અસર માણસ આંખ બંધ કરી મનના અગાધ અનંત ઊંડાણમાં ડોકિયું કરે છે ત્યારે થાય છે. જો તે પોતાની ચેતનાનાં અનંતત્વ ઉપર ધ્યાન લગાવી શકે તો તો એની હળવાશ, આનંદ અને આંતરિક અનુભૂતિ અનહદ હોય છે. આવી અનંતની ધારણા મનની પ્રયત્નશિથિલતા ઊભી કરે છે પણ તેમાં જાણપૂર્વક શરીરના સ્નાયુ, ઈન્દ્રિય અને મનાદિને શિથિલ કરવાનો આયાસ કરવામાં આવે તો ચૈતન્યનું ધ્યાન સરસ થાય છે. જપ કરતી વખતે આવી પ્રયત્નશિથિલતા સાથે ચૈતન્યના અનંતત્વ ઉપર ધારણા કરતાં જપની અસર ખૂબ ઝડપી અને ગહરી થાય છે. જેઓ શ્રદ્ધા વડે જપ ન કરી શકે તે બુદ્ધિયોજિત અને અનુભવસિદ્ધ આ સોનેરી નિયમ મુજબ જપ કરી શકે તેને ફાયદો થવાનો જ. એને ચૈતન્યમાં શ્રદ્ધા ન હોય તો પ્રકૃતિનાં કોઈપણ અનંતત્વ ઉપર ચિંતન કરી શકે છે અને કોઈ તત્ત્વ મનમાં ન રાખવું હોય તો કેવળ અનંતત્વ ઉપર ચિંતન કરતાં, શરીરની સર્વાંગી પ્રયત્નશિથિલતા કરતાં મનગમતો કોઈપણ મંત્ર બોલવાથી આત્મારામનો અનુભવ થયા વિના નહિ રહે. અહીં આત્મારામ એટલે અંતરનો આત્મા તથા આત્માનો આરામ કે આત્મામાં એટલે કે પોતાનામાં આરામ લાગ્યા વિના નહિ રહે. પોતાને લાગતો આરામ આ પદ્ધતિ ચાલુ રાખવાથી ખરેખર આત્માનો આરામ એટલે ચેતનાનો આરામ લાગતો આપોઆપ થઈ જશે. એમાંથી જ શ્રદ્ધાદિ પેદા થશે અને આત્મવિકાસ ઝડપી બનશે. પણ જે ચેતનાને અનુભવે છે એવા સાધકને માટે પણ આ મહાનિયમ ખૂબ જ કામનો છે અને જપમાં સ્થિતિ લાવવામાં અને આંતરિક વિકાસ કરવામાં બહુ મદદ મળે છે. તેથી જ આ પ્રયત્નશૈથિલ્ય અનંતસમાપત્તિ એટલે પ્રયત્નની

શિથિલતાપૂર્વક અનંતની ધારણા કરવાના નિયમને જપનો સોનેરી મહાનિયમ ગણાવ્યો છે.

આ મહાનિયમના અન્ય ફાયદા

આ મહાનિયમના અન્ય ફાયદા પણ છે જ. એક ફાયદો તો પ્રથમ નિર્ણયશક્તિ અંગે જોવા મળે છે. આજના જમાનાનો એક મહારોગ એ છે કે માણસ એકદમ સાચો નિર્ણય કરી શકતો નથી. સાચું બોલવું કે કેમ, તેથી ફાયદો થશે કે નહિ એવી પાયાની બાબતમાં પણ નિર્ણય કરવો તેને કઠિન બને છે. જૂઠું બોલવાથી પણ ફાયદો થાય છે અને વ્યવહારમાં જૂઠું બોલી શકાય એવું ઝેરી વાતાવરણ ખૂબ ફેલાયું છે. સત્ય બોલવા જેવી નીતિના પ્રથમ પગથિયાની વાત અંગે પણ નિર્યણ લઈ શકતો નથી. આ અનિર્ણયના મહારોગનું કારણ એ છે કે જૂઠની સામાન્યતાને લીધે જ તેજ અને આત્મવિશ્વાસ ઘટે છે. આત્મવિશ્વાસ ચેતનાના અનુભવથી વધે છે. તેથી પ્રયત્નશૈથિલ્ય અનંતસમાપત્તિપૂર્વક (અનંતની ધારણા કરતાં) જપ કરવાથી ચેતનાનો અનુભવ વધતાં આત્મનિર્ણય વધે છે. એની અસર એના આખાય મન ઉપર અને સમગ્ર નિર્ણયશક્તિ ઉપર થાય છે. આ રીતે જપ ચાલુ રાખતાં તેજસ્વી નિર્ણયશક્તિ આપોઆપ વધતી દેખાય છે.

બીજો મુખ્ય ફાયદો આપણે અગાઉ જોયો તે વૃત્તિપરિવર્તનનો છે. વૃત્તિને બહારથી અંદર વાળવામાં પ્રયત્નની શિથિલતાથી બહુ સરળતા થાય છે. એની સાથે ચૈતન્યના અનંતત્વ ઉપર ધારણા થઈ શકે તો વૃત્તિને અંતર્મુખ કરવી રમત વાત લાગે છે. તે વખતે ચેતનામાં સ્થિર થયેલું ચિત્ત સુપ્ત ચિત્તમાંથી ઊઠતી વૃત્તિને રમતવત્ અંદર વાળી દે છે. જેમ એક સરસ ક્રિકેટ ખેલાડી રમતની કળામાં નિષ્ણાત થયો હોય છે અને પછી ઊંચેથી આવતો કે જોરથી આવતો

બૉલ હાથની હળવાશથી ઝીલી લે છે તેમ ચેતનાસ્થિત મન વૃત્તિને ચેતનામાં ઝીલી લે છે. જેમ પેલા ખેલાડીને બૉલ ઝીલવામાં વાગતું નથી કે કંઈ કષ્ટ થતું નથી પણ આનંદ આવે છે તેમ ચેતનાસ્થિત મન વેગીલી વૃત્તિને અંદર વાળી ચેતનામાં ઝીલી લેતાં કષ્ટ નથી અનુભવતું, કે તેને મહેનત નથી કરવી પડતી પણ તેને સાહજિક આનંદ આવે છે. પ્રયત્નશિથિલતાપૂર્વક ચેતનાધ્યાનનો આ બહુ મોટો લાભ છે. આવાં પ્રયત્નશૈથિલ્ય અને અનંતની સમાપત્તિ વડે ગ્રંથિઓ અંતશ્રાવી બને છે અને બ્રહ્મચર્યાદિ સરળ બને છે.

એથી પણ મોટો લાભ આ મહાનિયમનો છે પણ તે જપ સિદ્ધ થવા લાગે તેમ મળતો જાય છે. જેમ જેમ આ રીતે વૃત્તિ અંદર વળે તેમ તેમ માણસનું ચિત્ત ચેતનાના સ્વરૂપ જેવું ક્રમે ક્રમે થવા લાગે છે. ભક્તિમાર્ગમાં ચાર મુક્તિ ગણાવી છે. તેનો કંઈક જુદી રીતે માનવચિત્તને અનુભવ થવા લાગે છે. ચાર મુક્તિ આ પ્રકારની ગણાવી છે. પ્રથમ સામીપ્ય એટલે ઈશ્વરની પાસે જવાની, પછી સાલોક્ય એટલે એના જેવા દેખાતા થવાની, પછી સાયુજ્ય એટલે તેની સાથે તદાકાર થવાની અને છેલ્લે સાધર્મ્ય એટલે તેના ગુણધર્મમય બની જવાની હોય છે. ચિત્તનું બરાબર આ રીતે જ બને છે. ચિત્ત પ્રયત્નશિથિલતા અને ચૈતન્યની ધારણાથી પ્રથમ તેની સમક્ષ થવા લાગે છે એટલે કે ચૈતન્યની સમીપતા માણે છે, પછી ક્રમે ક્રમે તેના જેવું રૂપ ધારણ કરે છે, પછી તેની સાથે તદાકાર થવા લાગે છે અને છેવટે તન્મય થઈ તેમાં વિલીન થાય છે. ચિત્ત ચૈતન્યરૂપ બની જાય છે.

આજના માનસશાસ્ત્રનો ટેકો

માનવપ્રયત્નને શિથિલ કરવો એટલે માણસે જ્ઞાનતંતુઓના બાહ્ય યત્નને શિથિલ કરવો એવો અર્થ લેવાનો છે. એમ કરવામાં

ચૈતન્યમાં અનંતસ્વરૂપની ધારણા મદદરૂપ થાય છે. આ મહાનિયમને આજના માનસશાસ્ત્રનો પણ ટેકો મળે છે. વિલિયમ જેમ્સ નામના પ્રખર માનસશાસ્ત્રીએ 'ધાર્મિક અનુભવોની વિવિધતા' (Varieties of Religious Experiences) નામના પુસ્તકમાં ધાર્મિક જીવનમાં આંતરિક પરિવર્તન કેમ થાય તેનું વર્ણન કરતાં ઉપરના મહાનિયમનું વર્ણન કરતાં હોય એમ લાગે છે. **"He must relax," Says Dr. Starbuck, "that is, he must fall back on larger Power that makes for righteousness, which has been welling up in his own being, and let it finish in its own way the work it has begun... The act of yielding, in this point of view is giving one's self over to the new life, making it the centre of a new personality, and living from within, the truth of which had been viewed objectively."** (P. 210) અહીં ઈશ્વરની ધારણા કે ઈશ્વર શરણ લગભગ એક અર્થમાં લેવાનાં છે. વળી આ ધાર્મિક અનુભવોની બાબત માનસશાસ્ત્ર પણ એક થઈને કહે છે કે જીવનને મુક્ત કરવાને માટે વ્યક્તિની બહાર એવું બળ કે શક્તિ હોય છે. **Psychology and religion are thus in pefrect harmony upto this point, since both admit that there are forces seemingly outside of the conscious individual that bring redumption to his life.** (P. 211)

ઈશ્વર પ્રણિધાન કે અનંત સમાપત્તિનું પણ આબાદ વર્ણન હોય તેવા અનુભવોનું બયાન આ પુસ્તક કરે છે : **"Self surender becomes then indespansable. 'The personal will' says Dr. Starbuck, "must be given up."** (P. 208)

વિવિધ રીતને સમાવનાર જપ

એક સવાલ અને તે પણ પ્રામાણિક સવાલ સહેજે ઊભો થાય કે જપમાં એવું તે શું છે કે એમાં બધી રીતનો સમાવેશ થઈ જાય છે? એનો આધાર છે એક માત્ર મંત્ર અને છતાં એમાં આટલી બધી શક્તિ અને નિયમ મહાનિયમ સમાઈ જાય છે તે અતિશયોક્તિ તો નથી! જવાબ પણ એવો ટૂંકો, સરળ અને અનુભવપૂત આપી શકાય કે જપમાં અને જપના મંત્રમાં વિશ્વને સમાવનાર ઈશ્વર સમાય છે, ચૈતન્ય સમાય છે, તેનો તે દ્યોતક બને છે એટલે તેમાં તેને પામવાની બધી રીત સમાવી જ જોઈએ. માણસની જેવી પ્રકૃતિ તેવી રીતે તેને જપ ફાયદો કરે તે બતાવવા આ વિવિધ રીતો વિગતે અને ઊંડાણથી વિવેચન કરવાનું થયું. હજી તો થોડું વધુ વિવેચન કરીને જપનાં બીજાં અંગ તરફ વળીએ.

પ્રેમપ્રધાન માણસને જપથી મૈત્ર્યાદિ ભાવના જલદી પ્રગટે છે. તે જગતમાં સુખ જુએ ત્યાં મૈત્રી, દુઃખ તરફ કરુણા, પુણ્ય તરફ મુદિતા અને અનિષ્ટ તરફ ઉપેક્ષા સહજ કરતો હોય છે. જ્યાં બધે જ ઈશ્વર જોવાનો પ્રયત્ન હોય ત્યાં તેનાથી બીજું થઈ જ શું શકે? આને બીજી રીતે પણ ઘટાવવું જોઈએ. જપ કરનારે આ ભાવનાઓ દૃઢ કરતાં જવાથી જપનું ધ્યેય જલદી પામી શકાય છે. આમ અનાયાસ આયાસ એ જપનું મુખ્ય લક્ષણ છે. જપ થાય, જપને માટેના ગુણો માટે પણ પ્રયત્ન થાય પણ એ બધુંય અનાયાસ એટલે જ્ઞાનતંતુઓને તાણમાંથી મુક્ત કરીને ચૈતન્યમાં આયાસપૂર્વક એટલે પ્રયત્નપૂર્વક હોંશથી અને પ્રેમથી એક થવા મથી જવું જોઈએ. આમાં જ જપની સિદ્ધિ છે, અને પ્રેમાદિ સાધનોનો સહજ સમાવેશ છે. આ જ રીતે અભ્યાસ વૈરાગ્યનું સાધન પણ જપમાં સહજ બંધ બેસે છે. જપનો સતત અભ્યાસ અને બીજી બાબતો તરફ વૈરાગ્ય હોવો

જોઈએ. જપમાં આ રીતે મંડી રહેવું અને તેમાં ઢીલાશ ન આવવા દેવી તે જ તપ; આને ઉત્તમ તપ ગણવું જોઈએ; કારણ તે સરળ, સહજ અને સર્વ જગાએ થઈ શકે એવું છે. એમાં જ્ઞાન, ભક્તિ અને કર્મનો પણ સહજ સમાવેશ છે. ઈશ્વરનું જ જ્ઞાન, તેની જ જપ વડે ભક્તિ અને જપ કરતાં કરતાં સહજ બધાંય કાર્ય કરવાં શક્ય છે. ટૂંકમાં જપની અંદર આધ્યાત્મિક જીવનને ઉપયોગી બધાં સાધનોનો સમાવેશ થઈ શકે છે, છે પણ ખરો. પરંતુ એને અંગેના વાદવિવાદમાં કે વધુ વિવરણમાં પડ્યા વગર એટલું જરૂર કહી શકાય કે જપ એક સર્વાંગી સંપૂર્ણ સરળ સંક્ષિપ્ત સર્વોત્તમ સર્વમાન્ય સર્વોપયોગી સાધન અને સાધના છે. આ દૃષ્ટિએ એને સર્વ સાધનોનું અને સાધનાનું સમન્વય સાધન કે સાધના કહેવી ઉચિત ગણાય.

જપની આ સમન્વયશક્તિ કુદરતી ક્રમને જ મદદ કરનારી છે. કુદરતમાં અનેક વિવિધતા છે, પ્રકૃતિ વિવિધતાથી ભરી છે. આ વિવિધતામાં એકતા પ્રગટાવવાનું કામ પણ કુદરતમાં થઈ રહ્યું છે. એ હેતુને માટે કુદરતમાં વનસ્પતિ, પશુપંખી અને માનવને ક્રમે ચેતન વધુ ને વધુ પ્રગટતું જાય છે. ચેતનની વૃદ્ધિ સાથે એકતા પણ વધે છે કારણ ચેતનાનું કામ એકતા કરવાનું છે, તે એકતા સ્વયં છે. કુદરતમાં ચાલતા ઊર્ધ્વીકરણના આ ક્રમને જપ ટેકો આપે છે; વિવિધ શક્તિઓને ચેતનામાં એકાગ્રિત થવાના કામને જપ વેગ આપે છે. વ્યવસ્થા આપે છે. એટલે જપ કરનારને વિવિધતામાંથી એકતાનો અનુભવ થવા લાગે છે અને ચેતનાએકતાની નિત્ય નવીનતા પણ મળે છે. એટલે વિવિધતામાં જે નવીનતા મળતી હતી તેની ખોટ તેને લાગતી નથી. વિવિધતાની નવીનતા ક્ષણિક હોય છે જ્યારે જપ વડે મળતી ચેતનાનુભૂતિની નવીનતા સનાતન અને દૈવી હોય છે. આ કારણને લીધે પણ જપમાં સાધનમાત્ર સમાયેલાં લાગે છે. તેની સમન્વયકારી શક્તિ બધાં વિવિધ સાધન શક્તિ અને અનુભૂતિઓને

પોતાનામાં સમાવી લે છે. આ મૂળભૂત સત્યને લીધે જ વેદવેદાંતે ૐને વિશ્વનો અને બ્રહ્મનો પ્રતીક કહ્યો છે તે સાર્થક થાય છે.

જપ આટલો સર્વાંગી છે પણ તે ફક્ત વ્યક્તિને જ ઉપયોગી થઈ શકે તેથી તેટલા પ્રમાણમાં તે એકાંગી ખરોને? જપ કરનાર કદી એકાંગી બની શકતો જ નથી. તેણે કર્મ કરવું નહિ એવું તો છે જ નહિ. ઈશ્વર સાથે તાદાત્મ્ય સાધીને અને જગત સાથે તાટસ્થ્ય કેળવીને અનાસક્ત ભાવે તેણે કર્મ તો કર્યા જ જવાનું છે. આવું કર્મ કરતાં એના જપથી થયેલ આત્મશુદ્ધિની અસર એના કામ ઉપર થયા વિના રહે જ નહિ. સામાજિક વ્યવહારમાં તે કેમ વર્તે તે "કર્તવ્ય અને કસોટી"ના પ્રકરણમાં છેલ્લે જોવાનું રહેશે. અહીં એવા કર્મમાં રહેલા તાટસ્થ્ય અને તાદાત્મ્યના બેવડા અને એક સાથેનાં વલણને બરાબર સમજી લેવું જોઈએ. ચેતના સત્ત્વથી અને પ્રકૃતિથી અલગ છે તેનું ભાન જપથી પ્રગટવા લાગે એટલે તેણે તાટસ્થ્યને કેળવવું જ રહ્યું. એનાથી તે કામક્રોધાદિથી, વિષયોથી, લાલચોથી, આસક્તિઓથી લપટાતો નથી. પણ આવું તાટસ્થ્ય ત્યારે જ આવે જ્યારે તે ચેતનાની બરાબર અનુભૂતિ કરતો થાય. તેથી જપ વડે પહેલાં તેણે ચેતનાનું તાદાત્મ્ય સાધવું જોઈએ. આ ચેતના અંદર છે એટલે પહેલાં અંતર્મુખ થઈ ચેતનાએકતા સાધવી જોઈએ. પરંતુ ચેતના તો પોતાની બહાર અન્ય શરીરો અને વ્યક્તિઓમાં પણ છે. તેથી તેની સાથે પણ તાદાત્મ્ય સાધતાં આવડવું જોઈએ. આવું તાદાત્મ્ય જ તેને સમાજના સેવાકાર્યમાં સહેજે પ્રેરે છે અને જે કામ સહજ ભાવે આવે તે તેણે ઈશ્વરાર્પણભાવથી કર્યા કરવાનું છે. જપનું સામાજિક સ્વરૂપ કે તેનો એવો ઉપયોગ અહીં શરૂ થાય છે પણ અહીં જપ પ્રગટરૂપે નહિ પણ સૂક્ષ્મરૂપે કામ કરતો થાય છે. કદીક પ્રગટરૂપે પણ કામ કરે છે. તે કામ તે આગળ જોવાનું રહેશે. આ દૃષ્ટિએ વિચારતાં જપ એકાંગી કદી રહી શકે જ નહિ. તે સર્વાંગી

છે કારણ તેમાં જીવનનાં આંતરબાહ્ય બધાં અંગોનો સહજ સમાવેશ છે. આ ઉપરાંત, જપની ખરી ખૂબી એ છે કે તે જીવનની દરેક સપાટીએ ઉપયોગી થાય છે. જુવાન, વૃદ્ધ, સ્ત્રી, પુરુષ, માંદાં, સાજાં અને બાળકને પણ તે કામમાં આવે છે.

નામરૂપસંબંધ અને નામઅર્થસંબંધ

જપમાં સામાન્ય બે રીતનો ઉપયોગ થાય છે : (૧) નામના એટલે ઈશ્વરના નામના અર્થ સાથે તાદાત્મ્ય સાધીને જપ કરવાની એક રીત. (૨) નામના એટલે ઈશ્વરના રૂપ, આકાર કે આકૃતિ કે મૂર્તિ સાથે એકતા સાધીને જપ કરવાની બીજી રીત છે. અત્યાર સુધી આપણે અર્થભાવનાની રીત ઉપર વિચારણા કરતા આવ્યા. હવે બીજી રીત ઉપર પણ થોડો વિચાર કરવાનો રહે છે.

માણસને મૂર્તિ કે રૂપ વગર ચાલતું નથી કારણ પોતે જ એક મૂર્તિ કે આકૃતિ છે. એનું મન સદૈવ કંઈકના કંઈક આકાર, વિચાર અને વિકલ્પનાં રૂપ પેદા કર્યા જ કરે છે. તેથી તેને ઈશ્વરનું સ્મરણ કરવામાં તેનાં સુંદર રૂપ કે આકાર કે મૂર્તિ મદદરૂપ થાય છે. આને લીધે ઘણા માણસો ઇષ્ટ દેવની મૂર્તિ કે ફોટો જપ કરતી વખતે નજર સામે રાખે છે. કેટલાક પોતાના ગુરુનો ફોટો સામે રાખી તેમાં ભાવના કરી તે ઈશ્વરને બતાવનાર છે અને પ્રત્યક્ષ છે તેથી તેના ઉપર મન એકાગ્ર કરી જપ કરે છે. આ રીતમાં ઈશ્વરના નામ સાથે રૂપને સાંકળવામાં આવે છે તેથી તેને નામરૂપસંબંધ કહ્યો છે. જ્યારે પહેલામાં ઈશ્વરના નામના અર્થ સાથે સંબંધ બાંધવામાં આવે છે તેથી તેને નામઅર્થસંબંધ કહેવામાં આવે છે.

અહીં એટલું યાદ રાખવું જોઈએ કે નામરૂપસંબંધ વડે જપ કરવો સહેલો છે પરંતુ જો મન કેવળ રૂપમાં જ કે આકારમાં જ ફસાઈ રહે તો ગાડું આગળ ચાલે નહિ. પણ આમ બનતું જ નથી.

માણસનું મન જ એવું બનેલું છે કે તે સદૈવ અર્થ શોધે જ છે. તેથી ઈશ્વર નામના અર્થ તરફ તરત જ વળે છે. આમ નામરૂપસંબંધમાં પણ નામઅર્થસંબંધ જ મુખ્ય છે અને બને છે. નામરૂપસંબંધ તો મનને એકાગ્ર થવામાં મદદ મળે તે માટે જ છે. તેથી જ યોગ, તંત્ર, વેદાદિમાં નામરૂપસંબંધ વિશે નિર્દેષ નથી. એટલું ખરું કે તેમાં ઈશ્વરના અનંતરૂપનું મહત્ત્વ ગવાયું છે. ખરું કારણ અનંતરૂપનું ધ્યાન માણસને અનાસક્તિ અને બાહ્ય પ્રયત્નની શિથિલતા કરવામાં મદદ મળે છે એ આપણે અગાઉ જોયું. તેથી જેમને નામરૂપસંબંધ વડે એટલે મૂર્તિ, ફોટા વગેરેનો સાથ લઈને જપ કરવો સુગમ પડે તેમને પણ ઈષ્ટ દેવના અને ગુરુના રૂપનું ધ્યાન કરતાં કરતાં ચૈતન્યના અનંતરૂપનું પ્રતીક બનાવતાં વધુ સુગમતા પડે છે અને તેમાં જપની અર્થભાવના અને સ-રસત્વ ઊતરે છે.

જપના મંત્રો

જપમાં અર્થ મુખ્ય હોઈ જે ખૂબ અર્થપ્રધાન હોય અને ચૈતન્યના અર્થને સારામાં સારી રીતે પ્રગટ કરે એવો મંત્ર હોવો જોઈએ. વળી જપ બોલવાનો પણ છે એટલે બોલવામાં સરળ પડે એવો મધુર ધ્વનિવાળો હોવો જોઈએ. મધુર ધ્વનિ માત્ર પૂરતો નથી પણ જપ વાણી વડે પૂર્ણ ચેતનને જગાવનારો હોઈ સમગ્ર શરીર ઉપર અસર કરે તેવો હોવો જોઈએ એટલે કે સમગ્ર વાકયંત્રને વ્યાપે એવો હોય. વાણી નાભીથી શરૂ થઈ હોઠ સુધી નીકળી પૂરી થાય છે તેથી નાભીથી હોઠ સુધી સમગ્ર વાકયંત્રને વ્યાપે એવો મંત્ર હોવો જોઈએ, એમાં સરસતા અને મધુરતા હોવી જોઈએ. એટલે અઘોષ વ્યંજન ન હોય પણ મૃદુ વ્યંજન અથવા મોટેભાગે સ્વર જ હોય તે વધુ સારું. એમાં એવો રણકાર નીકળે કે જેથી આખું ચિત્તતંત્ર જાગ્રત થાય, જેથી એનું બ્રહ્મરંધ્ર પણ સૂક્ષ્મ સ્પર્શ વડે સ્પંદન પામી

જાગ્રત થાય. એવો મંત્ર શ્વાસોશ્વાસ કે નાડીના ધબકારે લેવાવો જોઈએ.

આવા મંત્ર કયા? ૐને વેદવેદાંત અને તંત્રાદિએ સર્વોત્તમ મંત્ર તરીકે ગણાવ્યો છે. એમાં ઉપરના બધાય ગુણો છે. એનો અર્થ એક જ કે તે બ્રહ્માંડનો દ્યોતક છે. સિંહનાદ જેવો ગંભીર છતાં સ્વરમય હોવાથી મધુરો, ઘેરો અને સરસ છે. શ્વાસેશ્વાસે બોલાય તેવો છે, બોલવો, સાંભળવો ગમે તેવો છે, ટૂંકો છે. એને બોલવાથી જીભ ગોળાકાર અવાજવર્તુળ ઊભું કરતી હોય એમ લાગે છે. 'રામ' મંત્ર પણ બહુ વ્યાપક છે. તે પણ મધુર, ટૂંકો, સાર્થક અને બોલવો ગમે તેવો સરળ છે. 'સોઽહમ્' મંત્રમાં પણ આ બધા ગુણો છે. 'હરિઃૐ'માં પણ તેમ જ છે. આવા તો અનેક મંત્રો છે. આ ગુણોવાળા કોઈપણ મંત્ર જપને માટે ઉપયોગી છે જ.

અમારો અનુભવ રજૂ કરવો અસ્થાને નહિ ગણાય. ૐ બોલવો સરળ અને સરસ છે પણ જ્યારે એકાંતમાં એક શ્વાસે બહુ ધીમેથી ક્રમે ક્રમે સિંહનાદે બોલવાનો હોય ત્યારે ખૂબ અસરકારક બને છે. સ્વામી રામતીર્થ હિમાલયના જંગલમાં આમ કરતા. આપણે પણ આનો અનુભવ કરી જોવા જેવો છે. પણ જ્યારે એક પછી એક જલદીથી ૐ બોલવાનો હોય ત્યારે કેટલાકને હરિઃૐ વધુ સરળ લાગે છે કારણ ૐના 'અ' કરતાં 'હરિ'નો 'હ' નાભીમાંથી જપની ક્રમપરંપરામાં કાઢવો સહેલો પડે છે; નાભીને 'અ' કરતાં 'હ' જલદી સ્પર્શે છે કારણ કે 'હ' મહાપ્રાણ વ્યંજન છે. એ જ રીતે શ્વાસેશ્વાસે જપ કરવો હોય ત્યારે સોઽહમ્ બહુ સુગમ પડે છે. શ્વાસ લેતી વખતે 'સો' અને બહાર કાઢતી વખતે 'ઽહમ્' બોલવો બહુ કુદરતી અને સ્વાભાવિક થઈ પડે છે. પાછલો ભાગ બોલતી વખતે આખો શ્વાસ બહાર બરાબર નીકળે છે કારણ તેમાં મહાપ્રાણ 'હ' છે.

જેવો શ્વાસ આખો બહાર નીકળે છે કે તરત 'સો' વડે તે આખોય બરાબર ભરાય છે. આ રીતે 'સોઽહમ્' શ્વાસેશ્વાસે બોલવો હોય તો ખૂબ સુગમ છે. ભર વસ્તીમાં પણ સહજ જપી શકાય છે. કેવળ ૐને એ રીતે બોલી શકાય છે. અભ્યાસથી 'સોઽહમ્'ની જેમ શ્વાસ પૂરેપૂરા ભરવા કાઢવાની સુગમતા લાગે છે. એમાં પણ ૐ બોલતાં 'ઓ' અક્ષરે શ્વાસ પૂરો ભરતાં સહસ્રદળ સુધી પૂરું કરી 'મ્' બોલતાં શ્વાસ છોડવાની રીત સરળતમ છે.

આ મંત્રો શાંતિથી સહજ રીતે જપાવા જોઈએ. અર્થની ભાવનાપૂર્વક જપવા જોઈએ. જેમ પોતાના અહંની સ્મૃતિ રહે છે તેમ ૐની સ્મૃતિ રહેવી જોઈએ. અર્થ વગર તે પોપટિયા બની જાય છે. એની શારીરિક અને બીજી ભાવના પણ અર્થભાવના વગર થતી નથી. અર્થભાવનાની આટલી બધી અગત્ય છે તે તો વેદવેદાંતથી માંડી આજના માનસશાસ્ત્રીય અભિપ્રાય સુધી બધા જ સ્થાપે છે. આને લીધે એવું બને છે કે મનમાં જપ કરવો અને અર્થભાવના કરવી જોઈએ પણ મોઢે બોલવાની જરૂર નથી એવો મત ઊભો થાય છે. પરંતુ આ વિચારમાં બુદ્ધિદોષ છે. જપ એટલે જે બોલવાનો છે તે મંત્ર. તેનું સતત રટણ શરૂઆતથી જ કેવળ મનની અંદર અર્થભાવના કરનાર વિરલ જ હોય છે. એકવાર ચેતનામાં સ્થિતિ થાય અને જપ બોલતાં બોલતાં ચેતનાની સ્મૃતિ નિરંતર પ્રગટે પછી જપ બોલવાની જરૂર ભલે ન રહે પણ એવી સ્થિતિ કરતાં સુધી એટલે કે વર્ષો અને કદાચ જન્મો સુધી પણ જપને એકાંતમાં મોઢે બોલવો રહે. એનો બધોય આધાર પોતાના પ્રયાસ ઉપર છે. જપ વડે આત્મસ્થિતિ જલદી પામીને જપને અંતરમાં નિરંતર સ્થાપનારને કદાચ છ માસમાં તે વધુ બોલવાની જરૂર ન રહે. બધો આધાર મનુષ્યના પ્રયત્ન અને સિદ્ધિ ઉપર છે. એકનિષ્ઠાથી આમ કરનારને જપનું નૈરંતર્ય પેદા કરવું મુશ્કેલ નથી. એમાં રસ પડી જાય તો એ

રમતવાત છે; રસ પડવો જોઈએ. જપમાં રસ પેદા કરવાને જપને સંગીતમય કરી શકાય. તેને તાલબદ્ધ રીતે બોલતાં રસ પેદા થાય છે. સંગીતમાં જેમ ક્રમ, તાલ વગેરે છે તેમ જપમાં પણ છે એ તો જપનો રસ માણનારને જ ખબર પડે. જપની આવી પ્રતીતિ કરવા જપ કરવા માંડવો જોઈએ.

જપમંત્રની વિવિધ અસરો

જપમંત્ર મોટેથી બોલવાથી માણસના શરીરમાં રહેલાં પ્રાણશરીર, મનોમયશરીર, સૂક્ષ્મશરીર વગેરે ઉપર તેનાં આંદોલનોથી અસર પડે છે. જપનાં આંદોલનો ખૂબ સૂક્ષ્મ હોય છે, તેનાં સ્પંદનો આ દરેક શરીરને વ્યવસ્થિત કરવામાં મદદરૂપ થાય છે. વ્યાધિ, આળસ, ચંચળતા બધું જન્મે છે તેનું કારણ એ શરીરોમાં વહેતાં પ્રાણ અને શક્તિની ગતિમાં અવ્યવસ્થા છે. એ અવ્યવસ્થાને દૂર કરવા માટે જપનાં આંદોલનો અને સ્પંદનો તથા કંપનો મદદ કરે છે અને તેમને એક સરખાં કરે છે; તેમનામાં શક્તિનો સંચાર કરે છે. ટૂંકમાં મનુષ્યના સ્થૂળ અને સૂક્ષ્મ શરીર ઉપર જપનાં સ્પંદનોની અસર ખૂબ ગહરી અને સચોટ હોય છે. યોગમાં અંતરાય દૂર કરવાની વાત કરી છે તે આ અસરને લીધે છે. માણસના જ્ઞાનતંતુઓ ઉપર પણ તેની સરસ અસર છે. સંગીતની અસરથી માણસના જ્ઞાનતંતુઓ જેમ ક્યાં તો ઉશ્કેરાય કે ક્યાં તો શાંત થાય છે. જેવો સંગીતનો રાગ અને રસ તેવી અસર. પણ જપની અસરથી જ્ઞાનતંતુઓમાં શાંતિ, શક્તિ અને વ્યવસ્થિતિ પેદા થતી જપના અભ્યાસથી લાગવા માંડે છે. આવી સૂક્ષ્મ અસરને લીધે કુંડલીની શક્તિ જાગ્રત થયાના દાખલા સંતોના જીવનમાં અને તંત્રશાસ્ત્રમાં મળે છે. ચિત્ત ઉપર કેવી સુભગ અસર થાય છે તે તો ખૂબ વિગતે આપણે અગાઉ જોયું છે. એટલું ખરું કે જપની ચિત્ત ઉપરની આવી અસર ત્યારે જ થાય જ્યારે પહેલાં કે તેની સાથે શરીર પ્રાણાદિમાં

સંવાદિતા જાગી હોય. જપના ઉચ્ચારણથી કામક્રોધાદિ વેગ, વ્યાધિઆદિ અવ્યવસ્થાઓ, અને ચંચળતાદિ અંતરાયો દૂર થયાં હોય. એ દૂર કરવા માટે જપના મોટેથી ઉચ્ચાર ખૂબ કામના છે. એ વડે શરીર પ્રાણાદિમાં શુભ સંસ્કાર પેદા થાય છે, અને તેને લીધે માણસની અનિચ્છનીય આદતો પણ બદલવામાં મદદરૂપ થાય છે. સદ્‌ગુણ પેદા કરવામાં જપ આ રીતે મદદગાર થાય છે. સદ્‌ગુણ એટલે મનનું સારી રીતે અમુક દિશામાં વહેવું કે વર્તવું. સદ્‌ગુણના જાગ્રત પ્રયત્ન સાથે જપસાધન ઉપયોગમાં લેવાથી તો સદ્‌ગુણ કેળવવામાં ખૂબ મદદ મળે છે.

આટલા વિચાર પછી એ સહજ સ્પષ્ટ થશે કે જપથી પાપ નાશ થાય તેનો અર્થ શું? જપ વડે આવી આંતરિક પ્રવાહોની શુદ્ધિ, નવા સંસ્કારનો જન્મ અને ચિત્ત શુદ્ધિ થવાથી પાપ એટલે વિકાર કે વિકારજન્ય સંસ્કાર ટકતા જ નથી. એટલું યાદ રાખવું ઘટે કે આ બધું એમ ને એમ બનતું નથી. પણ દરેક બાબતમાં જાગ્રત રહી, મનની એકાગ્રતા કેળવી હર પ્રસંગે અને મુશ્કેલીમાં જપનો ઉપયોગ કરવાથી જરૂર મદદ મળે છે. બાકી અજાગ્રતપણે જપ આપોઆપ બધું કરશે એવી લાપરવાહીથી જોઈતાં પરિણામ નથી આવતાં; અને એમ બને એ કુદરતી છે. જપ એટલે જ પૂર્ણ જાગૃતિનો પ્રયત્ન અને તેથી દરેક નાનીમોટી બાબતમાં જાગ્રત રહી જપ વડે એકાગ્રતા અને ચેતનાએકતા સાધવાથી સિદ્ધિ જરૂર મળે છે, પાપશુદ્ધિ થાય છે અને એ રીતે જીવનને સર્વ બાજુથી ઉન્નત કરી શકાય છે.

જપની શક્તિ એટલે રટવું અને ઘૂંટવું

જપની આ શક્તિ પેદા થવાનું કારણ તેની સતત રટણ ક્રિયા છે. એક દવા જેવી સામાન્ય વસ્તુ પણ ખૂબ ઘૂંટવાથી કેટલી અસરકારક બને છે! હોમિયોપથી તો દવાને ખૂબ ઘૂંટીઘૂંટીને ભારે

શક્તિશાળી દવા બનાવે છે. ભોજનમાં પણ મોંમાં અમળાવી અમળાવીને ખાધેલા ખોરાકમાં આનંદ આવે છે અને તે પચે છે પણ વહેલો. આ અમળાવવું એટલે મોંમાં ખોરાકને ઘૂંટવો એમ કહેવાય. એનો શબ્દ છે ચર્વણ. જપ પણ આંતરિક જીવનનો ખોરાક છે અને તેથી તેને મનોચર્વણ કહી શકાય કે ચેતનાચર્વણ કહેવાય. આ રીતે જપનો વિશાળ અર્થ કરતાં જપ દરેક ક્રિયા દ્વારા થઈ શકે. પ્રયત્નશૈવિલ્ય અને ચૈતન્યની એકતા સાધીને સતત તેની સ્તુતિ કરતાં કરેલું દરેક કાર્ય જપ બની રહે છે. એવું કાર્ય માત્ર જપ બનતાં જપ જીવનની એક ઉત્તમ પદ્ધતિ બની રહે છે. પણ આત્મસ્થિતિની આવી સ્થિતિ કરવા માટે જપને ખૂબ ઘૂંટવો, રટવો જોઈએ અને એ શક્તિ વડે ચેતનામાં સ્થિત થતાં શીખવું જોઈએ.

જપ એટલે સર્વ ધર્મસાર

મોટેથી જપ બોલતાં મોં થાકે એટલે ધીમેથી જીભ તે બોલે, જીભ થાકે એટલે મનોવાણી તે જપે, તે થાકે એટલે મનોમન જીવ તે જપે, જીવ પણ થાકે એટલે જપ ચેતનામાં સ્થિર થાય. આવો અનુભવ પણ થાય. આ વાત તેના વિશાળ અર્થમાં સામાન્ય પણ છે. માણસ કોઈ કાર્ય પસંદ કરે કે માને તેની પાછળ મથે, તેમાંથી થાકે એટલે તેનો સારગ્રહણ કરે. સારને પહોંચાય ત્યારે એકાદ સૂત્ર પકડે, સૂત્રથી થાકે ત્યારે તેનો અર્થ પકડે અને તે ગાયા કરે. અર્થથી થાકે ત્યારે જ તે અંદર વળે છે. આ સામાન્ય અનુભવ ઉપરથી કહી શકાય કે માણસ ધર્માદિ છેવટે અંતરમાં શોધવા જાય છે. જપ એ વાત પહેલેથી જ શીખવે છે; અને કહે છે કે જપનું ખરું કામ અંતરમાં છે, અંતરતમ ચેતનાને પામવાનું છે. પણ તેથી તેમાં બીજાં યમનિયમાદિ આચારધર્મની ઉપેક્ષા નથી. દૃઢ આસન હોવું જપને માટે જરૂરી છે. યમનિયમ વડે આચાર શુદ્ધિ જપનો પાયો છે, જપ

તેમને મદદરૂપ છે. બધા આચારવિચાર અને અંતરના ધર્મો પાળવાના છે, જપ તેના સારરૂપ છે, સત્ત્વરૂપ છે. એકબીજા વિના કોઈને ચાલશે નહિ. તેથી જ તેને જીવનની પદ્ધતિ કહી તે સર્વ ધર્મમાં સમાય છે અને સર્વ ધર્મ એમાં સમાય છે. આ કારણે જ એક બીજા સ્વરૂપે જપ દુનિયાના બધા ધર્મોમાં સ્થાન પામ્યો છે. એનું સર્વ ધર્મમાં સ્થાન કેવું પ્રબળ છે, મુખ્ય છે તે આપણે અગાઉનાં શરૂઆતનાં પ્રકરણોમાં જોયું.

જપ સર્વ ધર્મસાર છે તે બીજા વિશાળ અર્થમાં પણ સાચું છે. વિવિધ પ્રકૃતિના માણસોના વિવિધ સ્વધર્મના સારરૂપ પણ જપ છે. એ દરેક પ્રકૃતિના માણસને કામ આવે છે. એનો ઉપયોગ દરેક ભલે અલગ અલગ રીતે કરે, પોતાને અનુકૂળ આવે તેમ કરે પરંતુ તે સર્વોપયોગી છે કારણ તે સર્વ ધર્મસાર છે, સત્ત્વ છે, બધા ધર્મોનો દઢભાજક છે.

જપમાં અધીરાઈ નથી; અને છે તો પાર વગરની છે. અહં (અ+હ+મ્) નો ૐ (અ+ઉ+મ્) કરવાનો છે. અહંભાવને સ્થાને ૐભાવ પેદા કરવાનો છે, સંકુચિત અહંકારની જગાએ વિશ્વવ્યાપક ચેતના સ્થાપવાની છે. આ કામ અધીરાઈથી ન થાય. પણ દિવ્ય અધીરાઈ કે અભીપ્સા વગર પણ તે કામ ન થાય. માણસને માટે તો એક જ ડગલું ભરવાનું બાકી છે, અહં ઉપરથી ૐ ઉપર. પણ એ ડગલું વિરાટનું પગલું છે. જપ વડે એ એક જ ડગલાને જેવું કરવું હોય એવું થાય. જપમાં એવી શક્તિ છે કે તે વામનનો વિરાટ બનાવી દે અને વિરાટ બનતાં એક ડગલુંય ભરવાનું બાકી રહેતું નથી — પગલું ભરાઈ જ જાય છે. ચેતનની સતત સ્મૃતિ કરાવનાર જપ આવો મહાફળદાયી છે તેથી સર્વ ધર્મસાર કહેવાયો અને તેથી જ તે સર્વોપયોગી પણ છે.

જપને કોઈ ધર્મનાં બંધન નથી, તેને કોઈ વાડાબંધી નથી. ઈશ્વરના કોઈ એક નામની એને આસક્તિ કે આભડછેટ નથી. એને કોઈપણ નામથી પોકારો અને એની અર્થભાવના કરો એટલે બસ. આ દૃષ્ટિએ તે નાસ્તિકને પણ ઉપયોગી છે અને એ અર્થમાં તે ખરેખર સર્વોપયોગી સાધન છે, સાધના છે. જપની સાધના માટે ચેતન કે ચેતના સર્વોપયોગી થાય એવો નિર્દોષ અને પૂર્ણ રીતે સાર્થક શબ્દ છે. તેથી ચાલો આપણે ભક્ત 'સુજસ'ની સાથે ચેતનને પોકારીએ :

चेतन, अव मोंहि दर्शन दीजे ।
तुम दर्शन शिव सुख पामीजे,
तुम दर्शन भव छीजे ॥

(આશ્રમ ભજનાવલિ પા. ૩૭)

❑

પ્રકરણ : ૬

સમાજોપયોગી એક જપપદ્ધતિ

જપમાં માનનારા આજે ઘણાં મળી આવે પણ જપ નિયમિત કરનારા થોડાં જડી આવે. એમ તો અંધારામાં જવું હોય કે ભય પેદા થયો કે કોઈ મુશ્કેલી આવી ત્યારે ઈશ્વરના નામનો જપ મનોમન રટી જનાર તો લગભગ બધાં જ છે એમ કહી શકાય. જપ સારું સાધન છે, કરવા જેવું છે, કરવાથી ફાયદા થાય, આંતરિક ઉન્નતિ થાય એવું જાણનાર અને માનનાર પણ જપને જીવનમાં ઉતારી શકતા નથી. એનાં ઘણાં કારણો છે. કેટલાંક બાહ્ય કારણો છે અને કેટલાંક આંતરિક કારણો છે. પણ સ્થિતિ તો એવી લાચાર છે કે ધર્મ જાણવાં છતાં તેનું પાલન થતું નથી! દુર્યોધન આમ જ બોલ્યો હતો કે તે ધર્મ જાણતો હતો પણ તેમાં પ્રવૃત્તિ નથી થતી, અધર્મ જાણતો હતો છતાં તેની નિવૃત્તિ થતી ન હતી. દુર્યોધન રાજકુમાર હતો; એને બાહ્ય બધી સગવડ હતી. એની મુશ્કેલી આંતરિક હતી. જ્યારે જપમાં શ્રદ્ધાવાળા અને તેને જાણવાવાળાની સ્થિતિ જુદી જ છે. તેમની આંતરિક મુશ્કેલીઓ ઉપરાંત તેમની બાહ્ય સ્થિતિ જ ખૂબ પ્રતિકૂળ છે, લાચાર બનાવે તેવી છે.

આજની લાચાર સ્થિતિ

આજની સામાજિક, કૌટુંબિક, આર્થિક અને રાજકીય પરિસ્થિતિ જ એવી છે કે જપને માટેની જરૂરિયાતો સામાન્ય રીતે સામાન્ય માણસને મળવી અસંભવિત બની ગઈ છે. જપને માટે માનસિક શાંતિ જોઈએ. એકાંત જરૂરી ગણાય, એકાગ્રતા થાય એવું સ્થાન જોઈએ. નિરાંત જોઈએ અને વાતાવરણ અનુકૂળ હોવું જોઈએ. આમાંની એક પણ જરૂરિયાત સામાન્ય માણસને મળી શકતી નથી

એ હકીકત છે. પહેલાં તો એનું મન એટલી નિરાંત અનુભવતું નથી કે જેથી તે જપ જેવાં શાંતિકારક સાધનને પણ અપનાવવા મન કરે. કૌટુંબિક સ્થિતિ એવી નાજુક હોય કે એનું ધાર્યું બહુ ઓછું થાય. ઘરમાં પૂરતી જગાનો અભાવ, ચીજવસ્તુઓની તાણ કે તે લાવવા કરવાની જવાબદારી, કૌટુંબિક કાર્યો, ફરજો, સંબંધો જાળવવા, તેના ઝઘડા, રીસ અને મતભેદ મિટાવવા, અને તે ઉપરાંત નિયમિત ધંધે જઈને હાંફળાફાંફળા કામે જવું આવવું અને તે પણ દૂર જવાનું અને આવવાનું હોય અને ભીડવાળી બસમાં આવજા કરવાની હોય — આ બધી બાબતો માણસને હંમેશ તંગ રાખતી હોય છે. આ સ્થિતિમાં જપને માટેની હળવાશ લાવે ક્યાંથી? આટલેથી એની પંચાત પતતી નથી. ધંધાની અનિશ્ચિતતા, આર્થિક ભીંસ કે ગુલામી જેવી સ્થિતિ, શેઠ કે સાહેબોની ખુશામત, તેમને રાજી રાખવાને કરવી પડતી ચિંતા માણસને હંમેશ અંદરથી હાંફળોફાંફળો જ રાખતી હોય છે. એને લીધે તો સમાજમાં જે નૈતિક હિંમત હોવી જોઈએ તેટલી દેખાતી નથી. પોતાના નિભાવની આટલી ચિંતા ઓછી હોય તેમ સામાજિક સંબંધો, તેની આડકતરી બળજબરી અને દબાણ એને નીચોવે છે અને છતાં તે મૂક જોનારો હોય તેમ આ બધું જોતો રહે છે. રાજકીય પલટાસૂલટા, પક્ષોની પ્રચાર રમત અને તેમાંથી ઊભા થતા વાદવિવાદ એને ઘસડ્યા વિના રહેતા નથી, કારણ તે સ્વતંત્ર દેશનો સ્વતંત્ર નાગરિક છેને! અંગત અને આંતરિક મુશ્કેલીઓ અને અંતરાયોથી માંડી આ કૌટુંબિક, આર્થિક, સામાજિક અને રાજકીય ધસમસતા પ્રવાહો એને ક્યાંનો ક્યાં ધકેલે છે, અફળાવે છે અને આ બધું એ જોતો જાણતો છતાં તેમાં ખેંચાયે જાય છે! ખરેખર સ્વતંત્ર નાગરિક હોવા છતાં એ સ્વતંત્ર નથી. એની સ્વતંત્રતા નામની જ છે; અને બધાય સ્વતંત્ર દેશોમાં સામાન્ય માણસ માટે આ જ સ્થિતિ છે. પરિસ્થિતિ એવી છે કે તે માણસને લાચાર બનાવે એમ તે માને છે.

આના ઉપાયરૂપ એક જપપદ્ધતિ

આજની આ લાચાર સ્થિતિ પેદા કરનાર માણસ જ છે. એની બાહ્ય ભૂખ, અભિલાષાઓ અને તરંગ તથા કલ્પનાઓ મૂર્ત કરતાં બાહ્ય સુખનાં સ્વપ્નોને સાર્થક કરવાના પ્રયાસમાંથી તેણે આ ધાંધલિયા સ્થિતિ ઊભી કરી છે. એની યંત્રોની ઘેલછા, બાહ્ય સુખનાં સાધનો પાછળની દોટ, સામાજિક સંબંધોના ખ્યાલ, આર્થિક સંકુલ, સંબંધોની જાણપૂર્વકની પેદાશ અને રાજકીય સત્તા અને તેના સંચાલનમાં અતૂટ શ્રદ્ધાને લીધે તેણે આવું વાતાવરણ ચારેકોર સરજ્યું છે અને છેવટે કરોળિયાની માફક તેમાં ફસાયો છે. પરંતુ જેમ કરોળિયો જાળામાંથી છૂટી પણ શકે છે તેમ માણસ આ લાચાર સ્થિતિમાંથી માર્ગ કાઢી શકે છે. માણસનો પુરુષાર્થ એને ગમે તે સ્થિતિમાંથી માર્ગ કાઢતાં શીખવે છે.

આવી સ્થિતિનો ઉપાય કરવાને જાણે હોય તેમ એક સાધુચરિત પુણ્યાત્માના જીવનમાંથી એક સમાજોપયોગી જપપદ્ધતિ પ્રગટી અને ધીમે ધીમે સંજોગો અનુસાર તે વિકાસ પામી રહી છે. જપ એમના જીવનમાં પચીને ઓતપ્રોત થઈ ગયો હોવાથી સાથી સાધકોના લાભાર્થે આ પદ્ધતિ અસ્તિત્વમાં આવી. આમ એની પેદાશ અન્યોનું હિતચિંતન છે તેથી તેને શુદ્ધ પ્રેમની પેદાશ કહી શકાય.

આ પદ્ધતિ પ્રમાણે સાધકે કે જપ કરનારે એક 'મૌનઓરડા'માં ઓછામાં ઓછા ૨૧ દિવસ સતત જપ કરતાં ગાળવાના હોય છે. એમાં બધી જ સગવડો હોય છે; તેની બહાર નીકળ્યા વિના, કોઈની સાથે બાહ્ય સંપર્ક રાખ્યા વિના આવો સતત જપ કરવાથી સાધકમાં જપની લગની લાગે છે અને વરસ દિવસે એક વખત આ રીતે જપમાં અમુક દિવસો ગાળતાં તેના આંતરિક જીવનમાં ચોક્કસ ફેર પડતો દેખાય છે. આ પદ્ધતિનો સેંકડોની સંખ્યામાં સાધકોએ લાભ

લીધો છે, અને લઈ રહ્યા છે અને એની સંખ્યા ઉત્તરોત્તર વધતી જ જાય છે.

સમાજમાં રહેનારની લાચાર સ્થિતિમાંથી મુક્તિ અપાવનાર આ જપપદ્ધતિ છે. વૅકેશન કે વાર્ષિક રજા તો દરેક ધંધાર્થીને અને મિલમજૂરને પણ મળે છે. રજાનો કે એનો અમુક ભાગ આ પદ્ધતિ વડે જપ કરવામાં માણસ ગાળી શકે છે. પછી એને લાચાર સ્થિતિનું બહાનું રહેતું નથી કે જપ કરવા છે છતાં પરિસ્થિતિ અનુકૂળ નથી. જપ પાછળની ખરી ભાવના હોય તો આ પદ્ધતિનો ઉપયોગ તે ગમે તે જગાએ કરી શકે છે. ખરા જપાર્થીઓને આ રીતની ખબર પડતાં તે તરફ અચૂક આકર્ષાયાના ઘણા દાખલા મળ્યા છે. એ બતાવે છે કે આ રીતમાં સમાજને ઉપયોગી થવાનાં ઘણાં લક્ષણો પડ્યાં છે.

આવી પદ્ધતિ શું છે, કઈ રીતે યોજાય, ક્યાં યોજી શકાય, કઈ રીતે યોજી શકાય તેની વિગતે સમજ આપવી જરૂરી છે. તેથી તેનું વર્ણન ક્રમે ક્રમે આ પ્રકરણમાં તેની વિગતોની સમજ સાથે આપવાનું વિચાર્યું છે.

જપપદ્ધતિની જરૂર

કલિયુગમાં જપનો મહિમા બહુ ગવાયો છે. શાસ્ત્રો અને પુરાણોમાં પણ કલિકાળમાં જપની આવશ્યકતા વર્ણવાઈ છે એ આપણે જોઈ ગયા. જપના આ વખાણ પાછળ એક મુખ્ય કારણ એ બતાવવામાં આવે છે કે કલિયુગમાં લોકોને કલિની ધાંધલ અને ધમાલને લીધે સમય ન મળે એટલે જપ સરળતાથી જપી ન શકે. પણ આપણે હમણાં જ જોયું કે કલિનો પ્રભાવ એટલો વધતો જાય છે કે જપ કરવા જેટલી ફુરસદ અને શાંતિ આ કલિના જમાનામાં લોકોને મળતી નથી.

ત્યારે આનો ઉપાય શો? આનો ઉપાય આ જમાનામાંથી જ મળે છે. આ ધાંધલિયા જમાનામાં પણ માણસ ટકી રહ્યો છે કારણ ધાંધલ અને ધમાલમાં પણ તે વ્યવસ્થા લાવવા પ્રયાસ કરે છે. એ વિજ્ઞાનને આધારે જુદી જુદી પદ્ધતિ અને વ્યવસ્થા અને ગોઠવણી કરીને ધાંધલ ઉપર જય મેળવે છે. આધ્યાત્મિક પ્રયાસ માટે પણ તેણે એવી ગોઠવણી કરવી જ રહી, એવી કોઈ પદ્ધતિનો આશરો લેવો જ રહ્યો. આજે માણસ પદ્ધતિસર બધાંય કામ કરે છે એટલે જપ અંગે પણ એને એક સળંગ પદ્ધતિ મળી રહે છે, એની આધ્યાત્મિક ઉત્કંઠાનું એ ફળ છે અને કોઈ પુણ્યાત્માના હાથે તેનું સર્જન થઈ તેને પ્રેમની ભેટ રૂપે મળે છે.

પણ અહીં પાછો શંકાશીલ માણસ વિચારમાં પડે છે કે જપ તો હાલતાં ચાલતાં થાય એવી સરળ બાબત છે. શાસ્ત્રોએ પણ તેનું એવું જ વર્ણન કર્યું છે; આ પુસ્તકમાં પણ તેને એ રીતે વર્ણવવામાં આવ્યું છે. પછી જપની પદ્ધતિ અને તેની આવશ્યકતાની વાત શાને? જપ કંઈ શીખવા જવો પડે એમ છે? એમ હોય તો સરળ શાનો?

જપ જેના દિલમાં વસી જાય છે તેને સહેલો અને સરળ છે; જેને દિલમાં બેસાડવાનો છે તેણે તે શીખવો જરૂરી છે. એટલું ખરું કે યોગવિદ્યા, રાજયોગ, તંત્ર આદિ શીખવાની સરખામણીએ જપ સરળમાં સરળ છે. પણ તે સર્વાંગી સાધન હોઈ એનો પૂરો લાભ લેવો હોય તો એને પદ્ધતિસર જપવાથી વધુ અને ઝડપી લાભ અને પ્રગતિ મળે છે. જપ જપને શીખવે છે, જેમ કામ કામને શીખવે છે. પરંતુ ઝાડુ મારવા જેવું કામ પદ્ધતિથી થાય તો ઓછી મહેનતે સારું વળાય તેમ અંતર પ્રદેશના જપ જેવા શુદ્ધિકર્મની પણ પદ્ધતિ હોવી ખૂબ જ જરૂરી થઈ પડે છે. એની પદ્ધતિમાં કંઈ આંટીઘૂંટી નથી પણ જપ જેવી જ સરળતા છે. પણ તે શીખવી તો જરૂરી છે જ.

આજના સંકુલિત જીવન વ્યવહારે એ પદ્ધતિને અતિ આવશ્યક બનાવી છે. એમ ને એમ પણ એ પદ્ધતિ ખૂબ ઉપયોગી તો છે જ.

એ પદ્ધતિ માટે કંઈ નવીનતાનો દાવો પણ નથી. પહેલાંના જમાનામાં લોકો ગુફામાં જઈને એકાંતવાસ કરતા હતા, આજે એવી ગુફા મળવી મુશ્કેલ છે. પહેલાં જંગલમાં જઈ વાનપ્રસ્થ જીવન ગાળતા; આજે અરણ્યમાં પણ પ્રતિબંધ છે! જંગલમાંય એકાંત મળવું મુશ્કેલ અને એકાંત મળે તો શાંતિ મળવી મુશ્કેલ, કારણ ત્યાં કંઈકને કંઈક માલિકી હકની બાધા આવીને નડવાની જ! આ સ્થિતિમાં આ જપપદ્ધતિ ચાલુ પરિસ્થિતિને અનુકૂળ અને બધે જ ઊભી કરી શકાય એવી વ્યવસ્થા ઊભી કરવા સૂચવે છે, સમજાવે છે.

આ પદ્ધતિના સિદ્ધાંતો

જપના સાધકે આ પદ્ધતિ અનુસાર 'મૌનઓરડા'માં ઓછામાં ઓછા ૨૧ દિવસ રહેવાનું હોય છે. શરૂઆત કરનારને સાત દિવસ ચાલે છે. ઓરડો જરૂરી હવા આવે એવી રીતે પડદાથી ઉપર નીચેથી બંધ કરવામાં આવે છે. ઉજાસ બિલકુલ બંધ થાય એ રીતે બિલકુલ અંધારું કરવામાં આવે છે. કુદરતી હાજત માટે અંદર બધી જ વ્યવસ્થા હોય છે અને ભોજન પણ બહારથી નિયત સમયે એકાંત ન તૂટે એ રીતે મૂકવામાં આવે છે એટલે સાધકે આટલા દિવસ માટે બહાર નીકળવાનું હોતું નથી તેમ જ કોઈપણ જાતનો બાહ્યસંપર્ક તેને રાખવાનો હોતો નથી. આ વ્યવસ્થાનું વિગતવાર વર્ણન આગળ જોઈએ તે પહેલાં આની પાછળના સિદ્ધાંત કે મૂળભૂત વિચારોને સમજી લેવા જોઈએ. આ વિચારો કે સિદ્ધાંતો ટૂંકમાં આટલા છે. (૧) એકાંત સેવન (૨) અંધકાર સેવન (૩) સતત જપ (૪) બાહ્યસંપર્ક ત્યાગ (૫) મિતાહાર (૬) જરૂર પડે તો કીર્તન અને સદ્‌વાંચન (૭) મિતનિદ્રા.

આ સાત સિદ્ધાંતોમાંથી કેટલાક તો સ્વયં સ્પષ્ટ છે. પણ શરૂઆતમાં બે ત્રણ સિદ્ધાંતો સમજૂતી માગી લે છે. એકાંત સેવન એટલા માટે કે સાધક બિનારોકટોક અને અંતરાય વગર જપમાં મશગૂલ બની શકે. એને એકત્વનો અનુભવ થાય તે પહેલાં પોતે એકલો પોતાને ઓળખતો થાય એ જરૂરી છે. 'एक्कोऽहं'નો એને અનુભવ કરવા તેણે એકલો પોતે કોણ છે તે તો જોઈ જાણી લેવું જોઈએ. જ્યાં સુધી માણસ પોતાના બાહ્ય કે સ્થૂળ અહંમાં રાચે છે ત્યાં સુધી તે અંતરતમ એકત્વમય ચેતનને ઓળખી નહિ શકે. પોતાનો સાથી પોતે બને, પોતાને ઓળખવાની તક મળે તે માટે એકાંત સિવાય બીજું કશું સાધન નથી. એણે અંતર્મુખ થવાનું છે. આ બધાય સિદ્ધાંતો તેને અંતર્મુખ કરવા માટે કહ્યા છે.

અંતર્મુખ થવા માટે એકાંત જેવું જ અન્ય સાધન છે બાહ્યસંપર્ક ત્યાગ. બહારનો સંપર્ક રહે ત્યાં સુધી તે બહારની ઉપર આધાર રાખે છે. ફક્ત ખાનપાન સિવાય બાહ્ય કોઈ સંપર્ક ન રહે એટલે સહેજે સ્વ-અવલંબી બનવા લાગે છે. વાત, વિચાર અને આપલેની જરૂર માટે સંપર્ક હોય છે, તે જતો રહેતાં એ બધું પતાવવા તે અંતર્મુખ થાય છે. અંતર જાગી જાય તો તે અંદર વાત કરી શકે છે, અંદર આત્માનો કે ચેતનનો સંપર્ક સાધે છે અને એ રીતે એની અંતર્મુખતા એનું સ્વાવલંબન સાર્થક કરે છે.

અંતર્મુખતાને માટે જ 'મૌનઓરડા'માં અંધારું રાખવામાં આવે છે. ઓરડામાં બધું વ્યવસ્થિત ગોઠવેલું હોય છે, અને જરૂર પડે ત્યારે પ્રકાશ કરવાની છૂટ હોય છે એટલે એને અથડાઈ પડવાની દહેશત તો છે જ નહિ. અંધારાથી માણસ 'પોતાને' જોતો થાય છે. બહારનો સંપર્ક છોડવો હોય તો અંધારું કામનું છે. નજર બહાર એટલે મન બહાર (**Out of sight is out of mind**) એવી

અંગ્રેજી કહેવત છે તે બહુ અર્થભરી છે. સામાન્ય અનુભવ એવો છે કે માણસ રાતને વખતે વધુ અંતર્મુખ થાય છે. એ અંધારાનો પ્રતાપ છે. રાત્રિનું અંધારું સાધકને માટે અંતરમાં ઊતરવાનો પ્રકાશ બને છે. રાત્રિનું અંધારું જેમ વધુ તેમ બહાર આકાશમંડળમાં વધુ તારા અને વધુ નિહારિકા અને આકાશગંગા વધુ સ્પષ્ટ દેખાય છે તેમ એ અંધારું મનોઆકાશના તારાગ્રહો અને દિવ્ય નિહારિકા બતાવવામાં મદદરૂપ છે. આમ બાહ્ય અંધારું અંદરનો પ્રકાશ બને છે; પ્રકાશ ન બને તોપણ અંદરના પ્રકાશને માટે માર્ગ ખુલ્લો તો કરે જ છે. અંધકારની આવી સુભગ અસરને કારણે સંતો અને યોગીઓ રાતને વખતે પ્રભુપ્રાર્થનામાં તલ્લીન થતાં હોય છે.

અંધકારની એક બીજી પણ અતિ શુભ અસર માનવ ચિત્તશરીર ઉપર પડે છે. માણસ કામ કરે છે દિવસે અને આરામ કરે છે રાત્રે. રાત્રિનો અંધકાર બાહ્ય પ્રયત્નને શિથિલ કરનાર છે, તેમાંથી મનને પાછું વાળનાર છે. અંતર્મુખતાને માટે આવી બાહ્ય પ્રયત્નની શિથિલતા ખૂબ જરૂરી છે. 'જપના રહસ્ય'માં પણ આપણે જોયું કે બાહ્ય પ્રયત્નની શિથિલતા (સાહજિક-શક્તિ છતાં) આધ્યાત્મિક પ્રયાસ માટે ખૂબ ઉપયોગી છે કારણ તેના વડે અંતર્મુખતા વધે છે.

આ વધતી અંતર્મુખતા જપના કાર્યને મદદરૂપ થાય છે. જપનું કામ માણસને અંતર્મુખ કરી સ્વયંચેતનાનો અને ચૈતન્યનો અનુભવ કરાવવાનો છે. એટલે આ બધાં બાહ્ય સાધનો જ ગણાય અને તેનો ઉપયોગ કેવળ અંતર્મુખતા કેળવવાનો જ છે, એથી વિશેષ નથી તે સમજી લેવું રહ્યું. જપને માટેનું યોગ્ય વાતાવરણ પેદા થાય છે એટલું જ. તેનાથી જપના કાર્યની અનુકૂળતા વધે છે એટલો જ તેનો ઉપયોગ છે. ખરું કામ તો સતત જપનું છે. એટલે આ પદ્ધતિના

બધા સિદ્ધાંતોમાં મુખ્ય તો સતત જપ છે. સતત જપ એટલા માટે કે માણસનું મન સતત સંકલ્પવિકલ્પ કરતું હોય છે. એ સંકલ્પ-વિકલ્પને સ્થાને જો ચેતનાને કે ચૈતન્યને વિરાજમાન કરવું હોય તો સતત જપ કરવો જ જોઈએ. મન ખાલીપણાને સહી શકતું જ નથી. ખાલીપણાને તે તિરસ્કારે છે. તેથી મનને જપ અને નામસ્મરણથી ભરી દેવું રહ્યું. એટલા માટે સતત જપ કરવો જરૂરી ગણ્યો છે. સતત જપ આ પદ્ધતિનો મુખ્ય સિદ્ધાંત છે અને બીજા બધા તેના સહાયક માત્ર છે.

સતત જપથી કેટલીકવાર શરૂઆતમાં મોં દુખતું લાગે, થાક લાગે, કદાચ કંટાળો આવે પણ એક નિષ્ઠાથી અને જપની સાચી અર્થભાવનાથી તે ચાલુ રાખવામાં આવે તો તે બધીય અડચણો આપોઆપ દૂર થઈ જાય છે. માણસની અંદર કેટલીક અગોચર શક્તિ પડી છે અને અણીની વખતે તે કેટલી કામ દે છે તેનો પ્રત્યક્ષ અનુભવ અહીં થાય છે. થાકેલો માણસ સાજો થઈ જાય છે. કંટાળો ઉત્સાહમાં ફેરવાય છે. દુખાવો આપોઆપ અદૃશ્ય થઈ જાય છે, અને જપનું રટણ સતત ચાલુ રાખી શકાય છે. આવું ન થાય તે માટે પહેલેથી કાળજી રાખી શકાય. ઉત્સાહ પ્રમાણે કે સ્વભાવ પ્રમાણે મધ્યમ કે તીવ્ર સ્વરે જપ કરી શકાય. ઘણીવાર ઓરડામાં પોતે સાંભળે એટલો નાદ ઉપયોગી થઈ પડે છે. કોઈને ખૂબ મોટા નાદે જપતાં ફાયદો લાગે છે અને એ રીત ખાસ કરીને તીવ્ર વેગોને વાળવા માટે ઉપયોગી થાય છે. જ્યારે તીવ્ર ઇચ્છા કે વેગ ઉદ્‌ભવે અને તેને નિવારવી હોય તો પ્રાણ અને મનમાં તીવ્ર સંવદેનો જગાવવા માટે આવો જપનાદ ખૂબ કામનો છે. શાંતિપ્રિય અને સ્વસ્થ માણસને પોતાનો કાન સાંભળે એટલો અવાજ પણ પૂરતો થઈ પડે છે. કેવડો અવાજ રાખવો તે તો માણસની પ્રકૃતિ અને પ્રયત્ન ઉપર આધાર

રાખે છે. શ્વાસોશ્વાસે જપ કરવાનો પ્રયત્ન પણ કરી શકાય પરંતુ તે સતત ચાલવો જોઈએ. અગત્યની બાબત છે જપનું નૈરંતર્ય જોઈએ અને એવી નિરંતરતા આત્મભાન અને ચેતનામાં સ્થિતિ કરવાને ખૂબ આવશ્યક છે. જેમ લોઢાનું લોહચુંબક બનાવવું હોય તો લોઢા ઉપર સતત લાંબો વખત સુધી લોહચુંબક ફેરવવું જોઈએ તેમ માણસના લોઢા જેવા રીઢા ચિત્તને ચેતનામય કરવું હોય તો જપરૂપી લોહચુંબકની ચેતના સતત તેના પર ફેરવવી જ રહી.

આટલું સમજતાં, કીર્તન અને સદ્‌વાંચનનો અવકાશ રાખ્યો છે તેનું મહત્ત્વ તરત ધ્યાનમાં આવી જાય એમ છે. માણસના મનને પ્રેરણા આપે એવાં પુસ્તકો અંતર્મુખ થવામાં તેને કામ દે છે તેથી એવાં પુસ્તકના થોડા વાંચનની છૂટ રાખવામાં આવી છે. તે જ રીતે તીવ્ર ઊર્મિ જાગે છે ત્યારે જપમાંથી સહજ કીર્તન પેદા થાય અને સાધક કરતાલ, મંજીરા વગેરેના તાલ સાથે નામકીર્તન કરવા માંડે એ ઇચ્છવાજોગ છે. મિતાહાર અને મિતનિદ્રા વિશે તો વધુ સ્પષ્ટતાની જરૂર હોય નહિ છતાં એટલું કહેવું જોઈએ કે પેટનું કામ મનથી ઊંધું છે. મનને ખાલી ન રાખવું જોઈએ જ્યારે પેટ કહે છે કે તેને ખાલી રાખવું સારું; નહિ તો શરીરની ઠીક ઠીક શક્તિ પોતે પચાવી પાડશે કારણ ભરેલા પેટના ખોરાકને પચાવવા શરીરની શક્તિ ત્યાં જ કામે લાગી જાય છે. મિતાહારથી એ ઉપર અંકુશ આવે છે અને એની સાથે નિદ્રા ઉપર પણ કાબૂ આવે છે.

આ પદ્ધતિના આ સિદ્ધાંતો આમ ખૂબ વિચારપૂર્વક યોજાયા છે અને તેમાંથી ઘણા સાધકો પસાર થયા હોઈ તે અનેકના અનુભવમાંથી પસાર થઈને પાકા બન્યા છે. પહેલાં ગુફાના એકાંતમાં પણ શું બનતું? ગુફામાં એકાંત અને અંધારું આપોઆપ મળી રહેતું; જપ અને ધ્યાન સિવાય ત્યાં બીજો ધંધો હોય નહિ; ફળફૂલ ખાવાનાં

હતાં એટલે મિતાહાર સહજ હતો અને પથ્થર ઉપર સૂવાનું એટલે મિતનિદ્રા પણ સ્વાભાવિક હતી. આ દૃષ્ટિએ જોતાં પણ આ પદ્ધતિ પુરાણકાલીન પદ્ધતિના સિદ્ધાંતોને સમાવીને જ આજની આવશ્યકતાને અનુકૂળ વ્યવસ્થા ઊભી કરે છે. આ રીતે પણ અનુભવપૂત છે, સંસ્કારપૂત છે.

પ્રથમ અનુભવો

જેને એકાંતસેવનની બહાર પણ ટેવ છે તેને માટે તો આ પદ્ધતિ મુજબનું "મૌનઓરડા"નું એકાંતસેવન એક પ્રિય વસ્તુની પ્રાપ્તિ જેવું લાગે છે, કારણ તે આવું સતત એકાંતસેવન અને ચેતનાએકતા ઝંખતો જ હોય છે. પરંતુ આવા માણસો પ્રમાણમાં થોડા હોય છે. મોટા-ભાગના માણસો એવા છે જેમને સમાજમાં એકલા રહેવું અને ફરવું ગમે અને કેટલાક તે ચલાવી લે, પરંતુ બિલકુલ એકલા અને તે પણ અંધારામાં રહેવું ઘણાંને માટે ખૂબ નવું અને કંઈક અડવું અને કંઈક અસ્પષ્ટ ભયથી ભરેલું લાગે છે. બાહ્યસંપર્ક વગર કેમ રહી શકાશે એ વિચાર એમને મૂંઝવે છે. અંધારું કેમ સહી શકાશે એ વિચાર તો એમને વિમાસણમાં મૂકી દે એવો હોય છે. છેલ્લે એકનો એક મંત્ર ચોવીસે કલાક લગભગ બોલ્યા કરવા જેવું કંટાળા ભરેલું કામ કેમ કરવું એમ પણ તેમને થાય છે. ધ્રુવાદિએ સતત જપથી સિદ્ધિ મેળવી. એવા નાના બાળકના દાખલા જાણવા-સમજવા છતાં તેને એનો વિચાર સતાવે છે. આ બધા ભય અને સંકોચ જ્યાંસુધી માણસ અંદર ઝંપલાવતો નથી ત્યાં સુધી જ રહે છે. 'માંહી પડ્યા તે મહાસુખ પામે, દેખનારા દાઝે જોને' એવી પ્રીતમ ભગતની એ વાણી અહીં પૂરેપૂરી સાર્થક થાય છે. જપમાં ઝંપલાવતાં જ એની મઝાનો અનુભવ થાય છે. બહાર સમાજમાં રહો થોડા જપ કર્યા કે 'રામનામની બૅંક'માં હજારો જપ જમા કરાવ્યાથી જપનો ખરો

અનુભવ મળતો નથી. જપનો ખરો અનુભવ તો આ પદ્ધતિ પ્રમાણે એકવાર પણ ઝંપલાવી જોવાથી થાય છે. આવો સંકોચ રાખનાર ઘણાનો એ અનુભવ છે કે અંદર ગયા પછી અને જપની શરૂઆત કરતાં ભય સંકોચ બધા વિદાય લેવા માંડે છે. એવા ભય સંકોચને દૂર કરવાનો એક બીજો પણ ઉપાય છે. નાટક કે સિનેમા વગેરેમાં શું હોય છે? ત્યાં અંધારું અને બંધ મોટું ઘોલકું (અંધારિયું ઘર) નહિ તો બીજું શું હોય છે? ત્યાં પણ અન્ય સાથે વાત કરવાની હોતી નથી - ચાલુ નાટકે કે સિનેમાએ બધાં મૂકવાણીથી ફક્ત જોયાં જ કરે છે અને પોતાને કેવા ભૂલી જાય છે! ત્યાં અન્ય માણસો છે એટલું ભાન રહે છે ખરું. પરંતુ એના કરતાં ક્યાંય અનેરો અનુભવ 'મૌનઓરડા'માં થઈ શકે. ત્યાં તો માણસે પોતાને જ જોવાનો છે. ત્યાં ચેતનાની સદૈવ હાજરી છે જ. આવો વિચાર કરતાં એના ભય સંકોચ સહેજે દૂર થાય છે અને આનંદથી ચેતનામાં ડૂબકી મારવા તે 'મૌનઓરડા'માં દાખલ થઈ જાય છે. નાટક કે સિનેમામાં જવા કરતાં અહીં તો આ 'મૌનઓરડા'માં જવાની તાલાવેલી વધુ હોવી જોઈએ કારણ અહીં તો ખરો 'નાટક' કે 'ખેલ' કે 'આત્મરમત' જોવાની મળે છે. માણસ પોતાનું જીવન નાટકની માફક નીરખે એ પણ એક વિરલ મઝા છે. એમાં ભય, સંકોચ, ગભરામણ પણ કેવાં થાય તે હવેના પ્રકરણમાં વિગતે જોવાનું રહેશે.

એકાંતની આવશ્યકતા

આંતરિક જીવન માટે એકાંતની આવશ્યકતા સિદ્ધ કરવાની રહેતી નથી. એ તો અંદરના જીવનની માંગ હોય છે અને એથી માણસને ઘણીવાર મનમાં થઈ આવે છે કે ક્યાંક દૂર થોડા સમય ચાલ્યા જવું! આ દૂર જવાનું મન ખરેખર તો અંદર આત્મનિરીક્ષણ કરવાની જ ઇચ્છાનું એક રૂપ છે પણ એવી એકાંત જીવનની સગવડ બધાંને એકદમ મળતી નથી.

માણસ જેમ સામાજિક પ્રાણી છે તેમ આંતરિક નિરીક્ષણ કરનારું પ્રાણી છે. એને અંતરમાં ઊતરવું ગમે છે. સારી સ્થિતિવાળા અને પશ્ચિમમાં તો મધ્યમ વર્ગના માણસને પણ એક નાનો ઓરડો અલગ મળે એવી કૌટુંબિક વ્યવસ્થા હોય છે. આખો દિવસ કામકાજ અંગે બધા સાથે તે મળે પણ દિવસનો અમુક ભાગ પોતે 'પોતાની સાથે' ગાળે એવી ત્યાં સામાન્ય ટેવ છે અને તેથી ત્યાં પોતાના અલગ ઓરડાની સગવડ માગવી સામાન્ય ગણાય. આ પ્રથા સારી છે. ત્યાં એ પ્રથાનો સદુપયોગ થાય છે અને આધ્યાત્મિક વૃત્તિને લીધે થાય છે એવું પણ નથી પણ પોતાની સાથે એકલા રહેવાની વૃત્તિ આ પ્રથામાં સંતોષાય છે.

પોતે એકલા રહેવાના વલણને લીધે જ કેટલાંક ગામડાંના પ્રદેશમાં હવાફેર માટે જતા હોય છે. કવિઓ તો ખાસ અરણ્ય, પર્વત, ડુંગર કે નદી અને સમુદ્રના કિનારે એકલા વસવા, ફરવા થોડો સમય પણ ચાલ્યા જાય છે. એમને એકાંત અને કુદરત ખૂબ પ્રેરણા આપનાર થઈ પડે છે. આ કારણે જ મહાત્માઓ એકાંતસેવન કરતા અને સાધકોને એકાંતસેવન માટે પ્રેરતા. શ્રી.કેદારનાથજીની પ્રેરણાથી શ્રી.કિશોરલાલ મશરૂવાળાએ અમુક સમય માટે ધ્યાન ચિંતનાર્થે એકાંતસેવન કર્યું હતું.

આ બધીય દાખલાદલીલ કરતાં સૌથી મોટી સાબિતી તો ઘણાખરા માણસને એકાંતસેવનની વધતીઓછી ભૂખ હોય છે તે તેમાં મળી રહે છે. પરંતુ એકાંતમાં ભયસ્થાનો પણ છે જ. જ્યાં સુધી માણસમાં જાગૃતિ, સાત્ત્વિકતા, કલા અને સૌંદર્યનું ભાન અને ઉન્નત વિચાર કે ચિંતનશીલ સ્વભાવ પેદા ન થયાં હોય ત્યાં સુધી એકાંત એકદમ પચાવી શકાતું નથી. આમાંનો એક ગુણ પણ હોય તો તે એકાંતના ફાયદા ઉઠાવી શકે છે. એ ન હોય તો તેનામાં

વિકૃતિઓ જન્મવાનો સંભવ રહે, મૂંઝવણ થાય, તામસ જન્મે અને એકાંતના ફાયદાને બદલે તે ગેરલાભ વહોરી લે.

જપમાં એકાંત એટલા માટે આવશ્યક મનાયું છે કે જપ જાહેરમાં બોલવાથી તેની કિંમત ઘટે છે તેના અવળા અર્થ લેવાય છે. જપ કરનાર વિશે ખરાખોટા ખ્યાલો પણ બંધાય છે. વળી તે પોતાની અંગત બાબત છે. સમાજમાં તેને સ્થાન છે જ અને તે કેવું હોય તે આગળ જોવાનું રહેશે. પણ જપ ગમે ત્યાં મોટેથી બોલવાથી ગેરસમજ વધુ થવા સંભવ રહે છે. એનાથી એકાગ્રતા પણ આવી શકતી નથી કારણ અન્યોનું પોતાના તરફ ધ્યાન ખેંચાય છે અને એ રીતે પોતાના તરફ થતી ટીકા આદિને લીધે પોતે બેધ્યાન બનવા સંભવ છે. જે આત્મમસ્ત બન્યો છે અને જેના જીવનમાં જપ વણાઈ ગયો છે એની વાત જુદી છે. એવા માણસ બહુ વિરલ હોય છે.

આ દૃષ્ટિથી જપને એકાંતમાં બોલવાનો કહ્યો છે.

जप्यानि च सुगुप्तानि तेषां फलमनन्तकम् ।

જે જપ એકાંતમાં થાય તેના લાભ અનંત છે. (કુર્મ પુરાણ - **Gospel of Divine Life P. 157**) પણ એકાંતમાં તો જપ મોટેથી પણ બોલવાનો છે તે આપણે આગળ જોઈ ગયા. 'મૌનઓરડો' જ તેને જપ બોલવા માટે પ્રેરણા આપે એવો હોય છે. તેને માટે જ તેની ખાસ રચના હોય છે.

'મૌનઓરડા'ની વ્યવસ્થા

જપના ઓરડાને 'મૌનનો ઓરડો' નામ આપવામાં એ ધર્માત્માએ ઘણો વિચાર દાખવ્યો છે. જપમાં બોલવાનું થાય છે પણ તે વ્યવહારના બોલવાથી જુદું છે. જગત તરફની તેની નજર જ બંધ થાય છે. જપ એટલે જ જગતને ભૂલવું અને ઈશ્વરને સતત યાદ કરવો. આ રીતે વિચારતાં જપ જગતનું મૌન બને છે અને એ

મૌન જપનાદ કરતાં સારી રીતે સધાય છે એટલે આ જપ ઓરડાને 'મૌનનો ઓરડો' કહેવામાં આવે છે. આ ઓરડામાં કેવી વ્યવસ્થા વિચારી છે તે હવે જોઈ લઈએ. એમાં દરેક વસ્તુની પાછળ ઊંડો વિચાર અને કારણ રહેલાં છે. એ દરકેની સમજ આપતાં એનું વિગતવાર વર્ણન જોઈએ.

ઓરડામાં બધી જ સગવડો હોય જેથી સાધકને બહાર જવાની જરૂર જ ના પડે. માણસ અંદર જાય છે અંદરનો પ્રકાશ પામવાને. તેથી બહારનો પ્રકાશ બંધ થાય એ રીતની ઓરડાની ખાસ બનાવટ હોય છે. એક જ બારણું હોય પણ તે બંધ કરવામાં આવે છે. બારી રાખવામાં આવતી નથી. એક બાજુ થોડાં કાણાં રાખવામાં આવે પરંતુ તે પણ બંધ રાખવાનાં હોય છે. આમ પ્રકાશ ઉપર પ્રતિબંધ મૂકી હવે હવાની વ્યવસ્થા કેમ થાય છે તે જોઈએ. ઉપર નળિયાંમાંથી હવા પૂરતી મળી રહે છે. ઉપર પતરાં કે ધાબું હોય તો દીવાલમાં પ્રકાશ ન આવે તે માટે થોડાં કાણાં રાખવામાં આવે છે. હવા અને પ્રકાશ પછી માણસને પાણી જોઈએ. તેની વ્યવસ્થા અંદર નળ આપીને કરવામાં આવે છે. ભોજન માટે દીવાલમાં બેવડી બારીની વ્યવસ્થા કરવામાં આવે છે. દીવાલને બે નાકે બે બારી અને વચ્ચે ખુલ્લી સાફ જગા જેમાં થાળી અને લોટો સારી રીતે સમાઈ શકે. બહારની બારી ખોલી ભોજનવાળી ઢાંકેલી થાળી બે બારી વચ્ચે મૂકવાની અને બારી બંધ કરવાની. આ કામ નિશ્ચિત સમયે જ હોય તેથી અંદરનો સાધક સમય થાય એટલે અંદરની બારી ખોલી ભોજન અંદર લઈ લે છે. એકબીજાને કંઈ ખબર સૂચના આપવી જ પડે એવું હોય તે બાબત ટૂંકમાં ચિઠ્ઠી લખીને આ બારી દ્વારા આપી શકાય છે. ભોજન સાથે સ્નાનાદિ જોડાયેલાં છે. તેને માટે અંદર બાથરૂમ કરવામાં આવે અને તેની જ સાથે સેપ્ટિક ટૅન્કવાળા જાજરૂની વ્યવસ્થા રાખવામાં આવે છે. સૂવા માટે લાકડાનો પાટ કે

ચણેલો સારો ચોતરો હોય છે. જરૂર પ્રમાણે ઉપર સ્વચ્છ પાથરણાં પાથરવાનાં હોય છે.

વાંચવા લખવા માટે વીજળી કે ફાનસના દીવાની વ્યવસ્થા પણ રાખી શકાય છે. તેને માટે સ્ટૂલ કે ઢાળિયું પણ હોય. જપ માટેના આસન માટે એક બેઠક રાખવી જરૂરી છે. એ બહુ પોચી કે બહુ કઠણ ન હોય. તકિયો રાખી શકાય પણ જરૂર પડે ત્યારે જ અઢેલવા હોય. એક સ્ટૂલ ઉપર ઈષ્ટ દેવનો ફોટો કે મંત્રનું લખાણ કે પોતાના ગુરુનો ફોટો મૂકવાની વ્યવસ્થા રાખવામાં આવે છે. અગરબત્તી કે ધૂપ પણ પ્રાર્થના વખતે કરી શકાય તે માટે તે પણ અંદર આપવામાં આવેલાં હોય છે. વાંચન અને લખાણ અંગેનાં જરૂરી પુસ્તક અને સાધન પહેલેથી રાખી લેવાનાં હોય. કીર્તન માટે કરતાલ અને મંજીરા પણ હોય. ભોજન માટે પાટલો અને સામે મૂકવાનું સ્ટૂલ પણ હોય. કપડાં તો ખાસ જરૂરી નથી હોતાં છતાં થોડાં રાખવાં પડે તો તેને સૂકવવાની દોરી હોય. કપડાં ધોવા માટે તો બહાર જ આપવાનાં હોય અને તે પેલી ડબલ બારી દ્વારા. કપડાંની જરૂર ફક્ત શિયાળામાં જ પડે બાકી તો લંગોટી જ ઉત્તમ વસ્ત્ર તરીકે ઉપયોગી થઈ પડે છે. ઘડિયાળ હોવું આવશ્યક છે કારણ અંદરની નિયમિતતા બરાબર જાળવી શકાય. તે જ રીતે એક કેલેન્ડર હોય જેથી રોજ તારીખ ફાડતા જઈ દિવસ કેમ અને કેટલા પસાર થાય છે તેનો ખ્યાલ રહે.

આ બધી સગવડોનો હેતુ અંદરના જીવનનું સ્વાવલંબન અને એકાંતસેવન કેમ સચવાય તે છે. આવી સગવડવાળા રૂમ બધે હોય નહિ. જે ધર્માત્માએ આ પદ્ધતિ ઊભી કરી છે તેમણે અનેક સાધકોને મૌનમાં બેસાડતાં બેસાડતાં જેમ જેમ સૂઝતું ગયું તેમ તેમ આ વ્યવસ્થા ઊભી કરી છે. જ્યાં નવેસરથી આવી રૂમ ઊભી થાય છે

ત્યાં પહેલેથી જ આ બધી વ્યવસ્થા કરી લેવામાં આવે છે. જ્યાં રૂમ એ જાતની ન હોય ત્યાં આ સગવડો એક યા બીજી રીતે ઊભી કરી લેવાની હોય છે. મૂળ હેતુ સાચવીને તે કરતાં કશી ખામી આવતી નથી. એટલે જ્યાં અંદર બાથરૂમ કે જાજરૂની વ્યવસ્થા ન હોય ત્યાં ચોકડી રાખી શકાય અને એક બારણું ખોલી શકાય એવું રાખી, બારણાની આ બાજુ તેની વ્યવસ્થા કરી શકાય અને પાણી વગેરે પહોંચાડી શકાય. ત્યાં જ શૌચાદિ માટે ટબની વ્યવસ્થા કરવાની હોય. બારણાની બીજી બાજુ પડદા નાખ્યા હોય જેથી સાધકને અડચણ ન પડે. એ જ રીતે ભોજન પણ એ બારણાની પાસે સ્ટૂલ ઉપર મૂકી જવાનું રાખી શકાય. બારણું ઓછામાં ઓછું ખૂલે એ રીતે બધી ગોઠવણી કરી લેવી જોઈએ. આવી વ્યવસ્થા જેને સગવડ હોય તે પોતાના ઘરમાં પણ કરી શકે. મુખ્ય બાબત છે એકાંત, અંધારું, સ્વાવલંબન, બહારના સંપર્કનો ત્યાગ. એટલે કોઈને જોવા કરવાની તો વાત જ ન હોય. પછી બોલીને કંઈ કહેવાનું તો હોય જ ક્યાંથી? કંઈક સૂચન કરવું હોય તો ટૂંકામાં ટૂંકી ચિઠ્ઠી વડે કરવાની હોય. એમાં કોઈને સંબોધીને લખવાનું ન હોય. પણ હરિઃૐ લખીને સૂચવવાનું હોય. આમાં પણ અર્થ છે, કોઈ વ્યક્તિને સંબોધતાં એના ઉપર મન કેંદ્રિત થાય છે અને એના વિચારો આવે છે તેથી જ આ રીત ઉપયોગમાં લેવાય છે.

આવી જાતની વ્યવસ્થા સામાન્ય રીતે મોટાભાગના માણસો કરી શકતા નથી, પરંતુ સરખેસરખા મિત્રો મળીને ક્લબ કે મંડળ ચલાવે છે તેમ સાધકમંડળ સ્થાપીને એક આવી મૌનરૂમની સગવડ સહેજે ઊભી થઈ શકે. એ સાધકમંડળ સત્સંગ મંડળ બને અને તેની એક વ્યવસ્થા આ પણ હોય. યોગ્ય જાણકારની મદદ લઈને આ દિશામાં ઘણું થઈ શકે. લોકોમાં વૃત્તિ હોય તો તેના માર્ગ બધેય ખુલ્લા જ હોય છે.

મૌનરૂમની શિસ્ત

જ્યાં પદ્ધતિ ત્યાં શિસ્ત તો હોય જ. પણ અહીં લશ્કરી શિસ્ત નથી પણ આધ્યાત્મિક શિસ્ત જોઈએ છે. મૌનરૂમમાં બેસતાં પહેલાં થોડી પૂર્વ તૈયારી કરી લેવી જોઈએ. પહેલી તો આખાય શરીરની પૂર્ણ સફાઈ કરી લેવી જોઈએ. પેટ સફાઈ કરી લેવી જોઈએ. પેટ સફાઈ એમાં મુખ્ય છે, કારણ પેટના ઉપર આખાય આરોગ્યનો આધાર છે. વાળ નાના કરાવી શરીરનાં અંગોપાંગો અને ગુપ્ત અંગની આસપાસ દરાજ આદિ હોય તે દૂર કરી લેવા જોઈએ જેથી ચળ ન આવે અને એકાગ્રતામાં ખલેલ ન પડે. મનને મોકળું અને ખુલ્લું કરી દેવું જોઈએ જેથી ચિંતામુક્ત બનીને માણસ મૌન અને જપની અસરોનો લાભ લઈ શકે. સૌથી વિશેષ તો બાહ્ય જગતને ભૂલવાની તૈયારી કરવાની છે તેથી ૨૧ કે તેથી વધુ દિવસ પોતાના વગર ચાલે એવી કામકાજ અને ઘરની વ્યવસ્થા વિચારી કરી દેવી જોઈએ. જીવનમાં જેને રસ સુકાતો લાગતો હોય તેણે જીવનને રસાળ કરવાની આશાથી મનને ભરીને અંદર જવું જોઈએ. જીવનના રસોને વ્યવસ્થિત કરવાનું આ ઉત્તમ સાધન છે એટલે પોતાનાં રુચિ વગેરે પણ તપાસી તેને કેવાં કરવા છે તેનો ખ્યાલ અને કલ્પના કરી લેવાં જોઈએ. કંઈક કરવું - થવું છે તેનો નિશ્ચય લઈને જપમાં બેસવાથી ઘણો ફાયદો થાય છે.

આટલી પૂર્વ તૈયારી કર્યા પછી મૌનરૂમમાં જઈને સાધનાની કેટલીક શિસ્ત પાળવી જોઈએ. આ બધી તૈયારી એટલા માટે હોય છે કે જપ સર્વાંગી સાધન છે અને જીવનમાં પ્રત્યેક અંગ ઉપર તે અસર કરનાર છે. તેથી જ તેને સર્વોપયોગી સાધના કહી છે. સવારે ૪-૦ વાગ્યાની આસપાસ ઊઠી રાતે ૯-૦ કે ૧૦-૦ વાગ્યે સૂવા સુધીની દિનચર્યા બરાબર ગોઠવી લેવી જોઈએ અને બધાંય કામ

નિશ્ચિત સમયે થવાં જોઈએ. સ્નાન, ભોજન, કીર્તન, આસનાદિ કસરત, ચંક્રમણ વગેરેના બધા સમય ચોક્કસ કરી દેવા જોઈએ જેથી એ યંત્રવત્ આપોઆપ થયા કરે અને એ બધાં કામ દરમિયાન જપ ચાલ્યા જ કરે. જેમાં ખાસ ધ્યાન આપવું પડે એવાં કામ છોડવાં જોઈએ જેવાં કે હજામત. એના વગર ચાલી શકે.

જેમ નિશ્ચિત સમય જરૂરી છે તેમ જપ માટેનું નિશ્ચિત સ્થાન પણ જોઈએ. એક જ જગાએ અડોલ આસન લગાવી જપ કરવો જોઈએ. ચંક્રમણ એટલે આંટા મારવા હોય તો ઓરડામાં અમુક ચોક્કસ જગામાં જ તે થાય. મંત્રોચ્ચાર સ્પષ્ટ અને શાંતિપૂર્વક એક સરખા નામથી થાય. મંત્રની પસંદગી પોતાની રુચિ પ્રમાણે હોય પણ તે અગાઉ બતાવ્યું છે તેવો ને મૃદુ સ્વરવાળો હોય, ટૂંકો હોય, અર્થવાળો હોય અને બોલવો સુગમ પડે તેવો હોય. મંત્ર એક જ રાખવો જોઈએ અને તે વારંવાર બદલવો ન જોઈએ. જપની વિવિધતામાં ખરો રસ્તો તો અર્થભાવનાને દૃઢ અને નિત્ય નવીન કરવાનો જ છે છતાં બાહ્યાધાર જોઈએ તો કીર્તન, સદ્વાંચન કે સદ્લેખન કરી શકાય. નારદ ભક્તિસૂત્રમાં આને ટેકો મળે એવું સૂત્ર છે : **लोकेऽपि भगवद्गुणश्रवणकीर्तनम्** (ના. ભ. સૂ. ૩-૩૭) જરૂર પડે તો માળાનો ઉપયોગ થઈ શકે. જપ કરતી વખતે મોઢું ઉત્તર કે પૂર્વમાં રાખવાનો બધે સામાન્ય રિવાજ છે. અંતર્મુખ અને મન તો ખાસ ચૈતન્ય તરફ વાળવાનું છે; અને એ ચારે તરફ છે જ. અંદર તો તેની પ્રતીતિ થઈ શકે, જો નિશ્ચય હોય તો.

આ સરળ અને સહજ શિસ્તનો હેતુ સમજાય એવો છે. તમસ અને રજસ છોડી મન સાત્ત્વિક બને, ઇન્દ્રિયોનો પ્રત્યાહાર એટલે તેના વિષયો છોડે, ચિત્તની જાગૃતિ વધે, મન એકાગ્ર બની હૃદયના ભાવો ઉન્નત થાય અને એ રીતે ચિત્તને ચૈતન્યમાં લગાડવાને લાયક બનાવવાનો મુખ્ય હેતુ છે.

જપ અને રૂપધારણા

આ પદ્ધતિમાં પોતાના ઈષ્ટ દેવ કે ગુરુનો ફોટો રાખી તેના રૂપ કે આકૃતિ ઉપર ધારણા કરવાની છૂટ છે. આ રૂપધારણા કહેવાય. માણસ પોતે જ ચેતનાનું વ્યક્ત સ્વરૂપ છે તેથી તેને વ્યક્ત સ્વરૂપ ઉપર ધારણા કરવી સહેલી પડે છે. મૂર્તિપૂજાનું રહસ્ય જ એ છે કે માણસ ભગવાનની સુંદર શિવમૂર્તિ ઉપર ધ્યાન કરી શકે અને સહેલાઈથી તે ધારણા કરી શકે.

અહીં થોડી સ્પષ્ટતાની જરૂર ખરી. જપનો મુખ્ય હેતુ તો ચેતના ચૈતન્યના અર્થની ભાવના કરવી અને ચિત્તને એટલું શુદ્ધ કરવું કે જેથી ચિત્ત ચૈતન્ય સાથે તન્મયતા સાધી શકે. આ જ કામ રૂપધારણાથી કરવાનું છે. રામનો ફોટો હોય કે ગુરુનો ફોટો હોય પરંતુ કરવાની તો અર્થભાવના છે. રામનો ફોટો રામના ચારિત્ર્યના અર્થનું એટલે કે તેના ગુણોનું ચિંતન કરવા સરળતા થાય તેટલા માટે છે, કેવળ ફોટામાં જ મન લાગી રહે તો ચિત્તની શુદ્ધિને અવકાશ રહેતો નથી. પણ માણસને માટે આમ બનવું જ શક્ય નથી. તેનું મન હંમેશાં અર્થ શોધતું જ હોય છે અને તેથી રામના કે કૃષ્ણના કે અન્ય ઈષ્ટ દેવના ફોટામાં અંકિત થયેલા સરસ ભાવનાદિનું ચિંતન કરવા માંડે છે. પણ આટલું પૂરતું નથી. એ ઈષ્ટ દેવનો સાધકને પરિચય હોય કે એના ગુણોનું ચિંતન પણ તે કરતો થઈ જાય. આ રીતે ફોટો આ ચારિત્ર ચિંતનને માટે નિમિત્ત માત્ર બને. તે સતત યાદ કરાવનાર બને એટલું જ. પોતાના ભાવોથી એ ફોટાને તે જીવંત બનાવી શકે છે પણ અહીં ભાવ અર્થ ચિંતન જ કરાવનાર નીવડે છે, એનું આરોપણ ફોટા ઉપર થાય છે એટલું જ.

રૂપધારણા ખરેખર તો ચિત્તધારણા માટે છે. ઈષ્ટ દેવના કે ગુરુના ફોટા તેમના શુદ્ધ ચિત્તના યાદગાર બને છે અને એ ચિત્તનો

સાધકને પરિચય કે ખ્યાલ હોવાથી તેનું તે ચિંતન કરે છે અને પોતાના ચિત્તને તેવું બનાવવા ઇચ્છે છે, ભાવના કરે છે. આ દૃષ્ટિએ ઇષ્ટ દેવ કરતાંય ગુરુનો ફોટો વધુ ઉપયોગી બની શકે છે, કારણ સાધક પોતાના ગુરુના ચિત્તને તેમની સાથેના જીવનસંપર્કને લીધે સારી રીતે ઓળખતો હોય અને તેથી તે ઉપર તે સહેલાઈથી અને જલદીથી ધારણા કરી શકે છે. વળી, ગુરુ પણ સાધકના ઉપર પોતાનાં વિચાર આંદોલન ફેંકતા હોય છે તેથી પણ સાધકને વિશેષ લાભ મળે છે. આ તો પોતાને અનુકૂળ થાય તેમ કરવાની બાબત છે, પરંતુ સાધવાનો હેતુ તો વીતરાગ વિષય ચિત્ત છે. તેથી જ યોગશાસ્ત્રમાં ચિત્તનિરોધના ઉપાયમાં નીચેનો ઉપાય બતાવ્યો છે.

वीतरागविषयं वा चित्तम् । (પાતંજલ દર્શન પા. ૧. સૂ. ૩૭) જે ચિત્તમાંથી રાગાદિ વિનાશ પામ્યા હોય અને જે શુદ્ધ બન્યું હોય તેના ઉપર ધારણા કરવાથી પોતાના ચિત્તની શુદ્ધિ અને એકાગ્રતા થાય છે અને તેના વડે છેવટે ચૈતન્યની અનુભૂતિ થાય છે. હેતુ આ છે અને તે જે રીતે અનુકૂળ પડે તે રીતે જપ કરતાં કરતાં સાધવાનો છે. કેટલાકને આંખ બંધ કરી હૃદય કેંદ્ર ઉપર કે ત્રિકુટી ઉપર કે સહસ્રદળ ઉપર ધારણા કરવી સહેલી પડે છે. આ માર્ગ ઉત્તમ છે કારણ એને માટે કોઈપણ બાહ્યાધાર લેવો પડતો નથી. આ છે સ્વધારણા. રૂપધારણા કરનારને પણ છેવટે સ્વધારણા કે સ્વરૂપધારણા તો કરવી જ પડે છે, પરંતુ આ તો પોતાના સ્વભાવ કે પ્રકૃતિ મુજબ ઉપયોગમાં લેવાના માર્ગની બાબતો છે. એમાં એક નિશ્ચિત માર્ગદર્શન બહારથી કોઈએ આપવાનું ન હોય. પોતે બંને રીત અજમાવી જે સરળ લાગે તે ઉપયોગમાં લેવી જોઈએ.

પાઠશાળા અને પ્રયોગશાળા

આધ્યાત્મિક જીવનને માટે એક બક્ષિશ જેવી આ પદ્ધતિ અને મૌનરૂમ એક પાઠશાળા છે અને પ્રયોગશાળા પણ છે. પાઠશાળા

એટલા માટે કે બહાર સામાજિક જીવનમાં આધ્યાત્મિક જીવનને લાયક કાર્યક્રમો અને દિનચર્યા રહી શકતાં નથી. તેથી આ પાઠશાળામાં આવી સરસ દિનચર્યા પાકી કરી જઈ શકાય છે, સારી ટેવો પાડી શકાય છે અને એ રીતે પાડેલી સારી ટેવો સમજમાં આવવા છતાં ચાલુ રાખવાનું મન રહે છે. વરસોવરસ આ રીતની સાધનાથી આધ્યાત્મિક જીવનને લાયક બધી સુટેવો પાડી શકાય. અંદર બેસતાં બીડી આદિ વ્યસન તો છૂટી જ જાય છે અને તેના વગર ચલાવતાં શીખી જનાર સાધકના દાખલા પણ મળી આવે છે. તેમને ભિન્ન ભિન્ન આંતરિક અનુભવો પણ સહેજે થાય છે. એવા અનુભવોનો વૈજ્ઞાનિક આધાર પણ છે જ.

"Another inhibitor of visionary experience is ordinary, every day percetual experience. Experimental psychologists have found that if you confine a man to a 'restricted environment' where there is no light, no sound, nothing to smell and if you put him in a tepid bath with only one, almost imperceptible thing to touch, the victim will very soon start 'Seeing things', 'hearing things' and having strange bodily sensations.'
(Heaven and Hell by Aldous Huxley P. 12)

સામાન્ય માણસ ઉપર કરેલા પ્રયોગ પણ આવાં પરિણામ લાવી શકે છે તો પછી સ્વેચ્છાથી એકાંતમાં જનાર સાધકને કેટલો બધો લાભ થાય તેની તો સીધી ત્રિરાશી જ માંડવાની રહે છે.

એ પ્રયોગશાળા એટલા માટે છે કે એમાં પોતે પોતાના ઉપર પ્રયોગ કરવાના છે અને તેનું સાધન છે જપ. આ પ્રયોગ તો જન્મોજન્મના છે કારણ એક જન્મમાં મુક્તિ મેળવનાર વિરલ હોય છે. જેની એવી તૈયારી હોય તેને તે સાધ્ય બને છે. બાકી મુક્તિ પર્યંત આવી સાધનાનો પ્રયોગ કરી, એમાંથી પોતાના માટે નવાં નવાં સત્યો

શોધી સંશોધન કરીને આગળ વધવાનું છે. પ્રયોગશાળામાં પણ શું થાય છે? ત્યાં બહારના પદાર્થો ઉપર પ્રયોગ થાય છે. અહીં પોતે પોતાના ચિત્તાદિ ઉપર પ્રયોગ કરે છે. પોતાને ઓળખાય એવાં સત્યોનું સંશોધન કરે છે અને એમ કરતાં કરતાં ચિત્તનું શોધન કરતાં કરતાં ચૈતન્ય તરફ ગતિ થાય છે. શોધનની દૃષ્ટિએ વિચાર કરતાં કરતાં આ ખરેખરી પ્રયોગશાળા છે. પૂરી સમજથી કે અધૂરી સમજણથી કે કેવળ શ્રદ્ધાથી પણ આ પ્રયોગશાળામાં કામ ચાલે છે, કારણ બધી જાતની સમજણ ઊભી કરનાર જપ જેવો દોરનારો અંદર સદૈવ સાથે છે જ.

આ પદ્ધતિથી અને તેના અનુભવથી ઘણાને ફાયદા થયા છે. ઘણાએ એનો લાભ લીધા પછી અને સર્વ રીતે તે લાભકારક દેખાવાથી એનો નિર્દેશ કરવો અહીં ઉચિત ધાર્યો છે. એ ધર્માત્માએ પણ એની સફળતા જોઈને જ એનો ઉલ્લેખ કરવાની મંજૂરી આપી છે. એમની પાસે મૌનમાં બેસવાની માગ વધતી જ જાય છે અને તેથી હવે તે યોગ્ય સાનુકૂળ જગાઓએ મૌનરૂમ ધીમે ધીમે સાહજિક રીતે વધારવી પડે છે. વિજ્ઞાનની પ્રયોગશાળાઓ તો સરકાર કે શેઠિયાઓ જ્યાં ત્યાં સ્થાપે છે અને સ્થપાશે પણ અધ્યાત્મ વિજ્ઞાનની પ્રયોગશાળાઓ જે સાદી, સરળ અને સસ્તી છે તે તો જેને ભૂખ હશે તેવો આમસમાજ જ સ્થાપશે - સ્થાપે છે.

આ પદ્ધતિથી કેટલાકને જે અવનવા અનુભવો થયા છે તે કેવા પ્રકારના અને કેવા કેવા હોય છે તે અંગે હવે વિચારવા-સમજવાનું રહે છે. એ અનુભવોમાંથી આધ્યાત્મિક લાભ કેમ ઉઠાવવો તે મુખ્ય હેતુ વિચારવાનો રહે છે.

❑

પ્રકરણ : ૭

જપના અનુભવો

જપઓરડામાં દાખલ થતી વખતના અનુભવો જુદી જુદી જાતના હોય છે. રાતના અંધારામાં એકલા જતાં જેવી ભયમિશ્રિત લાગણી પેદા થાય તેવી લાગણી તેમાં કેટલાકને થાય છે. ઠીક ઠીક ઊંચાઈએથી ઊંડા પાણીમાં ભૂસકો મારતાં મનની જે આનાકાની થાય છે તેવી લાગણી પણ કેટલાકને થાય છે. જાણીએ છીએ કે પાણીમાં પડતાં કશું જ થતું નથી છતાં એક જાતનો ગભરાટ થાય છે તેવો આ આધ્યાત્મિકતાના જળમાં પડતાં પણ થાય એ સ્વાભાવિક છે. કોઈ નવી જ જગાએ એકલા જતાં કુતૂહલ કે સંકોચ થાય એવો સંકોચ કેટલાકને થાય છે. નવી મૈત્રી બાંધતાં કેટલાક સાવચેત રહેતા હોય અને પોતાને સંભાળતા રહે તેવી સાવચેતી અને સંભાળની લાગણી સાથે કેટલાક મૌનરૂમમાં દાખલ થતા હોય છે. જીવનસાથી જોડે જોડાતાં જે ઉત્સાહમિશ્રિત સંકોચ થાય એવી મિશ્રિત લાગણી પણ કેટલાક અનુભવી શકે છે. પર્વત ઉપર ચડવાનું કે જંગલમાં રખડવાનું સાહસ કરતાં જે સાહસિકતાનો ભાવ હોય એવા ભાવ સાથે કેટલાક આ રૂમમાં દાખલ થાય છે. કેટલાક એવા પણ હોય કે સૈનિકની જેમ અંતરની કે ગુરુની આજ્ઞા થતાંની સાથે શિસ્તપૂર્વક અંદર ચાલ્યા જાય, જ્યારે કોઈક એવા પણ હોય જેમને એમની અંતરની ભૂખ અંદર ખેંચી જાય છે.

પ્રથમ સ્વરૂપદર્શન

આમ વિવિધ ભાવ અને લાગણી સાથે અંદર જનાર સાધકને જપના વિવિધ અનુભવો થાય એ સ્વાભાવિક છે. એ બધા અનુભવોમાં સર્વ સામાન્ય એવો અનુભવ બધાંને ઓછો વધુ, સ્પષ્ટ કે અસ્પષ્ટ થાય છે. તે કેવો હોય તેનું વર્ણન રસપ્રદ થાય એવું છે.

માણસ પોતાના સિવાય અન્યને તો બહુ મોજથી, સરળતાથી જુએ છે, તેના ગુણદોષ રમતમાં બતાવી દે છે. દોષ તો તેને તરત જ દેખાય છે અને તે કહ્યા વિના રહી શકતો નથી. તે નાટક કે સિનેમા જુએ છે, દુનિયા જુએ છે, સંસાર જુએ છે તેમાં રચ્યોપચ્યો રહે છે, પરંતુ પોતાને જોવાની ફુરસદ તેને કદી મળતી નથી! કોઈ આંતરઅવલોકન કરનાર હોય તો કદી કદી પોતાની ભૂલ પણ જુએ અને પસ્તાય પણ ખરા, પરંતુ એ બધું આંતરઅવલોકન ઊંડાણ સુધી જઈ શકતું નથી. મૌનરૂમમાં અંદર જતાં આપોઆપ માણસ પોતાને જોવાને લાગે છે. અંધારાને લીધે બાહ્ય દુનિયા એની આગળથી ખસી જાય છે. પણ મનને જોવાને તો કંઈક જોઈએ જ છે. જપ ચાલુ હોય છતાં મન તેની આગળ તેના અનુભવો, સંબંધો, સવાલો ખડા કરી દે છે અને તેમાં ખાસ કરીને પોતે કેવો છે તેનું ચિત્ર તો વારેવારે તેની આગળ ખડું કરી દે છે. દુનિયા સાથે સીધો સંપર્ક હોય તો તેમાં પોતાનું ચિત્ર બરાબર ઊઠતું નથી, પણ જ્યાં સંપર્ક છૂટે છે ત્યાં તેના રાગદ્વેષ મોળા પડે છે અને મનનું બધુંય કેંદ્રિકરણ પોતાની જાત ઉપર થાય છે. આ રીતે સ્વરૂપદર્શન એટલે પોતાના રૂપ, આકાર અને હસ્તીનો તથા તે ક્યાં છે તેનું ચિત્રપટ ચાલુ થઈ જાય છે. આ ચિત્ર બહારના કોઈપણ ચિત્રપટ કરતાં અસરકારક અને બોધદાયક હોય છે. માણસ પોતાને જ પોતે બિલકુલ નગ્ન સ્વરૂપમાં જુએ ક્યારે? બાથરૂમમાં ફેંચબાથ લેતાં દેખાતું નગ્નસ્વરૂપ પણ અડધું હોય છે કારણ તેમાં તે પીઠ જોઈ શકતો નથી. બાથરૂમમાં આયના રાખનાર પીઠ જુએ તો તે સાથે આગળનો ભાગ એકસાથે જોઈ શકતો નથી! એક સાથે તો અડધો ભાગ જ જોવાય છે. પોતાનું સમગ્ર સ્વરૂપ-આંતરબાહ્ય-જોવું હોય તો આ આંતરિક સ્વરૂપદર્શનમાં જોવા મળે છે.

સ્વરૂપદર્શનની રેખાઓ

આ સ્વરૂપદર્શનમાં પહેલું જ્ઞાનભાન તો એને એ થાય છે કે જેને તે પોતે માને છે તે ખરેખર પોતે નથી પણ તેનો અહં છે. આ ભાન બધા સાધકને એક સરખું થાય છે એમ નથી પણ એ આછું પાતળું પણ દરેકને થાય તો છે જ. એ અહં તેનું સ્વરૂપ છે એમ તેણે માની લીધું છે પણ ખરેખર પોતાનું ખરું સ્વરૂપ તો તેથી કંઈક વિશિષ્ટ છે. આ વિશેષતાનો ખ્યાલ તો બહુ આછો અથવા કહો કે માત્ર અંકુરિત ભાન જેવો જ હોય છે. એ ઘણું ઓછું ભાન પણ તેને પોતાના અહંરૂપની ક્ષુલ્લકતા તરત જ બતાવે છે અને અહંનાં અનેક રૂપોની, તેના ચિત્રપટની પટી તેના મનોચક્ષુ આગળ પસાર થવા લાગે છે. પોતાના કૌટુંબિક સંબંધોમાં, સામાજિક સંબંધોમાં, ધંધાર્થે થતા સંબંધોમાં આ એકનો એક અહં કેટકેટલાં અવનવાં સારાં, નરસાં, હળવાં, ભારે, ગૌરવભર્યા અને ક્ષુલ્લક રૂપધારણ કરીને તેને નચાવે છે એ એના મનમાં વસવા લાગે છે. જેનો અહં અનેક સંબંધોમાં રાચતો હોય છે તેને દેખાવા લાગે છે કે એના સંબંધો બહુ બહુ તો કેટલા છે? અમુક સેંકડો કે હજાર હોય તેમાં રોજ તે કેટલાને મળી શકે છે? એ સંબંધો કંઈ એકસરખા નથી હોતા. એ સંબંધો ટકે કેટલા? એનો આધાર શેના ઉપર છે! વગેરે સવાલો ઊભા થતા જઈને એના સંબંધો અંગેનો ગર્વ કંઈક હળવો પડે તેવાં ચિત્રો તેની આગળ ખડાં થાય છે. એ જ પ્રમાણે જે પૈસા, આબરૂ, વિદ્યા વગેરેમાં રાચતા હોય છે તેમને તે તે વિષય અંગેની ક્ષુલ્લકતા અને તેનું અલ્પ પ્રમાણ અને નજીવાપણું દેખાવા માંડે છે.

બહાર સમાજમાં પોતાના વિચાર અને અભિપ્રાય ઉપર જે મક્કમતા તેને લાગે છે તે વિશે તે વિચારતો થાય છે. એના વિચારમાં સત્યાસત્ય કેટલું તેનું ભાન તેને થવા લાગે છે. પોતાની લાગણી, ભાવ કે સ્નેહ ઉપર એ મગરૂબ હોય છે પણ અંદર એ બધાં કેટલાં

નાનાં છે, ક્ષુલ્લક છે તેનું માપ તેને કંઈક આવવા લાગે છે. દુનિયા કેટલી વિશાળ છે, વિશ્વ અપાર છે તેનું દર્શન કરવા મૌનરૂમના અંધારામાં તે શક્તિમાન થાય છે! અંધારું મનોપટ ઉપર પ્રકાશ પાડે છે! પણ સાથે એ પણ તે જોઈ શકે છે કે આ વિશાળ દુનિયામાં પોતે બધી રીતે નહિવત્ છે, પોતાનામાં સુધારો કરવાની જરૂર છે, એનો વિકાસ કરવાની જરૂર છે.

ચિત્તની આ એક બાજુ થઈ. જેવી બાહ્ય ક્ષુલ્લકતા દેખાય છે તેવી અંદરની કંઈક અમાપ મહત્તાનું પણ એને આછું ભાન થવા લાગે છે. એમ લાગે છે કે કંઈક અજબ ચેતના તેનામાં છે. તે તેને બહારથી પણ દોરે છે. એ ચેતના સદૈવ તેની સાથે જ છે. ગુરુમાં શ્રદ્ધાવાળાને ગુરુની ચેતનાના પ્રત્યક્ષ પરોક્ષ અનુભવો થાય છે. એ રીતે તેની અંતર્મુખતા વધવા લાગે છે. બહુ ધીમે પણ તે શરૂ તો થાય છે જ.

કેટલીકવાર સ્વરૂપનાં આ આંતરબાહ્ય દર્શનને લીધે માણસ મૂંઝાય છે. એકબાજુ તેને અંદરની ચેતનાનું આછું ભાન થવા લાગે છે અને બીજી બાજુ અહંનું લાંબું ચિત્રપટ તરવરે છે અને તે બંનેને એકી સાથે ન સમજી શકવાથી સાધક મૂંઝાય છે અને મૌનરૂમની બહાર નિશ્ચિત સમય પહેલાં નીકળી જવાની ઇચ્છા કરે છે, પરંતુ એને અંદરથી કોઈક બળ ખેંચી રાખે છે. એના ઇષ્ટ દેવની ચેતના કે ગુરુચેતના કે સ્વચેતના બહાર જતાં રોકે છે એવો અનુભવ તેને થાય છે. હજી સુધી મૌનરૂમમાં સમય કરતાં વહેલા બહાર આવનારનો ભાગ્યે જ દાખલો બન્યો હોય એ બતાવે છે કે ચેતના તેનું કામ બરાબર કરે જાય છે અને તેનું કામ ચોક્કસ છે. આ માટે દૃઢ શ્રદ્ધા હોવી જોઈએ અને યોગ્ય દોરવણી જરૂરી છે. આમાંનું એક પણ હોય તો મૌનવાસ એક આનંદનો વિષય બની જાય છે.

આમ થવાનું મુખ્ય કારણ એ છે કે સતત જપની અસરને લીધે એની અંતર્મુખતા શરૂ થાય છે અને ધીમે પણ ચોક્કસ ક્રમે એ વધવા લાગે છે. લાગણીવશ સ્ત્રીઓને અને પુરુષોને પણ એમાં ભરતીઓટ આવતાં લાગે છે છતાં જેમ તિથિ વધતી જાય અને ભરતી આવતી જાય છે તેમ ઓટની સાથે ચેતના અનુભવની મોટી મોટી ભરતી આવતી જાય છે. એમાં ઓટ પણ લાભદાયી નીવડે છે અને સાધકના મનને અહં આદિથી ખાલી કરવામાં મદદરૂપ થાય છે અને એ રીતે ચેતનાની ભરતીઓટ બંને રીતે વધુ લાભદાયી થઈ પડે છે.

પ્રથમ ત્રિવિધ લાભ

આ રીતે પ્રથમ સ્વરૂપદર્શનની રેખાઓ ઊઠે છે. આમાં સ્વરૂપ એટલે આત્માના કે સ્વચેતનાના રૂપનો પૂરો ખ્યાલ હજી નથી આવતો. જેને સાધક હજી પોતાનું રૂપ સમજે છે, સ્વરૂપ સમજે છે તે અહં આદિના સ્વરૂપની રેખાઓ મૌનરૂમમાં પ્રથમ કેવી દેખાય છે તેની આપણે આછી રૂપરેખા દોરી. દરેકને તે જુદી જુદી રીતે અને જુદા જુદા દૃષ્ટિકોણથી અને જુદા જુદા ક્રમે તે નજરે ચડે છે, પરંતુ પ્રાથમિક સ્વરૂપદર્શન કંઈક આવું હોય છે એટલો આ રેખાંકનનો હેતુ છે.

આવી રીતે આ પ્રથમ સ્વદર્શનમાંથી ત્રિવિધ લાભ સામાન્ય રીતે બધા સાધકને મળવા શરૂ થાય છે. શ્રીગુરુદયાળ મલ્લિકજીએ એને સંક્ષપેમાં ત્રણ શબ્દોમાં રજૂ કર્યા છે. આ પદ્ધતિ અને એના અનુભવો વિશેના એક લેખમાં તેઓ જણાવે છે કે આ રીતે ૨૧ દિવસ મૌનમાં બેસનારને ત્રણ લાભ મળે છે. એ ત્રણ લાભ છે : પશ્ચાત્તાપ કે પ્રાયશ્ચિત્ત, નમ્રતા અને મનોદારતા (મનની ઉદારતા). આ રહ્યા તેમના શબ્દો : **What happens in consquence, could be summed up in trinity of thought, each**

however, surcharged with sincerity and strength, namely 'Penitence, humility and charity', values by which the mystics have ever laid store.

સાધક પોતાનું જે દર્શન કરે છે અને અહંની મર્યાદા, સ્ખલનો અને તેની ક્ષુદ્રતા જુએ છે તેનાથી એના મનમાં પશ્ચાત્તાપ અને પ્રાયશ્ચિત્તના ભાવ સામાન્ય રીતે જાગે છે. જેને પોતાની ભૂલ ન દેખાય કારણ એવી ભૂલો ન થતી હોય તેને પણ એના અહં આદિની મર્યાદાઓ તો ખૂંચવા માંડે છે. આને લીધે સહેજે તેનામાં નમ્રતા જાગે છે અને નમ્ર થઈને તે ચેતનાચૈતન્યને શરણે જાય છે. એ ક્યાં મળે? અંદર જ જોવાનું રહ્યું. જપ તેમાં મદદરૂપ થાય છે અને અંદર વિશાળ મનોપ્રદેશમાં તેનું ચિત્ત વિહરે છે અને આપોઆપ એનામાં મનની ઉદારતા જન્મવા લાગે છે. નમ્રતા અને મનની ઉદારતાની સાથે આધ્યાત્મિક લાયકાત શરૂ થાય છે અને એના અંતરના પડદા ધીમે ધીમે ખૂલવા લાગે છે.

આવો આ ત્રિવિધ લાભ દરેક સાધકને ઓછો વધુ, સ્પષ્ટ અસ્પષ્ટ રીતે મળે છે. એની સાથે ધીમે ધીમે ચેતના ચૈતન્યની પણ અનુભૂતિ સીધી કે આડકતરી રીતે થવા લાગે છે. કેટલાક સાધકને આગળ વધતાં એવો અનુભવ થવા લાગે છે કે આંખ બંધ કરતાંની સાથે જાણે તે ચૈતન્યના શાંત જ્ઞાનપ્રકાશના અનંત સાગરમાં તરી રહ્યો છે — તન્મય થઈ રહ્યો છે. આ બધું અંતરના પડદા ખૂલતા જવાનું પરિણામ છે.

પણ આપણે તો સાધકોના અનુભવ સરોવરને આરે આવી લાગ્યા અને એ અનુભવ જળ પીવા પણ મંડી ગયા!

અનુભવના પ્રકારો

આધ્યાત્મિક અનુભવો કોને ક્યારે કેવા થાય કે થવા જોઈએ તેનું કોઈ નિશ્ચિત ધોરણ બાંધી શકાય નહિ - અત્યારે તો આપણી

વિકાસની સ્થિતિ એવી નથી. આધ્યાત્મિક જગતના જેટલી નિશ્ચિતતા બીજે ક્યાંય નથી, પરંતુ અનુભવનાર પોતાનાં અહંવૃત્તિ, વલણ અને આંતરિક શરીરનો જાણકાર બરાબર ન થયો હોય, ચેતનાની એને બરાબર ગમ પડી ન હોય, પોતાનો આછો પરિચય પણ પૂરો ન થયો હોય તેવી સ્થિતિમાં તેને કેવા અને કયા અનુભવ થાય એ અગાઉથી જાણી શકાય નહિ. આ બધા અનુભવોનો આધાર તેની આંતરશુદ્ધિ અને તે વખતનાં ભાવના, વૃત્તિવલણનું પ્રાધાન્ય વગેરે ઉપર રહે છે. આ બધાં જ્યાં સુધી શુદ્ધ ન થયાં હોય, અને સ્થિર થઈને સ્વઅંકુશમાં ન આવ્યાં હોય ત્યાં સુધી અનુભવો તેને ભાવાદિના પ્રાધાન્ય પ્રમાણે થયે જવાના. આમ કરતાં કરતાં જ એની આંતરિક સ્થિરતા વધતી જાય છે અને ક્રમે ક્રમે ઉત્તરોત્તર ઉચ્ચતર સૂક્ષ્મ અનુભવ તેને થતા જાય છે. આ કારણને લીધે એક આગળ પડતા સાધકે આ મૌનરૂમના વાસને 'બૅટરી ચાર્જ' કરવા સાથે સરખાવ્યો છે અને પોતે એમ દૃઢ માને છે કે આ રીતે ઉત્તરોત્તર આંતરિક જીવનને ચેતનાના અનુભવોથી 'ચાર્જ' કરતા રહેવાથી જ આંતરશુદ્ધિ વધતી જવાની છે. એમની આ માન્યતા અનુભવમૂલક છે અને હકીકતને દર્શાવનારી છે.

આ રીતે મૌનરૂમમાં બેસનારને ઉત્તરોત્તર નૂતન અને શક્તિ શુદ્ધિદાયક અનુભવો થાય છે અને તે કેવી જાતના હોય છે તેનો ખ્યાલ નીચે આપેલ તેના સામાન્ય પ્રકારો ઉપરથી આવે એમ છે.

૧. પોતાના જીવનના મુખ્ય અને અગત્યના અનુભવો મનોમન તાજા થાય, સ્પષ્ટ થાય, તેમનું રહસ્ય સમજાય, પોતાના ગુણદોષ બહાર તરી આવે અને એવા સંજોગોમાં શું કરવું કે કેમ વર્તવું તેની સ્પષ્ટતા થાય.

૨. પોતાના ચિત્તમાં જે સંસ્કારો બહાર તાદૃશ નથી થતા તે અંદર સ્પષ્ટ થતા જાય છે. જે સંસ્કાર વિશે પોતાને ખ્યાલ પણ ન

હોય તે સામા આવીને ઊભા રહે છે અને અનેકરૂપે તે દેખા દે છે. એમાં સારુંનરસું શું છે, શું કર્તવ્ય છે તેનો ખ્યાલ પણ સાથોસાથ આવતો જાય એટલી તટસ્થતા પણ જન્મે છે.

૩. માણસના જીવનમાં મનનાં વલણો બહુ મોટો ભાગ ભજવે છે. આ વલણો બદલવા જેવાં પણ હોય છે. આ વલણો અંદર પોતાને સમજાવા લાગે છે અને પોતે કઈ રીતે તેમાં ઘસડાઈ રહ્યો છે અને કઈ રીતે તેમાંથી નીકળી તેની દિશા બદલવી તેની ગમ પડવા લાગે છે.

૪. પોતાની શ્રદ્ધા વિશે માણસને ઘણીવાર ફાંકો પણ હોય છે. આ શ્રદ્ધા અનેક વિષય ઉપરની હોય પરંતુ આત્મશ્રદ્ધા કેટલી છે, ગુરુશ્રદ્ધા કેટલી છે, ઈશ્વરશ્રદ્ધા કેટલી છે તેનું માપ અંદર સારી રીતે આવવા લાગે છે. એને દેખાય છે કે આ શ્રદ્ધા વિના અને ખાસ કરીને ઈશ્વરશ્રદ્ધા વિના એની પ્રગતિ આગળ ચાલવાની નથી. આ ત્રણેય શ્રદ્ધા - આત્મશ્રદ્ધા, ગુરુશ્રદ્ધા અને ઈશ્વરશ્રદ્ધા - એક જ ચૈતન્યશ્રદ્ધામાં મળી જતી તે અનુભવી શકે છે. પણ આવી સ્થિતિ આવતાં વાર લાગે છે. પહેલાં તે ગુરુશ્રદ્ધાથી, પછી આત્મશ્રદ્ધાથી અને છેવટે એ બંને ઈશ્વરશ્રદ્ધામાં વિલીન થઈ એક થતી તે અનુભવી શકે છે.

૫. પોતાની શ્રદ્ધા અને હૃદયતંત્રને અનુસરીને કેટલાકને ભાવનાં દૃશ્યો, ઝાંખીઓ કે દૃશ્યાનુભવો થાય છે. એમાં ગુરુની ચેતના વિષયક કેટલાક હોય, કેટલાક ચમત્કારિક અનુભવો પણ હોય, કેટલાક ભાવનાપ્રધાન હોય, કેટલાક કંઈક આકાર આકૃતિઓની ઝાંખી જેવા હોય છે. એનો બધો આધાર સાધકની તે તે લાગણી અને ભાવનાની પ્રધાનતા ઉપર રહેતો જોવામાં આવે છે.

૬. આટલેથી આગળ વધતાં માણસ એટલી સૂક્ષ્મ ભૂમિકાએ પહોંચે છે કે જેવી ચિત્તવૃત્તિ ઉદ્‌ભવે કે તરત તેને વિશે સજાગ બની

જાય છે અને વૃત્તિનો તાગ મેળવી તેને વાળવા તત્પર બને છે. આ જાગૃતિ બહાર સામાજિક જીવનમાં પણ ચાલુ રહે તો ખૂબ ઉપયોગી બને છે અને તેને લીધે સામાજિક કર્મોમાં અનાસક્તિભાવ પેદા કરી શકે છે.

૭. વૃત્તિ વિશે સજાગ થતાં જતાં માણસને પોતાના અહંનો, તેના આકારવિકારનો, તેના રંગરોગાનનો, એની ગુપ્તાગુપ્તસ્થિતિનો, એની મૂળ પેદાશનો, સૂક્ષ્મતાનો ખ્યાલ આવવા માંડે છે. આથી માણસ 'હું કોણ'ની શોધ સતત ચલાવવા કંઈક શક્તિમાન થાય અને સામાજિક જીવનમાં પણ અહંની શુદ્ધિવૃદ્ધિ માટે જાગ્રત બની પ્રયત્નવાન બની શકે છે. આ ભાન એકવાર જાગ્યું પછી એકદમ જતું રહેતું નથી.

૮. અહંની શુદ્ધિવૃદ્ધિનો ખ્યાલ આવનારને સુપ્ત મન કે ગુપ્ત મનની અંદર ધીમે ધીમે પ્રવેશ મળવા લાગે છે. સુપ્ત મન દુષ્ટ વાસનાથી ભરેલું છે એમ લાગવાને બદલે તેને સમજાય છે કે એ સુપ્ત ચેતન જ છે અને તેથી ચેતનાના પ્રગટીકરણનો કાચો મસાલો અને સામગ્રી છે. તેથી તેનાથી ડરવાને બદલે એ તેમાં ઊતરીને તેને વ્યવસ્થિત કરવા ઉત્સાહથી ઉદ્યત થાય છે.

૯. આ બધો વિકાસ એક બાજુ થાય છે ત્યાં સાધકને પોતાના જ્ઞાનતંતુઓમાં અંદરથી કે બહારથી ચેતનાનો સંચાર થતો, તેમાં મીઠી ઝણઝણાટીનો, તેની શક્તિના ઊર્ધ્વગમનનો અનુભવ પણ અવારનવાર થવા લાગે છે. ચિત્ત ચેતના અભિમુખ થાય છે અને તેમાં એકદમ ચિત્ત ચોંટે ત્યારે જ્ઞાનતંતુઓમાં આવો સંચાર થતો, અને સંચાર કરોડ રજ્જુમાં ઉપર ચડતો અનુભવે છે. એ ચાલુ રહે તો તે બ્રહ્મરંધ્રમાં પહોંચી ત્યાં મીઠી ઝણઝણાટી પેદા કરી શાંત પ્રકાશનો અનુભવ કરાવે છે. આવા અનુભવો અચાનક પણ થાય છે. બધો આધાર નાડીશુદ્ધિ એટલે જ્ઞાનતંતુઓની શુદ્ધિ ઉપર રહે છે.

૧૦. આ પછી કે સાથે માણસને ભાવિમાં શું કર્તવ્ય છે, હવે પછી શું કરવા યોગ્ય છે તેની ઝાંખી એની અનિચ્છા છતાં કે ઇચ્છા વગર થતી આવે છે. કેટલાકને પોતાના વિશે નહિ તો દેશ કે દુનિયામાં શું થશે એનું સ્વપ્નરૂપે પણ દર્શન થઈ જાય છે. પણ આ અનુભવો સતત હોતા નથી. તે વખતની ચિત્તદશાના તે પ્રતીક છે. આવા અનુભવો સાહજિક હોય છે, તે માટે મથવાનું હોતું નથી.

૧૧. જ્ઞાનતંતુઓની શુદ્ધિ સાથે માણસને પોતાની ગુપ્ત શક્તિઓ પ્રગટ થતી દેખાય છે. કોઈને સૂક્ષ્મ સુંદર વિચાર કે અંતરાનુભૂતિ દ્વારા કે કોઈને કાવ્યશક્તિના પ્રગટીકરણ દ્વારા એમ વિવિધરૂપે તે પ્રગટ થાય છે. પોતાનામાં પહેલાં કદી દેખાઈ ન હોય એવી શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. એ હંમેશ ટકે અને વધે છે એમ નથી હોતું પણ તેની પ્રતીતિ તો અચૂક કરાવી જાય છે.

૧૨. અંદર બેસતાં પહેલાં કરેલા નિર્ણયો સાર્થક થતાં અને તે મુજબ ચિત્તને આંતરિક રીતે વલણ આપવામાં સફળતા મળ્યાના દાખલા પણ મળે છે.

દીક્ષા

મૌનમંદિરની મહાન ખૂબી એ છે કે તેમાં સ્વયંદીક્ષા પ્રાપ્ત થાય છે. સ્વયંદીક્ષા એક નવીન શબ્દ છે. સામાન્ય રીતે દીક્ષા કોઈ ગુરુ દ્વારા મળે છે, પરંતુ દીક્ષાનો મૂળ અર્થ સમજવામાં આવે તો સ્વયંદીક્ષા જ સાચી દીક્ષા છે એ હકીકત બરાબર સમજી શકાય. સામાન્ય દીક્ષા લેનાર પોતાનેય ભૂલતો અને ગુરુનેય ભૂલી જતો ઘણીવાર જોવામાં આવે છે. પણ જે સ્વયંદીક્ષા લે છે તેની દીક્ષા પરમ દીક્ષા બની રહે છે. 'દીક્ષા' શબ્દ દિક્ષ્ એટલે દિશા અને 'ક્ષ' એટલે ક્ષય. દિશા માર્ગનો ક્ષય થાય તે જ ખરી દીક્ષા. મોટાભાગના લોકો બહિર્દષ્ટિવાળા હોય છે અને સત્યાદિને બહાર જોવામાં જ મથતા હોય છે, પરંતુ બહાર જોવાનું બંધ કરવાથી દીક્ષા માત્રનો

ક્ષય થાય છે, તે ઊડી જાય છે અને સાધક અંતર્મુખ થાય છે. આ અંતર્મુખતા જ ખરી દીક્ષા છે. અંતર્મુખતા કોઈ વ્યક્તિ ન જ કરાવી શકે તે તો પોતે જાતે જ કરવી પડે અને પોતાની અંદર જોવાનું કામ પોતે જ કરવું પડે. મૌનમંદિરમાં અંધકાર હોય છે એટલે બહાર જોવાનું બંધ થાય છે. આ છે અંધકારની મહત્તા. બહાર જોવાનું બંધ થતાં જ સાધકને તેનો જપ અંતર્મુખ કરે છે અને એ જપ તેને ઈશ્વરી સત્તાનું, ભાવનાનું અને તેના પરમ અર્થનું રટણ કરાવે છે. આમ થતાં જ સાધકને સાચી દીક્ષા મળી જાય છે, કારણ દીક્ષાનો હેતુ જ ઈશ્વરમુખ કરવાનો છે. મૌનમંદિરમાં આવી આ સ્વયંદીક્ષા આપોઆપ પ્રગટ થાય છે. આમાં જ મૌનમંદિરનું પ્રાથમિક માહાત્મ્ય રહેલું છે.

આવી પ્રાથમિક અને મહત્ત્વની પ્રાપ્તિ પછી સાધક પોતાના જીવન અંગે સહેજે વિચારતો થાય છે. એમ પણ કહી શકાય કે એનું જીવન એની સમક્ષ પ્રગટ થવા લાગે છે. એ પોતે શું છે, પોતે કોણ છે, પોતાનું જીવન કેવું છે, વગેરે અંગેની સ્ફુરણા તેને આપોઆપ થવા લાગે છે.

આંતરિક અનુભવો

મૌનમંદિરમાં ખાનપાન સાદા, સરળ અને સુરેખ હોય છે તેથી સાધકને સારી ટેવ પણ પડવા લાગે છે. વળી તેમાં તેણે પોતાનું બધું કામ જાતે જ કરી લેવાનું હોય છે તેથી સ્વાવલંબન પણ તેને કરવું પડે છે. આવું સ્વાવલંબન કેવળ શારીરિક બાબતમાં જ નહિ પણ મન અને આત્મા અંગે પણ સ્વાવલંબી થતો જાય છે. જેમ જેમ તેનું માનસિક અને આધ્યાત્મિક સ્વાવલંબન વધે છે તેમ તેમ તેને એક પછી એક માનસિક આધ્યાત્મિક અનુભવો થવા લાગે છે. પ્રથમ તો તે પોતાની ઈન્દ્રિયો, તેની કામગીરી અને તેની શક્તિ અંગે જાગૃત થવા લાગે છે. એ પછી તેને પોતાના મન અંગે મનન

થવા લાગે છે. જેમ જેમ મન સ્થિર થતું જાય તેમ તેમ તેને મનની શાંતિનો ક્રમિક આનંદ મળવા લાગે છે. જેમ જેમ તેની મનની શાંતિ વધતી જાય છે તેમ તેમ તેને નાદ વગેરેનો અનુભવ થાય છે. આવો નાદ તેને જમણા કાનમાં સંભળાય છે અને તે વિવિધરૂપે સંભળાય છે. તે પછી તૃતીય ચક્ષુ સમક્ષ તેને પ્રકાશ દેખાવા લાગે છે અને એ પ્રકાશ ક્રમશઃ વધતો જ જાય છે અને અંતે તેને સિદ્ધિ થાય ત્યારે તેને પરમ જ્યોતિ સ્વરૂપ પરમેશ્વરનાં પણ દર્શન થઈ શકે છે, પરંતુ આ તો અંતિમ અવસ્થા કે સિદ્ધિની વાત છે. તેવી સિદ્ધિ માટે યોગશાસ્ત્ર કહે છે તેમ તીવ્ર સંવેગ જોઈએ. પૂ. શ્રીમોટાની ભાષામાં કહીએ તો તે માટે ધગધગતી જ્વાળા જેવી પરમ ભાવના જોઈએ. પણ તે શક્ય છે જ, સૌને માટે શક્ય છે, કારણ મૂળભૂત રીતે માનવમાત્ર એ પરમ જ્યોતિનો જ અંશ છે. એ માટે પૂરું સમર્પણ જોઈએ, તન્મય થવાની સાધના જોઈએ અને પરમ પ્રેમ કે પરાભક્તિ જોઈએ.

સાધકોના અનુભવો

પૂ. શ્રીમોટાનાં ટ્રસ્ટો દ્વારા બે જગાએ મૌનમંદિર ચાલે છે - એક નડિયાદ પાસે અને બીજું સુરત પાસે રાંદેરમાં. અત્યાર સુધીમાં હજારો સાધકોએ આ મૌનમંદિરનો લાભ લીધો છે અને તેમને દરેકને અનેક પ્રકારના અનુભવ થતા આવ્યા છે. એનું પ્રમાણ એટલું બધું છે કે તેનું વર્ણન આ પુસ્તકમાં કરવું શક્ય નથી અને એનું વૈવિધ્ય પણ એટલું બધું છે અને મોટાભાગનું અંગત હોય છે તેને એક જગાએ વર્ણવવું શક્ય નથી અને યોગ્ય પણ નથી, પરંતુ એ બધાનો સાર એ છે કે તેમાં ઘણાંને પહેલાનો ભૂતકાળ ખડો થાય છે, કેટલાકને પોતાની પાછલી ભૂલો માટે પશ્ચાત્તાપ થાય છે, કેટલાકને પોતાના સાંપ્રત જીવન અંગે અસંતોષ પેદા થતાં જ તેમાં સુધારણા કરવાની ઇચ્છા જાગૃત થાય છે. કેટલાક સુભગ આત્માને

પોતાના ભાવિમાં શુભ કર્મ કરવાની ભાવના જાગ્રત થાય છે. કેટલાકને ચમત્કારી લાગે એવા અનુભવ પણ થાય છે. ઉચ્ચ આત્માને આત્માની પ્રતીતિ પણ થવા લાગે છે. મનની શુદ્ધિનો અનુભવ થતાં આત્મિક ગતિવિધિ શરૂ થતી હોય એમ કેટલાકને અનુભવ થાય છે. કેટલાકને પૂ. શ્રીમોટાની હાજરીનો સૂક્ષ્મ અનુભવ થાય છે. પૂ. શ્રીમોટાનું કહેવું છે અને તે સાર્થક પણ છે કે મૌનમંદિરમાં બેસનારને તેઓ પ્રેરણા આપે છે. આવા અનુભવો સુભગ જ હોય છે અને અપવાદ વિના કહી શકાય કે કોઈપણ સાધકને ખોટો અનુભવ થયો જ નથી. પણ એમ જરૂર કહી શકાય કે દરેકને કોઈ ને કોઈ લાભકારક અનુભવ અવશ્ય થયો જ છે. આ છે મૌનમંદિરના અનુભવોની બલિહારી અને આ કારણે જ મૌનમંદિર એક નજીકને સમયે વિશ્વવ્યાપક બનવા લાગશે.

પાતંજલ દર્શનના ત્રીજા પાદમાં અનેક સિદ્ધિઓનું વર્ણન છે. એ તો અદ્‌ભુત છે. આપણને જે અનુભવોનું આજકાલ વર્ણન મળે છે તે તો એની આગળ કંઈ જ નથી. પણ એ સિદ્ધિઓ પણ અધ્યાત્મમાં અડચણરૂપ છે એમ યોગશાસ્ત્ર જણાવે છે. આ રહી તેની સનાતન લાલ બત્તી : स्थानयुपनिमन्त्रणे संगस्मयाकरणं पुनरनिष्टप्रसंगात्। રસ્તે આવતી આ લાલચોનો જરાય સંગ ન કરવો, કારણ પતનની પાછી સંભાવના તેમાં જ રહેલી છે. યોગશાસ્ત્રકાર ભગવાન પતંજલિની આ સનાતન ચેતવણીને અનુરૂપ આ જપસિદ્ધિ પણ સૂચવે છે કે સિદ્ધિઓ કંઈ પ્રાપ્ય નથી પણ પ્રાપ્ય છે પ્રભુ.

આ જપસિદ્ધિની સાચી નિષ્ઠાને લીધે જ આ અનેરી જપપદ્ધતિ સમાજહિતને અર્થે, સાધકોના ઉપયોગને સારુ અસ્તિત્વમાં આવી અને હવે તે એક સુડોળ આકાર લઈને ધીમે ધીમે જરૂરી ક્રમે વિકાસ અને વિસ્તાર પામી રહી છે. સંતોની એ બલિહારી છે કે તેમને હાથે પુણ્યકાર્ય થાય છે છતાં પોતે અનામી રહીને નિમિત્તરૂપ

બની સહજ સેવા કરે જાય છે. આ જપસિદ્ધ પણ એવા એક અનામી ઉત્તમ સહજ સમાજસેવક છે.

બાળક પાસેથી બોધપાઠ

અચંબો લાગે એવું છે પણ બાળક પણ બે દિવસ માટે મૌનમાં બેઠો હતો. પોતાની રાજીખુશીથી તે હરિઃૐનો જાપ જપ્યે ગયો. રામરામ બૂમો પાડતો હતો. બપોરે ઊંઘે નહિ, વાંચે કે લખે નહિ પણ સરસ રીતે મૌનએકાંત પાળ્યાં. તેની ઉંમર ૬ વર્ષની હતી. ગાંધીજી પાસે થોડો વખત તેનાં માતાપિતા સાથે રહી આવ્યો હતો. મૌન પછી ગાંધીજીને એણે કાગળ લખ્યો. ગાંધીજીએ પણ સુંદર જવાબ આપ્યો. જવાબ ખૂબ સૂચક છે. બધા જપસાધકને સારો બોધપાઠ આપે એવો છે. આ રહ્યો તે પત્ર :

"તારો કાગળ મળ્યો રૂ. ૫/- પણ મળ્યા. તું તો મારાથી કમાલ આગળ ચડી ગયો. ત્યારે ૭૬મે વર્ષે તો કોણ જાણે કેટલો વધ્યો હશે! આનો જવાબ તું દઈ શકે? તું મજામાં હશે, અમે પાંચેક દિવસમાં પાછા પુના જઈશું."

બાપુના આશીર્વાદ
મુંબઈ તા. ૧૧-૩-૪૬.

બાળકનો પ્રયાસ અને તેને મળેલો પત્ર એમ બંને બોધદાયક છે. બાળકને પૂછેલો સવાલ જાણે ગાંધીજી દરેક જપસાધકને પૂછી રહ્યા છે, "૭૬મે વર્ષે તું કોણ જાણે કેટલો વધ્યો હશે! આનો જવાબ તું દઈ શકે?" દરેક જપસાધક આનો જવાબ આપી શકશે? ગાંધીજી જે હતા અને બન્યા તે જપસાધનાને લીધે. જપસાધક તો ૭૬થી ઓછે ઓછી ઉંમરના જ છે એમ માની લઈએ. શું ૭૬ વર્ષમાં ગાંધીજીને માર્ગે તેમને પહોંચાશે? બાહ્ય કર્મમાં નહિ. પણ આંતરિક રીતે એમના જેવી જપસિદ્ધિ પ્રાપ્ત થશે? ગોળી ઝીલતાં

રામનામ પોકારવાની શક્તિ પેદા કરી શકશે? જપસાધક માત્રને ગાંધીજીનો આ સવાલ કાનમાં ગુંજયા કરવો જોઈએ.

અનુભવ હેતુ ચૈતન્યએકતા

અનેકોના અનુભવો જોયા અને તેની વિવિધતા પણ જોઈ. કેટલાક ચમત્કાર લાગે એવા પ્રસંગો પણ વાંચ્યા - જોયા, પણ અંદરના અનુભવોમાં ટકવું એ મુખ્ય હેતુ છે. બહાર આવીને એ જોઈએ તેવા ટકતા નથી. આ પદ્ધતિના પ્રેરક આ વિશે પોતાની નોંધ એક સાધકના પત્રમાં કરે છે : ''મૌનમાં જીવ પોતાની જાતને બરાબર જાણી શકે છે, પણ બહારની દુનિયામાં આવતાં તે ભૂલી જાય છે, એવી જીવની કમનસીબી છે.'' આ કમનસીબી માણસની ચંચળતા, ધ્યેયની અસ્પષ્ટતા અને બહારના વ્યવહારની આસક્તિને લીધે છે. તેથી આ અનુભવોનો સાચો અર્થ અને જપનું અને જીવનું ધ્યેય સ્પષ્ટ કરી તેને માટે સતત મંડી રહેવું જોઈએ. મૌનના અનુભવો તો તેની આત્મશ્રદ્ધા વધારવાને માટે જ કામના છે. દરેક જપસાધકે સ્પષ્ટ નિર્ધાર કરી લેવો જોઈએ કે ચૈતન્યએકતા એ જ જીવન ધ્યેય છે. એમાં નિર્દોષપણે જે મદદ મળતી હોય તે લેતા જઈ, સામાજિક સહજ કાર્ય કરતા જઈ મૂળ ધ્યેયને કદી ભૂલવું ન જોઈએ.

જપસાધના અને તેના અનુભવોની ખરી કસોટી જ સામાજિક જીવન છે. એમાં જપસાધના કઈ રીતે અને કેટલી મદદરૂપ થાય તે પણ સ્પષ્ટ અને ચોક્કસપણે સમજી લેવું રહ્યું, નહિ તો ''જીવનની કમનસીબી''નો અનુભવ આપણને થયા કરવાનો.

જપના અનુભવો સાચી રીતે કેમ જીવનમાં પ્રેરક બને, તેની ખરી કસોટી કઈ અને કર્તવ્ય કસોટીમાં કેમ પાર પડાય તે હવે સમજવાનું રહે છે.

❑

પ્રકરણ : ૮

કસોટી અને કર્તવ્ય

न मे पार्यास्ति कर्तव्यं त्रिषु लोकेषु किंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि ॥
(गी. अ. ३. श्लो. २२)

ભગવાને ગીતાજીમાં શ્લોક વડે માણસમાત્રને માટે મહાન આદેશ આપી દીધો છે. ભગવાનને કોઈ કર્તવ્ય નથી, એને કંઈ ન મળેલું મેળવવાનું નથી છતાં તે સતત કર્મમાં મંડેલો રહે છે. માણસ ગમે તેટલો આગળ વધે તોય ભગવાન જ તેનું ધ્યેય રહેશે, તે ધ્રુવ ધ્યેય છે તેથી તેને જ નજર સામે રાખીને આપણે આગળ વધતા રહેવાનું છે. ભગવાનને કંઈ કર્તવ્ય નથી એટલે કશી કસોટીની જરૂર નથી, પરંતુ માણસને કર્તવ્ય છે તેથી તેની કસોટી પણ છે.

છતાં ભગવાનની કસોટી પણ થાય છે! માણસ તેની કસોટી કરે છે! પહેલાં તો તે છે કે નહિ તેની જ કસોટીમાંથી તેને પસાર થવું પડે છે, પછી એ છે એમ લાગે અને એનો જપ કરવા લાગે ત્યારે ભક્તોને કેટલી મદદ કરી તે વડે તેની કસોટી કરે છે! ભગવાનની કસોટી થાય તો માણસની શી વિસાત?

જપ અને અનુભવોની કસોટી

માણસના આદર્શ કે મોટી વાતો કે મોટાં સાધનની કસોટી છે પ્રત્યક્ષ વ્યવહાર. માણસ આદર્શવાદી હોય પણ જીવનમાં તે આદર્શ દેખાતો ન હોય તો તેની અસર થતી નથી. એક યા બીજા રૂપે, એક યા બીજા મૂલ્યાંકનમાં પસાર થઈને પણ દરેક આદર્શ, સાધન કે સિદ્ધિએ વ્યવહારની કસોટીમાંથી પસાર થવું જ રહ્યું. માણસ જ્યારે

સમજતો થયો ત્યારથી આજ સુધી તેના દરેક પ્રયાસની કસોટી વ્યવહાર જ બનતો આવ્યો. છે. મહાપુરુષોની કસોટી પણ વ્યવહાર બન્યો છે. જ્યાં સુધી વ્યવહારમાં કશી અસર દેખાય નહિ ત્યાં સુધી તેને માનવમન માનવા તૈયાર નથી થતું. ભગવાનની કસોટી આ વિશ્વ છે અને સાચાં મૂલ્યાંકનથી ભક્ત તેના ઉપર આફરીન થાય છે. નાસ્તિક તેના અધૂરાં મૂલ્યાંકનથી તેને નપાસ કરે છે છતાં બંનેની કસોટી તો પ્રત્યક્ષ વ્યવહાર જ છે. મૂલ્યાંકન યોગ્ય હોવાં જોઈએ એ ખરું પરંતુ એ નોખો સવાલ છે. એકવાર વ્યવહારની કસોટી સ્વીકારાય એટલે મૂલ્યાંકનનાં ધારાધોરણ વગેરે તો આપોઆપ નિશ્ચિત થતાં આવવાનાં.

જપ અને તેના અનુભવોની કસોટી પણ પ્રત્યક્ષ વ્યવહાર છે. એમાંથી એ જેટલાં પાસ થાય તેટલી તેની અસરકારકતા થવાની. માનસશાસ્ત્ર પણ આ વ્યવહાર કસોટીને આધારે જ ધાર્મિક અનુભવો, સંતોના અનુભવો, દૈવી સૂક્ષ્મ અનુભવો, ધ્યાનાવસ્થાનું મૂલ્યાંકન કરે છે. **In the End it had to come to our empiricit criterion : By their furits we shall know them, not by their roots... The degree in which our experience is productive of practice shows the degree in which our experience is spiritual and divine.** **(The Varieties of Religious Experiences By W. James P. 20)**

વસ્તુની કસોટી તેના મૂળથી નહિ પણ ફળથી થાય છે. તે જ રીતે આપણા આચાર અને જીવનમાં જેવું અને જેટલું પરિવર્તન થાય છે તે ઉપર જ આપણા આધ્યાત્મિક અનુભવોની કસોટી રહેલી છે. ખૂબ સમતોલ વૈજ્ઞાનિક બુદ્ધિવાળા અધ્યાત્મમાં શ્રદ્ધાળુ એવા માનસશાસ્ત્રીનો આ મત છે. એ પણ કહે છે કે આપણા આધ્યાત્મિક અનુભવોને વ્યવહારની કસોટીમાં કસી જોવા જોઈએ.

આ દૃષ્ટિએ વિચારતાં જપના વિવિધ અનુભવોને આપણે વ્યવહારની કસોટીએ ચડાવવા જ રહેશે. જપસાધનને પણ આ કપરી કસોટીમાંથી પસાર થવું જ રહેશે. જપસાધન તો હજારો વર્ષોની કસોટીમાંથી પસાર થતું આવ્યું છે અને એણે તો પોતાની સર્વોપયોગિતા વ્યવહારમાં સિદ્ધ કરી દીધી છે તે અત્યાર સુધીનાં પ્રકરણો ઉપરથી સહેજે જોઈ સમજી શકાય છે. કસોટી તો જપાર્થીઓની, જપસાધકોની છે, તેમના અનુભવોની કરવાની રહે છે. આજનું વિજ્ઞાન કેવળ ભૌતિક સત્યો રજૂ કરે છે. ભૌતિક શોધો માણસ આગળ ધરે છતાં તે લોકપ્રિય બન્યું છે કારણ તે વ્યવહારપરાયણ છે. કેવળ ઍટમ અને ઈલેક્ટ્રિસીટીના સિદ્ધાંતો જગત આગળ તેણે રજૂ કર્યા હોત તો અધ્યાત્મશાસ્ત્ર કરતાંય તેની બૂરી દશા હોત. જગતના પયગંબરોની જગત ઉપર ચમત્કારિક અસર થવા પામી કારણ તેમણે લોકોના પ્રત્યક્ષ જીવનને સ્પર્શે અને બદલે એવી વાતો અને વિચારો મૂક્યા. અત્યારની જ વાત કરીએ તો ગાંધીજીની સત્ય અહિંસાની વાત ભારતે સાંભળી કારણ તેને તેમણે ભારતની આઝાદી સાથે સાંકળી દીધી, બાકી એમ ને એમ સત્ય અને અહિંસાના ઉપદેશ તો હજારો વર્ષોથી ધર્મોપદેશકો આપ્યે જ જતા હતા! ગાંધીજીની સત્ય અહિંસા વ્યવહારની કસોટીએ ચડી અને સમતોલમાં બરાબર ઊતરી, એટલું જ નહિ પણ તેમાં તો માણસ કાચો પડ્યો! વિનોબાની ભૂદાનની વાત, "આપો આપો"નો ભણકાર સર્વત્ર ગુંજી ઊઠ્યો છે કારણ તેને પ્રત્યક્ષ વ્યવહાર સાથે સંબંધ છે.

તેથી જપ અને જપસાધનને આ કસોટીમાંથી ફરી પસાર થવું જ રહ્યું. જપ સિદ્ધ સત્ય છે પણ તેના વૈજ્ઞાનિકો ક્યાં છે? છે તો કેટલા થોડા? પ્રચારથી એનું કામ થાય એમ નથી. પણ નિષ્ઠાવાન જપ-સાધકો વડે જ તેની સર્વોપયોગિતા સિદ્ધ થયા કરવાની. એના

ફેલાવાની વાત બાજુએ રાખતાં છતાં સાધકોને પોતાને સારુ પણ જપસાધનાને અને તેના વડે થતા અનુભવોને વ્યવહાર કસોટીએ ચડાવવા જ રહ્યા. એ વડે જ તેઓ તેનું પોતાના પૂરતું પણ ખેડાણ કરી શકશે, શ્રદ્ધા વધારી શકશે. એણે પોતાની આંખ આગળ ઉપનિષદોના જિજ્ઞાસુ શૌનકને સદા યાદ કર્યા કરવાનો છે. બધી રીતે બાહ્યતઃ સુખી છતાં અધ્યાત્મ જ્ઞાન તરફ વળેલો શૌનક એની જિજ્ઞાસાની કસોટીમાંથી પૂરેપૂરો પાસ થાય છે. એની જિજ્ઞાસા બધી બાહ્ય વ્યવહાર કસોટીમાંથી પસાર થાય છે. કોઈમાં તે લપટાતી નથી અને અધ્યાત્મને જ તે ઝંખે છે. જપસાધકની જપજિજ્ઞાસા પણ આવી સતત કસોટીમાંથી પસાર થાય તો જ તેના સાધ્ય, સાધન, સાધના અને અનુભવ સાચા પુરવાર થવાના. તો જ તેના પોતાનામાં પણ વિશ્વાસ ટકવાનો. બાકી તો ભાવનું પૂર આવ્યું અને ચાલ્યું જાય. સંતોનો સત્સંગ મળ્યો તેટલી વાર ભાવ ટકે અને વધતો પણ લાગે. એ પછી ઓટ આવે અને બધી ભાવના ક્યાંય તણાઈ જાય તેનો પત્તો પણ ન લાગે. એના પ્રત્યાઘાત પણ જન્મતા જોવામાં આવે છે અને એવા માણસ બેવડા દુન્યવી બની જાય છે. એટલે વ્યવહાર કસોટીનો સદુપયોગ કરી આગળ વધવાનો પ્રખર આશાવાદ એણે જન્માવવાનો રહે છે. જપમાં એવું પૂરેપૂરું ભાવાત્મક વલણ પડ્યું જ છે. એનો યોગ્ય ઉપયોગ કરી લેતાં આવડવું જોઈએ. વ્યવહાર કસોટીનો સ્વીકાર કરવો એ જ જપના અનુભવીઓનું પ્રથમ કર્તવ્ય છે. એ કર્તવ્ય કરવું એ એમની પ્રથમ કસોટી છે. એમાં એ પસાર થાય પછી એમના અનુભવોની કસોટી છે. અને પછી બીજાં કર્તવ્યનો તેને ખ્યાલ આવનાર છે.

એ કસોટી કઈ?

જપના અનુભવોની ખરી કિંમત તો ત્યારે જ ગણાય જ્યારે તે તેનો મૂળ હેતુ થોડો પણ પાર પાડે. આપણે ગયા પ્રકરણમાં જોયું

કે એ હેતુ અંતર્મુખતા અને ચેતનાની ક્રમિક અનુભૂતિ છે. જે વિવિધ અનુભવોનું વર્ણન જોયું તેમાં પણ આ હેતુ ઓછા વધુ અંશે પાર પડતો જોઈ શકાય છે અને એટલે અંશે એમાંના નાનામાં નાના અનુભવોની સાર્થકતા રહેલી છે. આ અનુભવો જીવનમાં સ્થાયી અસર કરી જાય તે માટે જપની લગની હોવી જોઈએ, પછી ભલે તે સમાજમાં મોટેથી બોલાય કે ન બોલાય. જપ મનમાં વસી જવો જોઈએ એટલે કે ચૈતન્યની સ્મૃતિ વારંવાર અને પછી સતત થતી રહેવી જોઈએ.

અંતર્મુખતાની સાથે જીવ ચેતનમાં સ્વાવલંબન જાગવું જોઈએ. આનો અર્થ એમ નથી કે વ્યક્તિ બાહ્ય મદદ ન લે. બાહ્ય મદદ તે લે જ, તેને માટે તે નાનાં મોટાં સૌ મદદ કરનારના ખરા હૃદયથી આભારી બને અને સાથે જ અંદર સ્વાવલંબન કેળવતો જાય. એક જ દાખલાથી તે બરાબર સ્પષ્ટ થશે. બાળક માતાના દૂધ ઉપર અને કુટુંબીજનોની સહાયથી મોટું થાય છે, પણ જેમ મોટું થાય છે તેમ તેમ સ્વાવલંબી થતું જાય છે. એ સ્વાવલંબનથી પોતે ખુશ થાય છે, વડીલો રાજી થાય છે અને તેની સાથે બાહ્ય મદદ ઓછી કરવા છતાં તે વડીલોનો વધુ ને વધુ માનભાવ રાખે છે. એ રીતે મોટું થતાં અને સ્વાવલંબી થવામાં જ તેને બાહ્ય મદદની કિંમત સમજાય છે અને તે માટે સમજપૂર્વક તે તેમનો અહેશાનમંદ બને છે. બરાબર આવી જ સ્થિતિ આધ્યાત્મિક સ્વાવલંબનમાં છે. જે જે વડીલો અને ગુરુજનોની સહાય મળે છે તેમનો તે આભાર માને છે અને સ્વાવલંબી થતાં તેમની સાથે ચેતનાની એકતા અનુભવે છે અને તેમ તેમ તેમણે કરેલા ઉપકારો માટે ઉપકાર માને છે. બાળક બાળક હોય છે ત્યારે તેને અહેશાન માનવાનું પણ ભાન નથી હોતું પણ સ્વાવલંબી થાય છે ત્યારે જ તે સમજપૂર્વક ખરો આભાર માની શકે છે તેમ આધ્યાત્મિક સ્વાવલંબનનું પણ છે. ચેતનાની અનુભૂતિ વડે જ તે સ્વાવલંબી બને છે અને તે વડે જ સહાય કરનાર

બધાનો આભાર માની શકે છે, બાકી તો લાગણી અને ભાવાવેશથી માણસ પરાવલંબન પોષ્યા કરે અને જોઈએ તેવી પ્રગતિ સાધી ન શકે. આ રીતે જોતાં આંતરિક સ્વાવલંબન એ મૌનના અનુભવોની બીજી કસોટી છે. આ કસોટી પોતે જ પોતાને લગાડી જોવાની છે અને તેમાં પોતે કેટલા સફળ થયા તે પોતે જ જોવાનું રહે છે.

અહીં એક ભેદ અને મેળ સમજી લેવા જેવો છે. સ્વાવલંબન એટલે 'સ્વ'નું એટલે પોતાનું અવલંબન. પણ સ્વ એટલે પોતાનો અહં નહિ પણ તેની પારની અહંના મૂળરૂપ ચેતના એવો અર્થ લેવાનો છે. ઘણીવાર સ્વાવલંબનને નામે અહંભાવ પોષાતો જોવામાં આવે છે. બીજી બાજુએ પરાવલંબન એટલે ગુરુજન આદિ ઉપર આધાર શરૂશરૂમાં તો લેવો જ રહ્યો. એ પરાવલંબન છેવટ સુધી પણ રહે. પણ એમાં 'પર'નો અર્થ બદલાતો જાય છે. 'પર' એટલે ગુરુજનની ચેતના અને તેમના દ્વારા પરમ ચૈતન્ય. આ રીતે આવું પરાવલંબન પણ ચેતના અવલંબનના અર્થમાં જ પરિણમે છે. આમ બંને શબ્દોના અર્થ છેવટે ચેતનાનું અવલંબન થઈ રહે છે. માણસે અહંનો આધાર છોડતાં જઈને પોતાની પ્રકૃતિ અનુસાર આંતરબાહ્ય આધાર લઈને ચેતનાનું અવલંબન લેતાં થવાનું છે. ચેતનાના અવલંબન ઉપરથી તેને ચૈતન્યની અનુભૂતિ થયે જ જવાની છે. આ રીતે બીજી કસોટી ચેતનાના અવલંબનની છે એમ કહેવું જોઈએ, પરંતુ સામાન્યતઃ 'સ્વ' પોતાના ચેતનને સારુ વપરાય છે અને તે જ પાસેમાં પાસે છે તેથી સ્વાવલંબન શબ્દ રૂઢ બન્યો છે અને તે વાજબી પણ છે જ. છેવટે તો માણસે આ વિશાળ અર્થનું સ્વાવલંબન કેળવ્યે જ છૂટકો.

પરિણામ કસોટી

આ અનુભવો તો માત્ર પોતાની આંતરિક ગતિનું દિશાસૂચન માત્ર કરે છે. એનાથી કોઈ આભાસમાં કે આવેગમાં તણાઈને પોતાના

વિશે કશું માની બેસવા જેવું નથી. એનાથી માણસને પોતાની પ્રકૃતિનો, અંતરના મનના પ્રવાહોનો, પોતાના જીવનનો અને કંઈક ચિત્તનો ખ્યાલ આવે છે. આ સૂચનો ઉપરથી પોતાની દિશા તેણે નક્કી કરવાની હોય છે અને જપ વડે તે તરફ આગળ વધ્યા કરવાનું હોય છે.

અનુભવોની ખરી અને ત્રીજી કસોટી તો પોતાનામાં ચેતના ઉપરની શ્રદ્ધા કેટલી વધી, અંદરની શાંતિ સમતા કેટલાં વધ્યાં, પ્રેમ કેટલો વિશાળ બન્યો, જીવન તરફ તટસ્થતા કેટલી પ્રગટી, દેહાધ્યાસ કેટલો ઘટ્યો વગેરે ઉપરથી થાય છે. મનની સમતા, અંતર્મુખતા, ચિત્તશાંતિ, દૃઢતા, અંતરની ઝાંખી વગેરે જપના સાતત્યથી કેટલાં વધતાં રહે છે તે જોવામાં ખરી કસોટી થાય છે. ચેતનાનો રસ જાગવો જોઈએ. આ મૂળ જીવન રસ છે. જપથી આવો શુદ્ધતમ રસ જાગે અને તે બહાર પ્રસંગો અનુસાર પ્રગટ થતો રહે તેમાં જ જપના અનુભવોની સાર્થકતા છે. આ બધા આંતરિક ગુણો એકદમ પ્રગટ થતા નથી પણ એ દિશામાં જે કંઈ થાય તેના ઉપરથી જ અનુભવોની કિંમત આંકવાની છે. આ પરિણામો વગર પોતાના અનુભવો ઉપર મુસ્તાક રહેનાર પાયાની જ ભૂલ કરે છે એમ કહેવું જોઈએ. પોતાની અંદર જે પરિવર્તન થઈ રહ્યું છે તેમાં જપ કેટલી મદદ કરે છે અને કયાં પરિણામ લાવે છે તે જ તેનું ખરું મૂલ્યાંકન છે. જપના વિવિધ અનુભવો અલબત્ત કામના છે પણ તેનાથી આ દિશામાં પરિણામો આવવાં જોઈએ.

પૂર્ણ કસોટી ચૈતન્યાનુભૂતિ

જપના અનુભવો વિવિધ છે, તેની કસોટી પણ એકથી વધુ છે. ઘણીવાર એવું બને છે કે માણસમાં અન્યના અનુભવો સાંભળીને તેનામાં અનુકરણ કરવાની વૃત્તિ જાગે છે. જીવનના કોઈપણ ક્ષેત્રમાં અનુકરણ એટલે મરણ એ નિશ્ચિત સમજવા જેવું છે. કોઈ વ્યક્તિ

કોઈનું અનુકરણ કરવા જાય તેમાં તે ખત્તા ખાવાની જ. કદાચ બાહ્ય જગતમાં અનુકરણ અમુક અંશે ચાલી જતું હશે, ચાલે છે પણ ખરું, પરંતુ આંતરિક જગતમાં અનુકરણ મરણને નોતરનારું છે. આધ્યાત્મિક માર્ગમાં આવી બાહ્ય દૃષ્ટિ છોડ્યે જ છૂટકો છે.

અંતરમાં ઊંડા ઊતરતા જઈ માણસ ચૈતન્યાનુભૂતિ કરવા માંડે ત્યારે તેને કોઈ કસોટીની જરૂર રહેતી નથી. એમાં બધી જ કસોટી આવી ગઈ. એ પૂર્ણ કસોટી છે. એમાં અનુકરણને સ્થાન નથી કે નથી કંઈ ભયને સ્થાન. આ પૂર્ણ કસોટી વાપરતાં આવડી ગઈ એટલે બેડો પાર સમજવો.

ચૈતન્યાનુભૂતિ થઈ કે થાય છે તે જાણવું કઈ રીતે? જપના રહસ્યમાં બતાવ્યું છે તેમ જપસાધકને શરીરાદિથી ચેતનાની અલગતા અનુભવમાં આવે છે, તેની સાથે વૃત્તિ અંદર વળતી થઈ અંદર સંતોષાવા લાગી છે અને ક્રમેક્રમે તાટસ્થ્ય અને તાદાત્મ્ય ભાવ એકસાથે અનુભવાતા જાય છે. અનંતતાની ઝાંખી રહે છે. પ્રયત્ન સહજ બને છે. પ્રેમ ઊભરાતો લાગે છે અને આંતરબાહ્ય ચૈતન્ય જ વિલસી રહ્યું છે એવી અનુભૂતિ થયા કરે છે. આ બધી પ્રતીતિ એક સાથે થાય કે તે સ્થિર થાય એમ એકદમ બનતું નથી પણ અવારનવાર આવી અનુભૂતિ થયે જતાં તેમાં ધીમે ધીમે સ્થિતિ પણ આવે છે. એ માટેનો સતત પ્રયત્ન હોવો જોઈએ. એ પ્રયત્ન તે સતત જપ.

આમ થવા લાગે ત્યાં તેને અનુકરણ ફિક્કું લાગે છે અને સ્વધર્મની સૂઝ પડવા લાગે છે. એક બાજુ ચૈતન્યાનુભૂતિ અને બીજી બાજુ પોતાનો સ્વ ધર્મ માણસને સમજાય એટલે એ અધ્યાત્મના રાજમાર્ગ ઉપર પહોંચી ગયો એમ કહેવાય. આ ચૈતન્યાનુભૂતિ જ એને પોતાનો સ્વધર્મ સુઝાડે છે, સહજ રીતે તેમાં પ્રેરે છે અને તે મુજબ એ કામ કરતો થાય છે, વર્તતો રહે છે અને વ્યવહાર કરતો રહે છે.

ચૈતન્યાનુભૂતિ થવા લાગે તેમ તેમ માણસને અંદરના અને

બહારના ભેદ રહેતા જ નથી. એને બધેય ચૈતન્ય જ વિલસતું દેખાય છે. છતાં વ્યક્તિત્વ છે એટલે સ્વધર્મ પણ છે અને જ્યાં સ્વધર્મ છે ત્યાં કર્તવ્ય પણ છે. આ રીતે ચેતના ચૈતન્યની અનુભૂતિ માણસના અનુભવોની ઉત્તમ કસોટી બને અને સાથે તેમાંથી કર્તવ્ય પણ જન્મે છે. આમ કસોટીમાંથી કર્તવ્યનો જન્મ થાય છે. આવી સમજ મુજબનું કર્તવ્ય જ ખરું કર્તવ્ય બને છે.

કર્તવ્યની પ્રેરણા

જપ, જપના અનુભવો અને તેમની કસોટી માણસના તેના સાચા કર્તવ્ય તરફ દોરી જાય છે. સ્વધર્મનું સાચું જ્ઞાન પણ જપ વડે જ થતું જાય છે. દુનિયામાં કર્તવ્યને નામે માણસ ઘણીવાર જંજાળમાં ફસાતો જાય છે! જપથી જાગતી ચેતના વડે તેને કર્તવ્યનું સાચું ભાન થાય છે. એવું કર્તવ્ય સંકુચિત કે કુટુંબ પૂરતું નથી બની રહેતું, તે વ્યાપક બને છે. જેમ જેમ તેની ચેતનાનુભૂતિ વધતી જાય છે તેમ તેમ તેનો સ્વધર્મ સહજ રીતે પળાતો જાય છે. એમાં આયાસ કે ફરજિયાતપણું નથી હોતાં. એ તો અંતરમાંથી સહજ પ્રગટે છે. સ્વધર્મ સ્વમાંથી જાગનારો ધર્મ છે તેથી તેમાં બાહ્ય દબાણ કે જવાબદારીનું જોર નથી હોતું. એ તો સ્વયંભૂ કર્તવ્ય છે.

અંતરમાંથી આવતી આ પ્રેરણા તેને કર્મમાં સહેજે યોજે છે. કર્મ કયું? ક્યાં શોધવા જવું? જપાર્થીને કર્મ શોધવા જવાનું છે જ નહિ. સાધકને તો જ્યાં ને ત્યાં કર્મ આમંત્રતું જ હોય છે. વિવેક વાપરીને તેણે સ્વધર્મમાં સમાતા કર્મને અર્થે લાગી જવાનું છે. એવાં કર્મ બાહ્ય માગ પ્રમાણે જ થાય. ઘણીવાર તે બાહ્ય કરતાં સૂક્ષ્મ પણ વધુ હોવાનો સંભવ છે.

ચારે બાજુ જગતમાં દુઃખ, નિરાશા, અજ્ઞાન, કૂડકપટ અને છલ ફેલાયેલાં છે ત્યાં તેણે કર્તવ્ય શોધવા જવું પડે એમ છે જ ક્યાં? અંદરની જાગૃતિ અને અંદરની આંતરબાહ્ય એકતાની અનુભૂતિ

તેને સહેજે આવી પડેલાં કર્મ તરફ દોરી જાય છે. અંતરની ચેતના તેને આંતરબાહ્ય એકતાનો અનુભવ કરાવે છે. જ્યાં દુઃખ છે ત્યાં તેનું ચિત્ત જાય જ. બીજાનું દુઃખ પોતાનું જ છે. અને તેથી અંતરના પ્રખર આશાવાદ અને ચૈતન્યની શક્તિ વડે તે કર્મમાં પરોવાય છે અને કંઈ કરતો ન હોય તેમ તે સ્વકર્મ કરે જાય છે. આવું સ્વકર્મ દેખાવો કરનારું ન જ હોય અને ખૂબ શાંત હોય.

આવા સહજ કર્મમાં જોડાવા તેને અંતરઆત્મા પ્રેરે છે. ચૈતન્યની શક્તિ તેની મારફત વહે છે. ચૈતન્ય એકત્વ છે તો પ્રેમ પણ એકત્વરૂપ છે તેથી ચૈતન્યને વ્યક્ત સ્વરૂપમાં પ્રેમસ્વરૂપ કહ્યું છે. આ દિવ્યપ્રેમ જગતની નિરાશા, દુઃખ અને અજ્ઞાન તરફ સહેજે વહે, અને તે ઓછાં કરવામાં જપસાધક નિમિત્ત બને. વિલિયમ જેમ્સ પણ આવી કર્તવ્યભાવના અંગે પોતાના પુસ્તકમાં ટાંચણ આપે છે, **'Nothing but boundless divine love, exuberance and vitality constantly poured in, even though unconsciously to us, could in some degree neautralize such an ocean of morbidity.'** **(the V. of R. ex. p. 99)** ચૈતન્યની શક્તિ આપણી અજાણતામાં પણ આપણી દ્વારા વહે અને જગતના દુઃખી માનસને દૂર કરવા કામે લાગે છે. આની આપણને ખબર પણ ન પડે એવું બને છે. આમ અધ્યાત્મ કર્મ શાંત, સહજ અને સૂક્ષ્મ હોય છે.

આ બધાનું કારણ એક જ છે. ચૈતન્ય પ્રેમ સ્વયં છે, રસ સ્વયં છે. रसो वै सः । જપસાધકને ચૈતન્યના અનંતત્વ સાથે તેના અનંત પ્રેમ અને રસના પણ અનુભવ થાય છે અને તે તેને જગતમાં વહેવરાવવા પ્રેરે છે. પ્રેમ લેવાનો નથી આપવાનો છે. તેથી સહેજે જપસાધક જગતમાં પ્રેમ અને રસના વહનનું સાધન બને છે.

સર્વને આવરનાર ચેતના

ચેતના પ્રગટે ત્યાં પ્રેમ હોય, રસ હોય, પણ ચેતનામાં એટલાં પૂરતાં નથી. એ પ્રેમ અને રસ તો જ્યાં ત્યાં સર્વને આવરી લેનારો છે. ક્રોધ, વેર, દ્વેષાદિ આક્રમક છે અને જગતમાં ત્રાસ પેદા કરે છે, દુઃખાદિ સર્જે છે તો ચેતનામાં પ્રેમ અને રસ સર્વને આવરી લેનારાં છે.

જગતને આજે આ ચેતનાની સર્વને આવરી લેનારી સવારીની જ જરૂર છે. એટમ શક્તિ આજે જગતને બિવડાવી રહી છે, રાગદ્વેષ, પક્ષાપક્ષી વગેરે અચેતનનાં બળોએ જગતને ઊંડી ખીણની કોર ઉપર લાવીને મૂકી દીધું છે. આવી કટોકટીમાંથી કોઈ તારે એમ હોય તો એક ચેતનાની સર્વને આવરી લેનારી શાંતિ, પ્રેમ અને દિવ્ય રસની ભરતી જ છે. આ કામ વ્યક્તિઓ દ્વારા જ થનારું છે, સમજદાર દેશના લોકો દ્વારા થવાનું છે. ભારત યથાશક્તિ પોતાની સૂઝ પ્રમાણે આ કામ કરે જાય છે પણ એટલું પૂરતું નથી. વિજ્ઞાનની ભૌતિક શોધો કૂદકે અને ભૂસકે આગળ વધે છે તેને અંકુશમાં રાખવા અને તેનો સદુપયોગ કરવા ચેતનાનું પ્રગટીકરણ અત્યંત આવશ્યક બન્યું છે. ચેતનાવિકાસનું ઝડપી સાધન જપ છે. પણ જપ વડે માણસ એકાંતવાસી બનવાને બદલે આજે જે વ્યાપક કર્તવ્ય તેની સામે ખડું થયું છે તેમાં પૂરી સમજપૂર્વક ઝંપલાવે, તેને લાયક બને અને ચેતનાના અવતરણ અને પ્રગટીકરણનું વહન બને.

અગાઉ સંતોએ પોતાની કામગીરી સહજ કેમ બજાવી તે આપણે જોયું. આજના જમાનામાં ચેતનાએ એક રીતે શાંત અને છતાં 'આક્રમણકારી' રીતે પ્રગટ થવાનો પ્રસંગ આવ્યો છે. ગાંધીજીમાં ચેતનાએ આક્રમણકારી રૂપ ધારણ કર્યું ખરું અને સંતનો સત્ય અને અહિંસાનો માર્ગ વ્યવહારનું અને સક્રિય લડતનું સાધન બન્યો. બુદ્ધ ભગવાને અહિંસાને એટલી વિકસાવી કે તેના પ્રેમસંદેશના આક્રમણથી

બૌદ્ધ ધર્મ અનેક દેશોમાં ફેલાયો. આક્રમણ ખરાબ જ છે એ વિચાર ભૂલી જવો જોઈએ. સારી વસ્તુ અને શક્તિનું પણ આક્રમણ હોઈ શકે—એનો હેતુ અને રીતો સારાં હોય એટલે આ આક્રમણ ઉત્તમ ગણાય, આવકાર્ય ગણાય. માતાનો ઉમળકો બાળકોને કેટલાં ચુંબનોથી નવરાવી દે છે અને તેમાં પ્રેમનું કેવું આક્રમણ છે! સંતને ચૈતન્યાનુભૂતિ એકાએક થાય છે ત્યારે ચેતનાનું આક્રમણ કેટલું જબરું હોય છે કે તે બાહ્ય ભાન પણ ભૂલી જાય છે! આમ ચેતનાનું શાંત આક્રમણ હોય છે. અને તે આજને સમયે વ્યાપક રીતે અત્યંત જરૂરી થઈ પડ્યું છે; તો જ જગતમાં શાંતિ થાય.

અકર્મણ્યતાનો સંતો ઉપર આક્ષેપ છે તેનો રદિયો તો આપણે આપી ગયા, પરંતુ આજની ક્ષણે તો સાધકોની ચેતના એટલી સહજ આક્રમણકારી બને કે આ આક્ષેપને સ્થાન જ ના રહે. જગતના ઝંઝાવાતમાં પણ સાધકની શાંતિ ટકી રહે, તેમાં તે સક્રિય કામ કરી પરિવર્તનકારી બને ત્યારે આજની કટોકટી હંમેશને માટે નિવારી શકાશે. શાંતિના આજના પ્રયાસો સારા છે પણ તે ચેતનાના આવા સર્વેને આવરી લેનારા પ્રયાસ સિવાય તે કાયમી બને એમ નથી. જપસાધક કેવળ આંતરિક શાંતિ, શુદ્ધિ આદિ કરે તે તો જરૂરી છે જ પણ અનાસક્ત ભાવે તેનો પડઘો બહાર પાડવાને પણ સહજ કોશિશ કરે એ જરૂરી છે. ચેતનામાં સ્થિતિ થવા લાગે એટલે અંદર અને બહાર એવા ભેદ રહેતા નથી એટલે જ્યાં જ્યાં સ્વાભાવિકપણે ચેતનાની અસર થઈ શકતી હોય ત્યાં તે કરવી જ રહી. આ ખરું કર્તવ્ય છે, સર્વ સામાન્ય કર્તવ્ય છે, કાળધર્મ છે. એમાં પોતાની શક્તિ, ગતિ, પ્રગતિ અને સૂઝ પ્રમાણે માણસે સ્વધર્મ પાળવાનો રહ્યો. બધાએ જ જગતના પ્રવાહોમાં પડીને તેમાં શુદ્ધિ વૃદ્ધિ કરવાનાં હોતાં નથી. એમ બને પણ નહિ પણ સંજોગો અનુસાર આ કાળધર્મ અનુસાર યથાશક્ય કરવું એ દરેકનાં કર્તવ્યમાં સમાય એવું છે.

અણુથી અનંતનો ખ્યાલ

માણસની ચેતના જેમ જેમ જાગતી જાય છે તેમ તેમ તેની કર્તવ્ય-બુદ્ધિમાં ઝીણવટ અને વિશાળતા બંને એક સાથે દાખલ થતાં જાય છે અને ક્રમેક્રમે એનામાં એવું કર્તવ્યભાન જાગે છે કે તેને અણુથી માંડી અનંત સુધીનો ખ્યાલ એક સાથે રહે છે. ચેતનાની સર્વ વ્યાપકતાને લીધે આવી સૂઝ સાધકમાં પ્રગટે એ સહજ છે. એ પ્રગટવી જ જોઈએ. એને સમાજનાં બધાં અંગો વિશે ખ્યાલ રહે, તેમાં ચાલતા પ્રવાહોને સમજે અને તે કઈ દિશા તરફ વહી રહ્યા છે, કેમ વહેવા જોઈએ તેનું પણ જ્ઞાનભાન હોય. જીવનની સમગ્ર દૃષ્ટિ પામવાના પ્રયત્નથી તેનામાં આવી સર્વક્ષેત્રને સમજવાની અને તેમાં યથાશક્ય વિચાર માત્રથી પણ કર્મ કરવાની શક્તિ જન્મવી જોઈએ. ભૂતકાળની સમજ સાથે તેનામાં વર્તમાનને પણ સમજવાની પૂરી શક્તિ હોવી જોઈએ અને ભાવિ તરફ નજર નાખતાં પણ આવડવી જોઈએ. પોતાના કુટુંબથી માંડી, ગામ, દેશ અને દુનિયા સુધી એની નજર પહોંચતી થવી જોઈએ. ચેતનાની કેંદ્રિત અને વ્યાપક શક્તિને પરિણામે તેનામાં આવી વ્યાપક જાગૃતિ આવે એ સહજ છે અને ન હોય તો તે માટે એણે કોશિશ કરવી રહી. દરેક ક્ષેત્રમાં કે વિષયમાં તે કંઈ કરી નાખી શકે છે એવું નથી પણ દરેકમાં સદ્‌વિચારને પ્રેરણા તો જરૂર આપી શકે છે. વિચાર જ પ્રધાનબળ છે એટલે તેને વેગ આપવો તેનું કર્તવ્ય બને છે.

વ્યવહારમાં ચેતના

ચેતના ચૈતન્યનું ઉત્તમ પ્રગટીકરણ વિચાર અને ભાવનામાં થાય છે. ઉત્તમ વિચાર અને શુભ ભાવના માણસ અને સમાજના વ્યવહારમાં ઊતર્યા વિના રહેતાં જ નથી. માણસના વ્યવહારનાં ત્રણ ચાર મોટાં અને મુખ્ય ક્ષેત્રો છે : (૧) માનવ માનવના સંબંધ (૨) રાજકારણ (૩) અર્થકારણ (૪) સમાજકારણ. આ બધાંય

ક્ષેત્રોને આવરી લેનાર કોઈની કોઈ વિચારસરણી કે વાદ હોય છે. પણ વાદ હોય ત્યાં અન્ય વાદ જન્મે છે અને તેમાંથી વાદાવાદ પેદા થાય છે. એટલે જ્યાં ચેતના કામ કરે ત્યાં તો સર્વ સમન્વયકારી વલણ જ પેદા થાય, તેમાંથી એવું સમન્વયકારી વિચાર દર્શન પેદા થાય કે જેમાં દરેકના શુભ અંશોનો સમાવેશ હોય, સંયોજન હોય અને તેમાં સહજ એકતા પણ હોય. જપ જેમ માણસની અંદર વૃત્તિઓને શુદ્ધિ કરી તેનું સંયોજન કરે છે અને તેને ચેતનામાં વાળે અને સ્થાપે છે તેમ જપથી પેદા થતી ચેતનાશક્તિએ વ્યવહારનાં ક્ષેત્રોમાં એવો સમન્વય ભિન્ન ભિન્ન મત, વિચાર અને વાદમાં જન્માવવાનો છે. તો જ વિશ્વરૂપી આ ચૈતન્યશરીરમાં ચૈતન્યની સ્થાપના તેના અંગપ્રત્યંગ અને અણુઅણુમાં થઈ શકે.

એવી વિચારસરણી આજે કઈ દેખાય છે જેમાં આવું સર્વ સમન્વયકારી વલણ હોય. ગાંધીજીએ સર્વોદયનો વિચાર આપીને જગતની જબરી સેવા કરી છે. સર્વનો સર્વ રીતે ઉદય તે સર્વોદય. તેથી જપસાધક આ વિચારને સમજપૂર્વક અપનાવી શકે અને તેને ટેકો આપી તેનો વિસ્તાર કરી શકે છે. ચેતનામાં જેમ સર્વોદય છે, માણસની સર્વ શક્તિનો તેમાં અને તેના વડે ઉદય છે તેમ ચેતનાશક્તિ વડે જગતના વ્યવહારમાં સર્વોદય કરવો અને કરાવવો અને તે અંગેના વિચાર પ્રબળ કરવા તે પ્રત્યક્ષ વ્યવહારજપ કર્યા જેવું થાય.

પાયાના આ સર્વોદય વિચારને અપનાવ્યા પછી માનવ માનવ સંબંધ સર્વોદયી ભાવના અને સમન્વયી રીતે વધતા રહે તેવા પ્રયાસ કરવાના રહે છે. રાજકારણમાં અહિંસક લોકશાહી રાજ્ય ચલાવવાની ઉત્તમ રીત છે એમ હવે જગતનો મોટો ભાગ સ્વીકારતું થયું છે. આવી લોકશાહીમાં વ્યક્તિમાત્રની ચેતનાને ભાગ લેવાનો અવકાશ છે, તે અહિંસક હોવી જોઈએ કારણ અહિંસા વડે જ ભિન્ન ભિન્ન

મતોનો સમન્વય થઈ શકે અને લોકશાહી ચાલી શકે. અર્થકારણમાં સમાનતાનો વિચાર અને સામ્યયોગની નીતિ કામની છે કારણ તેમાં ચેતનાને પ્રગટ થવાનો સરખો અવકાશ છે. તે જ રીતે સમાજ-કારણમાં સંસ્કારી કુટુંબભાવના તેનો મહા સિદ્ધાંત બનવો જોઈએ.

ચેતનાની કાર્યપદ્ધતિ

જપથી ચેતના જાગ્રત થતી જાય તેમ તેમ માણસ તેને અંગત જીવનમાં અને સામાજિક વ્યવહારમાં લાવતો જાય. જુદાં જુદાં ક્ષેત્રે તે સક્રિયપણે નહિ તો વિચારશક્તિનાં આંદોલનથી તે કેમ મદદરૂપ અને કેવા વિચારોને મદદરૂપ થાય એ પણ સમજાય એવું છે. સર્વોદયી ભાવના ચેતનાનું જ વ્યવહારુ સ્વરૂપ છે અને અહિંસક લોકશાહી સામ્યયોગ, સામાજિક કુટુંબભાવના વગેરે પણ તેનાં જ ભિન્ન ભિન્ન પ્રત્યક્ષ અને સક્રિય આ ચાર સ્વરૂપો છે તે પણ સમજાય એવું છે, પરંતુ ચેતનાની કાર્યપદ્ધતિ કઈ? તે કઈ રીતે વ્યવહારમાં કામ કરે છે.

વિચાર દ્વારા કામ કરવાની શક્તિ સૂક્ષ્મ ગણાય છતાં ચેતના તો એથી પણ સૂક્ષ્મ રીતે કામ કરે છે. તે માણસોના ચેતન સાથે સીધો સંબંધ બાંધીને કામ કરે છે. ચેતના ચેતન સાથે તરત એક થઈ શકે છે કારણ બંને એક જ છે. દેહદીવાલને લીધે જ ભિન્નતા લાગે છે એટલું જ.

આ સિવાય એની બે રીત પણ છે તે સમજવા યોગ્ય છે. એક વ્યક્તિગત સંપર્કની અને બીજી સામાજિક ક્ષેત્રે ચેતનાનું શાસન આણવાની છે. બંને રીતો અનુક્રમે સમજીએ.

વ્યક્તિને ચેતનાનું જ્ઞાનભાન કરાવવું હોય ત્યારે એ વ્યક્તિનો પ્રથમ ઊંડો અને નિકટનો પરિચય સાધવો જોઈએ. એવા પરિચય વડે તેના મનનાં વલણો સમજવાં જોઈએ. દરેક વ્યક્તિને કંઈક ને કંઈક અનંત તત્ત્વનો શોખ હોય છે જ, પછી તે કુદરત હો કે સાગર

કે આકાશ કે ગમે તે એકાદ અનંતત્વનો તે શોખીન હોય છે. વળી તેને એકાદ એવા વિષયનો પણ શોખ હોય છે જેમાં તે નિરાંત અનુભવે અને જ્ઞાનતંતુઓને હળવાં કરી શકે. આ બે બાબતો એના સ્વભાવના નિકટ પરિચયથી જાણી એ બંનેને એકસાથે ભેગી કરી તેમાં તેને જે આનંદ થાય તે જુઓ. ધારો કે કોઈ માણસને આકાશનો શોખ છે અને બીજું તેને આરામથી પડ્યા પડ્યા વિચારવાનું ગમે છે. એની બાબતમાં આ બે બાબતો ભેગી કરી તેને આકાશના અનંતત્વ વિશે પડ્યા પડ્યા વિચારવાની તક આપો. એને ખૂબ આનંદ પડશે. એમાંથી એની આંતરચેતના ધીમે ધીમે જાગ્રત બનવા માંડશે. કવિઓ અને ફિલસૂફોનું ચિંતન આ પ્રકારનું હોય છે એમના જીવન ઉપરથી સહેજે જોઈ શકાય છે. વ્યક્તિના જીવનમાંથી આ બે શોખ શોધવા અને તેને એક કરી આપવા સહેલા નથી, પરંતુ તે ચેતનાનો ખરો માર્ગ છે એમાં શંકા જ નથી. માણસને અંતરમાં ઊતરતો કરવાનો પ્રમાણમાં આ સહેલો માર્ગ છે, અનુભવમાંથી પસાર થયેલ આ માર્ગ છે.

સામાજિક વ્યવહારમાં ચેતનાની કાર્યપદ્ધતિ જુદી રીતે યોજવાની રહે છે. સામાન્ય રીતે સમાજમાં અને લગભગ દરેક વ્યવહારક્ષેત્રમાં વધતી ઓછી કે હળવી કે સખત રીતે સામ, દામ, દંડ અને ભેદની નીતિનો ઉપયોગ થાય છે. આ વ્યવહારનીતિ અસરકારક નીવડે છે તેથી ચાણક્યે તેને આ ચાર શબ્દોમાં પ્રત્યક્ષ કરી તે પહેલાંથી આ દેશમાં જ નહિ પણ દુનિયાભરમાં એ નીતિ જ વ્યવહારનીતિ બની છે. પયગંબરોએ, સંતોએ અને ધર્મપુરુષોએ તેમાં પલટો-સૂલટો લાવવાના પ્રયાસ કર્યા પણ થોડા ઘણા કામયાબ થયા છે. ગાંધીજીએ તાજેતરમાં આવો જ મહાપ્રયાસ કર્યો અને રાજકારણ જેવા મેલી રમતના ક્ષેત્રમાં પણ તેમણે ધાર્મિક સત્ય નીતિરીતિ દાખલ કર્યાં પણ ખરાં. એ પચી ગયાં છે એવું નથી પણ ધાર્મિક નીતિરીતિ પણ

કામયાબ થઈ શકે છે અને તે પણ આવડા મોટા દેશના રાજકારણમાં અને તે પણ ગુલામી દશામાં દેશ હતો ત્યારે! આ વાત જ ધાર્મિક નીતિરીતિની મહાન ફતેહ છે. ચેતનાની સામાજિક કાર્યપદ્ધતિ અને ધર્મનીતિરીતિના હાર્દમાં જાય છે અને સામ, દામ, દંડ અને ભેદની નીતિનો અર્થપલટો કરી તેમાં આધ્યાત્મિક અર્થ ભરી દે છે. સામ એટલે સમજૂતી. એમાં તો બેમત છે જ નહિ. જ્યાં સુધી સમજાવીને કામ થાય ત્યાં સુધી તો ઉત્તમ એમ તો પહેલેથી જ બધે મનાતું હોય છે. ચેતનાની પદ્ધતિથી સમજાવવાની રીતે પૂર્ણ નિષ્ઠાભરી, સત્યમય, સર્વ હિતકારી અને પ્રેમથી ભરપૂર હોય. એનાથી કામ ઘણું પતી જાય. સામથી કામ ન થાય તો સામાન્ય રીતે દામ એટલે પૈસાનો ઉપયોગ, લાલચ વગેરે કામમાં લેવામાં આવે છે. ચેતનાની પદ્ધતિ માણસનું ખરું ધન ચેતન ગણે છે, તેનું ખરું દામ આત્મહિત છે તે અર્થ બતાવવા પ્રયત્ન કરે છે અને તેના હિતનું દર્શન કરાવીને તેને મનાવવા તે પ્રયત્ન કરે છે.

દામથી કામ ન પતે તો સામાન્ય રીતે દંડનો આશરો જ લેવાનો હોય છે! દંડ અનેક પ્રકારે ઉપયોગમાં આવે છે. ચેતનાની પદ્ધતિમાં અનિષ્ટનાં દુષ્ટ પરિણામોના ભયનું દર્શન સામાજિક શિસ્તનાં પગલાં, સત્યાગ્રહી પગલાં લેવાનાં હોય છે. પણ સૌથી વધુ તો કુદરતી કાનૂનભંગની મળતી સજા ઉપર જ તે ભરોસો રાખે છે પણ તેની સજા તરીકે ઇચ્છા કરવામાં નથી આવતી પણ 'સબકો સન્મતિ દે ભગવાન' જેવી પ્રાર્થના શક્તિથી તે કામ કરે છે.

છેલ્લે, ભેદ આવે છે. ફાટફૂટ પડાવી, અલગ કરી, એકલો પાડી સામાને ઠેકાણે કરવો એ નીતિ સામાન્ય છે. ચેતનાની રીતિમાં ભેદ એટલે ઉપેક્ષા એવો થાય છે. સામાને અને તેના અનિષ્ટને અસહકારથી અલગ કરી દેવું જેથી અનિષ્ટ આપોઆપ સુકાઈ જાય કારણ અનિષ્ટ એકલું ટકી શકતું જ નથી. અનિષ્ટને સત્યનો આશરો

જોઈએ. તેથી ઉપેક્ષા અને અસહકારથી સામાના અનિષ્ટને અલગ કરવાથી તે ચીમળાઈ જવાનું. અનિષ્ટ જતાં સામામાં સત્ય પ્રગટે છે અને આ રીતે ચેતનાની પદ્ધતિ પોતાનો વ્યવહાર કરાવે છે.

ટૂંકમાં ચેતનાથી કાર્યપદ્ધતિ સામનો અર્થ સૂઝ કે આત્મસૂઝ, દામનો હિત અને આત્મહિત, દંડનો ઈશ્વરીશાસન અને ભેદનો અર્થ અનિષ્ટની ઉપેક્ષા અને અસહકાર એવો કરે છે. આ પદ્ધતિ કંઈ નવી વાત નથી. સંતોના જીવનમાં તે વપરાતી આવી છે. ભારતે તે સ્વરાજની લડતમાં અમુક અંશે વાપરી અને આજે એ જ સ્વતંત્ર ભારત દુનિયાના ગંદા રાજકારણમાં શક્તિ મુજબ કંઈક સફળતાથી તે વાપરી રહ્યું છે. વિનોબાજી આ પદ્ધતિ ભૂદાન પ્રવૃત્તિમાં વાપરીને દેશની નૈતિક અને આધ્યાત્મિક તાકાત વધારી રહ્યાં છે. ચેતનાની આ કાર્યપદ્ધતિ છે અને તેના વિકાસનો ખૂબ જ અવકાશ છે. સાચા જપસાધકો પોતાના નાનકડા ક્ષેત્રમાં પણ આ પદ્ધતિનાં નાનાંમોટાં સંશોધન કરી શકે છે. એ માટેની ખરી દૃષ્ટિ જોઈએ.

ચેતના જ સંગઠન છે

આ કલિયુગમાં વ્યવહારનાં કામોમાં સંગઠનનું બહુ મહત્ત્વ ગવાયું છે અને સંગઠન શક્તિ વડે કામ કરવાની રીત સામાન્ય થઈ ગઈ છે. મજૂરોથી માંડી શિક્ષક જેવા વિદ્યાવ્યાસંગી વર્ગ પણ સંગઠનની શક્તિનો આશરો લેતો થયો છે. આમ થાય એ સહજ છે કારણ કલિયુગમાં સંઘશક્તિ જ બલવાન શક્તિ છે.

ચેતનાની કાર્યરીતિમાં પણ સંગઠન છે જ. ચેતના સંગઠન સ્વયં છે. જડત્વમાંથી વિકાસ થતો થતો ચેતનાનો વિકાસક્રમ વધતો ગયો, ચેતનાનું પ્રગટીકરણ વધતું ગયું અને કુદરતમાં મનાદિ શક્તિઓ પ્રગટી, પરંતુ આ અનેકવિધ જીવોની અંદર તેમની શક્તિઓનું સંગઠન કરનાર ચેતના પોતે જ છે. ચેતના વડે જ તે ટકે છે. ચેતનામાં તે બધી શક્તિનું સંગઠન સધાઈ રહે છે. માનવ

સમાજ પણ એક સંગઠન જ છે! તે સંગઠન તેમની સર્વ સાધારણ ચેતનાને લીધે જ છે. એટલે સંગઠનોનું સાચું સંગઠન કરવાનું હોય તો ચેતનાના મૂળભૂત પાયા ઉપર કરવું રહે છે. માનવ ચેતનાનું મૂલ્ય એકવાર અંકાતું થાય એટલે માનવસમાજ એક કુટુંબ બનતાં વાર નથી લાગવાની. આજે તો પૈસાની કિંમત છે એટલી માનવ ચેતનની નથી. આવી જ્યાં વિપરીત દશા છે ત્યાં ચેતનાની સંગઠનકારી શક્તિનું ભાન થાય જ કેમ? છતાં આનંદની વાત છે કે વિશ્વયુદ્ધના હિમાયતીઓ પણ હવે ઍટમથી ડરીને માનવ-આતમની કિંમત કંઈક કરવા લાગ્યા છે. માનવચેતનની કદર કરતાં તેની સંગઠન શક્તિનો પરચો માણસને તરત જ મળવાનો છે. એમ થતાં દુનિયાનાં સંગઠનો માત્ર ચેતના ચૈતન્યનાં સર્વ વ્યાપી અને સર્વ એકતાકારી સંગઠનમાં સહેજે સમાઈ રહેવાનાં છે.

બધું ચૈતન્ય જ ચૈતન્ય

જપસાધક કદાચ એમ કહે કે તેને સામાજિક વ્યવહાર સાથે શું નિસ્બત? એમ કહે તેને હવે ચાલે તેમ નથી. તે ખાય છે, પીવે છે, સૂવે છે, ઓઢે છે, પહેરે છે, ચીજવસ્તુ વાપરે છે તે બધું સમાજમાંથી આવે છે. સમાજ સાથે આવો સંપર્ક તો તેને મૌનરૂમમાં પણ આડકતરી રીતે છે જ. તેથી નકારવાચક કે અભાવાત્મક વલણ લેવાને બદલે વેદાંતે પોકારી પોકારીને કહ્યું તે સનાતન સત્ય જપસાધનાથી હૃદયમાં કેમ સ્થાપિત કરવું જોઈએ કે બધું ચૈતન્યમય છે, બ્રહ્મમય છે. ખાવું, પીવું, ઓઢવું, બેસવું, ઊઠવું બધું જ ચૈતન્યમય છે. અંદર અને બહાર બધું ચૈતન્ય ચૈતન્ય જ છે. કરનાર પણ ચૈતન્ય અને કૃતિ પણ ચૈતન્ય અને તે ભોગવનાર પણ ચૈતન્ય.

અહીં પેલી જાણીતી વાર્તાનું પાત્ર યાદ આવે છે. એક રાજાને સોનાનો બહુ જ શોખ. નસીબે કે કમનસીબે તેને વરદાન મળી ગયું કે જેને તે અડે તે સોનું બની જાય. તેવું જપસાધકનું બનવું જોઈએ.

એને જપસાધનાથી એવી સિદ્ધિ મળે કે ભગવાનનું વરદાન મળે કે બધે તે ચૈતન્ય જ ચૈતન્ય જુએ. પેલા રાજાને તો તરત જ પસ્તાવાનું થયું હતું કારણ તેની છોકરીને અડતાં તે સોનું બની ગઈ, એટલે કુટુંબથી પરવાર્યો અને ભોજનને અડતાં સોનું થઈ ગયું જાનથી પણ પરવાર્યો! જપસાધકને ચૈતન્ય મળી જાય તો તે જાનથી પરવારે પણ તેમાં તેનો આનંદ અનહદ હોય. પોતે પરવારવા અને મટવા તો તે મથે છે. ચૈતન્યમય થયા પછી એને જોઈએ પણ શું? ખાવું, પીવું, ઓઢવું, બેસવું, ઊઠવું બધું ચૈતન્યમય. પોતે ચૈતન્યમય અને સમાજ પણ ચૈતન્ય. કર્તા પણ ચૈતન્ય અને તેની વિશ્વકૃતિ પણ ચૈતન્ય. આવી સહજ સમાધની સ્થિતિ થાય પછી તો એને સદેહે મુક્તિ મળી જાય.

આ સ્થિતિની યાદ કરાવતી કબીરની સંતવાણી યાદ કરીને જપસાધકને તેનો ધ્રુવતારો મળે છે. આ રહી તે અમર ચૈતન્ય વાણી :

સાધો સહજ સમાધ ભલી ।
ગુરુ પ્રતાપ જા દિનસે જાગી,
દિન દિન અધિક ચલી ॥
ઉઠત બૈઠત કબહુ ન છૂટે,
ઐસી તારી લાગી ॥
કહ કબીર યહ ઉનમુનિ રહની,
સો પરગટ કરિ ગાઈ ॥
દુઃખ સુખસે કોઈ પરે પરમપદ,
તેહી પદ રહા સમાઈ ॥

એ ચૈતન્ય પદમાં બધાંએ સમાઈ રહેવાનું છે.

❑

પ્રકરણ : ૯

પુરવણી

આ ગ્રંથની 'બીજી આવૃત્તિની ભૂમિકા'માં જણાવ્યું તેમ આ પુસ્તક પ્રથમ લગભગ છત્રીસ વર્ષ પહેલાં લખાયું અને તે પછી ઈશ્વરકૃપાથી સાધના આગળ વધતી જ રહી અને અનેક સંતોનો સંપર્ક પણ સહેજે થવા પામ્યો. તેથી જપસાધના અંગે મહત્ત્વની કેટલીક બાબતોનો ઉમેરો કરવો પડે તે જરૂરી બને છે અને તેથી જ આ 'પુરવણી'નું પ્રકરણ લખાયું છે.

સાધનામાં ગુરુનું સ્થાન

આપણા ભારતીય સમાજમાં ગુરુને મહત્ત્વનું સ્થાન અપાયું છે અને સામાન્ય રીતે એમ પણ મનાય છે કે ગુરુ વિના જ્ઞાન ન મળે. સામાન્યતઃ આ વાત યથાર્થ છે પણ ગુરુનું સ્થાન કેવું, કેટલું અને કયા પ્રકારનું હોવું જોઈએ એ વાત વિચારણા અને સંશોધન માંગી લે છે. ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ જોતાં જણાય છે કે વેદકાળમાં ગુરુને મહત્ત્વનું સ્થાન અપાયું હતું અને એક ઉત્તમ માર્ગદર્શક તરીકે માન્ય થયેલા હતા, પરંતુ ગુરુને ઈશ્વરને સ્થાને કે એની સાથે તેની તુલના કરવામાં આવતી ન હતી. તે વેળા ઈશ્વર અપ્રતિમ અને સર્વોચ્ચ સ્થાને મુકાતો હતો અને તેને પામવા ગુરુ જરૂર માર્ગદર્શક તરીકે માન્ય હતા. તે પછી બુદ્ધ - મહાવીરના સમયમાં પણ ગુરુ આવું જ સ્થાન પામતા હતા, પરંતુ કેટલાક સંપ્રદાયમાં તેનું સ્થાન ઘણું ઊંચું થવા પામ્યું અને નાથ સંપ્રદાયમાં તે ઘણું મહત્ત્વ પામ્યા, પરંતુ તે વેળા પણ ગુરુની તુલના ઈશ્વર સાથે થતી ન હતી, પરંતુ મધ્યયુગમાં પરદેશીઓના હુમલાને કારણે અને તેમની હિંદુ સમાજની સતામણીને કારણે ગુરુનું સ્થાન અને મહિમા ખૂબ વધી ગયાં તે એટલે સુધી કે ગુરુ અને ગોવિંદ બંને ખડા હોય તો પ્રથમ પાયલાગણ

ગુરુને જ હોય કારણ તે જ ઈશ્વરનું દર્શન કરાવે છે. આમ થવાનું મુખ્ય કારણ એ છે કે સામાન્ય માનવને ગુરુનું શરણ હોય તો તેને એક પ્રકારનું રક્ષણ મળતું હતું. વળી તે સમયે આમ સમાજ નિરાશામાં ડૂબતો હતો તેથી પણ તેમાં આશા અને આશ્વાસન પણ ગુરુ પાસેથી મળતાં હતાં. વળી મધ્યયુગ પણ પરદેશી પદાકાંત થયો પણ સમયની બલિહારીને કારણે કે હિંદુ સમાજની આંતરિક ધાર્મિક શક્તિને કારણે મધ્યયુગમાં સંતોની પેદાશ કહો કે સંતોની ભરમાળ કહો તો તે સારી પેઠે વધી હતી અને તેમને આશરે સમાજમાં એક પ્રકારની ધરપત મળતી હતી અને આ કારણે ગુરુનું માહાત્મ્ય ખૂબ વધી જાય તે સ્વાભાવિક છે. નાથ સંપ્રદાયની ગાઢ અસરે પણ ગુરુવાદને પોષ્યો હતો. તે પછી આજના બુદ્ધિયુક્ત જમાનામાં પણ હજીય કેટલાક સંપ્રદાયમાં ગુરુનો મહિમા યથાવત્ છે. તે એટલે સુધી કે શ્રીઅરવિંદ આશ્રમ જેવા આધુનિક અને ખૂબ બુદ્ધિયુક્ત સાધકોના સમાજમાં એક નવલે રૂપે ગુરુનું પૂજન થવા પામે છે. એટલે હવે સાધનામાં ગુરુનું સ્થાન કેવું અને કેટલું હોય અને તેનો મહિમા ક્યાં સુધીનો હોય એ પ્રશ્ન વિવેકયુક્ત વિચારણા માંગી લે છે. જ્યાં સુધી આ પ્રશ્ન બરાબર ન સમજાય અને તેનો સાચો ઉકેલ ન મળે ત્યાં સુધી સાધનાનો માર્ગ બરાબર સ્પષ્ટ ન જ થાય. જ્યાં સુધી માણસ કે સાધક આ પ્રાથમિક મહત્ત્વની બાબત સ્પષ્ટપણે સમજે નહિ ત્યાં સુધી એનું માર્ગદર્શન પણ અધૂરું રહે અને એવી અવઢવ માનસ અવસ્થામાં એની સાધના પણ અસ્પષ્ટ અને અસમંજસવાળી રહેવા પામે. તેથી અનેક દૃષ્ટિએ આનો અભ્યાસ કરીને વિવેકયુક્ત તારણ ઉપર આવવું પ્રથમ જરૂરી બને છે.

સહજ ગુરુપરંપરા

માણસના જીવન વિકાસનો વિચાર કરતાં જણાય છે કે માણસ જન્મે ત્યારથી કિશોર અને યુવાન થાય ત્યાં સુધી માતાની અસર

નાનપણમાં તો ખૂબ જ હોય છે. તેથી માણસની પ્રથમ સંસ્કારદાતા તો માતા જ છે. માણસ દુનિયામાંથી વિદાય લે ત્યારે તેની આસપાસ હજાર માણસ બેઠું હોય તોય કોઈ તેની સાથે જઈ શકતું નથી, પરંતુ માણસ દુનિયામાં આવે છે ત્યાં એક વ્યક્તિ તો તેનું સ્વાગત કરવા હાજર હોય છે જ અને તે છે માતા. સ્વયં માતાના દૂધથી જ તેનું સંસ્કારસિંચન થવા લાગે છે અને માતા બાળકને જે રીતે ઘડે છે તે પ્રમાણે તે ઘડાતો જાય છે. આ કારણે જ માતાને જ શિક્ષિત કરવાની, સંસ્કારી બનાવવાની વાત ખૂબ મહત્ત્વની બને છે, કારણ માતા જ બાળકની પ્રથમ ગુરુ છે. માતાની સાથે જ પિતા પણ જોડાયેલો છે અને પિતા પણ માતા પછીનું ગુરુનું કામ કરી તેનામાં સંસ્કારસિંચન, શિક્ષણ અને સાચા અર્થમાં કેળવણી આપે છે. આ દૃષ્ટિએ માતાપિતા જ પ્રથમ ગુરુસ્થાને સહેજે સ્થપાય છે અને એટલા માટે માતાપિતા શિક્ષિત અને સંસ્કારી હોય તેનાં બાળકો પણ સજ્જન અને સંસ્કારી બને છે. આ પછી આવે ભાઈભાંડુનું સ્થાન. ભલે ભાઈબહેન અને ભાઈભાંડુ વચ્ચે વધુ વર્ષનું અંતર ન હોય પણ તેમની એકબીજા ઉપરની અસર પણ મહત્ત્વની બની રહે છે. તેમને ભલે ગુરુસ્થાને ન મુકાય પણ તેઓ પણ બાળકના સંસ્કારસિંચનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. એવું જ કામ થોડે ઘણે અંશે આડોશ-પાડોશ અને આસપાસનું વાતાવરણ પણ કરે છે. એમાં મિત્રનું સ્થાન પણ અગત્યનું બને છે અને તેથી માણસનું મૂલ્ય તેના મિત્રોના ચારિત્ર્ય ઉપરથી પણ કરવામાં આવે છે.

આ પછીનું સંસ્કારસિંચનનું કામ શિક્ષકવર્ગ કરે છે. અમારા જમાનામાં મોટાભાગના શિક્ષકો ધંધાદારી નહિ પણ શિક્ષણને એક સ્વ ધર્મ તરીકે સ્વીકારીને કામ કરનાર હતા અને પોતાનો વિદ્યાર્થી કઈ રીતે આગળ વધે તેમાં રસ લેનાર હતા. એક ખૂબ જ અંગત વ્યક્તિનું દૃષ્ટાંત અહીં નોંધવા જેવું લાગે છે. દક્ષિણામૂર્તિમાં

સહશિક્ષણ હતું. આ કિશોર બહેનો પાસેથી પસાર થાય ત્યારે નીચી નજર રાખીને સદ્‌ભાવપૂર્ક પસાર થાય. નાનાભાઈ ભટ્ટ જેવા સમર્થ શિક્ષકની નજરમાં આ કિશોરની શુભ આદત વસી ગઈ, જોકે તેઓ એ કિશોરના સીધા સંપર્કમાં ન હતા અને તેમણે એ કિશોરને સ્વામીનું બિરુદ આપી દીધું. કિશોરના મનમાં સ્વામિત્વનું આ બીજારોપણ એને સાધક બનવાની મહેચ્છામાં કેટલું બધું કામ લાગ્યું તે તો વિધાતા જ જાણે પણ આ એક ઉત્તમ શિક્ષકની ઉત્તમ કદર હતી અને તેણે એના જીવનને સારી પેઠે પ્રોત્સાહિત પણ કર્યું. આમ સાચો શિક્ષક પણ ગુરુનું સરસ કામ કરી જાય છે. માનવ જીવનમાં કેવી અદ્‌ભુત સહજ ગુરુ પરંપરા રચાય છે તેનું દર્શન કરવું ગુરુત્વને સમજવામાં ઘણી મદદ મળે છે. આવું ગુરુત્વ અથવા ગુરુતત્ત્વ સર્વત્ર વ્યાપી રહ્યું છે અને સાધકની વિશાળ દૃષ્ટિ હોય તો તેને દત્તાત્રેયની માફક કેવળ નિમિત્તરૂપે ચોવીસ ગુરુઓમાં જ નહિ પણ ગુરુતત્ત્વ પણ સર્વત્ર નજરે ચડે છે. ઉપરનું દૃષ્ટાંત એ વાત પણ દર્શાવે છે કે સાચો શિક્ષક કેવો હોય અને એની સૂક્ષ્મ નજર વિદ્યાર્થીના રહનસહનને બહુ ઝીણી નજરે જુએ તો કેવળ ભણતર નહિ પણ વિદ્યાર્થીઓના જીવનમાં ચણતર કરવાનું કામ પણ તે આજીવન શિક્ષક નાનાભાઈ ભટ્ટની જેમ કરી શકે અને વિદ્યાર્થીને ધન્ય કરે, પોતે પણ ધન્ય બની રહી શકે.

સત્સંગ અતિ લાભદાયી છે. આ જગત ચાલે - વધે છે સંતોની સુભગ સુવાસથી, સજ્જનોના શુભ કાર્યથી, સંસ્કારી શિક્ષકોથી, પ્રેમાળ માતાપિતાઓથી અને એથી જ આજના ભ્રષ્ટાચારના જમાનામાં તે હજી ટકી રહ્યો છે. તે પણ આ ગુરુપરંપરાના ઉત્તમ કાર્યને લીધે જ. આમ આ ગુરુપરંપરાના શિરમોર જેવા સંતનો પ્રારંભ તો માયાળુ માતાના પ્રેમથી જ થાય છે અને તે વિરમે છે સંતોના સત્સંગમાં અને એ રીતે ગુરુતત્ત્વ પોતાનું વ્યાપક કામ કરતું આપણા ધ્યાનમાં આવે છે.

સંત પુરુષનાં ત્રણ મુખ્ય લક્ષણો - સહજ બનેલી સજ્જનતા અથવા કહો કે સંતપણું, સહજ સાધના અને સહજ સેવા. એમના આવા સેવાકાર્યથી લાભ પામનાર સાધક તેમને ગુરુસ્થાને સ્થાપે છે અને તેમાં તેની કૃતજ્ઞતા રહેલી છે, પરંતુ ખરો સંત પોતાને ગુરુ માનતો નથી પણ પૂ. શ્રીમોટાની જેમ તેનો મિત્ર માને છે. અહીં હવે મિત્ર પણ ગુરુનું કામ કરી શકે છે અને તે પણ સહજ સ્વાભાવિક રીતે જ. તેનો ઉલ્લેખ કરવો જરૂરી બને છે. મિત્ર જેવો કોઈ ગુરુ નથી. મિત્રની હૂંફ ક્યારેક માતાપિતા કે કુટુંબની હૂંફ કરતાંય વધી જાય છે, કારણ કે જે વાત માબાપને ન કરી શકાય તે વાત નિઃશંકપણે મિત્રને કહી શકાય અને મિત્રની સલાહ તેને ખૂબ ઉપયોગી બને છે. આમ મિત્ર દ્વારા પણ ગુરુતત્ત્વ સરસ કામ કરી જાય છે અને તેમાં કોઈ ગુરુભાવ હોતો નથી પણ કેવળ મદદરૂપ થવાનો સંતોષ હોય છે. આ રીતે જોતાં જોઈ શકાય છે કે માતાથી માંડી સંત સુધીની ગુરુપરંપરામાં મૈત્રીભાવ જ પ્રધાન છે અને તેથી જ ભગવાન કૃષ્ણે અર્જુનને પોતાનો સખા બનાવી તેને ઉત્તમ ઉપદેશ આપ્યો અને તેને તાર્યો. એટલે જ પાતંજલ દર્શન મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા જેવી ચાર ભાવનામાં મૈત્રીને પ્રથમ સ્થાને મૂકે છે. ભગવાન જેવો ભગવાન પોતાને મિત્ર તરીકે ઓળખાવે પછી કયો ગુરુ ગુરુપણાનું અભિમાન લઈ શકે? મૈત્રીમાં જ ગુરુતત્ત્વની સમાપ્તિ છે, સંપૂર્ણતા છે, કારણ મૈત્રીમાં નિઃસ્વાર્થ શુદ્ધ પ્રેમ હોય છે.

ગુરુ અને ગુરુતત્ત્વ

ભગવાન કૃષ્ણ પોતાને અર્જુનના ગુરુ તરીકે ગણાવતા નથી. અર્જુન જ્યારે એમના ઉપદેશથી પ્રભાવિત થયો ત્યારે તેણે કૃષ્ણને 'ગુરુર્ગરિયાન્' એટલે કે સર્વોત્તમ ગુરુ કે ગુરુના પણ ગુરુ કહેવાનું યોગ્ય માન્યું. પાતંજલ દર્શન પણ ઈશ્વરને જ આદિ ગુરુ કે પરમ ગુરુને સ્થાને સ્થાપે છે. જેનું પણ એક તારણ છે, ગુરુનો ગુરુ કોણ

એમ પ્રશ્ન પરંપરા લંબાવતાં પરમ ગુરુ તરીકે ઈશ્વરને જ સ્થાપવો પડે. જો તે આદિ ગુરુ છે તો સાંપ્રતમાં તે કામ ન કરે? તે તો સનાતન છે અને સદૈવ કૃપા વરસાવતો રહે છે. ભવિષ્યમાં પણ તે તેમ જ કરતો રહેવાનો છે તેથી સનાતન ગુરુ ઈશ્વર જ છે તે આપોઆપ જ સિદ્ધ થઈ રહે છે. ઈતિહાસ જોતાં પણ જણાય છે કે બુદ્ધ જેવા પણ કેટલાક ગુરુનો લાભ લઈ છેવટે સ્વયં ગુરુ બન્યા ત્યારે જ બુદ્ધ થયા. તેવું જ લગભગ મહાવીરની બાબતમાં પણ થવા પામ્યું. સાધકને એક ગુરુ પણ હોઈ શકે અને એકથી વધુ ગુરુ પણ હોય. રામકૃષ્ણ પરમહંસને બ્રાહ્મણી તાંત્રિકે તંત્રવિદ્યા શીખવી તો તોતાપુરીએ નિર્વિકલ્પ સમાધિ શીખવી. વિવેકાનંદ જુદા જુદા ગુરુ - સંતગુરુ પાસે જઈ આવીને છેવટે રામકૃષ્ણમાં ઠરીઠામ થયા. એટલે ગુરુ એક કે અનેક એ વાદ અંગે શંકા કુશંકા કરવાને બદલે ગુરુતત્ત્વને શોધતાં જવું અને જ્યાં પણ શીખવા મળે તે શીખતાં જવું અને તે દરેક પ્રત્યે કૃતજ્ઞતાભાવ રાખવો તેમાં વિવેક રહેલો છે. સાચો ગુરુ પોતાને ગુરુ માનતો નથી અને તેથી જ તે સાચો ગુરુ સિદ્ધ થાય છે. તે જ રીતે સાધક પણ જ્યાં જ્યાંથી શીખવા મળે ત્યાં ત્યાંથી શીખી દરેક પ્રત્યે હૃદયપૂર્વકની કૃતજ્ઞતા દાખવી, તેની બનતી સેવા કરી આગળ વધતાં રહેવું જોઈએ અને અંતે પરમ ગુરુ પરમેશ્વર છે એ સનાતન સ્પષ્ટ સત્યનો સાક્ષાત્કાર કરવો જોઈએ.

ઉપરોક્ત કથનના સમર્થનમાં બુદ્ધવાણી ખૂબ ઉપયોગી થાય એમ છે, કારણ તેમાં સનાતન સત્ય રહેલું છે. તેમણે સાધકમાત્રને કહ્યું કે તે પોતે બુદ્ધ છે, સિદ્ધ છે કે પ્રતિષ્ઠાવાળો પુરુષ છે તે કારણે એમની વાત કોઈએ માની ન જ લેવી, પરંતુ પોતાના વિવેક વડે જ જેટલું સમજાય તે રીતે અને વિવેક વધારતાં જે સમજ વધે તે પ્રમાણે જ વર્તવું યોગ્ય છે. બુદ્ધની વાત અને કૃષ્ણ ભગવાનની વાતનો સમન્વય કરતાં કહી શકાય કે ગુરુ ઈશ્વર તરફ દોરતો નથી

પણ ઈશ્વરપ્રેરિત વિવેક દ્વારા જ સાધક યોગ્ય સમયે તત્કાળની જરૂર પ્રમાણે જુદા જુદા સંતગુરુ પાસે જાય છે એટલે ગુરુની પ્રાપ્તિ પણ ઈશ્વર દ્વારા જ અને તેની પ્રેરણા દ્વારા જ થાય છે.

સાચા ગુરુનાં લક્ષણો

આપણે જોયું કે ગુરુ તો મુખ્યત્વે ઋણાનુબંધ અનુસાર જ મળે છે અને ગુરુતત્ત્વ સર્વત્ર છે અને પરમ ગુરુ પરમેશ્વર સદા સર્વત્ર પ્રાપ્ય છે અને તેની પ્રાપ્તિ જ સાધકનું મુખ્ય કામ છે અને ઈશ્વર પ્રેરિત ગુરુ મળે તો તેનાં પણ મુખ્ય બેત્રણ લક્ષણો છેઃ (૧) તેનું જીવન પૂર્ણ દાખલારૂપ હોય અને (૨) પોતાના શિષ્ય પોતાનાથી સવાયા થાય એવી ભાવના હોય અને (૩) પોતાની સેવા લેવાની ભાવના ન જ હોય પણ પ્રેમથી મળે તેવી સેવા પણ ન છૂટકે જ લેવા તૈયાર થાય. છેલ્લું લક્ષણ ખૂબ મહત્ત્વનું છે, કારણ આપણા સૌનો સામાન્ય અનુભવ છે કે આજના કહેવાતા મોટા ભાગના ગુરુ વિવિધ સેવા શિષ્યો પાસેથી લે છે અને તેમાં આનંદ અને ગૌરવ માને છે, પરંતુ આમ કરવામાં તેઓ પરાવલંબી, આળસુ અને અપેક્ષા રાખનાર બની જાય છે. મારા એક બે ઉંમરવાન મિત્રોની અધ્યાપક અવિવાહિત વિદ્વાન પુત્રીઓ માતાપિતાની સેવા છોડીને એમના ગુરુની સેવા કરવા હંમેશ તત્પર હોય છે અને ક્યારેક ઘરમાં ગુરુ માટે ખાસ વાનગી બનાવી માતાપિતાને ચખાડ્યાં વિના ગુરુને ચરણે ધરી દે છે! આમાંની એક માતાએ તો એ ગુરુને આ બધી ઘેલછા અંગે સરસ સવિનય પત્ર લખ્યો અને છતાં એને ઉત્તર આપવાની પરવા પણ એમણે કરી નહિ. એનું કારણ સ્પષ્ટ છે કે તેઓ શિષ્યાની સેવાથી પરાવલંબી બની ગયા છે અને એ રીતે તેઓ પોતે જ ગુરુપદને લાયક રહ્યા નથી. આવા પ્રસંગો તો સમાજમાં જ્યાં ને ત્યાં જોવા મળે છે.

બીજું લક્ષણ ગુરુનું એ છે કે તે પોતાના શિષ્યને પોતાનાથી સવાયો કરવા માટે હંમેશાં મથે અને આ બાબતે રામકૃષ્ણનું ઉદાહરણ

તરત જ સૌને યાદ આવે એવું છે. રામકૃષ્ણ પરમહંસે તેમના અંતિમ દિવસોમાં પોતાના પટ્ટશિષ્ય વિવેકાનંદને પોતાની બધી જ શક્તિ પ્રદાન કરી દીધી હતી. જેમ પિતા પોતાના પુત્રને પોતાનાથી સવાયો કરવા ચાહે તે જ રીતે સાચો ગુરુ પોતાના શિષ્યને પોતાનાથી સવાયો કરવા જ ઇચ્છે.

ગુરુનું સૌથી મહત્ત્વનું લક્ષણ તો એ છે કે ગીતાજી કહે છે તેમ શ્રેષ્ઠ પુરુષે ઉત્તમ એવું ઉદાહરણ પેદા કરવું જોઈએ કે જેથી ઇતરજન તેનું અનુકરણ કરે તોય તે ઉન્નતિ પામે, પરંતુ ગુરુમાં જો કોઈ આદત હોય તો ચેલો અચૂક તેનું અનુકરણ કરવાનો જ. દક્ષિણના સંત પુરુષ શ્રીરામદાસ સ્વામીએ ઈશ્વર શોધ દરમિયાન રામકૃષ્ણના બેલુર મઠની મુલાકાત લીધી ત્યારે તેમણે નવા નવા દાખલ થયેલા સાધુઓને સિગારેટ પીતા જોયા. એમણે કારણ પૂછ્યું ત્યારે જવાબ મળ્યો કે તેમના ગુરુ વિવેકાનંદ પણ તે પીતા હતા. ગાંધીજીનું અંધ અનુકરણથી હાસ્યાસ્પદ થનાર તેમના થોડા પણ કેટલાક કહેવાતા અનુયાયીઓનો તો ઘણાને પ્રત્યક્ષ અનુભવ જોવા મળે છે. એમને નામે ખોટા ખોટા ઉપવાસ કરનારની તો આજે ખોટ નથી. આ બધાં ઉદાહરણો દર્શાવે છે કે ગીતાજીએ ખૂબ જ ભારપૂર્વક સનાતન સત્ય કથ્યું છે કે ગુરુ અણિશુદ્ધ હોવો જોઈએ. આવો અણિશુદ્ધ ગુરુ આજે તો મળવો મુશ્કેલ છે. તેથી ગુરુ થઈ બેસવાને બદલે પૂ.શ્રીમોટા વારંવાર કહેતા હતા કે તે બધાંના મિત્ર બનીને જ માર્ગદર્શન કરે અને એમ થાય તો ખોટું અનુકરણ કરવાની તક નહિવત્ બની રહે. મિત્ર મિત્રનું અનુકરણ કરતો નથી પણ એક મિત્ર બીજાનો દોષ નિર્ભય રીતે બતાવીને તેને તેમાંથી મુક્ત કરવા મથે છે. આ ત્રણ લક્ષણો ગુરુમાત્ર માટે ખૂબ જ મહત્ત્વનાં બની રહે છે.

ગુરુવાદ

ભારતમાં આજેય કેટલાય એવા સંપ્રદાયો છે જે પોતાના

અનુયાયીઓને સ્પષ્ટપણે જણાવે છે કે ગુરુ વિના મુક્તિ મળતી નથી. આનું કારણ એ છે કે હિંદુ સમાજમાં નૂગરાને બહુ હલકું સ્થાન આપવામાં આવ્યું છે, એટલું જ નહિ પણ તેને તિરસ્કૃત પણ કરવામાં આવ્યો છે. આવી અંધ માન્યતાને લીધે ગુરુવાદ ખૂબ પ્રબળ બને છે અને અંધશ્રદ્ધાને પોષે છે. આને લીધે ઘણાય લોકો એમ માનીને ચાલે છે કે તેણે પોતે કંઈ જ કરવાનું નથી અને ગુરુએ મંત્ર આપ્યો એટલે બેડો પાર થઈ ગયો અને એમ કરીને પોતાની આળસ પોષે છે અને ગુરુનું અભિમાન આસમાને ચડે છે અને આવો ગુરુવાદ વંશપરંપરાગત પણ થાય છે. તે પછી એ વંશપરંપરામાં ફાંટા પડે છે, નવા નવા ગુરુ ઊભા થાય છે. આનાં એક બે ઉદાહરણો પૂરતાં થશે. સ્વામીનારાયણ મહાન વિભૂતિ થઈ ગયા અને તે અવતારી મહાન સંત હતા એ વિશે તો કોઈને શંકા થાય જ નહિ પણ એમના પછી એમના જ ભત્રીજા વગેરેને ગુરુપદ મળ્યું અને તે વંશપરંપરાગત થયું. તે પછી એમાં પણ વિભાજન થયું. એમાં સમર્થ ગુરુઓ થયા એ પણ જાણીતી હકીકત છે અને આજે પણ પ્રમુખ સ્વામી જેવા સંત અદ્‌ભુત સેવા કરી રહ્યા છે છતાં એ વિભાજન દૂર થઈ શકતું નથી, કારણ એની પાછળ ગુરુવાદ રહેલો છે. એવી જ બિના રાધાસ્વામી જેવા ઉત્તમ સાધનાવાળા સંપ્રદાયમાં થવા પામી છે અને એમાં પણ બેચાર વિભાજન થયાં અને એમાં વંશપરંપરાગત ગુરુવાદ પણ વિકસવા પામ્યો. આ છે છડેચોક દેખાતું ગુરુવાદનું અનિષ્ટ અને તેથી ગુરુવાદને ઉત્તેજન આપવું એ અંધશ્રદ્ધાનું દ્યોતક છે. ગુરુ વંશપરંપરા અને ગાદી લોભથી ગુરુવાદને પ્રોત્સાહન મળે છે.

ગુરુવાદની મહાન કરુણાંતિકા તો મહાન સમર્થ યોગી અને આધુનિક જમાનાના પ્રખર અજોડ બ્રહ્મચારી યોગી સ્વામી દયાનંદ અંગે જોવા મળે છે. ગાંધીજી જેવાએ પણ કહેવું પડ્યું કે એમનું બ્રહ્મચર્ય ઈર્ષા ઉપજાવે તેવું ઉત્તમ છે. એક સભામાં કોઈએ એમને

બ્રહ્મચર્ય કેવું હોય તેવો પ્રશ્ન પૂછ્યો અને એમણે તેનો જવાબ પ્રત્યક્ષ રીતે આપી બતાવ્યો. સભા પૂરી થયા પછી એક શેઠ પોતાની બગીમાં બેઠા, બગી હાંકનારે ડચકારો કર્યો છતાં ઘોડા આગળ વધ્યા નહિ. એટલે હાંકનારે ચાબુક ફટકારી તેથી ઘોડા દોડવા તત્પર થયા પણ ગાડી આગળ ચાલે નહિ અને વધુ ચાબુક ખાતાં ઘોડાઓ ઊંચાનીચા થઈ તરફડવા લાગ્યા. એનું કારણ પાછળ નજર કરતાં સૌને સમજાયું. સ્વામી દયાનંદ બગીની પાછળ ઊભા રહી એક જ હાથે બગીના પાછળના સળિયાને પકડી ઊભા હતા!! બ્રહ્મચર્યનું કેટકેટલું બળ કે ઘોડા તરફડે પણ બગી ચસકી ન શકે!! આ આધુનિક મહાવીર પણ ગુરુવાદના ભોગ બની ગયા! એમના છેલ્લા ગુરુ સંત વિરજાનંદને ગુરુદક્ષિણારૂપે આદેશ આપ્યો કે તેમના શિષ્ય દયાનંદે કેવળ વેદનો જ પ્રચાર કરવો. સ્વામી દયાનંદે આ આદેશ ઉપાડી લીધો અને કેવળ વેદનો ઉત્તમ પ્રચાર કર્યો, હિંદુ સંસ્કૃતિને ઉજ્જવળ કરી. આમ આવા પ્રખર તેજસ્વી મહાપુરુષને પણ ગુરુવાદ નડી ગયો તો પછી સામાન્ય માણસને તે કેટલો ગુમરાહ કરે તેની તો ત્રિરાશી જ માંડવાની રહે છે.

કેવાં અંતિમો?

ગુરુ અને ગુરુવાદ અંગે વિચારતાં કેવાં કેવાં અંતિમો જોવા મળે છે અને તેમાં કેવું વૈચિત્ર્ય રહેલું છે તે જોવા મળે છે. બુદ્ધ ભગવાને બેચાર ગુરુ પાસે સાધના કરી અને છેવટે આપમેળે જ બુદ્ધત્વ પ્રાપ્ત કર્યું અને તેથી એમણે સચોટપણે કહ્યું કે "આત્મદીપો ભવ" એટલે પોતાનો દીવો એટલે પથદર્શક પોતે જ બનો. બીજી બાજુ ગુરુવાદ કહે છે કે ગુરુ વિના જ્ઞાન નહિ અને મુક્તિ નહિ. બેમાંથી સાચું શું? આ બંને અંતિમો છે અને મધ્યમ માર્ગ જ સાચો છે કે જ્યાં જવાથી જ્ઞાન મળે તે લેવું, તેમાં ગુરુભાવ રાખવો, સર્વ વ્યાપી ગુરુતત્ત્વને અને પરમ ગુરુ ઈશ્વરને પૂર્ણપણે માનવો અને

બધે કૃતજ્ઞતા દર્શાવવી. સાપેક્ષ વિવિધ ગુરુ મળે તેમાં પણ ઋણાનુબંધ રહેલો હોય છે. માતાપિતા, મિત્ર વગેરે જેમ ઋણાનુબંધથી પ્રાપ્ત થાય છે તેમ સાપેક્ષ ગુરુ પણ ઋણાનુબંધથી પ્રાપ્ત થાય છે. આ માનવ જગત ઋણાનુબંધથી સંકળાયેલું છે અને એ ઋણાનુબંધ નકારાત્મક પણ જોવા મળે છે. એટલે માતાપુત્ર, પિતાપુત્ર, ભાઈભાંડુ વગેરે પણ વેરભાવનાથી ભેગાં થતાં જોવા મળે છે. માનવસમાજ પરસ્પર ઋણભાવથી જ સંકળાયેલો છે અને તેનો ઉપાય કરવા ભગવાને ગીતાજીમાં આદેશ્યું છે કે પરસ્પર શુભ ભાવ રાખતાં જ સર્વ ઋણ અદા થઈ રહે છે. ઋણાનુબંધનો આથી સારો ઉપાય બીજો કોઈ નથી અને એ વડે વેરભાવ, દ્વેષભાવ વગેરે આપોઆપ છૂટી જાય છે. વિશ્વના સંબંધો માટે પરસ્પર ભાવના ઉત્તમ છે અને તેમાં સાધનાક્ષેત્રમાં તો એકત્વભાવ ખૂબ જ કામનો છે. એનું કાર્ય એ છે કે સાધનામાં ચૈતન્યનો અને પુરુષોત્તમનો સાક્ષાત્કાર કરવાનો હોય છે અને ચૈતન્ય તો એકત્વ સ્વયં છે. વળી એ તમામ અંતિમોને દૂર કરી સાધનાને પૂર્ણ કરે છે.

આવાં અંતિમો મહાપુરુષોમાં જોવા મળે છે તો સામાન્ય માણસમાં કે સાધકમાં તો કેટકેટલાં અંતિમો જોઈને સહેજે વિસ્મય થાય છે. એનો ઉપાય શું હોય તે પણ વિચારવું પડે છે. સમાજનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં જણાય છે કે કુટુંબમાં લગભગ બધેય મમતા કામ કરે છે, રાજકારણ અને વેપાર ક્ષેત્રે અહંતા કામ કરે છે, સાધક વર્ગ સમતા મેળવવા મથતો જોવામાં અને સંત પુરુષ સ્થિરતામાં સ્થિર થવા પુરુષાર્થ કરતો જોવામાં આવે છે. માતાની મમતાનું વર્ણન કરવું જરૂરી નથી કારણ તે સર્વત્ર નજરે ચડે છે. એ મમતા પાછળ પ્રેમનો અંશ પણ હોય છે. માતા પોતાના લીંટાળા બાળકને વહાલ કરી તેનું નાક સાફ કરશે પણ તે જ માતા પડોશીના એવા જ બાળક ઉપર સૂગ બતાવશે! આ છે મમતા. પણ એ જ માતામાં વિશાળ

પ્રેમ હોય તો પડોશીના બાળકને પણ સ્વચ્છ કરી સાચા પ્રેમને પ્રગટ કરે. આવી જ મમતા ભાઈભાંડુ, સગાંવહાલાં વગેરેમાં જોવા મળે છે. રાજકારણમાં તો અહંતા સર્વ વ્યાપક છે. એક કહેવાતો નેતા બીજાને ઉતારી પાડી પોતે જ બધું કામ કર્યાનો દાવો કરતો હોય છે અને વેપાર ક્ષેત્રમાં પણ આવી જ હુંસાતુંસી ચાલતી હોઈ અહંતાનું રાજ હોય છે. અને તેથી કેવળ બુદ્ધે નહિ પણ ગીતાજીએ સમત્વ ઉપર ભાર મૂક્યો. સંત પુરુષ સ્થિરતા પામે તો છે પણ તેમાં કાયમ માટે સ્થિર થવા મથતો હોય છે. અને આ હકીકત આપણે સ્વામી વિવેકાનંદ અને સ્વામી દયાનંદનાં ઉદાહરણોમાં જોઈ. સ્થિરતાની આરાધના જ મહત્ત્વની છે અને તે સમતામાં સ્થિર થયા પછી જ સ્થિરતા પ્રાપ્ત થાય અને ઈશ્વરી દર્શન પછી જ સ્થિરતામાં સ્થિર થાય છે કારણ ઈશ્વર સ્થિરતા સ્વયં છે.

પરંતુ પાયાનો સવાલ તો એ થાય છે કે આવી પરમ સ્થિરતા કેમ અને કઈ રીતે પ્રાપ્ત થાય? સૌરાષ્ટ્રની સતીમાતા ગંગા સતી કહે છે કે "મેરુ ચળે પણ મનડાં ન ચળે ભલે ભાંગી પડે બ્રહ્માંડ રે" બ્રહ્માંડ ભાંગી પડે છતાં અચળ સ્થિર તો કેવળ ઈશ્વર કે પુરુષોત્તમ જ રહી શકે. તેથી જ ભગવાને ગીતામાં કહ્યું, "મારામાં મન પરોવ, મારામાં જ સ્થિર થા. એમ કરીશ તો તું મારામય થઈ જઈશ અને હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું સર્વ ધર્મોનું એટલે ઋણના નિયમોનું પાલન કરી મારે શરણે આવ તો તને મોક્ષ આપીશ." આ મોક્ષ એટલે પ્રભુના પરમ સ્થિરત્વની સ્થિરતા. એથી અર્જુનને ભગવાનની બધી જ વાતો માન્ય થઈ ત્યારે બોલી ઊઠ્યો કે એનો મોહ દૂર થયો, આત્મ પરમાત્મની સ્મૃતિ જાગૃત થઈ અને સર્વ સંદેહ અને અસ્થિરતા દૂર થતાં પોતે સ્થિર થયો છે. આમ પરમ સ્થિરતાવાળા પરમેશ્વરમાં સ્થિર થતાં જ સર્વ અસ્થિરતા દૂર થાય છે. આ છે ઈશ્વરનું પરમ ગુરુ સ્વરૂપ, પરમ મુક્તિદાયક સ્વરૂપ.

જગત ચલાયમાન છે તેથી જ જગત એટલે સતત ચાલનારું ગણાયું છે. એમાં કંઈ જ સ્થિર નથી. સ્થિર છે ફક્ત પરમાત્મા. એની સ્થિરતામાં સ્થિર થતાં જ સનાતન સ્થિરતા પ્રાપ્ત થાય છે. તમામ અંતિમો ખરી પડે છે. જગત મિથ્યા નથી પણ સાપેક્ષ છે અને તે ઋત વડે ચાલે છે. એક બાજુ ઋતમય જીવન અને બીજી બાજુ ઈશ્વરમાં એક થવાનું સમાધિકાર્ય જ સાધક અને સંતને પણ પરમ મુક્તિ આપે છે. આ દૃષ્ટિએ સાધક સિદ્ધ અને સંત પણ ઋતમાર્ગના વટેમાર્ગુઓ જ છે. કોઈ આગળ કોઈ પાછળ પણ બધાનું ધ્યેય એક જ છે, માર્ગ એક જ છે અને તે છે ઋતમાર્ગ અને જ્યાં બંને એકરૂપ થાય ત્યાં ચૈતન્ય સ્થિતિ સહજ છે જ છે.

સાધના પ્રક્રિયા અને ઈશ્વર પ્રણિધાન

આ પ્રકારની મુક્તિ અને પરમ સ્થિરતા ઈશ્વરમાં જ પ્રાપ્ત છે અને તે માટે પાતંજલ દર્શન બે માર્ગ બતાવે છે, પરંતુ ખરેખર તો તે એક જ છે. યમાદિ અષ્ટાંગ માર્ગ અપનાવી પરમ સ્થિતિને એટલે કે કૈવલ્ય પ્રાપ્ત થઈ શકે અથવા તો કેવળ ઈશ્વર પ્રણિધાનથી પણ એ જ કૈવલ્ય સ્થિતિ પ્રાપ્ત થાય. શરૂઆત ગમે ત્યાંથી કરો પણ ઋતરૂપ યમાદિનું પાલન તો કરવું જ રહ્યું. એટલે જ ભગવાને ગીતાજીમાં કહ્યું કે બધા ધર્મોનો પરિત્યાગ કરીને મારે શરણે આવ. પરિત્યાગ એટલે બધા ધર્મોને ત્યાગીને નહિ પણ બધા ધર્મોનું પરિપાલન કરી તેની ઉપર ઊઠી મારે શરણે આવ એટલે કે મારે માટે ભક્તિ પણ જોઈએ જ. સાધક ઈશ્વરને શરણે જાય પણ સાથે અનાચાર કરે તો શું ભગવાન રાજી થાય ખરો? જગત ઋતરૂપ છે તેથી જ તે ચાલે છે અને યમાદિરૂપ ઋતનું પાલન કરવાથી સર્વ ધર્મની ઉપર ઊઠી શકાય અને તો જ શરણભાવ સહજ બની શકે. વળી ભગવાને ગીતાજીમાં જપને યજ્ઞ કહ્યો છે. યજ્ઞ એટલે આહુતિ. અહં, મમતા, રાગદ્વેષ આદિ દોષોની આહુતિ આપવી તે જપની

વ્યાખ્યામાં સમાવિષ્ટ છે. આમ બંને માર્ગ એકરૂપ છેઃ પુરુષાર્થનો યમાદિમાર્ગ અને ઈશ્વર પ્રણિધાનનો શરણાગતિનો માર્ગ. ભક્તને શરણમાર્ગ સરળ થાય અને તે ભગવતભાવમાં લીન થાય એટલે યમાદિનું પાલન તેને સહજ બનવા લાગે છે. સાધનામાં કોઈ છટકબારી ચાલે જ નહિ. ઈશ્વરશરણ પણ સરળ નથી. અહં આદિ મોળાં પડે અને ઈશ્વર તરફનો પ્રેમ પ્રગટે તો જ ઈશ્વરશરણ શક્ય બને છે. આમ બંને માર્ગ એક જ છે. પ્રારંભ ગમે ત્યાંથી થાય - પોતાની પ્રકૃતિ પ્રમાણે સાધક પોતાનો માર્ગ અપનાવે છે.

આ રીતે પોતાના સ્વભાવ અને રુચિ પ્રમાણેનો માર્ગ અપનાવી સાધક મૌનમંદિરમાં પોતાની આંતરયાત્રા શરૂ કરે છે. મૌનમંદિરની આંતરદીક્ષા વડે તેની આંતરયાત્રા શરૂ થાય છે. એ યાત્રા દરેકની પોતાની આગવી હોય છે, કારણ દરેકનું વ્યક્તિત્વ અને માનસિક પ્રગતિ પોતપોતાનાં આગવાં હોય છે. જો તે આંતરયાત્રા બરાબર ચાલે તો તેમાં વિશ્વયાત્રાનો અનુભવ પણ થવા લાગે છે, કારણ આધ્યાત્મિક જગતને કોઈ સીમા નથી. તેમાં સમગ્ર વિશ્વ સમાયેલું છે. આવી વિશ્વયાત્રા સ્થિરતાને પગલે વામનમાંથી વિરાટ સુધીની યાત્રા પણ બની શકે છે. એમ થતાં અંતે ભગવાન ગીતાજીમાં કહે છે તેમ ''જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું'' જેવી અનુભૂતિ પણ સાધકને થવા લાગે છે. ''જ્ઞાતું'' એટલે પ્રથમ ભગવાનનું વધુ ને વધુ જ્ઞાન થવા લાગે છે અને તે સાથે ચાર પ્રકારની મુક્તિનો ક્રમિક લાભ મળવા લાગે છે. પ્રથમ તેને સાલોક્ય મુક્તિ એટલે કે ઈશ્વરના ધામમાં પહોંચ્યાની મુક્તિલાભ થાય છે. પછી સામિપ્ય એટલે કે ભગવાનની નજીક પહોંચ્યાની અનુભૂતિ થાય છે. એ પછી સારૂપ્ય એટલે કે ભગવાનના જેવું તેજોમય રૂપ થવા લાગે છે. અને છેલ્લે ગીતાજીમાં ભગવાન કહે છે તેમ, ''મમ સાધર્મ્યં આગતાઃ'' એટલે સાધક ભગવાનના જેવા ધર્મ એટલે કે સ્વભાવવાળો બને છે. એટલે કે તદ્રૂપ અને તન્મય થાય છે. આમ થતાં જ ''તત્ત્વેન પ્રવેષ્ટું''

એટલે કે ભગવાનમાં એકરૂપ બની તત્ત્વથી પણ એકરૂપતા પ્રગટ થાય છે. આનું કારણ એ છે કે જેમ ભગવાનથી છૂટો પડીને જીવાત્મા સંસારમાં આવે છે તેમ તે સાધના દ્વારા પાછો ફરીને ભગવાન સાથે સત્ તત્ત્વથી એકરૂપ બને છે. જેથી તેનું ધ્યેય સિદ્ધ થાય છે.

સાધનામાં મૂર્તિપૂજા

સાધનાના આ સર્વોચ્ચ ધ્યેયમાં મૂર્તિપૂજાને સ્થાન હોય કે નહિ અને હોય તો કેટલું અને શા માટે એવો સવાલ સહેજે થાય જ. મૂર્તિપૂજાની પાછળ એક મહાન આધ્યાત્મિક અને માનસશાસ્ત્રીય સત્ય રહેલું છે. માનસશાસ્ત્રનો એ સચોટ નિયમ છે અને સિદ્ધ થયેલો નિયમ છે કે જેવી પોતાની પોતાના વિશેની ધારણા અને પોતાની સ્વયં પ્રતિમા હોય તેવો જ માણસ બને છે. અમેરિકાના ડૉ. માલ્ટાઝ મેક્ષવેલે અનેક પ્રયોગો કરીને સાબિત કર્યું છે જેવી પોતાની સેલ્ફ ઈમેજ એટલે કે પોતાની પોતાના વિશેની જેવી પ્રતિમા કે પોતાનો ખ્યાલ હોય તેવો જ માણસ બને છે. એણે એક સરસ ઉદાહરણ આપ્યું છે. એક માણસના ચહેરાની એણે પ્લાસ્ટિક સર્જરી કરી પણ તેને જોઈએ તેટલો ફાયદો ન થયો કારણ તેણે પોતાના ચહેરા વિશેનો ખ્યાલ બદલ્યો ન હતો, પરંતુ જે લોકોની આવી સર્જરી થઈ અને જેમણે પોતાના ચહેરાની અસલ સુંદરતાનો ખ્યાલ ચાલુ રાખ્યો તેમને સરસ ફાયદો થયો. આ હકીકત બતાવે છે કે જેવી પોતાના વિશેની કલ્પના તેવી તેની ગતિ - પ્રગતિ થાય છે. આ વાત એ સિદ્ધ કરે છે કે કલ્પના શક્તિ માણસના જીવનમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. જો કલ્પના સાથે વીલ પાવર એટલે કે ઇચ્છાશક્તિ મળે તો ઉત્તમ પરિણામ આવે. જો ઇચ્છાશક્તિ અને કલ્પના વચ્ચે સંઘર્ષ હોય તો કલ્પના શક્તિનો વિજય થાય છે. આ હકીકત એ સિદ્ધ કરે છે કે માણસમાત્રે આગળ વધવું હોય તો પોતાના ભાવિનું અને પોતાનું ભાવિ ચિત્ર ઉત્તમ રાખવું જોઈએ.

ધ્યેયનું ચિત્ર જેટલું ઉત્તમ, સુરેખ અને સ્પષ્ટ તેટલી સિદ્ધિ પણ ઉત્તમ થાય. એટલે કે જેવું સ્પષ્ટ સુરેખ ધ્યેય કલ્પના વડે રચાય તેવી સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

આ માનસિક આધ્યાત્મિક સિદ્ધાંત ઉપર જ મૂર્તિપૂજા રચાઈ છે. સામાન્ય માણસની કલ્પનાશક્તિ બહુ વિકસિત હોતી નથી. તેની સમક્ષ એક સરસ ચિત્ર કે મૂર્તિ હોય તો તે તેને પોતાના મનોપટ ઉપર રાખે છે અને એ ઉપર ધ્યાન કરે, તેનું દર્શન કરતો રહે તો એ મૂર્તિ એના માનસ ઉપર બરાબર અંકિત થાય અને એ રીતે પોતાના ઈષ્ટ દેવ જેવી પોતાની મૂર્તિ સરજી શકે. જપ કરતી વખતે આ મૂર્તિ ઉપર ધ્યાન એકાગ્ર કરતાં એ મૂર્તિ મુજબ સાધકની આત્મરચના થવા લાગે છે. આ છે મૂર્તિપૂજાનું રહસ્ય. આ કારણે જ મૌનમંદિરમાં પોતાના ઈષ્ટદેવની કે પોતાના ગુરુની મૂર્તિ રાખવાની છૂટ આપવામાં આવે છે. બીજી રીતે પણ મૂર્તિપૂજાનું મહત્ત્વ રહેલું છે. મૂર્તિ મંદિરમાં હોય કે પોતાના પૂજા ઘરમાં હોય, મંદિરમાં ઘણા લોકો ભેગા થાય અને એ સૌ એક જ સાથે એક જ ઈષ્ટ દેવની મૂર્તિનું ધ્યાન કરે તો એક સામૂહિક શક્તિ પણ ઊભી થાય, એક સામૂહિક વાતાવરણ ઊભું થાય. નાના પાયા ઉપર ઘરના પૂજાસ્થાનમાં પણ કુટુંબના સભ્યો ભેગા થાય અને તેથી કૌટુંબિક ભાવનાશક્તિ ઊભી થાય અને કુટુંબમાં એક સરસ વાતાવરણ ઊભું થવા પામે છે. જે સાધક આવા પ્રાથમિક સાધનથી ઉપર ઊઠે છે તેને આવી જરૂર રહેતી નથી. પણ તેની પાસે તો આંતરયાત્રા દ્વારા પોતાના આજ્ઞાચક્ર સમક્ષ એક ઉત્તમ ઈષ્ટ મૂર્તિ સહજ રીતે અંકિત થયેલી હોય છે અને તેથી તેની પ્રગતિ આપોઆપ ઝડપી બને છે. જે સિદ્ધ છે તે તો ઈષ્ટદેવનું સામીપ્ય સહેજે અનુભવે છે.

અત્રે એ પ્રશ્ન સહેજે ઊભો થાય છે કે ઈશ્વરની મૂર્તિ હોય? તે સાકાર છે કે નિરાકાર? વેદમાં ઈશ્વરને બંને રીતે સ્વીકારાયો છે.

ગીતાજીએ પણ નિરાકાર બ્રહ્મ અને સાકાર પુરુષોત્તમનું વર્ણન કર્યું છે, પરંતુ વૈજ્ઞાનિક રીતે વિચારનારા કેટલાકનું કહેવું છે કે બ્રહ્મને આકાર કેવી રીતે હોય? કારણ તે અનંત છે અને અનંતને આકાર સંભવિત નથી. આજના જમાનામાં દયાનંદ જેવાએ મૂર્તિને અમાન્ય ગણી કારણ તેમણે નાનપણમાં શિવપૂજા કરતાં શિવલિંગ ઉપર ઉંદરડાને ફરતા જોયા અને એમના બાળમાનસમાં ઠસી ગયું કે જે શિવ પોતાનું પણ રક્ષણ ન કરી શકે અને પોતાના ઉપર ઉંદર ફરે તે કેવા ઈશ્વર? બીજી બાજુ રામકૃષ્ણ પરમહંસ જેવાએ વિવેકાનંદ જેવાને આ અંગેના પ્રશ્નનો સ્પષ્ટ જવાબ આપ્યો કે તેઓ ઈશ્વરને જોઈ શકે છે અને તેની સાથે વાત પણ કરી શકે છે. યોગદા સોસાયટીના સ્થાપક પરમહંસ યોગાનંદે સરસ દલીલ કરી સિદ્ધ કર્યું કે જે પરમ અનંત બ્રહ્મ કે ચૈતન્ય અનેક વિવિધ આકાર પેદા કરી આ જગતનું સર્જન કરે છે તે પોતે આકાર વગરનો હોય જ નહિ. એ પૂર્ણ સ્વાયત્ત છે અને તે પોતાનો ઇચ્છિત આકાર જરૂર ધારણ કરી શકે છે. વળી આ આખોય પ્રશ્ન અનુભવનો છે, કેવળ તર્કનો નથી. અનુભવ દર્શાવે છે કે ઈશ્વર સાકાર અને નિરાકાર બંને છે. રામકૃષ્ણે તોતાપુરી બાબા પાસેથી નિરાકારનો અનુભવ મેળવ્યો અને રામકૃષ્ણે તેમને સાકાર બ્રહ્મનાં દર્શન કરાવ્યાં. અનેક સંતોનો અનુભવ છે કે ઈશ્વર સાકાર છે, નિરાકાર છે. તેના સ્વરૂપ પ્રમાણે તે અનંત નિરાકાર બ્રહ્મ કે ચૈતન્ય છે અને પ્રગટરૂપ તે સાકાર પણ છે જ. આ વિશ્વ જ તેનું રૂપ અને અનેકરૂપ છે અને તે પોતે ઇચ્છે તેવા આકાર ધારણ કરી અવતરી પણ શકે છે. એ રીતે તે ગીતાનો સાકાર પુરુષોત્તમ પણ છે.

આ સવાલનો બીજી રીતે પણ વિચાર કરવા જેવો છે. સામાન્ય માણસને અને સાધકને નિરાકારનું ચિંતન કરવું બહુ અઘરું અને વિકટ લાગે છે. તે પોતે સાકાર છે તેથી તેને સાકારરૂપ સહેજે ગમી જાય છે. વળી સાકારરૂપને ભજવું સરળ પણ છે. આથી તો

મીરાંબાઈએ ગાયું કે "મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા" ભક્તિ માટે સાકાર સ્વરૂપ જરૂરી લાગે છે. જ્ઞાનીને કે પ્રખર જ્ઞાનીને નિરાકાર સ્વરૂપ સહેલું લાગે અને દયાનંદ જેવા મહાયોગીને તે સુલભ હતું. શંકરાચાર્ય જેવાએ "ભજ ગોવિંદ"નો આશરો લેવો પડ્યો. માણસનું મન આકારનું સર્જન કરનારું છે અને તે મૂર્તિનું સર્જન મનોમન સહેલાઈથી કરી શકે છે અને જ્યારે એ મૂર્તિમાં એકલીન થાય ત્યારે આકાર આપોઆપ જ સરી પડે છે અને પોતે ચૈતન્યસ્વરૂપ બ્રહ્મમાં લીન થાય છે. નિર્વિકલ્પ સમાધિમાં નિરાકાર બ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે અને સવિકલ્પ સમાધિમાં મૂર્તિમંત પુરુષોત્તમનો સાક્ષાત્કાર થાય છે અને તેથી જ મહાનતમ ગ્રંથ ગીતાજીએ આ બંને સ્વરૂપનું સર્વોત્તમ બયાન કર્યું છે. એટલું જ નહિ પણ પ્રભુના વિરાટ સ્વરૂપનું વર્ણન કરી આ પ્રશ્નનો આખરી નિકાલ કરી દીધો છે. ઈશ્વર પુરુષરૂપે વ્યક્ત થઈ શકે છે, પુરુષોત્તમરૂપે વિરાટ સ્વરૂપ ધારણ કરી શકે છે અને પરમ સ્થિતિરૂપ ચૈતન્યમય નિરાકાર સ્થિતિમાં હંમેશાં સ્થિત રહેતો હોય છે. આ પરમ સત્યને તર્ક પામી ન જ શકે. એ તો અનુભવ અને અનુભૂતિની હકીકત છે. સંતોએ દુનિયાભરમાં સાકાર - નિરાકાર બંનેનો સાક્ષાત્કાર કર્યો છે અને સાધકમાત્ર તેનો સાક્ષાત્કાર ઉત્તમ ભક્તિથી કરી શકે છે.

સાકાર અને મૂર્તિપૂજાના આ માહાત્મ્યને સમજ્યા પછી એક મહત્ત્વની બાબતનો નિર્દેશ પણ અત્રે કરવા જેવો લાગે છે. મૂર્તિપૂજા સરસ છે પણ વ્યક્તિપૂજા ખતરનાક છે. કોઈ મહાપુરુષ જન્મે, તેનો મહિમા વધે એટલે સામાન્ય લોકો તેની પાછળ પડી જાય અને તેની પૂજા કરવા મંડી જાય. એમાં એ મહાપુરુષનું ઘણીવાર પતન થતું જોવા મળે છે. અને એમના મરણ પછી એમની મર્યાદાઓ છતી થતાં લોકો પસ્તાય પણ ખરા, પરંતુ અનુયાયીઓ પોતાના લોભ

ખાતર એવી વ્યક્તિપૂજા ચાલુ રાખે છે. તેથી વ્યવહારદક્ષ ગાંધીજીએ સાચું જ કહ્યું કે જ્યાં સુધી મહાત્મા કે મહાપુરુષ મરણ સુધી મહાત્મા ન રહે ત્યાં સુધી એને મહાત્મા કહેવો ન જોઈએ. આવી બધી વ્યવહારુ વાત આ આધુનિક સંતે કરીને સમાજની ઉત્તમ સેવા કરી છે. ધાર્મિક સમાજમાં દુનિયાભરમાં આવું બનતું જોવામાં આવે છે અને જે તે ધર્મના લોકો વ્યક્તિપૂજા કરીને પૂજાનાર વ્યક્તિને અન્યાય કરે છે અને પોતાની મોહઅવસ્થાનું પણ પ્રદર્શન કરે છે. આવું કેવળ ધર્મક્ષેત્રે જ નહિ પણ રાજકારણમાં પણ દેશદેશમાં બનતું જોવા મળે છે. તાજેતરના ભૂતકાળ તરફ નજર નાખતાં હિટલર, મુસોલિની અને સ્ટેલીન જેવા સરમુખ-ત્યારોને પોત પોતાના દેશમાં પોતાની વ્યક્તિપૂજા ઊભી કરીને છેવટે તેમના દેશની કેવી બૂરી હાલત કરી તે તો સૌની જાણમાં છે. આમ વ્યક્તિપૂજા કદી ન જ જોઈએ. સાચા, સારા કે મહાન પુરુષોની કદર જરૂર થવી જ જોઈએ પણ તેની પૂજા કદી ન જ થાય. પૂજા તો એક માત્ર પ્રભુની જ થાય કારણ તે જ સર્વ રીતે લાભદાયી છે.

સાધનાની સહાયો

જપસાધનાની પસંદગી કરવામાંથી પણ સાધકની કસોટી થાય છે. એ મૂર્તિપૂજા, બાહ્ય વિધિઓ, ટીલાંટપકાં, બાહ્ય પૂજાઅર્ચનથી થાકે અને એનાથી એને આંતરિક પ્રગતિનો અનુભવ ન થાય ત્યારે તે કંઈક નક્કર સાધના માટે પ્રયાસ કરે છે અને તેને એમાં સહેલામાં સહેલો ઉપાય જપમાળામાં દેખાય છે. જપમાળા કરતાં પણ થાકે, કંઈ ખાસ લાભ ન થાય અને 'જપમાળાનાં નાકાં ગયાં' એવી અખા ભગતની વાણી તેને સાર્થક લાગે ત્યારે તે સાચા જપ તરફ વળે છે અને તેનો કંઈક લાભ દેખાય અને એનામાં થોડો ઘણો વિવેક જાગે અને કોઈ સારા સત્સંગને પ્રભાવે તેને મૌનમંદિર વિશે જાણવા મળે તો તે તેમાં બેસવા તૈયાર થાય છે. મારા એક સંનિષ્ઠ મિત્ર ગીતાના ભારે અભ્યાસી

અને ગીતા મોઢે કરનાર મિત્રને મૌનમંદિર અંગે જાણ થતાં તેમાં એક સમયે બેઠા અને એમને ખૂબ લાભ થયો. એમની ભૂમિકા તૈયાર હતી અને એમનામાં વિવેક જાગ્રત થયેલો હતો. આ હકીકત દર્શાવે છે કે સાધનામાં કે જપસાધનામાં વિવેકનું ઘણું મોટું સ્થાન છે. એટલે જ તુલસીદાસજીએ ગાયું કે "વિના વિવેક પાર ન પામે કોઈ". વિવેક તો વ્યવહાર જીવનમાં જેટલો ઉપયોગી છે તે કરતાં વધુ તો સાધનામાં ઉપયોગી છે. સંતો કહે છે કે કોઈના દોષ ન જોવા પણ તે સાથે એમ પણ કહે છે કે કુસંગીનો સંગ ન કરવો. જો કુસંગીના દોષ ન દેખાય તો સત્સંગી અને કુસંગી વચ્ચેનો ભેદ કઈ રીતે થાય? સંતોના કહેવાનો મતલબ એ છે કે બીજાના દોષ ઉપર ભાર ન મૂકવો અને તે દૂર થાય તેવા તેના પ્રયાસમાં મદદરૂપ થવું. આવું વલણ વિવેકથી જ શક્ય છે.

આ રીતે વિવેક પ્રથમ અને મહાન સહાય છે અને વિવેકપૂર્વક કરેલો સત્સંગ એટલું જ મહત્ત્વ ધરાવે છે. સત્સંગના ઘણા પ્રકાર હોઈ શકે. કોઈ સંત પુરુષ સાથે સત્સંગ થઈ શકે, કોઈ સજ્જન સાથે સત્સંગ થઈ શકે, કોઈ સંનિષ્ઠ મિત્ર સાથે પણ સત્સંગ થઈ શકે. આ બધા તો તેમની સગવડે પ્રાપ્ત થઈ શકે. સત્સંગ ઉત્તમ પુસ્તક વડે પણ થઈ શકે. તે સદા પ્રાપ્ય છે. ગીતા, યોગદર્શન કે એવા કોઈપણ ઉત્તમ ગ્રંથના વાંચન વડે પણ સત્સંગ થઈ શકે. ઉત્તમ પુસ્તકો ગમે ત્યારે પ્રાપ્ત થઈ શકે એટલે એના સત્સંગ સદા પ્રાપ્ય છે. સદા પ્રાપ્ત છે. પણ આવાં પુસ્તક કેવળ વાંચવામાં ખૂબી રહેલી છે. વિવેકપૂર્વક એ પણ વાંચવા જોઈએ. વાંચન સાથે વિચાર, મનન અને સ્વતંત્ર ચિંતન થવું જોઈએ તે એટલે સુધી કે એ ચિંતન ધ્યાન બની જાય. આવું વાંચન બધાંને સુલભ નથી થતું પણ જે વિચારવાન છે તેને તે ઉત્તમ સહાયક બની રહે છે, પરંતુ વિચારશક્તિ ઉપર પુસ્તક લખનાર એક વિવેચકે યથાર્થ જ કહ્યું છે કે સાચી વિચારણા વિરલ હોય છે. આવી સાચી વિચારણા

વિકસાવવા માટે રાગ-દ્વેષ, ગમા-અણગમાથી પર થવું જોઈએ અને તો જ આવી શુદ્ધ વિચારણા હાથ લાગે છે. આવી વિચારણા કરનાર બે સત્સંગી ભેગા થાય ત્યારે વિચારની આપલેની રમઝટ ચાલે અને વિચારણા નવલું રૂપ ધારણ કરી આગળ વધતી જાય, પરંતુ મોટેભાગે તો મોટાભાગની વાતચીતમાં લોકો અને સાધકો પણ "મેં મેં, તું તું" અને અહંઅકમિકામાં પડી વાદવિવાદને રવાડે ચડી જાય છે.

આ પ્રકારના વિવેક વિચારણા અને સત્સંગ માટે જરૂરી બને છે તાદાત્મ્ય અને તાટસ્થ્યને એક સાથે સંયોજિત કરી સમન્વય સાધનાની શક્તિ. વિવિધ મતોનો સમન્વય તો ત્યારે જ થઈ શકે જ્યારે સાધક વિષયવસ્તુ કે વ્યક્તિમાં રહેલું સત્ય જુએ અને સાથે તદાકાર થાય અને છતાં તેને તટસ્થભાવે જુએ. આમ તટસ્થતા અને તદાકારતા એક જ સાથે યોજતાં સમન્વય કરવો સરળ પડે છે. આવી સમન્વય શક્તિ અને તદાકારતા અને તટસ્થતાનો સુમેળ તો સાધના અને જપસાધનામાં આગળ વધતાં પ્રાપ્ત થાય છે. મૌનમંદિરમાં પોતે એકલો પડવાથી, અંતર્મુખ થવા માંડવાથી એનામાં અંતર્મુખતા વધે છે, રાગદ્વેષ મોળા પડવા લાગે છે. આવી પ્રગતિનો આધાર સાધકની ભાવના, તેમાં તીવ્ર સંવેગ અને ધ્યેય તરફની નિષ્ઠા વડે જ થાય છે. ઈશ્વર સમન્વય સ્વયં છે અને તેથી ઈશ્વરનું જપપૂર્વકનું ચિંતન સમન્વયની સાધનામાં ખૂબ મદદરૂપ થાય છે. અહીં એ સવાલ થાય કે સમન્વય આત્મ વિદ્યાનો જ કરવો કે જગતમાંની વિદ્યાઓનો પણ કરવો. ઉપનિષદો કહે છે કે બંનેનો સમન્વય કરવો જોઈએ. એકલી અધ્યાત્મ વિદ્યા અંધકારમાં લઈ જાય છે, કારણ તેમાં ઘણી ભુલભુલામણીની શક્યતા છે. એકલી બાહ્ય વિદ્યા એ ઘોર અંધકારમાં ગોથાં ખવડાવે છે કારણ તેમાં અધ્યાત્મ નથી. તેથી સમન્વય દર્શન દર્શાવે છે કે અધ્યાત્મ વિદ્યા અને જાગતિક વિદ્યાઓનો એમ બધીય વિદ્યાઓનો અભ્યાસ કરી

તેમનો સમન્વય સાધવો જોઈએ. ગીતા પણ આવું જ કથન કરે છે અને બધાંય વિદ્યાના સમન્વયરૂપ ઈશ્વરને શરણે જવા કહે છે.

ઈશ્વરમાં સમન્વય કઈ રીતે?

ઈશ્વર સમન્વય સ્વયં છે એવું કથન બ્રહ્મસૂત્રે જ પ્રારંભનાં સૂત્રોમાં કહી દીધું છે. પણ ઈશ્વર સમન્વય સ્વયં છે એ સત્ય થોડી વિગતે સમજવા જેવું છે. અનંત ચૈતન્ય બ્રહ્મ જ આદિ, અનાદિ અને વર્તમાન છે એ હકીકત તો આપણે આગલા એક પ્રકરણમાં સમજી ગયા. એ બ્રહ્મ કે ચૈતન્ય નિરાકાર છે છતાં એમાં રહેલી ચેતનાશક્તિ વડે તે સાકાર થાય છે અને એ ચેતનાશક્તિ નકારનો આશ્રય લઈને એટલે કે અવિદ્યા વડે ઊંધી બનીને આ જગત સર્જે છે એટલે કે ચેતનાશક્તિનું અવતરણ થાય છે. આ અવતરણ જડત્વ સુધી પહોંચીને પાછો ઊર્ધ્વી-કરણને ક્રમે આરોહણ કરતાં ચેતનમય થવા લાગે છે અને એવી ઉત્ક્રાંતિને પરિણામે તે વનસ્પતિ, પશુપંખી અને છેવટે માનવ સુધી ઊર્ધ્વ પ્રગતિ કરે છે. તે પછીના ક્રમે તે દેવાદિ યોનિમાં પ્રવેશી પાછી એ જ ચેતનાશક્તિ કેવળ ચેતન સ્વરૂપ બની બ્રહ્મમય કે ચૈતન્ય સ્વરૂપ બની રહે છે. આ આખું અવતરણ આરોહણ પૂર્ણ ચક્ર તેજ ઋત અને ઋતને આધારે જ આ જગત પ્રગટ થાય છે અને પાછું મુક્ત શુદ્ધ વ્યક્તિ દ્વારા ચેતનામય થતું જાય છે. આ થયું એક પ્રકારનું અવતરણ અને આરોહણ. બીજા પ્રકારનું અવતરણ પણ સીધે સીધું થાય ત્યારે તે અવતારરૂપે કે અવતરિત વિવિધ શક્તિ વડે પણ થાય છે. આ આખોય ઋતનો ઘટનાક્રમ દર્શાવે છે કે બધીય મૂળભૂત શક્તિ ચેતનાશક્તિ સ્વયં છે અને તે ચૈતન્યસ્થિત છે. શક્તિમાંથી જ બધું જન્મે છે એટલે બધાનો સહજ સમન્વય તેમાં જ રહેલો છે અને એ ચેતનાશક્તિ સાકારરૂપે સ્વયં છે એ સિદ્ધ થાય છે અને તે સંગ કે મુક્તિ પુરુષને માટે અનુભવપૂત બની રહે છે. તેથી જ કહી શકાય કે સમન્વયની સાધના

એટલે ઈશ્વર સાધના અને ઈશ્વર સાધના એટલે સમન્વય સાધના. એમાં કુંડલીની અને આંતરિક ચક્ર વડે ઊર્ધ્વીકરણ થવાનો પણ કેટલાકને અનુભવ થાય છે.

એકલો જાને રે

પરંતુ આવો પરમ સમન્વય આપોઆપ મળતો નથી કે સાંપડતો નથી. એને માટે તો સાધના કરવી પડે છે. એ સાધના એકલાએ જ કરવી પડે છે. એમાં બહારની સહાય ભલે મળે પણ સાધના તો આંતરયાત્રા બનવી જોઈએ. પણ માણસ તો એકલો રહી શકતો જ નથી. એકલો પડે એટલે તેને એકલાપણું લાગે અને તરત જ કંટાળી જાય - માણસ પોતાનાથી જ કંટાળો પામે એ કેવી વિધિની વિચિત્રતા ગણાય! છતાં એ એક નક્કર હકીકત છે. એનો ઉપાય પણ છે. ઉપાય કરતાં પહેલાં એનું કારણ સમજવું જોઈએ. એનું મુખ્ય કારણ એ છે કે માણસ પોતાને અધૂરો માને છે, એનામાં નકાર છે અને એ નકારને ભરવા માટે એ ખાલીપણાને પૂરવા માટે બહારના વિષય વ્યક્તિનો સંપર્ક એને જરૂરી થઈ પડે છે. આમ થવાનું કારણ સ્ત્રી કે પુરુષ પોતાને કેવળ સ્ત્રી કે પુરુષ માને છે અને તેથી તેને અધૂરપનો અનુભવ થાય છે, પરંતુ આજનું વિજ્ઞાન તો કહે છે કે પુરુષમાત્રમાં ૬૦ ટકા પુરુષત્વ છે અને ૪૦ ટકા સ્ત્રીત્વ છે અને સ્ત્રીમાત્રમાં ૬૦ ટકા સ્ત્રીત્વ અને ૪૦ ટકા પુરુષત્વ છે. આ હકીકતનું મૂળ કારણ એ છે કે માણસમાત્રમાં રહેલાં ઈડા અને પિંગલા નાડીઓ છે. ડાબી ઈડા છે અને તેથી જ સ્ત્રીમાત્રમાં ડાબું અંગ પ્રબળ હોય છે અને હસ્તરેખા જોવામાં પણ તેનો ડાબો હાથ જોવાય છે. પુરુષમાં જમણી પિંગલા નાડી પ્રબળ હોય છે અને તેનું જમણું અંગ વધુ પ્રભાવશાળી હોય છે અને એથી જ એનો જમણો હાથ જોવામાં આવે છે. જો આ બંને નાડી સુષુમણામાં એકરૂપ થાય તો સ્ત્રી કે પુરુષમાં સ્ત્રીતત્ત્વ અને પુરુષતત્ત્વનું એકત્વ થાય છે અને તે વ્યક્તિ

તરીકે એક પૂરી એકમ બની રહે છે. તેથી એને એકલાપણું ન લાગે, બીજાનો આધાર લેવો ન પડે અને પોતે એક સમગ્ર એકમ બનતાં એકલો જવાની શક્તિ તેનામાં આપોઆપ પેદા થાય છે. મૌનમંદિરમાં જપ સહજ થતાં તેનું એકલાપણું મટવા લાગે છે અને ઈશ્વરની હાજરી ક્રમશઃ વધુ ને વધુ અનુભવતો થાય છે.

ક્રમિક અનુભૂતિઓ

અત્યાર સુધીની વિચારણા ઉપરથી હવે જપસાધકને કેવી વિવિધ અનુભૂતિ થાય છે તે ઉપર નજર નાખવી જરૂરી બને છે. ઈશ્વર પરમ જ્યોતિ સ્વરૂપ છે તેથી જ્યોતિનો વધુ ને વધુ અનુભવ થાય તો તે ઉત્તમ અનુભૂતિ થવા લાગી એમ કહેવાય, પરંતુ તે પહેલાં સાધકને આત્મામાં જ સર્વ કંઈ રહેલું છે એવો અનુભવ થવા લાગે અને તેને યોગશાસ્ત્ર સ્વાર્થ સંયમ કહે છે. સ્વાર્થ સંયમ એટલે સ્વમાં કે આત્મામાં સંયમ કરવો એટલે ધ્યાન કરવું. જપ વડે આત્મામાં સંયમ થવા લાગે છે અને જેમ જેમ આત્મસ્થિતિ વધતી જાય છે તેમ તેમ સર્વ કંઈ આત્મામાં જ છે તેવી અનુભૂતિ ક્રમશઃ વધતી જાય છે. આત્મામાં સ્થિતિ દૃઢ થાય એટલે ક્રમશઃ તેને યોગની અન્યતાખ્યાતિનો અનુભવ થાય છે. અન્યતાખ્યાતિ એટલે આત્મતત્ત્વ શરીરથી અલગ છે તેવો અનુભવ થવા લાગે છે. આવી એ સ્થિતિ દૃઢ થતાં સત્ત્વની શુદ્ધિ આત્મશુદ્ધિ જેટલી બને છે અને તેમ થતાં આત્મા અને સત્ત્વશરીરનું શુદ્ધિ સામ્ય કૈવલ્ય પ્રાપ્ત થાય છે એટલે કે સાધક ઈશ્વર જેવી શુદ્ધિ પ્રાપ્ત કરે છે. એ વડે આત્મા પરમાત્માની જ્યોતિર્મય શુદ્ધિ સ્વરૂપ સ્થિતિ પ્રાપ્ત થાય છે, પરંતુ દરેક સાધકને આવી અનુભૂતિ થતી વખતે વિવિધ અન્ય અનુભૂતિ પણ થાય છે. કોઈને ઈષ્ટ દેવનાં દર્શન થાય, કેટલાકને દિવ્ય વાણી સંભળાય અને એમ વિવિધ અનુભૂતિ સાધકની અવસ્થા, પ્રયાસ અને પ્રકૃતિ અનુસાર થાય છે, પરંતુ આ બધીય અનુભૂતિની એક સુંદર સહજ

કસોટી છે અને તે છે સાધકમાં સર્વ કાળ રહેલી પ્રસન્નતા. સાચા સાધકમાં કદીય ઉદાસીનતા ન જ આવે. તે સદા પ્રસન્ન હોય છે, રહે છે અને ગમે તેવા સંજોગોમાં પણ પ્રસન્ન, સ્થિર અને સ્વસ્થ હોય છે. સ્વસ્થ સદાકાળ પ્રસન્નતા એ મોટામાં મોટી અનુભૂતિ છે, કારણ તે સર્વ અનુભૂતિનું સહજ પરિણામ છે.

સંતોની સરખામણી થાય?

પ્રસન્નતા બધાય સંતોમાં જોવા મળે છે અને તેથી પ્રસન્નતા આત્મસ્થિતિનું સહજ સર્વોત્તમ લક્ષણ ગણાયું છે. સામાન્ય રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે લગભગ બધાય સંતોને ઈશ્વરનો સાક્ષાત્કાર થયો હોય છે અને તેમની મર્યાદા જોવાની હોય જ નહિ. વળી કેટલાક લોકો સંતોની સરખામણી કરતાં હોય છે. ઉદાહરણ તરીકે કેટલાક સંપ્રદાય ગાંધીજીને મહાત્મા કહેવા તૈયાર થાય પણ તે સંત ન હતા એમ એ લોકો બેધડક કહે છે. આવી સરખામણી ખરેખર થાય છે ખરી, કારણ એ એ સંપ્રદાયના ગુરુ જ ખરા સંત હતા એમ પણ તેઓ કહેતાં અચકાતા નથી. સંતોની આવી સરખામણી ઘણી રીતે યોગ્ય નથી. આનાં કારણોમાં પ્રથમ ખૂબ જ મહત્ત્વનું કારણ એ છે કે આ જગતમાં કોઈપણ વસ્તુ સમાન નથી હોતી. એક જ ઝાડનાં બે પાન પણ સરખાં નથી હોતાં, એક જ અંડબીજનાં વિભાજિત થઈ જોડિયાં જન્મેલ બે બાળક પણ સરખાં નથી હોતાં. વિવિધતા એ તો જગતનો મહાનિયમ છે. આ મહાનિયમ સંતોને પણ લાગુ પડે છે. વળી દરેક સંતનો સાક્ષાત્કાર એક સરખો હોતો નથી. એ કારણે પણ સંતોની સરખામણી કરી ન જ શકાય. વિષ્ણુ ભક્તને વિષ્ણુનાં દર્શન થાય, શિવભક્તને શિવનાં, ખ્રિસ્તીને ઈશુનાં કે માતા મેરીનાં દર્શન થાય અને એવાં દર્શન પણ દરેકનાં સરખાં હોતાં નથી. એ દરેકનાં દર્શન સાચાં હોવા છતાં તે કેટલાં ટકાઉ, તીવ્ર અને પૂર્ણ હોય તે પણ વ્યક્તિગત રીતે ભિન્ન ભિન્ન

હોઈ શકે. વળી દરેક સાક્ષાત્કારી સંત એ દર્શન પછી પણ કેટલો આગળ વધે છે અને તેમાં કેટલો ટકી શકે છે તે ઉપર પણ ઘણો આધાર રહે છે. વળી યોગશાસ્ત્ર અને ગીતાજી કહે છે તેમ સાક્ષાત્કાર થયા પછી તેને ટકાવવાનો આધાર સંતની શુદ્ધિ ઉપર રહે છે. દરેક સંતની આંતરશુદ્ધિ એટલે તન, બુદ્ધિ, સત્ત્વાદિની શુદ્ધિ સરખી હોતી નથી. આ વિવિધ દૃષ્ટિએ દરેક સંત પોતે એક નવી જ ભાત પાડે છે અને તે દરેક પોતાની દૃષ્ટિએ એક વિરલ એકમ હોય. એ દૃષ્ટિએ તો માનવમાત્ર સ્વતઃ એક વિરલ વ્યક્તિત્વ ધરાવે છે. છેલ્લે સંત ગમે તેટલો આગળ વધેલો હોય પણ જ્યાં સુધી શરીર ધારણ કરે છે ત્યાં સુધી એને મર્યાદા રહેવાની જ. એક બે ઉદાહરણો જોવાં જેવાં છે. રામકૃષ્ણ તો પરમહંસ કહેવાયા અને તેમના થકી હિંદુ ધર્મમાં નવસર્જન થવા પામ્યું અને ભારતીય અધ્યાત્મનું પુનરુત્થાન થવા પામ્યું. આ મહાસંતને પણ એવી આકાંક્ષા હતી કે તેઓ અવતાર છે તે વાત સિદ્ધ થાય! આ એક સ્વાભાવિક મર્યાદા છે અને તે પોતે પણ કહેતા કે જ્યાં સુધી આવો સૂક્ષ્મ અહં ન હોય તો શરીર ટકે પણ નહિ. શ્રીઅરવિંદ જેવા પ્રખર અને મહાયોગીને એમ કહેવાનું મન થયું કે ૧૫મી ઑગસ્ટના તેમના જન્મ દિવસે જ સ્વરાજ મળ્યું તેમાં પણ ઘણો સંકેત રહેલો છે! યોગી કે મહાયોગીને પણ આવી મર્યાદા હોય એમાં નવાઈ પામવા જેવું નથી. સામાન્ય માણસને પૂર્ણ સાક્ષાત્કાર એટલે શું તેનો ખ્યાલ હોતો નથી. તેથી તેઓ પોત પોતાના સંતગુરુનો મહિમા ગાઈ તેને જ સર્વોત્તમ ગણાવવા મથે છે અને એ રીતે સંતોની ખોટી સરખામણી કરી ભ્રમમાં સપડાય છે.

આ અંગે સંતશ્રી મોટાનું કથન ખૂબ વાજબી અને વિવેકયુક્ત છે. તેઓ કદી એક સંતની બીજા સંત સાથે કે સંતની ઈશ્વર સાથે સરખામણી કરવામાં માનતા ન હતા. તેમને તો એકથી વધુ ગુરુ

આપમેળે મળ્યા છતાં તેમણે એમના એ ગુરુઓની સરખામણી કરી નથી. વળી કેટલાક સંતને ઈશ્વરતુલ્ય માનીને ચાલતા હોય છે અને પૂ. શ્રીમોટાના કેટલાક અનુયાયી તો શ્રીમોટાને જ ઈશ્વરતુલ્ય માનીને ચાલે છે! પૂ. શ્રીમોટાએ સ્પષ્ટ કહ્યું છે કે ગમે તેવો મોટો સંત હોય પણ તે ઈશ્વરની તોલે ન જ આવે. એમનું આ કથન સનાતન સત્ય ઉપર આધારિત છે. સંત પણ વિશ્વનો એક અણુરૂપ અંશ છે, આત્મા તરીકે તે ઈશ્વરના એક અંશમાત્ર છે. આ હકીકત સ્વયં સ્પષ્ટ છે. પણ તેથી સંતની ઈશ્વરની સાથે તુલના થઈ શકે? સામાન્ય દૃષ્ટિએ આવી તુલના કરનારને માફ કરી શકાય કારણ તેની પાછળ એમની એમના ગુરુ તરફની નિષ્ઠા હોય છે. ભલે તે આંધળી નિષ્ઠા છે, પરંતુ સૂક્ષ્મ દૃષ્ટિએ જોતાં એમાં થોડોક પણ ઈશ્વર તરફનો દ્રોહ પણ હોઈ શકે છે. આવી સરખામણીમાંથી કે આવી અધૂરી નિષ્ઠામાંથી નીકળવાનો માર્ગ છે કે તે બદ્ધ માનસમાંથી નીકળી જવાનો. વિશાળ નિર્બદ્ધ દૃષ્ટિ અપનાવી ઈશ્વર તરફ વળવાથી પણ આવી સંકુચિત માનસ દશામાંથી નીકળી શકાય. જપસાધના એમાં જરૂર મદદ કરી શકે. પોતાની જપસાધના કેટલી સાચી છે તેની સ્વયં પરીક્ષા પોતાની મનોવિશાળતા કેટલી વધે છે તે જોવાથી પણ થઈ શકે છે.

સુષુમણાની સાધના

આવાં બદ્ધ માનસમાંથી, માનસિક ઉદાસીનતા કે ડિપ્રેશનમાંથી, ટેન્શન કે શરીર મનની તાણયુક્ત સ્થિતિમાંથી નીકળવું હોય તો જપની સાથે સાથે સુષુમણાની સરસ સહજ નિર્ભય સાધના કરવી જોઈએ. જપસાધનામાંથી મારે તેમાં પ્રવેશવાનું થયું એનાથી શરીર મનની સમતા સહેજે આવે છે. પહેલાં પ્રથમ શ્વાસની સુષુમણામાં સ્થિરતા આવે એટલે શરીરમાં રહેલી શક્તિની સુષુમણા કે કોસ્મિક સુષુમણામાં પ્રવેશ થાય છે. એમ થતાં જ વામનમાંથી વિરાટ થવાનો અનુભવ થવા લાગે છે.

❑

પ્રકરણ : ૧૦

ઉપસંહાર

માનવનો ઇતિહાસ જોતાં જણાય છે કે તે ઘણા લાંબા સમયથી માનવજીવનના બધાય સવાલોનો ઉકેલ કરનારી કોઈ એક ગુરુચાવીની શોધ કરતો આવ્યો છે, પરંતુ દૂંટીમાં કસ્તૂરી છતાં સુગંધનું મૂળ શોધવા કસ્તૂરી મૃગ આખું વન ભમે તેવી દશા માનવની છે. તેની પાસે તેને જોઈતી ગુરુચાવી ક્યારનીય મળી ગઈ છે! પણ દિલગીરીની વાત તો એ છે કે તેની તેને હજીય ગમ નથી. કેટલાકને તેની કદાચ ગમ પડી હોય તોય તેનો વપરાશ કે ઉપયોગ આવડતો નથી, કંઈક ઉપયોગ આવડે છે તો તેને અંગે તેટલો વિશ્વાસ નથી. જે સંતો પાસે તે છે તેની પાસે કોઈક જ તે લેવા જાય છે.

માનવજીવનની ગુરુચાવી જપ છે. જે માણસને કેટકેટલી રીતે ઉપયોગી છે તેનું કંઈક દર્શન અત્યાર સુધીનાં પ્રકરણો ઉપરથી થાય એમ છે. માણસના અંતરતમ ખૂણા સુધી પહોંચી જઈને તેનું પરિવર્તન કરવાને સમર્થ જપ માનવજીવનની ગુરુચાવી કહેવાવાને લાયક છે. જીવનનું ધ્યેય ચૈતન્ય પ્રાપ્તિ છે અને તેમાં જપ સર્વોત્તમ સહજ સાધન છે, એટલું જ નહિ પણ ધ્યેય પ્રાપ્તિમાં જે અડચણો આવે તે બધી સરળ સહજ રીતે જપથી દૂર થાય છે. આવું મહત્કાર્ય કરનાર જપને જીવનની ગુરુચાવી કહેવામાં પૂરેપૂરી યથાર્થતા છે. ચૈતન્ય પ્રાપ્તિના ધ્યેયને પહોંચવા ધર્મોએ અનેક રીત બતાવી છે - યજ્ઞયાગ, જપ, તપ, દાનધર્મ, તંત્રયોગ, ભક્તિ અને શરણ - એ બધામાં જપ સર્વોત્તમ અને સર્વને સહજ રીતે સમાવનારો છે. એમાં વળી તે સર્વેને ઉપયોગી થાય એવો છે, એટલું જ નહિ પણ સર્વસ્થળે, સર્વકાળે તે ઉપયોગી થવાની શક્તિવાળો છે. જપને કળિકાળનું ઉત્તમ

સાધન પુરાણાદિમાં કહ્યું તેનો અર્થ એ નથી કે સત્યાદિ યુગમાં તે ખપનું ન હતું. ત્યારેય ભક્તિ અને સંતો તો જપને જ ઉત્તમ સાધન માની તેનાથી તરી ગયા. કળિકાળમાં તે વિશેષ ઉપયોગી છે અને તેથી તે જીવનની ગુરુચાવી થઈ શકે એમ છે.

જપની વ્યાપકતા જોતાં પણ તે ગુરુચાવી થવાને લાયક છે. આપણે જોયું કે દરેક ધર્મમાં તેને સ્થાન છે અને તેથી તેની આ વ્યાપકતા સહેજે ઉત્પન્ન થયેલી છે. તેની આ સાહજિક વ્યાપકતા તેની સર્વોપયોગિતા સિદ્ધ કરે છે. ગુરુચાવીનું આ વ્યાપકતાનું લક્ષણ પણ તેમાં છે.

તે પછી આપણે તેનું હિંદુ ધર્મમાં કેટલું માહાત્મ્ય ગવાયું છે તે વિગતવાર જોયું અને તેમાં તેના વિસ્તાર સાથે કેટલું ઊંડું ખેડાણ થયું છે તે પણ આપણા ખ્યાલમાં આવ્યું. ગુરુચાવીના ઊંડાણનું લક્ષણ પણ જપમાં છે. વળી એવું નથી કે જપ પહેલાં જરૂરી હતો અને હવે તેની કિંમત નથી. તેથી સંતો અને અર્વાચીનોના જીવનમાં જપ કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે તે જોતાં અર્વાચીન મહાપુરુષો અને પશ્ચિમની વિચારસરણી પણ જપને કેવો મહાન ટેકો આપે છે તે પણ આપણા ધ્યાનમાં ઊતર્યું. બધાંય એકી અવાજે જે કહે છે તે ઉપરથી લાગે છે કે જપ સર્વોપયોગી સાધન છે.

આટલેથી સંતોષ ન માનતાં આપણે જપના રહસ્યમાં ઊતર્યા અને તે માણસના ચિત્તાદિ ઉપર કેવી સૂક્ષ્મ અને સચોટ અસર કરે છે તે વિગતે તપાસ્યું અને સમજ્યા કે જપમાં સૂક્ષ્મતમ અસર કરવાની શક્તિ પણ છે.

વળી તે વ્યક્તિને જ સર્વ રીતે ઉપયોગી છે એમ નહિ પણ તે સમાજને પણ ઉપયોગી છે અને તેની પદ્ધતિ પણ સર્જી શકાય છે તેનું વિગતે વર્ણન અને મર્મ તપાસ્યો. સાચી શ્રદ્ધા પેદા થાય તે માટે જપના અનુભવીઓના અનુભવો પણ તેના અર્થ સાથે તપાસ્યા

અને જોયા. આટલું ઓછું હોય તેમ છેવટે જપને જીવનના વ્યવહારની કપરી કસોટીએ ચડાવ્યો અને તેમાં પણ તે પાર ઊતર્યો. જપની કસોટી કરનાર આપણી જ હવે કસોટી થવા વારી આવી છે! ગુરુચાવી જેવા જપના સાધનને અપનાવી શકીશું તો કસોટીમાંથી પાસ છીએ.

પણ જપને અપનાવવો એટલે શું? તો શું કોઈ મંત્ર લઈ જતાં આવતાં રસ્તે, મોટરમાં બધે જપ બોલવા મંડવો! એવો અર્થ લેવાનો છે જ નહિ. જપને તેના સૂક્ષ્માર્થમાં હૃદયમાં જડી દેવાનો છે. તે તો ચેતનાનું સતત અનુસંધાન છે, સહજ સમાધ છે. આપણે આપણા અહંને જાણીબૂઝીને યાદ કરવો પડે છે! તે તો સતત યાદ છે જ. તે જ રીતે અહંની જગાએ અહંના મૂળરૂપ ચેતનાને સ્થાપી તેનું સતત સ્મરણ કરતાં રહી તેના દ્વારા કામ કરતાં થવું, તેમાં જ જીવવું તે જ જપ છે. આ જ તેનો લાંબો અને ટૂંકો અર્થ છે અને તે સમજવા માટે જ આપણે આટલા વિસ્તારથી જપની મીમાંસામાં ઊતરવાની જરૂર પડી. બુદ્ધિવાદના જમાનામાં એમ જ થાય. જ્યાં સુધી સીધી સરળ વાત પણ બુદ્ધિથી ન સમજાય ત્યાં સુધી તે આચારમાં ન ઊતરે. એ એક રીતે સારું પણ છે કારણ બુદ્ધિથી ગ્રહણ કરેલ બાબત ટકાઉ બની શકે પણ હંમેશ બનતી નથી.

કમનસીબી તો એ છે કે બુદ્ધિની સમજમાં ઊતરે છતાં તે વાત આચારમાં ઊતરતી નથી હોતી. તેથી જપને કેવળ બુદ્ધિથી નહિ પણ સ્વચેતનાથી સમજવાનો છે. માણસ પોતાની સમગ્ર ચેતનાથી તેને સમજે તે પછી તે કદી છૂટનાર નથી. ચેતનાથી જપને સમજવા માટે જપનો આચાર શરૂ કરી દેવો જોઈએ. આજે યંત્રનો ફેલાવો ખૂબ ઝડપથી થાય છે કારણ કે યંત્રથી ફાયદો છે એમ માની લેવામાં આવે છે. જોકે યંત્રમાં ઝડપાદિના ફાયદા છે તેમ કેટલાક ગેરફાયદા પણ છે જ, પરંતુ જપયંત્રમાં કશો ગેરફાયદો છે જ નહિ. તે તો સૂક્ષ્મતમ યંત્ર કરતાંય આગળ જઈ યંત્રની ચાલક

ચેતનાનો પણ અનુભવ કરાવે છે. જપને વ્યાપક કરવાનો પણ આ જ ઉપાય છે. તેનો ઉપયોગ કરવા માંડવો અને જે આંતરિક ફાયદા થાય તે જોઈને બીજા પણ આપોઆપ લલચાવાના જ. વળી એક વાર તેની શક્તિનો પરિચય થયો પછી તેને બહાર શોધવા જવું પડે તેમ નથી! યંત્રોના ફેલાવામાં તો મોટાં કારખાનાં નાખવાં પડે અને તેનો માલ દરેકને પહોંચાડતાં વર્ષો લાગે! પણ જપયંત્ર તો દરેકની અંદર તૈયાર પડ્યું છે, ફક્ત તેનો ઉપયોગ કરવા માંડવાનો છે. જપનો ઉપયોગ અને વપરાશ એ જ તેને વ્યાપક કરવાનો, વ્યવહારમાં ઉતારવાનો ઉત્તમ સરળ ઉપાય છે.

જપનો આ જાતનો વિસ્તાર કરતાં કરતાં તેના અનુભવો અને તેની રીતનું સંશોધન કર્યા જ કરવું જોઈએ. એકવાર જ્યાં જપનો રસ લાગે અને સમાજને તેની ઉપયોગિતા જણાય એટલે તેનો વિકાસ અને સંશોધન સહજ થવાનાં. જેમ જેમ માણસની આધ્યાત્મિક શક્તિ વધે અને તેનો સર્વાંગી વિકાસ થતો જાય છે તેમ તેમ તેને જપ જેવા સર્વાંગી અને સહજ સાધનનો ખપ પડવાનો અને તેને તે ભાવથી અપનાવશે પણ ખરો. આ કામ એટલું મહાન છે અને માનવવિકાસના મૂળભૂત સવાલને સ્પર્શનારું છે કે તેમાં ગતિ પ્રગતિ બહુ ધીમી લાગવાની. એ દિશામાં એક એક ડગલું પણ સંતોષને માટે બસ લાગવું જોઈએ. આ દિશામાં વ્યક્તિ, વ્યક્તિઓ કે સમાજ એક ડગ પણ આગળ ભરે અથવા ભરવા તૈયાર થાય તેનો આધાર જપમાં માનનાર સાધકો ઉપર છે. તેઓ જપને તેની આ વ્યાપક અને સૂક્ષ્મ શક્તિને વૈજ્ઞાનિક રીતે ઓળખે અને તે રીતે જપસાધનનો ઉપયોગ કરતાં થાય તો તેની શુભ અસર સમાજ ઉપર પડનાર છે જ. તેણે સતત યાદ રાખવું જ રહ્યું કે જપ ચેતનાચૈતન્ય સાથે એકતાકારી સહજ સાધન છે, પોતે એવું અનુસંધાન કરી ચેતનાની અનુભૂતિ કરતો થશે તો એની ચેતના અન્યોમાં સંક્રામક બનશે જ.

જપસાધકે એટલું સમજી લેવું રહ્યું કે જપ સર્વોપયોગી સાધન તો છે, પરંતુ એ સાધના ઊભી કરવા લોકો તેના જપની અસર તેના પોતાના ઉપર જ પહેલાં જોનાર છે. જપની શુભ અસર તેના ઉપર જોતાં સમાજ તે ધીમે ધીમે પણ જરૂર અપનાવશે જ. આપણે સૌએ સતત ધ્યાનમાં રાખવા જેવું છે કે જપ સર્વોત્તમ સાધન છે. પણ તે તો તેવું હતું જ! એ કંઈ નવું બન્યું નથી. આપણી એ અંગેની સમજ નવી છે એટલું જ. આ સાધનને સાધનામાં ફેરવવી તે આપણું કામ છે. લેખક તો પ્રાર્થે છે કે ઈશ્વર આપણ સૌને એ માટેની શક્તિ આપો. પોતાનાથી જ શરૂઆત કરીને તે સંતોષ માનનાર છે.

એવો સંતોષ તો ત્યારે જ મનાય જ્યારે જીવનની ક્રિયામાત્ર ચેતનાપ્રેરિત બને અને તેમ કરવાને માટે જપ શ્વાસોશ્વાસમાં વણાઈ જાય. આપણે એમ તો માનીએ છીએ કે ચેતન સર્વ જડ વસ્તુમાત્રમાં પણ છે જ. તે દરેક ક્રિયામાં પણ હોવો જ જોઈએ. તે બધું કરનાર છે એમ પણ માનીએ છીએ. જપનું કામ એ છે કે આપણી એ માન્યતાને કાયમ કરે અને બધી ક્રિયા ચેતના દ્વારા થાય છે એવી સતત પ્રતીતિ કરાવે. ચેતના જ બધું કરે એવી બુદ્ધિપૂર્વકની સમજ તો જપના રહસ્યમાં આપણે લીધી છે. એ સમજને દૃઢ કરવાનું કામ પણ જપ કરી શકે છે. જપ અંગે શ્રદ્ધા પેદા કરવાનું કામ પણ જપ કરે! જપનો કેવો મોટો મહિમા!

એ મહિમા વધુ નથી, કારણ જપ ઋતનો મહાનિયમ છે. કૂટસ્થ ચૈતન્ય સદા એકનું એક છતાં નિત્ય નવીન છે, સનાતન છતાં સૌંદર્ય સ્વયં છે. તેનું પ્રતિબિંબ તેના સર્જનમાં પડે છે. વિશ્વ તેનું સર્જન છે. વિશ્વમાં પણ ચૈતન્યની એકતાની જગાએ વિવિધતા પ્રગટી. આ વિવિધતામાં એકતાનું સાધન સતત રટણ છે, પુનરાવર્તન છે. વિશ્વની વિવિધતામાં રટણ સહજ રીતે રહેલું જ છે. આ રટણને

લીધે જ વિશ્વમાં નિત્ય નવીનતા છે. વિશ્વનો એ મહાનિયમ છે. આ મહાનિયમનો આધ્યાત્મિક ઉપયોગ તે જ જપ. જપ વિશ્વની વિવિધતામાં ચેતનાની એકતા પેદા કરે છે અને તેથી તે માનવ જીવનના વિકાસનું સહજ સાધન બને છે. જીવનમાં કોઈ ને કોઈ વિષય કે ધ્યેયનો જપ તો ચાલે જ છેને? તો પછી ચૈતન્યધ્યેયનો જપ કેમ ન કરવો?

જપસાધન કરવામાં તેની ચાહના જોઈએ, પ્રેમ જોઈએ, લગની જોઈએ. ચૈતન્યમાં અંતે તદાકાર થનાર મીરાંબાઈએ આખું જીવન ગિરિધરનો જપ જપી અને છેવટે તેમાં જ સાયુજ્ય પામી. સાધનની મહા અનુભવી મીરાંનાં વચનો દરેક સાધકે હૃદયમાં કોતરી રાખવા જેવા છે. એ વડે જ સાધન ખરું સાધન બને છે, સાધના બને છેઃ-

સાધન કરના ચાહી રે મનવા,
ભજન કરના ચાહી.
પ્રેમ લગાના ચાહી રે મનવા,
પ્રીત કરના ચાહી. — સાધન.

આવી ચાહના વડે જ જપસાધન સાધના બની શકે છે. એકને પણ તે સર્વ રીતે ઉપયોગી થતાં તે સહેજે સર્વોપયોગી થનાર છે - મીરાંનું વચન ફરી ફરી યાદ કરી લઈએ :-

"સાધન કરના ચાહી રે મનવા ..."

અસ્તુ.

❑

ઉપયોગમાં લીધેલાં પુસ્તકોની સૂચિ

અંગ્રેજી પુસ્તકો :

1. **The Varieties of Religious Experiences By William James.**
2. **Shakti & Shakta By Sir John Woodroffe.**
3. **Letters of Sri Aurobindo on the Mother.**
4. **Letters of Sri Aurobindo (Two Series).**
5. **The Synthesis of Yoga By Sri Aurobindo.**
6. **The Gospel of Divine Love or Narada Bhakti Sutras By Swami Tyagisananda.**
7. **Japa Yoga By Swami Shivananda.**
8. **The Gospel of the Guru-Granth Sahib By Duncan Greenless.**
9. **The Gospel of Islam By Duncan Greenless.**
10. **The comparative & critical Study of Mantrashastra.**

ગુજરાતી પુસ્તકો :

૧. જનકલ્યાણ-નામસ્મરણ અંક.

૨. જપ અને નામસ્મરણ - લેખક : શ્રીવામનરાવ પટેલ.

૩. શ્રીરમણવાણી - ભાગ. ૧-૨.

૪. આત્માનુસંધાન - શ્રીરમણ મહર્ષિ.

૫. ઉપદેશ સાર - શ્રીરમણ મહર્ષિ.

૬. રામનામ - ગાંધીજી.

૭. જીવન-અનુવાદક - શ્રી.મગનભાઈ પટેલ.

૮. આશ્રમ ભજનાવલિ.

૯. શ્રી પાતંજલ દર્શન.

૧૦. ગીતા.

તદુપરાંત કેટલાક લેખો અને અનુભવ નોંધો તથા પોતાની નોંધપોથી.

ભાઈ શાંતિલાલને આ સર્જન કરવાનું દિલ પ્રગટેલું, એને પણ હું તો પ્રભુની કૃપા જ તેમના પર વર્ષી એમ માનું છું. જે એમને આ સર્જન કરવાનું દિલ જાગ્યું તે એમની એવી એકાગ્ર ને એકાંત એવી પરિસ્થિતિમાંથી, નીરવતામાંથી જે પ્રગટે છે તે દિલને સ્પર્શી શકતું હોય છે.

— શ્રીમોટા
(નડિયાદ)